8553

# સ્વાધ્યાય

પુસ્તક ૧૪
અંક ૧

દીપોત્સવી
વિ. સં. ૨૦૩૨



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ

ચિત્ર ૫
વીણાધર શિવ

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૬

બ્રાહ્મી

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ ]

# સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૩૨ — પુસ્તક ૧૪

ઑક્ટોબર, ૧૯૭૬ — અંક ૧


## 'सूत्रे लिङ्गवचनमतन्त्रम्' પરિભાષાના અર્થ અને પ્રયોજન વિષે વિચાર


ચિમનલાલ જગજીવનરામ પંડ્યા


**આ પરિભાષાનો અર્થ:**—સૂત્રમાં દર્શાવેલ લિંગ અને વચન અવિવક્ષિત છે એવો થાય છે. પરંતુ આવો અર્થ કરવામાં "पदास्वैरिबाह्यापक्ष्येषु च" પા. ૩-૧-૧૧૯ એ પાણિનિના સૂત્રમાં बाह्या એવું સ્ત્રીલિંગે રૂપ લખ્યું છે તે વ્યર્થ પડી જશે; કારણ કે, સૂત્રમાં લિંગ અવિવક્ષિત હોવાથી बाह्य એવું નપુંસકે વાપર્યું હોત તોપણ बाह्या એવા સ્ત્રીલિંગરૂપ અર્થમાં क्यप् પ્રત્યય થઈને ग्रामबहिर्भूता सेना એવા અર્થમાં ग्रामगृह्या सेना એવો પ્રયોગ થઈ શકત, છતાં बाह्य એવું નપુંસક પદ ન વાપરતાં बाह्या એવું સ્ત્રીલિંગ પદ વાપર્યું છે તે ઉપરથી જ્ઞાપન થાય છે કે આ પરિભાષામાં 'असति यत्ने' (અર્થ:—કોઈ વિશેષ યત્ન ન કરવામાં આવ્યો હોય તો) એટલું વિશેષણ તરીકે ઉમેરવું જોઈએ.

આ સૂત્રમાં તો बाह्या એવા સ્ત્રીલિંગરૂપનો યત્નપૂર્વક નિર્દેશ કર્યો છે માટે અહીં बाह्या એ સ્ત્રીલિંગ વિવક્ષિત છે. જ્યાં કોઈ વિશેષ યત્ન ન કર્યો હોય, ત્યાં લિંગ (વચન) અવિવક્ષિત છે.

### આ પરિભાષાનું પ્રયોજન

"तस्यापत्यम्" પા. ૪-૧-૯૨ એ સૂત્રમાં 'अपत्यम्' શબ્દમાં નપુંસક લિંગ અને એકવચન સૂત્રકારે દર્શાવેલું હોવાથી नपुंसकत्व વિશિષ્ટ અપત્યરૂપ અર્થબોધક अण् વગેરે પ્રત્યયો થાય છે. એવો અર્થ થતાં गार्ग्यः, गार्ग्यौ, એ ઉદાહરણોમાં પણ "गर्गादिभ्यो यञ्" પા. ૪-૧-૧૦૫ એ સૂત્રથી થતો यञ् પ્રત્યય નપુંસક લિંગ અને એકવચન વિશિષ્ટ અપત્ય અર્થનો બોધ કરનાર હોવાથી गार्ग्यः, गार्ग्यौ, એ પ્રયોગોમાં પુંલિંગ અને એકવચનનો નિર્દેશ કેવી રીતે સંગત થશે? આ શંકાના સમાધાન માટે 'सूत्रे लिङ्गवचनमतन्त्रम्' એ પરિભાષા જણાવે છે કે:—સૂત્રસ્થ પદમાં લિંગ અને વચન અવિવક્ષિત છે. **અર્થાત્ કે તેમાં દર્શાવેલ જ લિંગ અને વચન લેવું એવું કહેવાની સૂત્રકારની ઇચ્છા નથી,** એટલે હવે यञ् પ્રત્યય,

કોઈ પણ લિંગ અને વચનનો બોધ કરનારો ન હોવાથી गार्ग्यः, गार्ग्यौ, પ્રયોગોમાં પુંલિંગ અને દ્વિવચનનો સુખેથી બોધ કરનારો, બની જશે અને એ બે પ્રયોગો સિદ્ધ થઈ શકશે. "तस्यापत्यम्" પા. ૪-૧-૯૨ એ સૂત્ર, હવે ત્રણેય લિંગ અને વચનમાં પ્રવૃત્ત થશે.

## આ પરિભાષામાં પ્રમાણ

જો સૂત્રમાં લિંગ અને વચન વિવક્ષિત હોત તો "अर्द्धं नपुंसकम्" પા. ૨-૨-૨ સૂત્રમાં अर्द्धम् એ પદ જ નપુંસક અને એકવચનમાં વપરાયેલું હોવાથી નપુંસક અને એકવચનનું બોધક બની શકત, તો પછી नपुंसकम् એ પદ લખવાની શી જરૂર? બિનજરૂરી હોવાથી વ્યર્થ પડેલું નપુંસક પદ આ પરિભાષામાં પ્રમાણ( જ્ઞાપક )રૂપ બને છે એમ સિદ્ધ થાય છે.

"अर्द्धं नपुंसकम्" પા. ૨-૨-૨ સૂત્રમાં अर्द्ध શબ્દ નિત્યનપુંસક લેવાય એટલા માટે નપુંસક ગ્રહણ કર્યું છે એમ કેટલાક પંડિતો માને છે અને તેમાં નીચે પ્રમાણે દલીલો કરે છે. જેમ કે—"पूर्वापराधरोत्तरम्........" પા. ૨-૨-૧ એ સૂત્રમાં જ अर्द्ध શબ્દ ન લખતાં अर्द्धम् અલગ સૂત્ર કર્યું તે ઉપરથી જ नपुंसक એવા અર્થનો લાભ થઈ જાત તો પછી नपुंसकम् ગ્રહણ કરવાની જરૂર શી? તે ઉપરથી ફલિત થાય છે કે:—આ સૂત્રમાં नपुंसक શબ્દ નિત્યનપુંસક अर्द्ध શબ્દનો બોધક થશે, અને નિત્યનપુંસક अर्द्ध શબ્દ સમાંશ = અર્ધોઅર્ધ, અર્થનો વાચક લેવાશે.

પરંતુ તેમની એ દલીલો બરાબર નથી કારણ કે:—'एओङ्' સૂત્રનું વ્યાખ્યાન કરતી વખતે મહાભાષ્યકાર પતંજલિએ ए ओ ऐ औને હ્રસ્વ કરવાનો પ્રસંગ આવતાં અર્ધ एकार અને અર્ધ ओकार થઈ જશે એમ શંકા કરીને સ્પષ્ટ શબ્દોમાં સમાધાન આપ્યું કે:— 'नैव लोकेऽर्द्ध एकारोऽर्द्ध ओकारो वाऽस्तीति' અર્થ: લોકમાં અર્ધ एकार અને અર્ધ ओकार છે જ નહિ.

આ સમાધાનમાં મહાભાષ્યકારે સમાંશવાચક અર્ધ શબ્દને પુંલિંગમાં વાપર્યો છે.

જો સમાંશવાચક અર્ધ શબ્દ નિત્યનપુંસક હોત તો મહાભાષ્યકાર કેવી રીતે अर्धः એવો પુંલિંગે પ્રયોગ કરત? આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સમાંશવાચક અર્ધ શબ્દ નિત્યનપુંસક નથી પણ પુંલિંગ છે. આથી 'સૂત્રમાં રહેલું નપુંસક પદ નિત્યનપુંસક અર્ધ શબ્દનું ગ્રહણ કરવા માટે છે.' એવું તેમનું કહેવું ભ્રમમૂલક ઠરે છે.

ખરી રીતે તો પરિભાષા धान्यपलालन्याय (યુક્તિ) સિદ્ધ જ છે. આ હકીકત "तस्यापत्यम्" પા. ૪-૧-૯૨ એ સૂત્રના ભાષ્યમાં સ્પષ્ટ છે, તે આ પ્રમાણે:—

यथा कश्चिद् धान्यार्थी शालिकलापं सतुषं सपलालमाहरति नान्तरीयकत्वात्। स यावदादेयं तावदादाय तुषपलालान्युत्सृजति। तथा कश्चिन् मत्स्यार्थी मत्स्यान् सशल्कान् सकण्टकानाहरति नान्तरीयकत्वात्। स यावदादेयं तावदादाय शल्ककण्टकान्युत्सृजति। एवमिहापि नान्तरीयकत्वात् नपुंसकत्वेन निर्देशः क्रियते, एकवचनान्तेन च, नह्यत्र निर्देशस्तन्त्रमिति।

*અર્થ*:— કોઈ મનુષ્ય ખેતરમાંથી કેવળ ધાન્ય લાવવાને ઇચ્છતો હોવા છતાંય ડાંગરના ગુચ્છ સમૂહને છોતરાં અને પરાળ સાથે જ ગ્રહણ કરે છે, કારણ કે, છોતરાં અને પરાળ તેની સાથે નાન્તરીયકતયા=અવિયુજ્યતયા ગાઢ સમ્બદ્ધ છે. ત્યાર બાદ જેટલો ભાગ ઉપયોગી હોય તેટલો ભાગ ( ચોખા ) ગ્રહણ કરીને છોતરાં અને પરાળને તજી દે છે અર્થાત્ પૃથક્ કરે છે.

એવી જ રીતે માછલાં મેળવવાને ઇચ્છતો કોઈ માછીમાર, માછલાંને તેમની ચામડી અને કાંટા સાથે પકડે છે, કારણ કે, ચામડી અને કાંટા તેની સાથે નાન્તરીયકતયા=અવિયુજ્યતયા સમ્બદ્ધ છે. પછીથી જેટલો ભાગ ઉપયોગી હોય તેટલો ભાગ કાઢી લઈને માછલાંની ચામડી અને કાંટાને તજી દે છે.

એવી જ રીતે પ્રકૃતમાં પણ સૂત્રકાર પાણિનિ મહર્ષિ "तस्यापत्यम्" પા. ૪–૧–૯૨ સૂત્રમાં અપત્યશબ્દથી કેવલ અપત્ય અર્થનો બોધ થાય એમ ઇચ્છતા હોવા છતાંય नान्तरीयकतया = અવિયુજ્યતયા અપત્યશબ્દને લિંગ અને સંખ્યા લગાડે છે. જો અપત્યશબ્દને લિંગ અને સંખ્યા ન લગાડે તો 'अपदं न प्रयुञ्जीत' એ નિયમના આધારે લિંગ, સંખ્યા લગાડ્યા સિવાય અપત્ય શબ્દનો પ્રયોગ જ ન થઈ શકે.

સારાંશ કે આવશ્યકતયા લિંગ સંખ્યા અપત્યશબ્દને લગાડવી પડે છે. છતાંય તે અવિવક્ષિત ( અનુપાદેય ) છે.

પરિભાષેન્દુકાર નાગોજી ભટ્ટ સિંહાવલોકન ન્યાયને[૧] અનુસરી જણાવે છે કે: "अर्द्धं नपुंसकम्" પા. ૨–૨–૨ એ સૂત્રમાં नपुंसक પદના નિર્દેશરૂપ પ્રમાણથી સૂત્રમાં લિંગ અવિવક્ષિત છે એવું સિદ્ધ થયું, પણ वचन અવિવક્ષિત છે એમાં શું પ્રમાણ?

આ બાકી રહેલી વાતનું પુનરાવલોકન કરતાં એ જણાવે છે કે:—જો વચન વિવક્ષિત હોત તો "आकडारादेका संज्ञा" પા. ૧–૪–૧ એ સૂત્રમાં संज्ञा શબ્દમાં એકવચન હોવાને લીધે એકવચનની વિવક્ષા કરવાથી એક જ સંજ્ઞા થવાની છે તો પછી સૂત્રસ્થ સંજ્ઞાશબ્દમાં एका એ વિશેષણ આપવાની જરૂર શી? છતાંય (જરૂર ન હોવા છતાંય) एका વિશેષણ આપ્યું છે. આથી સ્પષ્ટ થાય છે કે સૂત્રમાં વચન પણ અવિવક્ષિત છે.

---

૧ જેમ સિંહ આગળ આગળ ચાલતો હોવા છતાંય થોડેક દૂર જઇ ઊભો રહે છે અને પાછળ કોઈ ભક્ષ્ય રહી ગયું તો નથી ને? એમ વિચારી પાછળ બરાબર અવલોકન કરી લે છે અને પછી આગળ ચાલે છે. તેમ નાગોજી ભટ્ટ પણ પાછળ રહી ગયેલી વચનની અવિવક્ષા સંબંધી વાતનું પુનરાવલોકન કરી સૂત્રમાં વચન પણ અવિવક્ષિત હોય છે એવું નક્કી કરી આગળ વધે છે.

# મોગલ પાદશાહ ઔરંગઝેબના સમયનું ગુજરાતનું એક हाटस्य विक्रीत ખતપત્ર

યતીંદ્ર ઇ. દીક્ષિત

ભો. જે. વિદ્યાભવનના અધ્યક્ષશ્રી ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના સૌજન્યથી અને સલાહથી કેટલાંક અપ્રસિદ્ધ ખતપત્રો કે જે તે સંસ્થાના સંગ્રહાલયમાં છે, તેને જોવાનો અને તેનો અભ્યાસ કરવાનો અમૂલ્ય લાભ મને મળ્યો છે. તેમાંનું આ એક ખતપત્ર છે. ખતપત્રોની યાદીમાં તેનો ક્રમાંક? G. A. R. No ૪/29, ૪-૨-૬૫. વેચાણખત એમ નોંધવામાં આવ્યું છે. શ્રી કે. કા શાસ્ત્રીએ તેની નોંધ નીચે પ્રમાણે આપી છે: 'વિગત: સં. ૧૭૬૨ શાકે ૧૬૨૮ અમદાવાદનો પશ્ચિમે આવેલ શેખપુર ચૌટામાં हाटस्य विक्रीत खतपत्र તે સમયે બાદશાહ શ્રી ઔરંગઝેબ. અમદાવાદની નજીકમાં રાજ્ય કરતા દિવાન-નવાબ અસ્તખાંવ.'

આ ખતપત્ર આર કરેલા કાપડ ઉપર લખવામાં આવ્યું છે. તેની લંબાઈ ૧૪૬ સેં. મી. છે, અને પહોળાઈ ૨૫.૫ સેં. મી. છે. તેમાં શરૂઆતનો ૮.૫ સે.મી. જેટલો ભાગ કોરો છે, અને છેલ્લે ૮.૦ સેં મી. જેટલી જગ્યામાં દસ્કતની જગ્યા છે. નીચેનો થોડો ભાગ ફાટી ગયેલો છે. દસ્કતના ભાગને બાદ કરતાં કુલ ૧૦૮ લીટીઓમાં આ ખતપત્રનું લખાણ આવે છે, એ દૃષ્ટિએ આ ખતપત્ર લાંબું કહી શકાય.

આ દસ્તાવેજ શ્રી કે. કા. શાસ્ત્રીની દૃષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી કિંવા ગુજરાતી ભાષાની મિશ્ર ચોથી ભૂમિકાની ભાષામાં[1] અને દેવનાગરી લિપિમાં લખેલો છે. તેની લિપિમાં નીચેના અક્ષરો અને આંકડા (જુઓ આકૃતિ) ધ્યાન ખેંચે છે:—

આકૃતિ



૧ મુ. શ્રી કે. કા. શાસ્ત્રીએ આપેલી મૌખિક માહિતી ઉપર આધારિત.

આ દસ્તાવેજની શરૂઆત '.' ના સંકેતથી થઇ છે, પરંતુ આ સંકેત શું દર્શાવે છે તે જાણી શકાયું નથી.[૨] પછી । ૧ । લખ્યું છે. તે પછી શરૂઆતમાં स्व श्रीगणेशाय नमः એમ મંગળવાચક શબ્દો લખવામાં આવ્યા છે અહીં स्व એ स्वस्ति માટે વપરાયેલું સંક્ષિપ્તરૂપ હોય તેમ જણાય છે, કારણકે પછીની લીટીમાં 'स्वस्तश्री' એટલે કે 'स्वस्तिश्री' હોય એમ જણાય છે. સંવતોમાં વિક્રમ સંવત્ ૧૭૬૨ અને શાલિવાહન સંવત ૧૬૨૮ વૈશાખ સુદ ૭ અને સોમવાર છે, (લી. ૧ થી ૫), એટલે કે ૮મી એપ્રિલ ૧૭૦૬ને સોમવાર એમ બેસે છે. ઉપરાંત એમાં "ઉત્તરાયનગતે શ્રી સુર્યે, વસંતઋતૌ, માહામાંગલ્યમાસોત્તમ, વૈશાખમાસે સીતે પક્ષે સપ્તમી પુણ્યતિથૌ સોમવાસરે" એમ સંપૂર્ણ માહિતી આપી છે, અને તે જ પ્રમાણે લી. ૭૪–૭૫માં 'સંવત્ ૧૭૪૪ જ્યેષ્ઠ શુદિ ૧૦ દશમી ભોમે' એમ લખવામાં આવ્યું છે. અહીં સંવત્ વિક્રમ સંવત્ છે, અને તે પ્રમાણે મંગળવાર, ૨૯મી મે, ૧૬૮૮ બંધ બેસે છે.[૩] આ દૃષ્ટિએ આ દસ્તાવેજ પ્રમાણભૂત ગણી શકાય.

હવે જે હાટના વેચાણનું આ ખતપત્ર છે તેના સ્થાનનું વર્ણન આવે છે. તેની વિગતમાં જણાવવામાં આવ્યું છે કે અહિમ્મદાવાદ (અમદાવાદ) નગરની પશ્ચિમે, નદી 'સાભ્રમતિ' (સાબરમતી)ના પશ્ચિમ કાંઠે શેષપુર (શેખપુર) ગામ આવેલું છે. આ ગામના ચૌટાની મધ્યમાં પૂર્વ દિશામાં આવેલા ચકલામાં કપાશીની બે હાટ (દુકાનો) આવેલી છે. આ હાટની આગળપાછળના વિસ્તારનું વર્ણન કરવામાં આવ્યું છે, એટલે કે તેની હદ દર્શાવવામાં આવી છે. આ હદ દર્શાવતાં આસપાસના મકાનોની માલિકી કોની છે તેની વિગત આવે છે, અને પછી આ હાટના વેચાણ માટે આ ખતપત્ર લખવામાં આવે છે, એમ દર્શાવવામાં આવ્યું છે.

આ રીતે લી. ૧માં લેખની શરૂઆત, લી. ૨ થી ૪માં સમયની વિગતો. લી. ૫ થી ૭માં શહેર, નદી અને ગામ અને લી. ૬ થી ૧૩ સુધીમાં બે હાટોનું સ્થાન અને વર્ણન છે.

લી. ૧૩ થી ૩૬ સુધીમાં તે સમયના મોગલ બાદશાહ અને ગુજરાતમાં નિમાયેલા અધિકારીઓની વિગતો નામ સાથે આપેલી છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ વિગતો મહત્ત્વની હોવાથી તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

શરૂઆતમાં પાદશાહ ઔરંગઝેબની પ્રશસ્તિમાં તેને 'નગરાધીશ અગંજગંજન રિપૂરાયાં માનમર્દન સકલરાયાં શીરોમણિ અભિનવમાર્તંડ અવતાર, વાચા અવીચલ સંગ્રામ ગણધીર, દાનકવીર, યવનકૂલતીલક, ગજયૂથ વિડારણ, કેશરીસિંહ ઉમાકાન્તવરલબ્ધદત્તરાજ્ય પરમેશ્વર

૨ જુઓ : મુનિશ્રી પુણ્યવિજયજીનો લેખ "ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા", 'જૈનચિત્રકલ્પદ્રુમ', સંપાદક અને પ્રકાશક, શ્રી સારાભાઈ મણિલાલ નવાબ, પૃ. ૧ થી ૧૩૬ (ફેબ્રુ., ૧૯૩૫); ડૉ. પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ (ઈ. સ. ૧૫૦૦ સુધી)', પૃ. ૨૩૯ થી ૨૪૪ (ગુજરાત યુનિ. પ્રકાશન, ૧૯૭૪), એમાં આવાં અન્ય ચિહ્નોનો નિર્દેશ છે, પણ આ ચિહ્નો નથી.

૩ જુઓ : Diwan Bahadur L. D. Swamikanun Pillai, '*Indian Chronology: A Practical Guide to the Interpretation and Verification of Tithis, Nakshatras, Horoscopes and other Indian Time-records. B.C. 1 to A.D. 2,000*' (Published by Grant & Co., Madras, 1911).

અશ્વપતિ, ગજપતિ, નરપતિ, છત્રસહિંઆસન્ન ચમરમૂદ્રા વિજારિ ( = વિરાજિત ) ત્યાં, તે જ પ્રતાપ, માહારાજાધીરાજ પાતશાહા શ્રીશ્રીશ્રીશ્રીશ્રીશ્રીશ્રી ૭ અવલ મૂજાફર શાહબ્દીન મહિમ્મદ સાહિબ કિરાંન્ન શાન્ની, પાદશાહા શ્રી અવરંગશાહા ગાજી અદલી રાજ્યે ' કહ્યો છે. આમાં ' નગરાધીશ......માહારાજાધીરાજ ' એ સ્પષ્ટપણે હિન્દુ રાજાઓ માટે વપરાયેલાં બિરુદો છે. જ્યારે ' અવલ મૂજાફર શાહબ્દીન મહિમ્મદ સાહિબ કિરાંન્ન શાન્ની પાદશાહાશ્રી અવરંગશાહા ગાજી ' એ મોગલ બાદશાહો પોતાના રાજ્યાભિષેક વખતે જે બિરુદ ધારણ કરતા તે છે. પરંતુ અહીં નોંધવા જેવી બાબત એ છે કે આ બિરુદ પાદશાહ અવરંઝેબનું નહીં પણ તેના પિતા પાદશાહ શાહજહાંનું છે, જે ૨૪મી ફેબ્રુઆરી ૧૬૨૮માં તે ગાદી ઉપર બેઠો ત્યારે તેણે ધારણ કર્યું હતું. એ બિરુદ ' અબુલ મુઝફ્ફર શાહબુદ્દીન મુહમ્મદ સાહિબે કિરાનિ સાનિ ' છે.[૪] જ્યારે ઔરંગઝેબે તો 'અબુલ મુઝફ્ફર મુહિયુદ્દીન મુહમ્મદ ઔરંગઝેબ બહાદુર આલમગીર પાદશાહ ગાઝી ' એ બિરુદ ૨૧મી જુલાઈ ૧૬૫૮માં તેના રાજ્યાભિષેક વખતે ધારણ કર્યું હતુ.'[૫] આ ઉપરથી એવું અનુમાન કરી શકાય કે આ દસ્તાવેજ લખનારે પાદશાહ શાહજહાંના કોઈ દસ્તાવેજમાંથી ઉતારો કર્યો હોય અને તેમાં પાદશાહ શાહજહાંનું બિરુદ ભૂલમાં પાદશાહ ઔરંગઝેબને લગાડી દીધું હોય! ( લી. ૧૩ થી ૨૧ ).

લી. ૨૧ થી ૨૩માં જણાવવામાં આવ્યું છે કે પાદશાહ ઔરંગઝેબ દક્ષિણ દિશાની મધ્યમાં આવેલા અમદાનગરમાં રાજ્ય કરતો હતો. ઐતિહાસિક દૃષ્ટિએ આ સમયે પાદશાહ ઔરંગઝેબ દક્ષિણ ભારતમાં હતો અને માંદગીમાંથી સાજા થયા બાદ ૨૧મી જાન્યુઆરી ૧૭૦૬માં તે અહમદનગર આવ્યો હતો.[૬] તેથી ' અમદાનગર ' એ અહમદનગર જણાય છે, અને નહીં કે અમદાવાદ, જેને અહીં ' અહિમ્મદાવાદ ' કહેલું છે.

આ વખતે દીવાન નવાબ અસ્રષાન ( અસ્રખાંન ) હતો ( લી. ૨૩–૨૪ ) અને એ જ સમયેં અહિમ્મદાવાદ ( અમદાવાદ ) નગરની સૂબાગીરી નાયબ દીવાન ખોજ હમીદખાન સંભાળતો હતો ( લી. ૨૪ થી ૨૬ ).[૭] " તત્સમયે શ્રી નર્મદા–ઉપકંઠે ગનીમહસ્તસ્તેગ્રણામી " ( લી. ૨૭ ) એટલે કે નર્મદા નદીના કિનારા ઉપર ગનીમો સાથે થયેલા યુદ્ધનો અહીં ઉલ્લેખ જણાય છે. શ્રી. કે. કા. શાસ્ત્રીએ ' ગનીમ ' શબ્દ પ્રત્યે મારું ધ્યાન દોર્યું હતું. ' ગનીમ ' એ અરબી શબ્દ ' ઘનીમ ' ઉપરથી વ્યુત્પન્ન થયો છે. તેનો અર્થ લૂંટારો કે દુશ્મન એવો થાય છે. પ્રો. એમ. એસ. કોમિસેરિયટ મુજબ, આ સમયમાં ( મોગલ સમયમાં ) આ શબ્દ ગુજરાતમાં

---

4 Abdur Rashid, ' Shāh Jahān ' in '*The History And Culture of the Indian People* ', Vol. VII ( 1974 ), p. 198.

5 Chaudhari J. N., ' Aurangzīb (1658-1680 ) ', '*The History And Culture of the Indian People* ', Vol. VII, p. 220 ( 1974 ) ; Sir Jadunath Sarkar, '*History of Aurangzib* ' Vol. I and II, p. 385 ( 1973, Orient Longman's, Ist Impression ).

6 Chaudhari J. N. : ' Aurangzīb ' ( 1681-1707 ), '*The History And Culture of the Indian People* ', Vol. VII, pp. 297, 298.

૭ દીવાનની ફરજો માટે જુઓ : Sir Jadunath Sarkar, ' *Mugal Administration* ' ( 1952 ), pp. 53, 54 ; મોદી રામલાલ ચુનીલાલ, ' મુઘલ રાજ્યવહીવટ ', પૃ. ૬૨ ( ૧૯૩૯ ).

સામાન્ય વપરાશમાં હતો અને તે મરાઠાઓ માટે વપરાતો કારણ કે મરાઠાઓ મોગલોના દુશ્મનો હતા અને વર્ષ પ્રતિવર્ષ ગુજરાતમાં લૂંટફાટ કરવા તેઓ ચઢી આવતા. ૧૮મી ડિસે. ૧૭૨૪ની "Surat Factory Diary' Letter from Bombay" અને ઈ.સ. ૧૭૨૫માં અમદાવાદના મહાજનોએ નગરશેઠ ખુશાલચંદને જે દસ્તાવેજ કરી આપ્યો તેમાં તેનો ઉલ્લેખ છે.[૮] મિરાતે અહમદીમાં સને ૧૧૧૭ હિજરી(ઈ.સ. ૧૭૦૬)ની વિગતમાં જણાવવામાં આવ્યું છે કે 'ધના જાદવ વિગેરેની સરદારી હેઠળ મરેઠી લશ્કરનું આવી પહોંચવું, સુબાના દીવાન ખાજા અબ્દુલ હમીદનું તેની સામા લડવા જવું, દક્ષિણીઓના હાથમાં તેનું પકડાઈ જવું' વગેરે. આમ સૂબાનો દીવાન એ જ ખતપત્રમાં દર્શાવેલા દીવાન ખોજ દીવાન હમીદખાન જ છે. નામ, વિગત અને વર્ષ બંધ બેસે છે.[૯]

લી. ૨૭ અને ૨૮માં બગશી(બક્ષી)[૧૦] તરીકે મીર ન્યામતખાત અને વાકાનવીસ (વાકઈનવીસ) તરીકે મીર્યા (મીરઝા) જાફરખાનનો ઉલ્લેખ છે. મોગલ વહીવટીતંત્રમાં સૂબાના બક્ષીની ફરજોમાં સૈનિકો નોંધવા, તેમની હાજરી પૂરવી અને તેમના પગાર બીલોને મંજૂરી આપવી, તેનો સમાવેશ થતો. વાકાનવીસ(વાકઇનવીસ) એટલે બનાવોનો લખનાર અથવા તપાસનાર, નિયમિત અને જાહેર અહેવાલ લખનાર.[૧૧] કાજી (કાઝી) શેખ અબદલ ફરિ (અબ્દુલ ફરિદ) એ ન્યાયખાતાનો વડો કે ન્યાયધીશ,[૧૨] દુર્ગપાલ કોટવાલ[૧૩] તરીકે દીવાન ખોજ હમીદખાનની વતી, પછી જગ્યા ખાલી રાખવામાં આવી છે, કારણ કે, આગળ જોયું તેમ તે આ સમયે મરાઠાઓ સાથે યુદ્ધમાં રોકાયેલો હતો, પરંતુ તેના સ્થાને કોઈની નિમણુક થઈ જણાતી નથી (લી. ૨૯, ૩૦). પ્રાચીન સમયમાં દુર્ગપાલ હતો અને મોગલ સમયમાં તેના જેવી ફરજો કોટવાલ સંભાળતો. અહીં એ બંને શબ્દોનો સાથે ઉપયોગ કરવામાં આવ્યો છે એ સૂચક છે. તેની ફરજોમાં મુખ્યત્વે પ્રજામાં કાયદો અને વ્યવસ્થા સ્થાપવાં, શાંતિ અને વ્યવસ્થા જાળવવાં વગેરે મુખ્ય જણાય છે. ખાસસિ બહિતલમાલ-(ખાલસે બહેતુલમાલ)માં બે શબ્દો ખાલસા અને બઈતુલમાલ (Baitul-māl) છે. ખાલસા એટલે રાજાની કે પાદશાહની માલિકીની જમીન(Crownlands)[૧૪] અને બઇતુલમાલ એટલે વારસ વગરના મૃત્યુ પામેલા માનવીની મિલકત જેમાં જમા કરવામાં આવતી તે

8 Commissariat M. S. : '*A History of Gujarat*', Vol. II, p. 412, *F. N. 5.* અને p. 413, *fn.* 6.

૯ જુઓ : વધારે વિગત માટે, 'મીરાતે એહમદી'-૧., અનુ. નિઝામુદ્દીન ચિશ્તી, પ્રગટકર્તા પઠાણ નીઝામખાન નુરખાન વકીલ (૧૯૧૩), પૃ. ૩૭૫.

10 Sir Jadunath Sarkar : '*Mughal Administration*, pp. 199-201 .

૧૧ મોદી રામલાલ ચુનીલાલ : 'મુઘલ રાજ્યવહીવટ', પૃ. ૬૯, ૭૦.; Sir Sarkar J., '*Mughal Administration*', pp. 61, 62.

૧૨ જુઓ : મોદી રા. ચુ., ''મુઘલ રાજ્યવહીવટ', પૃ. ૨૯.

૧૩ એ જ સંદર્ભ, 'કોટવાલ અને તેની ફરજો', પૃ. ૬૮, ૬૯; Sir Sarkar J., '*Mughal Administration*', pp. 57-61; Radhey Dhar Dwivedi, 'Powers and Functions of the Kotwal in Mughal India from 1526 to 1605', *Journal of Indian History* Vol. LIII, April 1975, pp. 57-62.

14 Sir Sarkar J. :'*Mughal Administration*', p. 35.

ભંડાર.[૧૫] દારોગા એટલે ઉપરી નિરીક્ષક અધિકારી.[૧૬] આમ ' ખાલસિબિહિતમાલ દારોગા ' એટલે રાજાની ( પાદશાહની ) માલિકીની જમીનનો અને વારસ વગરની મિલકત જેમાં જમા કરવામાં આવી હતી તે ભંડારનો ઉપરી નિરીક્ષક અધિકારી એવો કરી શકાય. આ સ્થાન ઉપર મીર અસદઆલા (= અસદઅલી) હતો. દશક્રોઈ હવેલીની મધ્યમાં ફોજદાર સિદમીરનો પુત્ર ઝાબાજખાન હતો ( લી ૩૧, ૩૨ ). ફોજદારની મુખ્ય ફરજ શાંતિ જાળવવી, સામાન્ય વહીવટી ફરજો બજાવવી અને સુબેદારના મદદનીશ તરીકે સેવાઓ આપવી. તેના હાથ નીચે લશ્કર રહેતું.[૧૭] સાભ્રમતી( સાબરમતી નદી )ની પશ્ચિમે ત્રેવાડિપિરોપુરે ફોજદાર મીઆં સલાબતખાન બિહિલ્યિમ ('બહેલીમ' અટક છે ?) હતા (લી. ૩૩, ૩૪). વાડાનો કાનૂગો ( કાનૂંગો ) મીઆં હાશમનો પુત્ર ચ્યાર મહિમ્મદ હતો. કાનૂંગો તેના નામ પ્રમાણે જમીનને લગતા કાયદા અને રીતરિવાજ( કાનૂન )નો જાણકાર હતો; કાર્યપદ્ધતિ, રીતરસમ અને જમીનના પાછલા ઇતિહાસના ખજાના જેવો હતો, ગામનો મહેસૂલી અમલદાર હતો, વગેરે.[૧૮] અહીં તેને વાડાનો કાનૂંગો કહ્યો છે, એટલે કે મહોલ્લા( ? )નો કે વિસ્તારના દસ્તાવેજોની જાળવણીનું કાર્ય તેને સોંપાયું હશે. હવાલદારના નામની જગ્યા ખાલી છે (લી. ૩૫). હવાલદાર એટલે પટેલ–તલાટીનો સિપાઈ; પટાવાળો; સિપાઈઓની કે પોલિસની નાની ટુકડીનો નાયક.[૧૯] અહીં બન્ને અર્થ બંધ બેસે તેમ છે, કારણ કે તેની આગળ જ કાનૂંગોનો ઉલ્લેખ છે. શેખપુરના મધ્યે કાનૂંગો મીઆં વલીજીનો ઉલ્લેખ છે અને તરત જ પંચશ્રષ્ઠ પંચલોકપાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે ગ્રામપંચાયત જેવી સંસ્થા પણ હશે એવું સૂચન નીકળે છે. આ રીતે આ દસ્તાવેજની સાથે સંકળાયેલા તમામ અધિકારીઓનો ક્રમિક ઊતરતા ક્રમમાં અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટપણે પ્રાચીન ગુજરાતની તંત્રશાસનોની પદ્ધતિને તે અનુસરે છે.

આ સમયે ગ્રાહક અને દાયક બન્નેની અનુમતિથી આ હાટોના વેચાણનું ખતપત્ર લખવામાં આવ્યું છે એમ જણાવવામાં આવ્યું છે (લી. ૩૬, ૩૭). ગ્રાહકે જે હાટ જે ગામમાં વેચાતાં લીધાં તેની વિગત છે. તેમાં વ્યક્તિઓની જ્ઞાતિ, લઘુશાખા વગેરે છે. ( લી. ૩૮ થી ૪૧ ). પછી દાયકની નામાવલી શરૂ થાય છે, તેમાં તેઓ એક ગામના રહેવાસી અને એક જ ગોત્રના છે તેમ જણાવવામાં આવ્યું છે. તેમનાં નામો, હાટોનું સ્થાન અને વિગત, તેની આસપાસ આવેલાં મકાનોની માહિતી વગેરે આ બધું એક પછી એક હાટ લઈ વર્ણવામાં આવ્યું છે અને તેમાં તે સમયે હાટના જુદાજુદા ભાગોના નામ છે, દિશાઓનું સ્થાન

---

૧૫ એ જ સંદર્ભ, pp. 157-159.

16 *Mirat-i-Ahmadi*, Supplement, p. 148 by Syed Nawab Ali and Charles Norman Sedden, Baroda Oriental Institute, Gaekwad's Oriental Series' No. XLIII.

17 Sir Sarkar J. : ' *Mughal Adm'nistration* ', pp. 54-57.

૧૮ જુઓ : મોદી રા. ચુ., ' મુઘલ રાજ્યવહીવટ ', પૃ. ૮૩-૮૫; Sir Sarkar J. : ' *Mughal Adm nistration* ', pp. 75-77.

૧૯ જુઓ, ' શાક ', ' સાર્થ ગુજરાતી જોડણીકોશ ', ૧૯૬૭.

પ્રમાણે વર્ણન છે. આ બધું તે સમયમાં હિન્દુ–મુસ્લિમ કોમો પાસપાસે કે આગળપાછળ કેવી રીતે રહેતી તેનો ખ્યાલ આપે છે( લી. ૪૧ થી ૬૫ ). લી. ૬૬ થી ૬૯ સુધીમાં તે સમયના નાણાંના ચલણની થોડી માહિતી નીચેની લીટીમાં જાણવા મળે છે : "......દ્રવ્ય સંજ્ઞામાં સાઢા અગ્યારના નવી રાા અઢીના। સહિર ચલણીઆ એહવા રૂપૈઆ ૬૦૧ અંકે છઅસહિંનિ નિંમિત્તએ પઅહિંનિ અરધાંના બિઈમણા। છઅસહિંનિ એક પુરા॥". એજ પ્રમાણે લી. ૭૦માં "એ રૂપૈઆ ૬૦૧ અંકે છઅસહિંનિ એક લીધા॥" લી. ૭૬ થી ૭૭ "......બીજા રૂપૈઆ આસેર્ંનિ રૂપૈઆ ૫૫૧ ) અંક પાંચ સહિંનિ એકાવન્ન પૂરાનૂં". લી. ૮૬ 'રૂપૈઆ ૫૦ અંકે પચાસ." લી. ૮૮ "એ રૂપૈઆ ૫૦ પચાસ લીધાની વગત્ય રૂ ૧૮ અંક અઢાર" લી. ૯૦ "... .. રૂ ૩૨ અંકે બત્રીસ." લી. ૭૧ થી ૧૦૮માં કરજ, કરજની ચૂકવણી, કોની પાસેથી બે હાટ લીધાં હતાં, તેમાં કેટલી રકમ કઈ કઈ રીતે ખરચી હતી, વગેરે તેની વિગતે માહિતી આપવામાં આવી છે. તેમાં લી. ૮૭—૮૮, ૯૧માં આવતો રૂઢપ્રયોગ 'અભિરાંમનના દાવે' ધ્યાન ખેંચે તેવો છે, જે પછીના સમયમાં 'અભરામના દાવે' એ રીતે તે વપરાયો છે. તેનો અર્થ "યાવત્ ચંદ્ર દિવાકરૌ" ના જેવો છે. તેજ પ્રમાણે લી. ૯૪માં "શાકપણીકાન્યાયેન" એ રૂઢપ્રયોગ ધ્યાન ખેંચે છે. 'લેખપદ્ધતિ'માં 'શાકપણિકાન્યાયેન' કે 'શાકફલકન્યાયેન' એમ રૂઢપ્રયોગ આવે છે.[20] શ્રી જી. કે. ગોન્દેકરે તેનો શબ્દાર્થ 'બજારની શાકભાજી માફક' અને 'શાકભાજી અને ફળો પ્રમાણે' એમ કર્યો છે.[21] પરંતુ 'સાર્થ ગૂજરાતી કોશ'માં આપેલા રૂઢપ્રયોગ "શાક પાંદડે જવું=વરા વખતે સૌની સાથે શાક સમારવા જવું" તેના અર્થ સાથે આ રૂઢપ્રયોગને સરખાવવા જેવો છે, એટલેકે આ દસ્તાવેજમાં સૌ સંમત છે, તેની સાથે એ અર્થ વધારે બંધબેસે છે. લી. ૯૨ થી ૯૩માં હાટની વિગતો આપતાં 'ભોમિ ભિંતડા પક્કેષ્ટીકા રચીતં દ્વાર બાહત કમાડ પાટીઆ ઘોડીઆટ કાષ્ટ પંચરાઉ' એ નોંધવા જેવાં છે. તેમાં પક્કેષ્ટીક ( પકવેષ્ટીકા ) એટલે પાકી ઈંટો અને દ્વાર બારત એટલે બારણું અને બારીઓ એવો અર્થ નીકળતો જણાય છે.

છેલ્લે લી. ૧૦૮માં 'બાપના બોલ શૂં પાલે' એટલે કે આ દસ્તાવેજમાં કરારમાં જેમણે અનુમતિ આપી છે તેઓ પાછળથી ફરી ના જાય તે માટે આ પ્રયોગ જણાય છે.

આ પછી અત્ર મત્તું અને અત્ર સાક્ષ ( સાક્ષી ) છે. તે આ દસ્તાવેજને વધારે આધારભૂત બનાવે છે. આ પદ્ધતિ આજે પણ ચાલુ છે.

---

20 '*Lekha Paddhati*' ed. by Dalal C. D. ( with notes by Srigondekar G. K. ), Baroda, 1925, pp. 35, 36, 20.

શ્રી ભોગીલાલ સાંડેસરા નોંધે છે. "શાકપણિકાન્યાયેન—શાક વેચવામાં આવે છે એવી રીતે, એટલે કે મૂળ માલીકનો તેમાં કોઈ પ્રકારનો સંબંધ નથી. આ પ્રયોગ સંસ્કૃત દસ્તાવેજોમાંથી ઊતરી આવેલો છે." ( 'ગૂજરાતનાં જૂનાં ખતપત્રો', ગ્રંથ અને ગ્રંથકાર, પુ.૬, પૃ. ૫૭ ).

21 '*Lekha Paddhati*', pp. 110-115

## ખતપત્ર

[ **નોંધઃ**—(૧) મૂળ ખતપત્રમાં લીટીઓને નંબર આપવામાં આવ્યા નથી, પરંતુ સ્પષ્ટતા ખાતર તે આપવામાં આવ્યા છે.

(૨) [ ] આ કૌંસમાં ખૂટતી વિગત પૂરવામાં આવી છે.

(૩) ( ) આ કૌંસમાં ખરો શબ્દ દર્શાવવામાં આવ્યો છે.

(૪) -સળંગ લીટીમાં આવતા શબ્દો છૂટા પાડી વાંચવા માટે છે, જ્યારે — આવી લીટી મૂળ દસ્તાવેજની પૂરી થતી લીટીઓમાં આવતા અધૂરા શબ્દો જે પછીની લીટીઓમાં પૂરા થાય છે તે દર્શાવવા માટે છે.

(૫) ⁀ આ સંકેત લીટીમાં આવતા બે શબ્દોમાંના એક શબ્દનો છેલ્લો અક્ષર અને પછીના શબ્દનો પહેલો અક્ષર જોડવા માટે છે. ]

---

૧ :॰।૧। સ્વ [સ્વસ્તિ ?] શ્રી ગણેશાય નમઃ॥ સ્વસ્ત [સ્વસ્તિ ?] શ્રી-મન્નૃપતિ વિક્રમાર્ક્ક(ર્ક) સમયાતીત્ સં— ॥

૨ ॥વત્ સંવત્ સપ્તદશશત આષાઢા દિ. ૧૭૬૨ વર્ષે। શાલિવાહન(ન) રાજ્યાત્

૩ ॥શાકે ૧૬૨૮(૧૬૨૮) અઠાવીસ પ્રવર્ત્તમાને। ઉત્તરાયનગતે શ્રી સૂર્યે। વ—

૪ ॥સંત ઋત્તૌ (ઋતૌ)। મહામાંગલ્ય માસૌત્તમ। વૈશાષ (વૈશાખ) માસે સીતે (સિતે) પક્ષે ૭ સપ્તમી પુંણ્ય (પુણ્ય) તથૌ(તિથૌ) ॥

૫ સોમવાસરે। અદ્યેહશ્રી અહિમ્મદાવાદ (અમદાવાદ) નગરાત્ પશ્ચમાસ્યાં (પશ્ચિમાસ્યાં) દિશિ શ્રી સરીત્તા (સરિતા) ॥

૬ ॥સ્સાભ્રમતિ (સાબરમતી)-પશ્ચમે (પશ્ચિમે)-ત્રટ (તટ)-ઉપકંઠે મોજિ (મોજે) શ્રી શેષપુર (શેખપુર)ના ચોટા મધ્યે તન્ન મધ્યે પૂ— ॥

૭ ॥ર્વિ (પૂર્વ) દિશા-વિભાગે-ચ્યકલે (ચકલે)-કપાશીની-હાટ ૨ બિઇની (બેની) વગત્પિ (વિગત) હાટ ૧ એક-દક્ષણા—

૮ ॥ભિમુખની (દક્ષિણાભિમુખની) ઓલ મધ્યેનૂં કપાશી। વધૂના હાટનિ પૂર્વ-દિશાની મોરિનૂં ત—।

૯ ॥થા કપાશી। શંઘજી-લાડિકા⁀ના હાટનિ પશ્ચમ (પશ્ચિમ) દિશાની મોરિનૂં હાટ। નથા

૧૦ ॥બીજૂં હાટ ૧ એક ઉત્તરાભિમુખની-પ્રૌલ (પોળ)-મધ્યે। ઘાંચી। સૂંદર બિંન રેવાના।

૧૧ ॥ઘરનિ-પશ્ચમ (પશ્ચિમ)-દિશાની-મોરિનૂં-હાટ। તથા કપાશી। વધૂજી બિંન-સંતોક્ષી। બિંન-લ— ॥

૧૨ ॥ ટકણુના હાટનિ-પૂર્વ-દિશાની-મોરિનૂં-હાટ । તત્ર-સ્થાને સ્વકીયં । સ્વહાટં-પીતૃ ૫— ।

૧૩ ॥ ર્યાગતં । હાટસ્ય વિક્રીત–ષત( ખત )પત્રમભિલક્ષિતે-( લિખ્યતે ) ॥ અથા નગરાધીશ । અંગજ— ।

૧૪ ॥ ગજનરિપૂરાયાં-માનમર્દન સકલરાયાં શીરોમણિ અભિનવ માર્ત્ં—

૧૫ ॥ ડ ( માર્તંડ ) અવતાર । વાચા અવીચલ । સંગ્રામ ગણુધીર । દાનૈકવીર । યવ —

૧૬ ॥ નકૂલતીલક । ગજયૂથ-વિડારણુ । કેશરીસિંહ-ઉમાકાંત-વરલ—

૧૭ ॥ બ્ધ-દત્ત-રાજ્ય પરમેશ્વર અશ્વપતિ ગજપતિ । નરપતિ । છત્રસહિં આ —

૧૮ ॥ સન ( છત્રસિંહાસન )–ચમર–મૂદ્રા–વિજારિ ( વિરાજિત ) ત્યાં । તેજપ્રતાપ । માહારાજાધિરાજ ॥

૧૯ ॥ પાતશાહા શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ૭ અવલ મૂજાફર–શાહાબ્દીન ॥

૨૦ ॥ મહિમ્મદ-સાહિબ કીરાંન શાની । પાતશાહા-શ્રી અવરંગશાહા ( અવરંગઝેબ ) ॥

૨૧ ॥ ગાજી અદલી રાજ્યે । તત્ સમયે પાતશાહા શ્રી અવરંગશાહા શ્રી (અવરંગઝેબ) અ— ॥

૨૨ ॥ વરંગશાહા( અવરંગઝેબ ) ગાજી શ્રી દક્ષણુ( દક્ષિણુ ) દિશા–મધ્યે–મોહોમસ્થીતે શ્રી અમદાન— ॥

૨૩ ॥ ગર ( અહમદનગર ) સમીપે વિજયરાજ્ય ક્રીયતે । વિજારિ ( વિરાજિત ) ત્યાં દીવાંન ( દીવાન ) શ્રીપ નબા— ॥

૨૪ ॥ પ( નવાબ ) અસ્રષાંન ( અસ્રખાન ) । તસ્ય દેશાત્ આજ્ઞાકારી શ્રી અહિમ્મદાવાદ ( અમદાવાદ ) નગરે ॥

૨૫ ॥ સોબાગ્રે । સહિ-રક્ષક-પાતશાહાજીની આજ્ઞા-થકી નાયબ શ્રીપ દી— ॥

૨૬ ॥ વાંન ( દીવાન ) ષોજ ( ખોજ ) હમીદષાન ( હમીદખાન ) । ધર્મન્યાય-કરોતી । તત્-સમયે-શ્રી-નર્મદા-ઉપકં— ॥

૨૭ ॥ ઠે ગનીમહસ્તસ્તેગ્રણુામી । અહમદાવાદ નગર મધ્ય પ્રજાપતીપાલ બગશી ( બક્ષી ) ॥

૨૮ ॥ વાકાનવીશ શ્રીપ મીર ન્યામાષાંન (ન્યામતખાન) તથા મીર્યાં જાફરષાંન ( જાફરખાન ) ધર્મન્યાય કરો— ॥

૨૯ ॥ તી તથા કાજી શ્રીપ શેષ ( શેખ ) અબ્દલફરિ [ દ ] । ધર્મન્યાય કરોતી । તથા દૂર્ગપા— ॥

૩૦ ॥ લ કોટવાલ દીવાન ષોજ ( ખોજ )- હમીદષાન ( હમીદખાન )- ની વતી શ્રીપ ॥

૩૧ ॥ તથા ષાલસિ (ખાલસે)- બિહિતલમાલ (બહેતુલમાલ) દારોગા શ્રીપ મીર અસદઅલા । તથા દશકો—

૩૨ ॥ ઈ હવેલી મધ્યે ફે.જદાર શ્રીપ સિદમીર બિંન ઝાબાજષાંન (ઝાબાજખાન)। ધર્મન્યાય કરો— ॥

૩૩ ॥ તી તસ્ય આજ્ઞાકારી સાભ્રમતી પશ્ચમે (પશ્ચિમે) ગેવાડિપીરોપૂરે ફોજદાર શ્રી મીઆં

૩૪ ॥ સલાબતષાંન (સલાબતખાન) બિહિલ્યિમ (બહેલિમ)। તથા વાડાનો કાનૂગો મીઆં હાશમ બિંન ચ્યાર ॥

૩૫ ॥ મહિમ્મદ। તથા હવાલદાર તથા શેષપુર (શેખપુર) મધ્યે કાનૂગો મી—॥

૩૬ ॥ આં વલીજી તથા પંચશ્રેષ્ઠ પંચ લોકપાલ ધર્મન્યાય પ્રવર્ત્તતે (પ્રવર્તતે)। એવં સમયે ॥

૩૭ ॥ ગ્રાહક દાયક-યોરનૂંમતેન (યોઃ અનુમતેન) હાટસ્ય વીક્રીત-ષત (ખત) પત્રમભિલક્ષિતે (લિખ્યતે)। પૂર્વિં (પૂર્વં) ॥

૩૮ ॥ ગ્રાહક વેચાંતાં હાટ લેનાર નામાનિ। શેષપુર (શેખપુર) મધ્યે વાસ્તવ્યં વણીકશ્રી ઝા— ॥

૩૯ ॥ રિલા જ્ઞાતિય લઘૂ શાષાયાં (શાખાયાં) કપાશી। વીરજી તથા ભાઈ કનીષ્ટ (કનિષ્ઠ)। સા. મોહન— ॥

૪૦ ॥ દાસ। બિંન વાઘજી। બિંન વધૂજી વગરિ (વગેરે) વારસ સમસ્ત એકમતિ। પરસ્યાત્ (પશ્ચાત્) દા— ॥

૪૧ ॥ યક નામાનિ। એક ગ્રામ વાસ્તવ્યં સ્વગોત્રી। એમલકત્ય (એમ લખત્ય?) કપાશી। કુંઅરજી બિંન યા— ॥

૪૨ ॥ દવ। બિંન દેવા। પોપટની છિઈ (છે) વેચનાર। સા. કુવેરદાસ। બિંન કપાશી। કલ્યાણ— ॥

૪૩ ॥ જી। બિંન કુંઅરજી। તદા સા. કુવેરદાસ વરસ ૧૫ નિ-માસ ૮ આઠનો છિઈ (છે) એ હા— ॥

૪૪ ॥ ટ કપાશી। કુંઅરજીના પિતૂપર્યાગતની છિઇ (છે) કુવેર વગરિવાર (વગેરે વારસ) સમસ્ત એકમ— ॥

૪૫ ॥ તિ ॥ હસ્તાક્ષરાણિ દત્ત-વ્યાજયત્ હાટ ૨ બિઈ (બે) કપાશીના ચ્યકલા (ચકલા)નાં વિક્રેણ દત્તં તેહ—॥

૪૬ ॥ ની વગત્ય (વિગત) હાટ ૧ એક પ્રોલ (પોળ) દક્ષણાભિમુખ (દક્ષિણાભિમુખ)ની મધ્યેનૂં। તે મધ્યે ષંડ (ખંડ) ૨ બિઈ (બે) ઓર— ॥

૪૭ ડો અગ્રે ઓશરીદ્વાર દક્ષણાભિમુખન્ ( દક્ષિણાભિમુખ ) આગલ પેઢી માંડવી-ઢાંકી તે આગલ ॥

૪૮ ॥ નેવાં પગથીઆ-ષલી ( ખલી )ની ભોમિ સહીત ॥ તથા એ હાટના ષૂંટ ( ખૂંટ ) ૪. ચ્યાર ( ચાર ) છિઇ ( છે ) એ હાટની ॥

૪૯ ॥ દ્વાર-બારત દક્ષણાભિમુખાંનાં ( દક્ષિણાભિમુખના ) છિઇ ( છે ) તથા એ હાટનિ પૂર્વ દિશિં ( દિશામાં ) સા. શંઘલી ( શંઘજી ) બિંન લા— ।

૫૦ ॥ ડિકા । બિંન નૂં હાટ છિઇ ( છે ) એ મોરિનો કહરો સહરઆસુ ( સહિયારો ) છિઇ ( છે ) તથા પશ્ચમિં ( પશ્ચિમમાં ) ॥

૫૧ ॥ કપાશી । વધૂજી બિંન સંતોક્ષી । લટકણના વારસનૂં હાટ છિઇ ( છે ) એ મોરિનો કહ— ॥

૫૨ ॥ રો સહી‿આરો ( સહિયારો ) છિઇ ( છે ) તથા દક્ષણિ ( દક્ષિણ ) આગલ શરીઆમ ( સરિયામ ) માર્ગ છિઇ ( છે ) તથા એ હાટની પ— ॥

૫૩ ॥ છીત ઉત્તરદિશિં સ્વાંગ ( માલિકી ) પોતાની છિઇ ( છે ) પાછલ પઠાણ મીઆં । મહિમ્મૂદષાંન ( મહિમ્મૂદખાન ) ભાઈ ॥

૫૪ ॥ ષોયાં ( ખોજા ) । બિંન-દૂલતષાંન ( દૂલતખાન ) । બિંન ફરીદષાંન( ફરીદખાન )નં ઘર છિઇ ( છે ) પાછલા પડાલનાં નેવાં ॥

૫૫ ॥ દુલનષાંન( દૂલતખાન )ના ઘર મધ્યે પડિ છિઇ ( પડે છે ) એ હાટ ઉપર છાપરું ઢાલ ( ઢાળ ) ૨ બિઇ( બે )નું દક્ષણ( દક્ષિણ ) ઉત્ર— ॥

૫૬ ॥ ત્રર ( ઉત્તરોત્તર ) ઉત્રરિ ( ઉત્તરે ) છિઇ ( છે ) । તથા બીજૂં હાટ ૧ એક ઘાંચી । સૂંદરની જોડિનૂં ( બાજુનું ) વિક્રેણ દત્તં । તે

૫૭ ॥ મધ્યે । ઓરડો એક અગ્રે ( આગળ ) ઓશરી દ્વાર બારત કમાડ સહીત । ઉત્તરાભિમુખનાં

૫૮ ॥ આગલ માંડવી ઢાંકી પેઢી સહીત આગલ કપાસ નાષવા( નાખવા )ની ષલિ( ખલી ) સમેત એ—

૫૯ ॥ વં એ હાટ બિઇ ( બે )-ચાલ ( ચાલી )-નીકાલ-ષાલ ( ખાલ )-પ્રનાલ-નેવાં-ની‿છારું આંગણૂં સર્વસમં — ॥

૬૦ ॥ ધ શ્રૂં ( એ બધું ) વિક્રેણ દત્તં । એ હટના ( હાટના ) ષૂંટ ( ખૂંટ ) ૪ ચ્યાર ( ચાર ) છિઇ ( છે ) । એ હાટના દ્વારત ઉત્તરાભિમુ— ॥

૬૧ ॥ ખૂનાં ( ઉત્તરાભિમુખનાં )-છિઇ ( છે ) આગલ શરીઆમ ( સરિયામ )-રાજમાર્ગ છિઇ ( છે ) તથા એ હાટનિ પૂર્વિ( પૂર્વે ) ઘાંચી । સૂંદર બિં— ॥

૬૨ ॥ ન રેવાદાસ ૨ બિંન ગણેશનૂં ઘર છિઇ ( છે ) એ મોરિંનો કહરો સહીઆરો ( સહિયારો ) છિઇ ( છે ) તથા ॥

૬૩ ॥ એ હાટનિ પશ્ચમિં-ક⁀પાશી(પશ્ચિમે કપાશી) વધૂજીના વારસનૂં હાટ છિઇ(છે) મોરિ કહેરો સહી⁀આ—

૬૪ રો (સહીયારો) છિઇ (છે) તથા હાટની પછીત દક્ષણ (દક્ષિણ) દિશિં(દિશામાં) સ્વાંગ (માલિકી) પોત્તાની (પોતાની) છિઇ (છે) પાછલા પડલનાં (પડાલોનાં) ॥

૬૫ ॥ નેવાં મીઆં શેષ (શેખ) લતીફના ચોક મધ્યે ઉત્તરિ (ઉત્તરે) છિઇ (છે)। એવં એ હાટ ચ્યારિ (ચાર) ષૂંટ (ખૂંટ) માહિલૂં ॥

૬૬ ॥ સર્વસમંધ શ્રૂં (એ બધું)-વિક્રણ દત્તં વેચાતાં આપ્યાં સહી ॥ તસ્યો દ્રવ્યં સંજ્ઞામા સાઢા અ—॥

૬૭ ગ્યારના નવી ૨॥ અઢીના । સ હિર ચલણી⁀આ એહવા (એવા) રૂપૈઆ ૬૦૧ અંકે છઅસ—॥

૬૮ ॥ હિંનિ (છસો) એક નિંમિત્તએ (નિમિત્તે) ૫ અહિંનિ અરર્ધાના (અર્ધાના) બિઇમણા(બમણા)। ૭ અસહિંનિ (છસો) એક પુરા ॥

૬૯ ॥ રોકડા કપાશી। વીરજી⁀ભાઈ મોહનદાસ પાસિંથી (પાસેથી) કપાશી સા. કૂવેરિં-લેઈનિ (લઈને)

૭૦ ॥ એ હાટ ૨ બિઇ (બે) વેચાતાં આપ્યાં સહી ॥ એ રૂપૈઆ ૬૦૧ અંકે છઅસહિંનિં (છસો) એક લીધા—॥

૭૧ ॥ ની-વગતિપ (વિગત) પૂર્વિં કપાશી। કુંઅરજીયિં (કુંઅરજીએ) તથા ભગની (ભગીની) રતનબાઈયિં (રતનબાઈએ) કપાશી વા—॥

૭૨ ॥ દાજી રાઘવજી વીઠલદાસ પાસિં (પાસે)-ગ્રહિણિ મૂંકી⁀નિ (મૂંકીને)-રૂપૈ⁀આ-લેઈનિ (લઈને) વ્યાપારના ક—॥

૭૩ ॥ ર્જદારનિ (કર્જદારને) આપ્પા (આપ્યા) હતા તે કર્જ-સા. કુંઅરજી તથા ભાણેજી સા. કાહાનજીભાઈ ॥

૭૪ ॥ નાંનજીનૂંહ⁀તૂં તેહનિ (તેને) આપ્પા (આપ્યા) હતા સહી ॥ તારકેડિ (ત્યારપછી) સંવત્ ૧૭૪૪ ચ્યૂંઆલાનાયે ॥

૭૫ ॥ જ્યેષ્ટ (જ્યેષ્ઠ) સુદિ ૧૦ દશમી ભોમે ન્નિવસિં કપાશી। સા કૂંઅરજીનિ પુત્રિ (પુત્રી) સા. ક—॥

૭૬ ॥ લ્યાણજી⁀યિં (કલ્યાણજીએ) પોતિ(પોતે) સ્વદેહી ફરી નિષત(ફરી લિખત) ફેરી (ફરી) બીજા રૂપૈઆ આલેઈનિ (આપીને) રૂપૈઆ ૫૫૧]

૭૭ ॥ અંકે પાંચસહિંનિ (પાંચસો) એકાવન્ન (એકાવન) પૂરાનૂં ષત (ખત) લષી (લખી) આપ્પાં (આપ્યું) સહી તે રૂપૈઆ લેઈનિ (લઈને) ॥

૭૮ ॥ એ હાટ ૨ બિઇ (બે) ઉપર ષરચ્યા (ખરચ્યા) ફરીનિ (ફરીને) નવાં-ચ્યણાવ્યા (ચણાવ્યા)–વલી (વળી) મોભ-સરઢણ શુધાં(સુદ્ધાં) નવાં ॥

૭૯ ॥ કરયાં (કર્યાં) કરતાં ષરચતાં (ખરચતાં) વધ્યા તે સા. કૂંઅરજીના કર્જદારનિ (કરજદારને) આપ્યા સહી તે ॥

૮૦ ઉપરં‿ત (ઉપરાંત) સા. કલ્યાણજી એવં સમયે મર્ણ-પાં‿મ્યા (મરણ પામ્યા)-તારી (ત્યારે) સા. કુંઅરજીની તથા ભગ— ॥

૮૧ ॥ ની (ભગિની) બાઈ રતનનિ પરિવારિ (પરિવાર) સાનિદ્ધિ સર્વ પાસિંરહીનિ (પાસે રહીને) બાઈ। વીર બીંન કૂંઅરજીની પુ— ॥

૮૨ ॥ ત્રી લાડકુંઅરિ તથા બાઇ રતન બિંન યાદવના પૌત્ર સા. ગાંગજી। નાંનજી તથા

૮૩ ॥ ગોવરધન। પીતા। તાપીદાસ। શંભૂ। શંકર। તથા બાઇ લાછિ બિંન કૂંઅરજીની।

૮૪ ॥ પુત્રી બાઇ લાલી બિંન વાઘજી તથા સા. કૂંઅરજીની પુત્રી કનીષ્ઠ બાઇ ધનની પુ—

૮૫ ॥ત્રી બાઇ કૂકરાંણી એ સર્વ સા. કુંઅરજી ભગની(ભગિની) રતનબાઇ બિંન યાદવનો॥

૮૬ ॥ પરીવાર સર્વ વારસ એકમતિ થૈઇનિ(થઇને) રૂપૈઆ ૫૦ અંકે પચાસ કપશી (કપાશી)। વીર— ॥

૮૭ ॥ જીભાઇ મોહનદાસ પાસિંથી (પાસેથી) લેઇનિ (લઇને) એ હાટ ૨ બિઇ (બે) અભિરાંમનદા‿વિ-વેચાતાં (અભિરામનના દાવે વેચાતાં) ॥

૮૮ ॥ આપ્પાં (આપ્યાં) સહી। એ રૂપૈઆ ૫૦ પંચાસ (પચાસ) લીધાની વગત્ય (વિગત) રૂ ૧૮ અંક અઢાર સા. ક—

૮૯ ॥ કલ્યાણજીઈ પોતિ (પોતે) વિધમાન છતાં લેઈનિ (લઈને) ઓ (એ) ઘર પોતાનૂં સમરાવ્યૂં પડયૂં હતૂં તે ॥

૯૦ ॥ ઉપરાંત રૂ ૩૨ અંકે બત્રીસ એ સર્વ વાંસમલીનિ (વાસ મળીને) સા. કલ્યાણજીની ક્રીઆ (ક્રિયા) ક— ॥

૯૧ ॥ રવાનિ સા. કુબેરનિ અપાવીનિ અભિરાંમન દાવે વેચાતાં આપ્યાં સહી। હવિં (હવે)।

૯૨ ॥ એ હાટનાં ભોમિ ભિંતડા પવ્કેષ્ટી‿કા-રચીતં (પ‿કવેષ્ટીકા રચીતં) દ્વાર બારત કમાડ પાટી‿આ-ઘોડીઆ— ॥

૯૩ ॥ ટ કાષ્ટ પંચરાઉ રચીતં મોભ વલી વાંસ નલીઆંરાચ્છાદિતં (નળીઆં-આચ્છાદિતં) નવનીદ્ધિ (નવનિધિ) સહિતં ॥

૯૪ ॥ ભોમિ ઉપર દલ સહિત અદબદ સ્વ સ્વેછાયિન શાકપણિકા ન્યાયેન હાટસ્ય ॥

૯૫ ॥ દ્વે ૨ બિઈ (બે) વીક્રેણુ દત્તં । હવિં (હવે) એ હાટ મધ્યે કપા. કુંઅરજી બાઈ। રતન‿ના પરીવાર— ॥

૯૬ ॥ નિ સરસં‿મંધો (સરસંબંધ) નાસ્તી તથા હવિં (હવે) એ હાટ ૨ બિઈ (બે) મધ્યે-કપાશી વીરજી મોહનદાસનો સ—

૯૭ ॥ મેધ સહી તથા એ હાટ ૨ બિઈ (બે)‿નો-વિરશી-પ્રગટિ (કોઈ વીર પ્રગટે) તો તેહનિ (તેના) એ વારસ સર્વ મલી (મળી) સમે —

૯૮ ॥ ઝાવિ (સમજાવી) વારિ સહી। તથા એ હાટ ૨ બિઈ (બે)‿નિ કપાશી વાઘજી વધૂજીના પુત્ર વીરજી મોહનદા—

૯૯ ॥ સ સહપુત્ર પૌત્રાદિ‿કુ-ધયિત્રી। ચતુર્ભોમિ કરી કરાવિ તથા મન સ્વેછા (સ્વેચ્છા) આવિ—ત્યમ—ક—

૧૦૦ ॥ રિ ત્યાહારિં અન્યકો સરસમંધો નાસ્તી ગોસ્માંભાગો નાસ્તી આચંદ્રાર્ક કૂલ અભિ—

૧૦૧ ॥ રાંમન દાવે વેચાતાં આપ્યાં સહી એ હાટ ૨ બિઈ (બે) સા. કુંઅરજી ભગની રતન‿બાઈનાં ॥

૧૦૨ ॥ છિઈ (છે) પ્રથમ સા. કુંઅરજી જીવતાં પુત્રી બાઈ ધન મરણુ પાંમી (પામી) છિ (છે) તત્ પુત્રી ૧ એક બાઈ

૧૦૩ ॥ ઠકરાણી વિદ્યમાન છિઈ (છે)। તાર‿કેડિ (ત્યાર પછી)—સા. કુંઅરજી મરણુ પાંમ્યા (પામ્યા) તારેકેડિ (ત્યાર પછી) બાઈ રત— ॥

૧૦૪ ॥ ન મરણુ મરણુ પાંમી (પામી) તત્ પુત્ર નાનજી વિદ્યમાન છિઈ (છે) તે કેડિ (ત્યાર પછી) બાઈ વીર મરણુ પાંમી (પામી) ॥

૧૦૫ ॥ તત્ પુત્રી લાડકૂંઅરિ હોઈ તથ (તથા) શાભદાસ છિઈ (છે) તારેકેડિ (ત્યાર પછી) બાઈ લાછિ મરણુ પામી (પામી)।

૧૦૬ ॥ તત્ પુત્રી બાઈ લાલી જીવિ છિઈ (છે) એવં સમયે વારસ વિદ્યમાન છિઈ (છે) સા. કૂવેર કલ્યા—

૧૦૭ ॥ ણુજી તથા લાડકૂઅર તથા માંડણુ તથા લાલી તથા ગાંગલી એ વારસ વિદ્યમાન જીવ— ॥

૧૦૮ ॥ તાં છિઈ ( છે ) એ સર્વ મલીનિ ( મળીને ) વેચ્યા હાટ ૨ બિઈ ( બે ) સહી એ લષૂં ( લખું ) બાપના બોલ શૂં-પાલે સહીશ્રીરસ્તૂ

| | | |
|---|---|---|
| ૧ અત્ર મત્તૂં | ૧ અત્ર સાક્ષ | ૧ અત્ર સાક્ષ |
| ૧. સા. કુવેર કષ્ણુજી | ૧. શા ગાંગાજીભીમજી | — |
| ૨. જ્ન. કુઅરજી દવમત<br>ઉપર લખત સહી | અવાચ્ય<br>અવાચ્ય | — |

૧ સા ગાકલદ દમદર
( ગોકળદાસ દામોદર )
ચીવ ધણુા ૨જી રૂ ૬૦૧
સા. અવાચ્ય.

---

# હાલના દ્વારકાના જગતમન્દિરના રચનાકાળની મીમાંસા*

કલ્યાણરાય ન. જોષી

પુરાણ સાહિત્યમાં દ્વારકાના મન્દિરનો ઉલ્લેખ સ્કન્દપુરાણના એક ખંડ—પ્રભાસ ખંડમાં વિસ્તારથી થયેલો છે. એ પ્રભાસ ખંડના એક ભાગને દ્વારકામાહાત્મ્ય તરીકે જુદો પાડવામાં આવ્યો છે. આ સ્કંદપુરાણમાં વખતોવખત અનેક ખંડો ઉમેરાતા ગયા છે, એવું સુજ્ઞ પંડિતો માને છે.

મારો પોતાનો અભિપ્રાય દઢ થયો છે કે, દ્વારકામાહાત્મ્ય લખનારે હાલનો દ્વારકાનો પ્રદેશ જોયા પછી જ આ ગ્રન્થમાંથી જ તીર્થમાળાનું વર્ણન કરેલું છે.

જુઓ મારો અંગ્રેજી લેખ, શારદાપીઠ વિદ્યાસભા સ્થાપિત—Indological Research Institute તરફથી પ્રગટ થતું 'પત્ર પ્રદીપ' તેમાં એ સંબંધી વિગતપૂર્ણ માહિતી મળી શકે છે.

સ્કંદપુરાણનો લેખનકાળ ઈ.સ.ના સાતમા સૈકાથી પૂર્વે લઈ જઈ શકાયો નથી. અને પ્રભાસ ખંડ જેવા જુદા જુદા ખંડને સ્કન્દપુરાણમાં અન્તર્ગત કર્યાનો સમય ઈ.સ.ના દશમા સૈકા સુધી હોય એમ પંડિતો માને છે.

દ્વારકામાં વિષ્ણુનું મન્દિર પશ્ચિમાભિમુખ, ત્રિવિક્રમના સ્વરૂપની મૂર્તિથી વિભૂષિત થયું હતું, એવો ઉલ્લેખ સ્પષ્ટ રીતે આ પુરાણમાં થયેલો છે.

તેની સાથે ગોમતી તીર્થની વિગત એટલી બધી ચોકસાઈથી અને લાંબા વિસ્તારથી આપવામાં આવી છે કે આજના દ્વારકામાં એ કાળે વિષ્ણુના મન્દિર સાથે સમ્બન્ધપૂર્વક ગોમતી તીર્થ જોડાયેલું હતું.

એટલે આપણે પુરાણની સચ્ચાઈના આધારે એમ કહી શકીએ કે, ઈ. સ. સાતમા સૈકામાં અથવા તો દશમા સૈકામાં દ્વારકામાં કોઈ પણ પ્રકારની બાંધણીવાળું ત્રિવિક્રમ ભગવાનનું મન્દિર હતું; અને તે ગોમતી તટે હતું.

દ્વારકા પ્રદેશમાં ગુપ્તકાળના સૂર્ય મન્દિરના અવશેષો સાંપડે છે. તે પછીના કાળના મૈત્રક યુગનાં દેવાલયોનાં ખંડેર અને કોયડારૂપ બનેલ લાલ પથ્થરની ચળકતી સપાટીવાળી ઉખલો (ખાંડણીઆ) મન્દિરનાં ખંડેર સાથે સંલગ્ન હોય તેવી સ્થિતિમાં મળે છે. यत्र यत्र देवालय:

---

* આ લેખના લેખક તેમનો છપાતો આ લેખ જોવા જીવતા નથી, એ ખરેખર શોકજનક બિના છે.

तत्र तत्र पाषाण—उत्खुलः ॥ આ કોયડો ઉકેલવાની દૃષ્ટિથી મેં એક લેખ વિસ્તારથી, વડોદરામાં ભરાયેલી Oriental Conferenceની બેઠકમાં વિદ્વાનોની દૃષ્ટિએ ચડવા રજૂ કર્યો હતો. તે કૉન્ફરન્સના અધિકૃત અહેવાલના પુસ્તકમાં એ લેખ સાદ્યન્ત પ્રકટ થયો છે. કોઈ શિષ્ટ વિદ્વાને એનો ઉકેલ કાઢયો નથી. તર્કના પાયા પર રચાયેલી વિચારશ્રેણીને તર્કસિદ્ધ સત્ય હજુ સુધી આ વિષયને અંગે મળ્યું નથી.

દ્વારકામાં હાલના મન્દિરની આસપાસ ગુપ્તકાળના મન્દિરોના અવશેષ મળતા નથી તેમ જ ઉખલનો અવશેષ-પ્રકાર હજી સુધી સાંપડ્યો નથી. ડૉ. સાંકળિયાની દેખરેખ હેઠળ થયેલા ઉત્ખનનમાંથી પણ એ પ્રકારના અવશેષ મળ્યા નથી.

## જગત દહેરું અથવા જગ દહેરું

દ્વારકાના હાલના મન્દિરને જગત દહેરું-જગતમન્દિર નામ કોણે અને કયી ભાવનાથી આપ્યું હશે તેનો વિચાર શાન્ત મનથી કરવાથી ઇતિહાસના રજકણો સાંપડે એવી શકયતા છે, એમ સમજી મેં કેટલાક વિકલ્પ તર્ક કર્યા છે.

'મિરાતે અહમદી'ના પરિશિષ્ટ તરીકે ફારસી ભાષામાં લખાયેલા ગ્રન્થનું અંગ્રેજી ભાષાન્તર વડોદરા રાજ્યના દીવાન મી. સ્વેડન અને વડોદરા કૉલેજના પ્રાધ્યાપક શ્રી નવાબઅલીના સંયુક્ત શ્રમથી થયેલું છે. તે પુસ્તક વડોદરા રાજ્યના પ્રાચ્યવિદ્યા મંદિર તરફથી પ્રકટ થયું છે. આ પુસ્તકમાં, ગુજરાતના ઇસ્લામી રાજ્યવાળા જિલ્લા અને તાલુકા( પરગણા )ની માહિતી આપવામાં આવી છે. તેને અંગે દ્વારકાના પ્રદેશને ' जगत ' પરગણા તરીકે ઓળખવામાં આવેલ છે. એ જગત પરગણાની હકીકત દ્વારકા પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ સાથે બંધબેસતી જણાય છે. આ જગત પરગણામાં આવેલ ભૂશિરને શિષ્ટ અને રાજમાન્ય પુસ્તકોમાં જગત ભૂશિર ' Jagat Point ' નામ આપવામાં આવેલ છે.

આ નામ जगत કયાંથી આવ્યું ? આ પરગણામાં જગતદેવની આણ વરતાતી હોય તો તેના નામ પરથી આ પ્રદેશને એ પ્રતાપી પુરુષના નામ સાથે સાંકળવામાં આવે એ સ્વાભાવિક છે.

મેં ખોટે માર્ગે તર્ક ચલાવી, વડોદરા રાજ્યની સયાજી સાહિત્યમાળાના પુષ્પ ૨૯૬ તરીકે પ્રગટ થયેલા " દ્વારકા " નામના પુસ્તકમાં ' जगत ' નો અર્થ गच्छति इति जगत એટલે સૂર્ય, એમ બેસાડયો છે. મારી ભૂલ મારા તે પછીના અભ્યાસથી મેં પકડી પાડી છે. जगत मन्दिरને અસલી સૂર્ય મન્દિર કરાવવાની ઘેલછાને પરિણામે હું આડો ઊતરી ગયો હતો. દ્વારકામાં સૂર્ય મન્દિરનું સ્થાન, સાતમા સૈકાના દ્વારકામાહાત્મ્યના લેખકની દૃષ્ટિએ હાલના કહેવાતા કૃકલાસ કુંડને કાંઠે, જૂના કાળમાં હતું.

ગુજરાત પરની ઇસ્લામી સત્તાના સમયમાં રાજ્યને ચોપડે દ્વારકાના પરગણાને, જગત પરગણું કહેવાતું એ વાત ચોકસ છે; તેમ જ દ્વારકા હાલના મન્દિરનું અસલી નામ જગદહેરું જગતદહેરું, છે, એ પણ વાત ચોક્કસ છે. એટલે ' જગત ' શબ્દ કયાંથી આવ્યો તેની તપાસ ઇતિહાસના અભ્યાસીએ કરવાની રહે છે. આ પ્રદેશ ઉપર જગદેવ નામના પરાક્રમી પુરુષની સત્તા

હોય. તે સત્તાધીશે આ પ્રદેશને જગત પરગણું બનાવ્યું હોય. તે સત્તાધીશ કોઈ ચાવડા વંશનો પ્રતાપી પુરુષ હોય. હેરોલ વંશના કોઈ રાજાનું નામ જગતદેવ હોય તોપણ કહેવાય નહિ. એનો નિર્ણય ઇતિહાસની કસોટીએ કસાય નહિ ત્યાં સુધી આ પ્રશ્ન અણઉકેલ્યો રહ્યો ગણાય.

મારી તપાસમાં ઓખામંડળમાં વસનારા વાઘેરના એકાદા જૂથનું નામ જગતીઆ કે જગતીઆણી હોવાનું માલૂમ પડયું છે. પણ તેનો વિચાર કરતાં મને જગડું જેવો કોઈ પુરુષ થઈ ગયો હોઈ એવું માનવા ચિત્ત ઢળવા લાગ્યું હતું. પણ 'જગ' નામ આ દેશમાં પ્રચલિત હતું એટલું તો ખરું જ.

## હાલનું મન્દિર અસલી નથી:

દ્વારકાના હાલના મન્દિરને જૂનામાં જૂનું અસલી મન્દિર કહી શકાય તેમ નથી. તે સ્થળે અસલી મન્દિર કયારે હતું તે પણ નિશ્ચિતરૂપે કહી શકાય તેવી પાયાદાર હકીકત જાણવા મળી નથી. હાલના જગતમન્દિર સામે શ્રી દેવકીજીના મન્દિરની પરિક્રમાની ભીંતે ગોખલાઓમાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ ખંડિતરૂપે સાચવી રાખવામાં આવી છે. આ સ્વરૂપમાં ચતુર્ભુજ વિષ્ણુ અને લક્ષ્મીદેવીને સંલગ્ન ઊભા બતાવવામાં આવ્યા છે. એક મૂર્તિનો અવશેષ, નરસિંહ અવતારની લીલા દર્શાવે છે. એક અવશેષ એવો છે કે જેને જોતાં કોઈ ભક્તરાજ પુરુષનો ખ્યાલ આવે છે. તે ભક્ત હાથ જોડી ઊભા છે. તેની માથા પરની ટોપીમાં કોઈ અક્ષરો પણ કોતરવામાં આવ્યા છે.

આ અવશેષો કયાંથી આવ્યા હશે? જગમન્દિરના અસલી સ્થાને સુન્દર જગ દહેરું ઊભું કરનારે મૂળ મન્દિરની મૂર્તિઓને માનપૂર્વક જાળવી રાખવાનો વિચાર કરી તે તૂટેલા અવશેષો આ રીતે ભીંતમાં જડી દીધા હોવા જોઈએ.

આ અવશેષ પૈકી એકાદાનું ચિત્ર મેં લખેલા પુસ્તક નામે 'ઓખામંડળના વાઘેર' નામના પુસ્તકમાં જોઈ શકાશે.

હાલના મન્દિરના સમગ્ર ભાગનું અવલોકન કરતાં એવી ભાવના સ્પષ્ટ થાય છે કે, આ મન્દિરે હાલના સ્વરૂપે પહોંચતાં પહેલાં અનેક સુધારાવધારા પચાવી લીધા છે. એ વાત સામાન્યજનને પણ સાચી લાગે તે હેતુથી મેં આજનાં જગતમન્દિરનું એક હસ્ત કલમથી સારા મીસ્ત્રી પાસેથી માપબંધ ચિત્ર દોરાવ્યું. પછી બીજું ચિત્ર એ જ દહેરાને અધવચથી ઊભો કાપ મૂકીને અને અડધીઉં દહેરું જે રૂપે દેખાય તે રૂપનું ચિત્ર તૈયાર કરાવ્યું. એ ઊભા કાપથી જે અડધીઉં જે રૂપમાં દેખાતું થયું, તેની છબી પડાવી. એ છબી પ્રકટ કરાવી હું વાચકને કહેવા ઇચ્છું છું કે, જગતમન્દિર એક જ સ્થપતિની દેખરેખ નીચે એક જ કાળે નિર્માણ થયેલું મન્દિર નથી.

જૂના દહેરાને દૂર કરીને કે જૂના દહેરાની પરિક્રમાને મૂળરૂપે રાખી તે જ સ્થાને પરિક્રમાવાળું ભૂગર્ભ મન્દિર તથા તેના દ્વાર આગળ ત્રણ નાના ઘુમ્મટવાળી સભાશાળા યોજવામાં આવી હતી; તે ભાગ ચિત્ર ૧માં સ્પષ્ટ વરતાય છે. પછી પરિક્રમાની ભીંતને જાણે ઊંચી કરવાની



ચિત્રાંક ૧

જગત મંદિર, દ્વારકા (ઈ.સ. ૧૯૩૭)

દૃષ્ટિથી ભૂગર્ભના ઉપર બીજો અને ત્રીજો ઘુમ્મટ અને તેના ઉપર દેવળના શિખરની યોજના, રીતસરના આમલક અને કળશ તથા ધ્વજદંડ ગોઠવાયાં હોય એમ માનવા સબળ કારણો આપોઆપ છતાં થાય છે. એટલે કે દહેરામાં હીરા જેવું દર્શન થાય છે.

સભામંડપમાં મુકાયેલા સ્તંભોની રચના અને સાદા ઘાટ પરથી તો સામાન્ય માણસને ગળે ઊતરે છે કે, સભામંડપ મૂળ દહેરાની રચના પછી ઊભો થયો છે.

ત્રણ માળના સભામંડપના છેલ્લા માળ પર શિષ્ટ ભક્તજનને બેસવા માટે ઝરૂખા મુકાયા છે તે પણ પ્રાચીનતાની છાપ બતાવતા નથી. સભામંડપના પાયાના સ્તંભો પણ સુધારા-વધારાવાળા અને તેમાં કોતરેલા કંદોરા એક સરખી ઊંચાઈએ આવેલા ન હોવાથી સ્તંભોમાં સ્થપતિએ જરૂર પ્રમાણે જૂના સ્તંભના ટેકામાં નવા સ્તંભો સંલગ્ન કર્યા હોય એમ વરતાઈ આવે છે.

સભાગૃહના ઘુમ્મટમાં મધ્ય સ્થળે એક જ પથ્થરમાં કોતરી કાઢેલું સુંદર કામગીરીવાળું ઝુમ્મર મૂકવામાં આવ્યું છે, તેના પર ધ્યાન દેવા જેવું છે. એ ઝુમ્મર સભાગૃહના ગોળાકાર ગભારાનું મધ્ય બિન્દુ દર્શાવે છે પણ સમગ્ર સભામંડપના (ધર્મ સભાના) ટોચના ચણતરના મધ્ય બિન્દુ પર એ ઝુમ્મર બેસાડયું નથી. સભામંડપનું મધ્ય બિન્દુ, આખા સભામંડપનું મધ્ય બિન્દુ શોધવા બેસીએ તો તે ઝટ હાથ આવી શકે તેમ નથી.

પૂર્વે તૈયાર થઈ ગયેલ શિખરબંધ દેવાલયની સાથે સભામંડપ જ્યારે જોડાયો ત્યારે, શિખરબંધ મન્દિરની કેટલીક કોતરેલી કૃતિઓને ઉવેખી સભામંડપના ચણતરનો સંબંધ જોડવો પડયો છે, તે સૂક્ષ્મ અવલોકન દૃષ્ટિ ઝટ પકડી પાડે તેવી સ્થિતિમાં છે. આજે પણ કેટલાક ભાગ નવા ચણતરકામમાં અર્ધ દબાયેલા મળી આવે છે.

સૌરાષ્ટ્રના છેક પશ્ચિમ છેડે ખારા સમુદ્રના પ્રદેશમાં આવેલા ઓખામંડળ પ્રદેશમાં ગુજરાતનું સૌથી શ્રેષ્ઠ ગણાય એવું દહેરું બાંધવાની મહત્ત્વાકાંક્ષા માનવબુદ્ધિમાં કેવી રીતે જાગી હશે એનો વિચાર બહુ થોડા પંડિતોને એ અદ્ભુત દહેરાના પ્રથમ દર્શને જાગે છે. સંપત્તિ અને સ્થાપત્ય-નિપુણતા, એ ઉજ્જડ પ્રદેશમાં આવું ભવ્યુ દહેરું બાંધવા માટે જોઈએ તે કયાંથી આવી પહ્યાં હશે ?

આ દહેરાનું અસ્તિત્વ દશમા શતક પહેલાં હાલના સ્વરૂપે હોઈ શકે નહિ એમ પંડિતો કહે છે. કોઈ ઝીણું કાંતનારા નિષ્ણાત ઇતિહાસ-મીમાંસકો તો બહુ જોરશોરથી કહે છે કે, હાલના જગત મન્દિરના અસ્તિત્વને બારમા શતક પહેલાં લઈ જવાની ધૃષ્ટતા શ્રદ્ધાના વેગમાં તણાઈ જતા પંડિતો કરતા હોય તો ભલે.

સ્કન્દપુરાણના વિભાગ પ્રભાસખંડમાં સમાવેશ પામેલા દ્વારકામાહાત્મ્યના લેખકે હાલનું જગદહેરું જોયું હોય કે નહિ તે કહી શકાય નહિ, પણ કદાચ હાલના જગદહેરાને સ્થાને પશ્ચિમાભિમુખ ત્રિવિક્રમી સ્વરૂપની મૂર્તિવાળું કોઈ પણ આકારવાળું દહેરું તો તેણે જોયું હોવું જોઈએ, એવી પ્રતીતિ એ પુરાણ વાંચવાથી થાય છે. સ્કન્દપુરાણની કાળાવધિ સાતમા શતકથી દશમા શતક સુધીની માન્ય રહી છે. તેથી હાલનું દ્વારકાનું જગદહેરું બહુ જ વહેલું ચણાયું હોય તો દશમા સૈકામાં અને નહિ તો બારમા સૈકામાં તે શિષ્ટ આકાર પામ્યું હોવું જોઈએ.

પોરબન્દર પાસે મીયાણીના પ્રદેશમાં કાંટેલાના ખંડેરમાંથી એક શિલાલેખ સાંપડ્યો છે, તેમાં જણાવ્યું છે કે, દ્વારાવતીથી યાત્રાના માર્ગ પર આ સ્થળે દેવાલય બંધાયું છે. તે લેખમાંથી થોડોક ઉતારો ટાંકવો પ્રસ્તુત ગણાશે. સંવત ૧૩૨૦ જેઠ શુદ ૫ ને બુધવાર. રવેશ્વર મહાદેવના દેવાલયમાં ડાબે પડખે આ શિલાલેખ ઉપલબ્ધ છે—

तथैवार्जुन भूपतिः । सजानु जलधेस्तिरे
पथि द्वारावतीयतेः । शुश्रावरैवतीकुंडमिदम्;
खनेत्रानल शितांशुः मिते—विक्रम संवत्सरे
ज्येष्ट श्वेत चतुर्थ्या—एतत् प्रतिष्ठितम्

સંવત ૧૩૨૦માં દ્વારકાના પતિ દ્વારકેશનું દેવાલય જાણીતું થયું હતું એ ઐતિહાસિક સત્ય વિદ્વદ્દમાન્ય થઈ ગયું છે.

દશમાથી બારમા સૈકાના ગાળામાં દ્વારકાનું જગદહેરુ બાંધવાનો યશ કોઈ રાજાને ભાગે જાય છે કે કોઈ ધર્મ સંચારક વિદ્વાન વ્યક્તિને ફાળે જાય છે કે કોઈ ધનાઢ્ય વૈષ્ણવને ફાળે જાય છે તે હજુ સુધી કોઈ નિશ્ચયપૂર્વક કહી શક્યું નથી.

દ્વારકાના ઉજ્જડ બનેલા પ્રદેશમાં નાનાં દહેરાંના અવશેષો મળે છે. પણ જગત દહેરા જેવા મહાકાય મન્દિરના અવશેષો જણાયા નથી. જે અવશેષો મળ્યા છે તે ગુપ્તકાળના કે વલ્લભી યુગના કે સૈન્ધવ યુગના છે. પછીના કાળના સોલંકી યુગના સ્થાપત્યના પ્રતીક જેવાં બે–ત્રણ દહેરાં દ્વારકામાં અને તેના સીમાડામાં અત્યારે પણ મોજૂદ છે પણ ક્યાંય જગત દહેરાના મહાકાય દેવાલયનો બીજો નમૂનો જોવા મળતો નથી.

## આ પ્રદેશમાં સાંપડતા જૂના અવશેષો

દ્વારકાને સંલગ્ન પવિત્ર સ્થળોમાં આવેલાં દેવાલયોની તપાસ કરતાં મારી નજરે કેટલાંક ભક્તોની ભાવના અને સ્થપતિઓના શાસ્ત્રીય દૃષ્ટિના ઉલ્લાસભર્યાં અકલ્પ્ય કળાવિધાનો પ્રેક્ષકને દિંગમૂઢ બનાવે એવાં જૂનાં આલયો છે, તેની નોંધ આ લેખમાં પ્રસ્તુત ગણાશે:

૧ પોરબંદરના બરડાના ડુંગરમાં ભાણવડ ગામ પાસે આવેલ ધુમલીના મન્દિરનો અવશેષ.

૨ પોરબંદરથી વેરાવલ જવાના સ્થળ પર આવેલ માધવપુરમાં આવેલું દેવાલય.

૩ માંગરોલ શહેરમાં વિકૃત થયેલું અસલી મન્દિર.

ધુમલીનું મંદિર ખંડેર છે તોપણ તેની ભવ્યતા મહાકાય દહેરાના સ્વરૂપનાં દર્શન આપે છે. દ્વારકાના જગતદહેરાના સ્તંભો પર ટકાવેલ સ્તંભમંડપનો અણુસાર આ અવશેષમાં જોઈ શકાય છે પણ ચણુતરની રીત અને પાષાણોને ઘાટીલા બનાવાની રીત બહુ જૂની કહેવાય નહિ. દ્વારકાના જગતદહેરાના સ્થપતિઓ અને ધુમલીના દહેરાના સ્થપતિઓ એક જ પંથના હોઈ શકે નહિ. એટલે પોરબંદરના પ્રદેશમાંથી દ્વારકાના જગત દહેરાના નિર્માણ માટે સ્થપતિઓ આવ્યા હોય એવું જણાતું નથી.

માધવપુરનું મન્દિર ખંડિત દશામાં દરિયા કિનારાની રેતીથી દટાઈ રહેલું હતું તેને પુરાતત્ત્વ ખાતાએ રેતી દૂર કરાવી છતું કર્યું છે. તેની રચના સામાન્ય રુકિમણીના દહેરા જેવી સોલંકી કાળની છાપવાળી છે. માંગરોલ શહેરમાં અસલી પણ વિકૃત થયેલાં દેવાલયો જોવા મળે છે. તેમાંના એકમાં દ્વારકાના જગત મન્દિરના માળ ચડવા માટે એક જ શિલાની નિસરણી જોવા મળે છે તેવી એક જ પથ્થરની નિસરણીનાં દર્શન થાય છે. તે પરથી સમજાય છે કે માંગરોળથી દ્વારકા સુધીના સ્થપતિની શાળામાં એક પ્રકારનું સમાન ગુરુદર્શન થાય છે.

આ ઉપરથી અનુમાન તારવતાં જણાય છે કે, દ્વારકાના જગદહેરામાં જ્યારે છેલ્લો સુધારો-વધારો કરવામાં આવ્યો હશે ત્યારે માંગરોલ પથકમાંથી કારીગરો દ્વારકા આવ્યા હશે. અને એક શિલામાંથી કોતરી કાઢેલાં પગથિયાં વાળી નિસરણીઓ જગદહેરામાં મૂકી ગયા હશે; જોકે પથ્થરમાં કોતરી કાઢેલા પગથિયાંવાળી સીડી ઉપજાવવાની કળા તો બૌદ્ધ ગુફાવાળા ડુંગરો પર પહેલાં પ્રચલિત થયેલી હતી, એમ સ્થાપત્યના અભ્યાસીઓ કહી ગયા છે. મુંબઈ પાસે કણ્હેરી ગુફા જોનારને આ વાત ઝટ ગળે ઊતરશે.

## છૂટાછવાયા શિલાલેખો

હાલની સ્થિતિમાં આ ભવ્ય મન્દિર સામાન્ય માણસને મોહમાં જકડી લે છે. તેથી તે મુગ્ધ બનીને માત્ર અહોભાવના અનુભવથી તૃપ્ત બને છે. દેવાલયની રચનાના શાસ્ત્રીય સ્વરૂપની વિચારણામાં તે ઊંડા ઊતરવા એક ડગલું પણ હાલતાચાલતા નથી. બુદ્ધિવાન ભક્તોને પહેલી અનુભૂતિ, આ ભવ્ય મન્દિરમાં પ્રવેશતાં એ થાય છે કે, એમની ભકિતનું મધુરું ફળ એમને મળી ગયું હોય તોપણ મન્દિરમાં બિરાજતા પુણ્ય સ્વરૂપની ઐતિહાસિક કથા જાણવા તે પ્રેરાયા વગર રહેતા નથી. આવા દેવાલયમાં કોઈ જૂના શિલાલેખો છે કે કેમ તે જાણવા મન જાગૃત થાય છે. સાચા જિજ્ઞાસુએ આ દેવાલયના કેટલાક ભાગમાં કોતરાયેલા લેખોનાં દર્શન કર્યાં છે.

એક નાનો નવ ઇંચનો પથ્થરનો કટકો, દેવાલયના માળ ઉપર ચડવાના ત્રણ ચાર પગથીઆંના ઓળંગવાના કઠેરાની ભીંતમાં જડેલો છે. તેમાં કોતરણી ભુંસાઈ ગઈ હોય એવી થોડી વિચિત્ર લીટીઓની આકૃતિવાળી છાપવાળું લખાણ ઉપલબ્ધ છે.

આ લખાણ કે ચિત્ર, આજના સ્થળે, કોઈ અન્ય સ્થળેથી લખી મુકાયું હોય એમ મનાય છે. બ્રાહ્મી લિપિના અક્ષરોના વળાંકવાળા તે અક્ષરો જ નથી. તેની છબી પાડી લેવામાં આવી છે. શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ તેનો ઉકેલ આપતાં અભિપ્રાય આપ્યો છે કે, અર્થબોધ થાય તેવું નિશ્ચિત વાચન આ વિચિત્ર ચિત્રામણ આપી શકતું નથી.

નિજ મન્દિરની પરસાળના દક્ષિણ દિશાના એક સ્તંભ ઉપર અસમાન રેખાએ કોતરાયેલ બાળબોધ લિપિમાં એક લેખ છે. તે ચૌદમા સૈકાથી જૂનો નથી. કોઈ ભક્તોનાં નામો આ લેખમાં વાંચી શકાય છે.

બીજા લેખો સોળમા–સત્તરમા સૈકાના કોતરાયેલા જુદે જુદે સ્થળે મળી આવ્યા છે. તેમાંથી ચણતર કામમાં ભાગ લેનાર સ્થપતિનાં નામો જાણવા મળે છે. આ જુદા જુદા વરસે કોતરાયેલા લેખો પૈકી બે લેખમાંથી સ્પષ્ટ પ્રતીતિ ઊભી થાય છે કે,



ચિત્ર ૩
લિપિ—તેલુગુ કે કાનડી



ચિત્ર ૪
જગત મન્દિરનું સમારકામ



ચિત્ર ૨
કહેવાતા શૃંગી ઋષિ



ચિત્ર ૫
જગત મન્દિરની છાપન પગથિયાંવાળી સીડી

(૧) કામ કરનાર સ્થપતિ 'તલાજીઆ' અવટંક ધરાવતા હતા. તેથી એમ કહી શકાય કે નરસિંહ મહેતાના નામ સાથે સંલગ્ન તલાજા ગામેથી દ્વારકામાં આ દહેરાના સુધારાવધારાના કામમાં મુખ્ય ભાગ સ્થપતિઓએ ભજવ્યો હતો.

(૨) બીજી શિલાના લેખ પરથી ફલિત થાય છે કે, વીસનગરના સલાટ તરફથી દહેરાંના શિખરવાળા ભાગની ભીંતો રચવામાં આવી હતી.

આ બે ઉત્કીર્ણ લેખો પરથી દૃઢ નિર્ણય થઈ શકે છે કે, જગતદહેરું જુદા જુદા વખતે થયેલા સુધારાવધારાનું પરિણામ છે.

ભાવનગર પાસેના તલાજાના સ્થપતિઓ માંગરોલ સુધીના પ્રદેશમાં વસતા હશે અને એ સ્થપતિની મંડળીના એક કડીઆ, એક જ શિલામાં કોતરી કાઢેલી, પગથીઆંવાળી સીડી, દ્વારકાના દહેરામાં યોજનાર પૈકીના એક હોવા જોઈએ.

વીસનગરના સલાટ ઉત્તર ગુજરાતમાં દેવાલયો બાંધવાની કળાના નિષ્ણાત ગણાયા છે. વીસનગર-ખેરાળુની રેલ્વે સડકની ભૂમિમાં જૈન સંપ્રદાયનું નામીચું તારંગાનું દહેરું જૂના કાળનું સ્વીકારાયેલું છે; કદાચ દ્વારકાના જગત મન્દિરનું તે સમકાલીન હોઈ શકે.

આ તારંગા હિલનું જૈનમન્દિર મેં અભ્યાસની દૃષ્ટિએ જોયું છે. માત્ર અમુક પ્રકારનો ઘાટ તારંગામાં આવેલા દહેરાનો, દ્વારકાના જગતમન્દિરના ઘાટ સાથે મળતો આવે છે; એક માળવાળા સભાગૃહવાળું તારંગાનું દેવાલય છે. બીજી કોઈ પ્રકારની સરખામણી તારંગાના દહેરાની દ્વારકાના દહેરા સાથે કરી શકાય તેમ નથી. તારંગાનો પ્રદેશ વીસનગરના સલાટોનો પ્રદેશ ગણી શકાય. વડનગરના હાટકેશ્વર મહાદેવના મન્દિરનું સર્જન વીસનગરના સલાટોની ઉચ્ચ પ્રકારની કળાનો નમૂનો છે.

## બ્રાહ્મણોએ કલ્પી લીધેલી શૃંગીઋષિની મૂર્તિ

જગતદહેરાની હાલની સ્થિતિમાં તેના ધ્વજદંડની સીધી રેખાએ બરાબર દેવળના પાછલા ભાગની ભીંત પર મધ્યસ્થળે એક સુંદર સ્થાપત્યની કળાવાળી માણસની આકૃતિવાળી તખ્તી બેસાડવામાં આવી છે. તે બારીક અવલોકન અને શાંત તર્ક-સિદ્ધ નિર્ણય માગી રહેલ છે.

જે શિલામાં આ મૂર્તિ કંડારવામાં આવી છે તે દહેરાંની બીજી શિલાઓના સમૂહથી અલગ પડી રહે તેવી કોતરણીવાળી છે. કેવળ પરિક્રમા કરવા આવનાર ભક્તો આ મૂર્તિને શૃંગીઋષિ માની, પરિક્રમા કરતાં એ મૂર્તિના ચરણ સ્પર્શ કરતા રહ્યા છે તેથી અનન્ત હાથના સ્પર્શથી એ મૂર્તિના ચરણનાં આંગળાં ઘસાઈ ગયાં છે. આ સ્વરૂપને શૃંગી ઋષિ કહેવાનું એક કારણ એ છે કે એના મસ્તક પર પહેરાવેલી પાઘમાં બે પિચ્છ યોજવામાં આવ્યાં છે. એ બે પિચ્છ બે શીંગાકાર જેવાં દેખાય છે. તેથી તેનું નામ શૃંગી ઋષિ પાડવામાં આવ્યું હોય એમ જણાય છે. ( જુઓ ચિત્ર ૨ ) મને જણાયું છે કે, આ મૂર્તિ કોઈ સત્તાધીશ રાજપુરુષની યાદગીરીના સૂચક તરીકે આ સ્થળે બેસાડવામાં આવેલ છે. જે પિચ્છ શિર પરના મુકુટનો ભાગ બનેલ છે તે મયુરનાં પિચ્છ નથી. તે સામાન્ય સુંદર પીંછાંવાળા ઇતર પક્ષીનાં પિચ્છ છે. મૂર્તિને ઊભી રાખવાની ઊભણી સુંદર રીતે કોતરાયેલા બે સ્તંભોથી અને

છતથી શણગારવામાં આવેલ છે. ઋષિઓ જટામાં પિચ્છને શણગાર તરીકે રાખતા નહિ. આ બે લાંબાં પિચ્છને ખોટી રીતે બે શિંગડાં માની લઈ બ્રાહ્મણોએ આ મહાપુરુષનું નામ શૃંગી ઋષિ આપ્યું હોય એમ સ્પષ્ટ સમજી શકાય છે. સોલંકી વંશના અંતકાળમાં વાઘેલા યુગમાં કોતરાયેલી આ મૂર્તિ, જગતમન્દિરમાં સુધારાવધારા કરતી વખતે સ્થાપી હોય એવું જણાય છે.

મારા અભ્યાસનાં અસલી સ્થાપત્યો, મેં ફરી ફરીને જોયાં, 'કિલ્લે ડભોઈનાં પુરાતન કામો' સચિત્ર અને સટીક પુસ્તકના પરિશિષ્ટમાં આપેલી કેટલીક આકૃતિમાં, દ્વારકાના દહેરાંના પિચ્છવાળા મુકુટધારી એક મૂર્તિનું ચિત્ર મેં જોયું અને મને સૂઝી આવ્યું કે વાઘેલા વંશના ગુજરાતના રાજાઓના સૌરાષ્ટ્રમાં રહેલા અધિકૃત પ્રતિનિધિએ આ દહેરામાં કોઈ ગણનાપાત્ર સુધારોવધારો કરાવ્યો હશે. ત્યારે ડભોઈની સ્થાપત્યવિદ્યા જાણનારે આ પિચ્છવાળા મુકુટધારી સત્તાધીશની મૂર્તિ અહીં બેસાડી હશે.

ડભોઈના હીરાભાગોળના સ્થાપત્યને કાવ્યમાં ગૂંથી લેનાર ગુજરાતના પંડિત સોમશ્વર કવિએ પોતાનું નાટક દ્વારકાના મન્દિરના સભાગૃહમાં ભજવ્યું હતું એમ ઇતિહાસ કહે છે. વાઘેલા રાજ્ય દરમ્યાન સામંતસિંહ નામના પ્રજાના પ્રતિનિધિનો ઉલ્લેખ, બરડા પ્રદેશના જૂના અવશેષોના શિલાલેખોમાં મળી આવ્યા છે. કેટલાક શિલાલેખો પ્રકટ પણ થયા છે.

દ્વારકાના જગત મન્દિરના ચણતરમાં ફાળો આપનારની શોધમાં આ હકીકત મને મળી છે જે વજૂદ વગરની હોવા પર દષ્ટિ રાખી ઇતિહાસનું સંશોધન ભવિષ્યમાં કોઈ નિષ્ણાત લેખક કરશે જ.

આ મન્દિરમાં સુધારાવધારા ચાલુ રહ્યા છે. એ નિશ્ચિતરૂપે રજૂ કરવાના મારા પ્રયાસ અંગે આ મન્દિરના દહેરાંની દક્ષિણ તરફની ભીંતમાં દુર્વાસા ઋષિના મન્દિરના દ્વાર આગળ એક ચાર-પાંચ અક્ષરોવાળો લેખ મળી આવ્યો છે. તે લેખ દક્ષિણ ભારતની કાનડી લિપિના કે તેલુગુ લિપિના અક્ષરો સૂચવે છે. આ લેખની વિશિષ્ટતા એ છે કે, અક્ષરો પથ્થરમાં કોતરાયા નથી. પણ ફારસી લેખોની પેઠે ઉપસાવીને લેખની રજૂઆત થઈ છે એટલે કે લેખવાળો ગોળ સપાટીવાળો પથ્થર ભીંતમાં જડાયા પછી આ લેખ કોતરાયો નથી પણ લેખ કોતરાઈ રહ્યા પછી એ પથ્થર તેને સ્થાને બેસાડવામાં આવ્યો છે. (ચિત્ર ૩).

આ લેખ દક્ષિણ ભારતના કયા ભક્તે મુકાવ્યો હશે તે કોઈ ઝટ કહી શકે તેમ નથી. ચિત્રાંક ૪ એ રીતે બહુ અગત્યનું બની રહ્યું છે. ભવિષ્યમાં આ ચાર અક્ષરોમાંથી અવનવું તથ્ય પ્રકટ થશે. કોઈએ લેખના છેલ્લા બે અક્ષરોનું વાચન વતી કે પતિ હોવાનું અનુમાન કર્યું છે.

જગત મન્દિરના જુદા જુદા કાળે, કેટલાક ધરખમ સુધારાવધારા થયા છે તે વાત આધાર વગરની નથી એટલું કહ્યા પછી, આધારવાળી કથા સુધારાવધારા અંગે ટૂંકમાં અહીં રજૂ કરવી અપ્રસ્તુત નહિ ગણાય.

૧ જામનગરના રાજા રણમલ જામે દ્વારકાની યાત્રા કર્યા પછી આ દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

૨ વડોદરાના મહારાજા સયાજીરાવે એ દેવાલયના શિખર ઉપરના પાષાણ-કલશને સુવર્ણાંકિત કરાવેલ છે.

૩ ચોતરફ પથ્થરની ફરસબંધી શિલાઓ જડાવી હતી.

૪ એ જ મહારાજા સયાજીરાવે આ મન્દિરની ભીંતોના પથ્થરને ચૂનો લાગેલો જોઈ નીચલા ભાગના નવા પથ્થરો બેસાડ્યા હતા. આ પથ્થરો બેસાડવાનું કાર્ય ખાસ ઇજનેરોને સોંપવામાં આવ્યું હતું.

આ વખતે સમારકામમાં વપરાયેલા પથ્થરો પણ શ્રેષ્ઠ ગણાયા નહોતા તેથી તે કામ બંધ રહ્યું હતું. અને થોડા પથ્થર દેવકી માતાના સભાગૃહના સ્તંભો બેસાડવાના કામે વપરાયા હતા.

ત્યાર પછી આ જગતદહેરાને બારીક દૃષ્ટિથી તપાસી જોવાની કાર્યવાહી વડોદરા રાજ્યે ચાલુ રાખી હતી.

૫ લોકરાજ્યના કાળમાં ખાસ નિષ્ણાતોની સમિતિને લાખો રૂપિયયાને ખર્ચે આ દેવળનો જીર્ણોદ્ધાર કરવાનું અને દેવાલયોને સમરાવીને ભાવવાહી બનાવવા ઘટતું કરવા લાખો રૂપિઆ આર્કયોલોજી ખાતાને સોંપવામાં આવ્યા હતા. તે કામ માટે રાજસ્થાનથી કારીગરો લાવવામાં આવ્યા હતા. અને પથ્થરોની શિલાઓ પણ બહારગામથી આણવામાં આવી હતી. તે કામ માટે હાલના શંકરાચાર્ય મહારાજે આગ્રહ સેવ્યો હતો. એટલે હાલ થયેલા સુધારાવધારાનો યશ શ્રી શંકરાચાર્ય મહારાજ અભિનવ સચ્ચિદાનન્દને ફાળે જાય છે. દ્વારકાના સ્થાપત્યના નવા કે જૂના કામમાં મને પોતાને અંગત રસ હોવાથી એ પ્રકારના કામમાં, મારા જેવા ધગશવાળાની, હાજરી પણ હોય છે ( જુઓ ચિત્રાંક ૪ ). શિલાની ખોટી પસંદગી નથી થતી તે જોવામાં મને રસ હતો. જગત મન્દિરની અસલી સ્થિતિમાં ગોમતી તટ તરફની સીડી ૫૬ પગથીઆંવાળી નહોતી. તે પણ અર્વાચીન કૃતિનું સ્વરૂપ બતાવે છે. ( જુઓ ચિત્રાંક ૫ )

મન્દિરના કિલ્લાવાળા ટીંબા પર ખડબચડા માર્ગનો આશ્રય લઈ યાત્રાળુ સ્વર્ગદ્વારે જઈ શકતા હતા. આ માર્ગ સરળતાથી લશ્કર આક્રમણ ન કરી શકે માટે ત્યાં રક્ષણ માટે મોટાં વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં. ચિત્રાંક ૫માં એ વૃક્ષનાં અસલી સ્થૂલ થડો જોઈ શકાય છે. અને ઝાડનો ફેલાવો હેતુપૂર્વક થવા દેવામાં આવ્યો છે એવું સ્પષ્ટ સમજાય છે.

આ સ્થળે સંવત ૧૬૬૧માં દ્વારકાના શૂરવીર વાઘેર અને વાઢેર સરદારોએ ઇસ્લામી આક્રમણના હલ્લાનો સામનો કરતાં પ્રાણ અર્પણ કર્યા હતા. તેમના શૂરા પૂર્વજોના પાળીઆ તે સ્થળે સેંકડોની સંખ્યામાં પડ્યા હતા. એ પાળીઆ દૂર કરી એ સ્થળે, શ્રી શારદા દેવીના મન્દિર પાસેના જૂના શારદામઠના મકાનને જ્યારે નવું રૂપ આપવામાં આવ્યું ત્યારે ઈ.સ. ૧૯૨૧-૨૨ માં, થોડા અગત્યના પાળીઆ તથા સતીમાનો પાળીઆરૂપે હાથ, નવા મકાનની ભીંતોમાં સાચવી રાખવામાં આવ્યા છે.

આ લેખ સમેટતાં લખવું પ્રાપ્ત થાય છે કે,

( ૧ ) જગત દહેરુ, જુદા જુદા કાળે થયેલા સુધારાવધારાનું પરિણામ છે.

( ૨ ) જગત દહેરાના નિર્માણમાં, કયા મહાપુરુષે પોતાની સ્થૂળ સમૃદ્ધિ મોકળે મનથી અર્પણ કરી હશે તે નિશ્ચિત થઈ શકતું નથી.

# રામનાથકૃત રણછોડજીનું આખ્યાન

## ( રચના સંવત ૧૮૨૫ )

મગનભાઈ દેવશંકર દેસાઈ

ગુજરાતના આદિ ભક્ત કવિ નરસિંહ મહેતાથી ત્રણેક સદી કરતાં પણ વિશેષ સમય અગાઉ થઈ ગયેલા ગુજરાતના વિખ્યાત વિષ્ણુભક્ત બોડાણાજીની ઇષ્ટભક્તિએ સર્જેલો ડાકોરલીલાનો પ્રસંગ અનેક કવિઓએ પોતપોતાની રીતે કવ્યો છે.

સંસ્કૃતમાં વિશેષ જાણીતું 'ડંકપુર માહાત્મ્ય' ઉપરાંત ગુજરાતીમાં તોરણા ગામના વણિક રણછોડ ભકતે 'રણછોડજીનો ગરબો' (બૃ. કા. દો., ભાગ બીજો, પૃ. ૭૬૦થી ૭૬૭) લખેલો છે. આ કવિ સંવત ૧૮૬૦માં હયાત હતા. નરસિંહ મહેતાના કાકા પર્વતરાયના કુળમાં ઉત્પન્ન થયેલા, ડાકોરના રણછોડરાયજીના ભક્ત ત્રિકમરાયજીએ વ્રજ ભાષામાં 'ડાકોરલીલા' કાવ્ય લખ્યું છે. નાનાં મોટાં ભજનોમાં (દા. ત. આશારામકૃત 'રંગીલા રણછોડનો ગરબો') પણ આ પ્રસંગના ઉલ્લેખો મળે છે.

બોડાણાજી પછી ઘણા લાંબા સમયે થયેલા આ કવિઓએ, પ્રચલિત લોકોક્ત કથાનકોનો આશ્રય લીધેલો હોઈ, દંતકથાઓની જેમ આમાં પણ ચમત્કારોનું તત્ત્વ સારા પ્રમાણમાં આવી ગયેલું જણાય છે.

ડાકોરલીલાનાં કથાનકના સાહિત્યમાં નોંધપાત્ર લાગતું એક ગુજરાતી કાવ્ય, મારા સંગ્રહમાંથી ગુજરાત સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવું છુ. આ કાવ્યનું નામ, રામનાથકૃત 'રણછોડજીનું આખ્યાન' તથા પાઠાંતરે 'ડાકોરનિવાસી રણછોડજીનું આક્ષ્યાંન', તેની હસ્તપ્રતમાં આપેલું છે. આ હસ્તપ્રત, ૨૬ સે.મી. લાંબી તથા ૧૪ સે.મી. પહોળા, મધ્યમ જાડાઈનાં કાગળનાં કુલ ૫૮ પાનાંમાં, કંઈક મોટા હસ્તાક્ષરે લખાયેલી છે. ૪૮૦ પંક્તિઓમાં સંપૂર્ણ થયેલા આ કાવ્યની પ્રાપ્ત હસ્તપ્રત, સંવત૧૯૪૬ના ચૈત્રના કૃષ્ણ પક્ષના ગુરુવારે શ્રી કલ્યાણરાય રાવજીભાઈ શીબંદી બસ્તરના સ્વહસ્તાક્ષરે લખી હોવાનો હસ્તપ્રતના અંત ભાગે સ્પષ્ટ લેખ છે.

કાવ્યના કર્તા રામનાથ, 'જગનેશ્વરના બંધુ' અને 'પ્રકાશાક્ષેત્ર(?)ના યજુર્વેદી બ્રાહ્મણ હતા. તેમણે વિક્રમ સંવત અઢારસો પચીસના માર્ગશીર્ષ માસની કૃષ્ણ (વદી) એકાદશી અને શનિવારે, 'નૃસિંહનાં[1] વીરક્ષેત્ર મુકામે આ કાવ્યની રચના પૂરી કરી હોવાનું', હસ્તપ્રતના અંત ભાગે આવેલી પુષ્પિકા કહે છે.

બોડાણાના પૂર્વાવતારની વાતથી આ કાવ્ય શરૂ થાય છે. આ કાવ્યને પણ ડાકોરની લીલાનાં અન્ય કાવ્યોની જેમ, આગલી દંતકથાનો જ આધાર છે. આમાં પણ ચમત્કારો હાજર જ છે. તમામ ચમત્કારો બાદ કરીને, આ કથાનકને મૂલવવામાં આવે તો ગુજરાતના પરમ વૈષ્ણવ

૧ નૃસિંહજીનું (?)

બોડાણાજીની કેવી વાત જાણવા મળે? આ કથાનકોમાં ગૂંથાયેલા ચમત્કારોના કારણે, ઐતિહાસિક વ્યક્તિ બોડાણાજીને કોઈ અન્યાય તો નથી થતો, એ નક્કી થવું ઘટે. આ કથાનકોમાંથી ઊપસતી બોડાણાજીના વ્યક્તિત્વની છાપ કરતાં પણ જીવંત બોડાણાજી એક ઐતિહાસિક પાત્ર-વ્યક્તિ તરીકે, વિશેષ પ્રતાપી, તેજસ્વી ને શૂરવીર હોય, એ વાત અશક્ય તો નથી જ.

ડાકોરલીલાનાં કથાનકોના નાયક બોડાણાનું વ્યક્તિગત નામ વિજયસંઘ, વિજાનંદ કે એવું જ કાંઈક કવિઓ આપે છે. 'બોડાણા' એ તો તત્કાલીન ગુજરાતમાં વસતી રાજપૂતોની એક જાતિ કે શાખાનું નામ છે. તેમના પોતાના વ્યક્તિગત નામ કરતાં જાતિના એ નામે આ ભક્ત કેમ વિશેષ જાણીતા બન્યા, એ પણ આ સંશોધનનો એક મુદ્દો બની શકે તેમ છે.

દ્વારિકાનું વિષ્ણુમંદિર એટલે સમગ્ર ભારતના પશ્ચિમ વિભાગને સંભાળતી વૈષ્ણવ જગતની એક મહાપીઠ. તેમાં બોડાણાજીની હયાતીમાં પૂજાતું વિષ્ણુબિંબ, ભારતીય શિલ્પના અભ્યાસીઓ, ઈસુની સાતમી સદીમાં ઘડાયું હોવાનું માને એટલું પ્રાચીન તો છે જ. એટલે કે, સંવત ૧૨૧૨ માં, બોડાણાજી એ બિંબને દ્વારિકાથી ડાકોર લાવ્યા તે પૂર્વે, નહીં નહીં તોય, પાંચસો વર્ષ તે બિંબ દ્વારિકાની એ મહાપીઠમાં પૂજન-અર્ચન પામતું રહ્યું હશે, એમ અનુમાન થઈ શકે.

પોતાના હાથમાં તુલસીવૃક્ષ વાવીને, દ્વારિકાની અનેક યાત્રાઓ કરતા, ઉત્કટ ભક્તિભાવવાળા બોડાણાજીને એ બિંબ ડાકોર લાવવાનો વિચાર કઈ રીતે આવ્યો તે કવિઓએ જુદી જુદી રીતે ઘટાવ્યું છે. પરંતુ કેટલાક પ્રશ્નો ઊઠ્યા સિવાય રહેતા નથી. ભક્તિમય વૈષ્ણવોના ચુસ્ત કર્મકાંડની વચ્ચે, શું એ બિંબ એટલું બધું અરક્ષિત કે ઉપેક્ષિત હતું કે, અર્ધ રાત્રિએ પણ એકાદી વૃદ્ધ વ્યક્તિ–કશીયે મદદ સિવાય જ–તેને ગાડામાં નાખીને ચાલી નીકળી શકે? મનુષ્યાકૃતિ કરતાં સહેજ જ નાના કદનું, કાળા પાષાણનું એ બિંબ, એકલા જ કોઈ ઉઠાવી શકે કે મંદિરમાંથી લઈ જઈ શકે તે સંભવિત હોય ખરું?

ઈશ્વર-રચિત અને ઈશ્વર-પ્રેરિત પ્રકૃતિના સરલ નિયમોમાં દૃઢ શ્રદ્ધા રાખીને, ચમત્કારોની વાતો નહીં માનવવામાં ઈશ્વરના સર્વશક્તિમાનપણાનો ઇન્કાર થતો નથી. ઈશ્વરરચિત પ્રકૃતિના નિયમો, પ્રકૃતિમાં સામાન્ય રીતે પળાયા વિના રહેતા જ નથી. એટલે, ચમત્કારો સિવાયની વાસ્તવિક્તાની જ કસોટીએ, બોડાણાજીનું આ સાહિત્ય ચડાવાય તો, સંભવ છે કે, ઐતિહાસિક બોડાણાજીનું કંઈક જુદું પડતું વ્યક્તિત્વ આપણને જોવા મળે. અલબત્ત, આવાં સંશોધન માટે કોઈ નવા આધારો, અન્ય સાહિત્યમાંથી યે પ્રાપ્ત થતા હોય તો, જરૂર પડ્યે આપણે ખોળવા અને મૂલવવા પડે. પ્રચલિત કથાનકોમાંના બોડાણાને સ્થાને ઐતિહાસિક બોડાણાજીને સ્થાપવાનું સંશોધનકાર્ય હજી બાકી જ રહ્યું છે, એટલે, એ દિશામાંનું સંશોધન હાથ ધરાય તે ઇચ્છનીય છે.

બોડાણાજીની પ્રચલિત કથાઓમાંથી જોઈ શકાય છે કે, ગુજરાતના એ પ્રાચીન વિષ્ણુભક્ત, એક શૂરવીર, ટેકીલા, નિશ્ચયબળવાળા, સહનશીલ અને આત્મસંયમી ક્ષત્રિય હતા; તેઓ મૂર્તિઓ ચોરવાની કુશળતા ધરાવતા કોઈ ચોર ન હતા. ભારતભરના વૈષ્ણવોની ભક્તિના અભિષેકથી રોજ પૂજાતું એ વિખ્યાત વિષ્ણુબિંબ, દ્વારિકામાંથી ખસેડાય તો સમગ્ર ભારતના વૈષ્ણવ સમાજને લાગનારા આંચકાની, બોડાણાજીને તે ખસેડતી વખતે કલ્પના નહિ આવી હોય?

બીજી એક વાત, દ્વારિકાના ગુગળીઓ ડાકોર સુધી આવ્યા તો પછી એ બિંબ લીધા વિના જ કેમ પાછા ફર્યા? 'સોના'ની વાતમાં લોભાયેલા એ પૂજારીઓ પેઢી દર પેઢીની આજીવિકાને

ડાકોરમાં મૂકીને જ પાછા કેમ સીધાવી ગયા? બોડાણાનો ડાકોરમાં જ તેમણે વધ કર્યો છતાં એ બિંબ તેમને હાથ નહોતું લાગ્યું ? કે પછી બોડાણાજીને વીંધનારા તીર કે ભાલાથી ચમત્કારિક રીતે રક્તધારા વહાવી, ' ખંડિત ' થયેલું એ બિંબ ગુગળીઓને દ્વારિકા પાછું લઈ જવું ન હતું તેથી ડાકોરમાં છોડી દેવાયું ?

સંવત ૧૨૧૨ના કાર્તિકની પૂર્ણિમા ને ગુરુવારના દિવસે એ બિંબ ડાકોર પહોંચ્યું. એટલે કે, ઈસ્વી સન ૧૧૫૬ની સાલમાં, ગીઝનીના સુલતાન મહમદની સોમનાથની લૂંટ પછીનાં ૧૩૨ વર્ષ પછીની વાત! મુસ્લિમ લૂંટારાઓના વધતા જતા ઉત્પાતનો જમાનો! ભારતના યુરોપ સાથેના વેપારમાં દલાલો અને વહાણવટીઓ તરીકે દ્વારિકામાં આવતા જતા, પશ્ચિમ ભારતની સમૃદ્ધિથી ખૂબ જ વાકેફ બની ગયેલા અરબસ્તાનના વેપારીઓ તથા ચાંચીઆઓની પ્રવૃત્તિનો તેમ જ સિંધમાં પગભર થઈ ચૂકેલી મુસ્લિમ સત્તાના શાસનકાળનો એ સમય હતો.

બહારથી આવતાં નાનાંમોટા ધાડાંઓનાં આક્રમણો અને જોરતલબીઓની અસર, ભારતના પાશ્ચિમાત્ય પ્રવેશ દ્વાર સમી દ્વારિકાનગરી પર સૌથી પ્રથમ અને સૌથી વિશેષ થાય. આવાં ધાડાંઓનું આક્રમણ, બોડાણાજીના બિંબહરણ પ્રસંગે આવ્યું હોય તોપણ થનાર આક્રમણના સમાચાર કે અફવા માત્રથી તત્કાલીન દ્વારિકા જેવી સમૃદ્ધ નગરીમાં, પોતપોતાનાં જાનમાલની સલામતી માટેની ચિંતાભરી દોડાદોડમાં અંધાધુંધી જામી રહે તેમાં પણ કશી નવાઈ ન હોય!

આવી ચિંતાતુર ભાગંભાગ દરમિયાન, દ્વારિકાનો યાત્રી બનેલો, બોડાણાજી જેવો શૂરવીર, રાજપૂત વિષ્ણુભક્ત શું કરે? સૂના મંદિરમાંના પોતાના ઇષ્ટદેવને, સંભવિત આક્રમણની આતાષણાની નિર્દયતામાંથી રક્ષવાને, વધુ સુરક્ષિત સ્થળે ખસેડવાનું અને તેમ જ કરવાનું હોય તો, સો એસો ટકા સલામત ગણાય તેવા પોતાને ઘેર ડાકોર જ શા માટે નહિ?

દ્વારિકામાં તે કાળે કોઈ આક્રમણ થયું હતું કે કેમ અથવા આક્રમણનો ભય ઊભો થયો હતો કે કેમ તે હકીકત, બારમી સદીના પશ્ચિમ ભારતનો ઉલ્લેખ કરતા ઉર્દુ, ફારસી, અરબી આદિ મુસ્લિમ સાહિત્યમાં કે એવા જ કોઈ આધારો પરથી તારવવું ઠીક થઈ પડશે. કદાચ ' ચુહાનામા ' નામના ગ્રંથમાંથી કશીક ઉપયોગી માહિતી મળવા સંભવ ખરો.

આ કથાનકમાં આછો ઉલ્લેખ છે તે પ્રમાણે, ગુગળીઓને શેવંત્રી વાવમાંથી એક વિષ્ણુબિંબ પ્રાપ્ત થનાર હતુ. દ્વારિકા પાછા ફરતા ગુગળીઓએ શેવંત્રી વાવમાંથી પ્રાપ્ત કરેલું વિષ્ણુબિંબ, તેઓ દ્વારિકા લઈ ગયા હતા.

સૌરાષ્ટ્રની વાવોમાંથી વિષ્ણુબિંબો પ્રાપ્ત થયાના, આમ એક કરતાં વિશેષ બનાવોની માહિતી અન્ય આખ્યાનો પરથી પ્રાપ્ત થાય છે.[૨] એમ લાગે છે કે, મૂર્તિભંજકોનાં આક્રમણ અને લડાયક સરસાઈના કારણે, આતાષણામાંથી ઉગારવાને અનેક વિષ્ણુબિંબો જળાશયોમાં ગુપ્ત કરવામાં આવ્યાં હોય. એ જ રીતે જિનબિંબોને પણ ગુપ્ત કરાયાના પ્રસંગો પણ જાણવામાં આવ્યા છે. બોડાણાજી વિષેના સંશોધનમાં આ હકીકત પણ પ્રકાશ પાડનારી જણાઈ આવે એમ લાગે છે.

---

૨ ' ત્રિકમરાયજીનાં કાવ્યો 'માંના પ્રસંગોનો ઉલ્લેખ.

સંશોધનકારોને એક દિશાસૂચન તરીકે, આ હકીકત નમ્રતાપૂર્વક ટૂંકમાં મેં રજૂ કરી છે. આ બાબતના નિરપેક્ષ સંશોધનથી ડાકોરના ઠાકોરજી શ્રી રણછોડરાય અને ડાકોરના ઠાકોર બોડાણાજીની કીર્તિમાં વધારો થશે એવી આશા છે. હવે આખ્યાનનો પાઠ જોઈએ :

॥ શ્રી કૃષ્ણાયં નમાંહાંઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાયં નમાંહાંઃ ॥ શ્રી દ્વારિકાનાથ સત્ય છે ॥ અથ બોડાંણાનું આખ્યાંન લિખ્યતે ॥

॥ રાગ સારંગ ॥

શ્રી ગણપતિને ચરણે નમું, શ્રી સરસ્વતિને વરણવું,
શ્રી ગુરૂ માતપિતાને પાય વંદન કરૂં, અતિ આનંદ થાય. ૧
હરકેલિ કિલ્ મનિ (?) વૃથા, વંદુ પ્રેમે ભક્તીની કથા, ૨
આ કલીયુગમાં અભિનવ થયું, બોડાણાયે લેહેણુ લહું. ૩
જેણે કીધી ભક્તી ખરી, તેણે વશ કિધા શ્રીહરિ. ૪
કીધું કર્મ વૃથા નહી જાય, જન્મ કર્મ કૃતાર્થ થાય. ૫
ધર્મ કર્મની ગહન ગતિ, શ્રોતા શ્રવણ કરો કહું કથી. ૬
મહિકાંઠે કૈવર્તક ઘણા, શાં શ્યાં કર્મ કહું તે (ત)ણાં. ૭
ઘાતપાત કરે માર્ગ ભંગ, નિર્દય ઘણા દયા નથી અંગ. ૮
પ્રાંણી લુંટે મારે ઘરે, યમથી અધીક જાચના કરે. ૯
સીધુ નીકટ તસ્કરનું ગ્રાંમ, મહિનો સંગમ તેણે ઠામ. ૧૦
દશ જોજનથી લાવે લુંટ, ચોર તણા ભંડાર અખુટ. ૧૧
તેણે સ્થાંનક કોલિ એક, તેહેના મંનમાંઈ દયા ને વિવેક. ૧૨
દ્વારામતી ચાલ્યો બહુ સંગ, ચાર વર્ણ અતિ ઉલટ અંગ ૧૩
સર્વ ગાંમનો તે સરદાર, આગ્નાધારક ઘરમાં નાર. ૧૪
સંપત અધીં આપે ચોર, લોક નગરના ઘણા છે કઠોર. ૧૫
દયાવંત કેહે તે ન ગમે, વતંનદાર જાણીને નમે. ૧૬
નીત્ય દંપતી મહીનું સ્નાન, હરિ હરિ ભજતાં જમતાં ધ્યાન. ૧૭
તસ્કર તેહેને નવ ઓડવે, નીર્ધંન બંદીજંન છોડવે. ૧૮
સઘલા એહેને નીંદા કરે, એકે હેને ચીતમાં નવ ધરે. ૧૯
ઘણા દીવસ એમ કરતાં ગયા, ગોત્ર કુંટુંબી બલીયા થયા. ૨૦
એહેની કો નવ માંને વાત, અણપુછે કરતા ઉપઘાત. ૨૧
દ્વારામતિ ચાલ્યો બહુ સંગ, ચાર વર્ણ અતી ઉલટ અંગ. ૨૨
તસ્કરગ્રાંમે જાંણી વાત, વેગે જઈ પોહોતા મધરાત. ૨૩
શેષ નીશ્યાયે લાગ બહુ કરો, દૈવે અર્થ કશો નવ સરો. ૨૪

લોક પ્રવાશી જાગૃત ઘણા, કષ્ટ ફોક થયાં તસ્કર તણાં. ૨૫
ઉઠો એક વૈષ્ણવ વિખ્યાત, ઘટિકા પાંચ પાછલિ રાત. ૨૬
સ્નાનવિધિ ખટકર્મ પ્રભાત, કર્મનિષ્ટ બ્રાંહ્મણની જાત. ૨૭
સંગ મુકી દીશા તે ગયો, ચોરે સધ્ય પાધરો ગ્રહ્યો. ૨૮
કર જાલી હીડચા તત્કાલ, જમ વલગ્યા જમ કીંકર કાલ. ૨૯
વિપ્ર વદે હો શ્રી રણછોડ, હરિદરશણના પોહોતા કોડ. ૩૦
કેડે વાંસલી મુદ્રા હેમ, પ્રાંણ થકિ ઉગરિયે કયેમ. ૩૧
શ્રી ગોવિંદ ગોપાલ મોરાર, શ્રી નારાયણ નંદકુમાર. ૩૨
હરિચિંતન કરે વૈષ્ણવરાજ, ગૌબ્રાંહ્મણ તો શ્રીમહારાજ. ૩૩
તસ્કર આવ્યો સાગરને તિર, ગર્જના કરે તે ઘોર ગંભીર. ૩૪
બ્રંહ્મરિણ્ય ભયાંનક ઘણું, હરચું ધન એ બ્રાહ્મણતણું. ૩૫
અશરફી નીસરિ શત એક, ચોરે વેહેચિ લીધી છેક. ૩૬
વસ્ત્ર બાધ્યા ખોચિને લીધ, વીપ્ર પ્રસંન થઈને દીધ. ૩૭
ભાઈ જાવા દો મુહને દ્વારામતી, તમ વડે નાહું ગોમતી. ૩૮
તસ્કર કહે એમ કયમ સંભવે, દ્રવ્ય તણો નર હણવો જીવે. ૩૯
સરવ મલી દ્રઢ કીધો વીચાર, ગુપ્ત વિપ્રને મારવો ઠાર. ૪૦
કૈવર્તકને દયા નથી મંન, ગદગદ કંઠ થયો હરિજંન. ૪૧
બલીયો એક તેહેને સોપ્યુ કામ, તસ્કર ગુપ્ત આવ્યા નીજ ગ્રામ. ૪૨
અણગમતા એક હુતો ચોર, તેહેને આપી એક ઓછી મોહોર. ૪૩
તેણે વીસમ ભાવના લહી, ગુપ્ત વાત ધર્મીકને કહી. ૪૪
વીપ્રઘાત જાંણીને દયાલ, વારે ધાયો તે તતકાલ. ૪૫
લેઈ ધનુશ સર ભાથા ભીડી, દડબડ દોડતો કાઈડતો હડિ. ૪૬
રખે વીપ્રને મારચો હોય, ચીંતાતુર દીશો દશ જોય. ૪૭
કાહાડી ષડગ હણવા સીધ થયો, ઘાતક દ્વીજ કોતર લઈ ગયો. ૪૮
બ્રાંહ્મણ કેહે ભાઈ સાંભલ વાત, સ્નાંન કરાવિને કરજે ઘાત. ૪૯
માહારો બ્રાંહ્મણનો અવતાર, સ્નાન કરૂ ધર ધીર લગાર. ૫૦
સાગર તીર્થ તણો ભંડાર, તું બાંધવ થઈ કરચ ઉપગાર. ૫૧
વિપ્ર વચન ઘાતીક મન વશું, આયુશનું બલ રુદય વશું. ૫૨
આવિ મલ્યો તસ્કરનો રાય, જોઈને ઘાતક અકલાય. ૫૩
તે ધાર્મિકે મુકચુ બાંણ, મારકરૂનો લીધો પ્રાંણ, ૫૪
પ્રથમે બાંણે પૃથવિ પડચો, કોટિ યજ્ઞનો ધર્મ જ ઘઢચો. ૫૫

જઈ બ્રાંહ્મણને લાગ્યો પાય, સંતોષા શ્રી કેશવરાય. ૫૬
વીપ્રતણુ કીધુ સંનમાંન, વૈષ્ણવને આપ્યુ જિવદાંન. ૫૭
દ્રવ્ય ચોરનુ પાછુ લઈ, પોહોંચાડ્યો છે દ્વારકાં જઈ. ૫૮
ગૌત્ર કુંટુંબીયે સાધુ વેર, લુટયુ તે ધારમીકનું ઘેર. ૫૯
નગરથી સ્ત્રીને કહાડી મૂકી, તસ્કર બેઠા થઈને સુખી. ૬૦
સ્ત્રીકૈવર્તક વનમાં મળ્યાં, કોટી જન્મનાં પાતીક ટળ્યાં. ૬૧
આવ્યા ઉભયં સિંધુને તીર, હૈડે ભજતાં શ્રી યદુવીર. ૬૨
વ્રધપણમાં ઉઘડીયું કર્મ, આવ્યા અગસ્તીને આશ્રમ. ૬૩
પંચક ભિષ્મ ને કારતીક માસ; અન્ન વિના કીધા ઉપવાસ. ૬૪
એકાદશીથી પુનમ લગી, ભક્તિભાવ રહ્યાં વળગી. ૬૫
કીધાં કંદમૂળ પ્રાસન્ન, ત્યાં તુલસીનું વ્રંદાવંન. ૬૬
આશ્રમથી મર્યાદા રહો, ભુખ તરશ શ્રીહરિને કહો. ૬૭
એમ કરતાં જન્મારો ગયો, જપતપ કરતા પાછો થયો. ૬૮
પતિવ્રતા પછવાડે ગઈ, ભવની ભાવટ બાધી ગઈ. ૬૯
તે કોળી ક્ષત્રી થઈ અવતર્યો, બોડાણા કૂળમાં અનુસર્યો. ૭૦
એ તેહેનો છેલ્લો અવતાર, પ્રતિવ્રતા થઈ ઘરમાં નાર. ૭૧
ભરતખંડ ને જંબુદ્વિપ, પશ્ચમ દેશ મહીને સમિપ. ૭૨
વીશ્વમુખે કેહે ગુર્જર નામ, ઠાસરા પરગણુ ને ડાકોર ગામ. ૭૩
વીજેયસંઘ પામ્યો અભીધાંન, ગંગાબાઈ સ્રી રૂપનીધાંન. ૭૪
બોડાણાકુલનો સંકેત, જનમાંતર શ્રીહરિ હેત. ૭૫
ધેનુ પાંચનુ પોષણ કરે, બે આખલે કરશણ ખાચરે. ૭૬
જેમ તેમ કરિ ઉપજાવે અન્ન, ઉદર ભરે અતિ નિર્મલ મન્ન. ૭૭
સ્વાપદ ન હણે મૃગયા રમે, નીત્યાનંદે સીમમાં ભમે. ૭૮
ઉજેણુ પ્રાંતનો આવો સંગ, શંખ તાલ વાજે બહુ ચંગ. ૭૯
સાધુજંન સજંનજન સતી, વિશ્વ ઘણુ જાય દ્વારામતિ. ૮૦
બોડાંણો ધાઈ તાંહાં ગયો, જાત્રકરૂનો મહીમા લહ્યો. ૮૧
એહેને મંન ઉપજ્યુ છે કોડ, આપણ જૈયે શ્રીરણછોડ. ૮૨
વિસ વરસનુ વય નીરધાર, બાર વરસની ઘરમાં નાર. ૮૩
હરષે પ્રેમે ગયો દ્વારકાં, જોયાં પુંન્ય તણાં પારખાં. ૮૪
નીર્મલ નાહો શ્રી ગોમતી, શ્રીમંદીર નીરખ્યા શ્રીપતી. ૮૫
તુલશીનો મહિમા તહાં ઘણો, બેઠો ભાવ બોડાંણા તણો. ૮૬

પ્રભુને વંહાલી છે તુલશી, વીજયસંઘના મનમાં વશી. ૮૭
રણછોડરાયનુ કરિ દરશણ. ઓડાંણો ઘણું થયો રે પ્રસંન્ન. ૮૮
દ્રષ્ટે દીઠુ હરિનુ ધામ. તપ્તમુદ્રા લેઈ ચાલ્યો ગાંમ. ૮૯
સંગને મારગમાં મલ્યો, સર્વથી પેહેલો પાછો વલો. ૯૦
વેગે આવ્યો તે ડાકોર, રુદયા માંહે બેઠા ઠાકોર. ૯૧
શ્રી તુલશીનું લાગુ ધ્યાંન, નથી તુલશીદલને સમાંન. ૯૨
ઘેર આવિ દ્વિજભોજન કરાં, પછે તુલશીના વૃત ધર્યાં. ૯૩
મંદિરમાં તેહેન નેહી ગમે, મન્ન શ્રી દ્વારામતીમાં ભમે. ૯૪

॥ વલણ ॥

ભમે મંન રજપુતનુ વીજયસંઘ ઉદાસ રે,
ગૃસ્તાશ્રમનો ત્યાગ કરીન દ્વારકાંવાસ રે. ૯૫

॥ રાગ મારૂ ॥

દુશ્ચિત દીઠો કંઠ ચિંતાતુર નારિ, બાલી જોબંનવેસ
ભવભય થયુ ભારિ. ૯૬
એ કેમ કરશે વેપાર સંસાર પીયું વૈરાગ ભર્યો,
ધંન ધંન શ્રી રણછોડ આહ્લો કયમ કરો. ૯૭
દરશણ દીધુ નાથ સુખસંપતી આપે,
કોટિક જન્મનાં પાપ શ્રી ગોમતી કાપે. ૯૮
જાત્રા કરિને જગત ઘરે આવ્યું પોતાને,
નુતંન થાય રે ઉમેદ, હરિમુખ જોતાને. ૯૯
ઘરમાંહે નથી કો વૃદ્ધ સીખવે સ્વામિને,
પ્રભુજી લક્ષ્મીકંથ ટાલો બદનામીને. ૧૦૦
દ્વારકાં જૈ રંજપુત ગાઢો થૈ આવ્યો,
તજ્યુ કુંટુંબ પરિવાર, પ્રભુને નવ ભાવ્યો. ૧૦૧
એન્હો એ ઉપહાસ લૌકીકમાંહે થાશે,
કરૂણાસિંધુ દયાલા વૃધની પત્ય જાશે. ૧૦૨
વર સાથે વેહેવાર હજિ નથી બોલાનો,
અણે જાંણો વેપાર ત્રાંશે તોલાની. ૧૦૩
ધન ધન શ્રી યદુરાય સંચિત શુ ભાવી,
વીનય કરીન પ્રણામ કંથ સમીપ આવી. ૧૦૪

નમ્ર કરિને નેત્ર વદે મસ્તક નાંમી,
હરિદરશણુથી ઉદાસ કયમ થઈયે સ્વામી. ૧૦૫
સી ચીંતા મંન માંહે પ્રેમ ધરિ ભાંખો,
ઘર પશુ સ્ત્રી ધંન ધાંન્ય મમતાને રાખો. ૧૦૬
આપણુ બન્હો જીવ ત્રીજુ કોઉ નથી,
ગોત્ર કુટુંબ માબાપ ત્રીકમ સારથી. ૧૦૭
અબલાનો આધાર મોટો પ્રાણુપતી,
નીજ આશ્રમનો ધર્મ પાલે સંત જતી. ૧૦૮
વય તમારી કીશોર દુશ્ચિતતા ન ઘટે,
હો બોડાંણા રાજ મુને સુખ કયમ વટે. ૧૦૯
હરિયે પ્રસન્ન વદંન ભકતભાવ ધરિ,
માંનવનો અવતાર દુર્લભ દેહ ફરિ. ૧૧૦
ઘેર રહી માહારાજ સાધંન સર્વ કરો,
તુલશી વાવો હસ્ત હરિનું વ્રત ધરો. ૧૧૧
પુજો શ્રી રણછોડ ભકતી સત્ય કરો,
.................................................... ૧૧૨
આશ્રમ તજીને નાથ થઈએ વૈરાગિ,
તો પેટ તણી વેઠ પછવાડે લાગી. ૧૧૩
જો ભીખી પોષીએ પ્રાંણુ મંનને અનુરાગે,
તો ઇદ્રીયો વેરી થાય સ્વાદ સકલ મળે. ૧૧૪
નુતન વયનાં પુર ચઢતાં છે પાંણી,
મદન રતીની પ્રીત વીધીયે નથી જાંણી. ૧૧૫
વીશ્વામીત્ર રુષીરાય તપથી મુકાયા,
રંભાનુ દેખી રૂપ શ્વાંન થઈ ધાયા. ૧૧૬
મોહન મોહની સ્વરૂપ ધરાવ્યુ સુર કાજે,
શંકર કામાતુર થઈને પછે લાજે. ૧૧૭
એમ દુસ્તર સંસાર કલજુગ ખોટુ છે,
અંતરમાંહે અનુરાગ ગ્રહસુખ મોટુ છે. ૧૧૮
પાલો ભૂતદયા આવ્યાને આપો,
શ્રી હરીચરણે રાજ એ મનને સ્થાપો. ૧૧૯

અંતરમાંહે આનંદ ટાલો ઉદાસી,
પ્રાણજીવંન હે નાથ તમારી હું દાસી. ૧૨૦
પતીવૃત્તાનાં વાકચ રૂડાં શ્રવણ કરાં,
હા શય વદંન કર્યુ સંતરૂદયામાંહે ધરચાં. ૧૨૧
સાંભલો ભકતીપ્રબોધ ચીતમાં સર્વ વસ્યો,
સંભારા શ્રીરણછોડ સ્રીમુખ જોઈ ન હશો. ૧૨૨
વય થોડુ ને વીવેક અમને સંભલાવ્યો,
જાંણો સ્રીનો સ્વભાવ સ્વામીને ભાવ્યો. ૧૨૩
ઉપન્નં હઈડામાંહે પીઉને હેતડલાં,
નાંનકડુ છે સરીર સીષાંમણમાં હવડા. ૧૨૪
રૂડુ બોલી જાંણે સ્વરૂપ જેહેનાં કુટડાં,
હૈડે ઉપજા જ્ઞાનવચન તેહેના મીઠડાં. ૧૨૫
માહોર શ્રીરણછોડ શ્રીપંકજપાણી,
હું કરૂ તીર્થનીવાસ તુ ઘરની રાંણી. ૧૨૬
એમ ન થાય હો નાથ વીજોગે કયમ રહીએ,
નવજોબનપણુ નીચ લૌકીક કયમ સહીયે. ૧૨૭
કઠણ ઘણો સંસાર પતીવૃત દોહેલુ,
રૂડુ ન જાણે જક્ત લંછંન દે વહેલુ. ૧૨૮
સ્વામી કલ્પકદંબ વનીતા વેલડી,
સૌભાગ્યજલે સીંચાય મસ્તક જાય ચઢી. ૧૨૯
નવપલવફલપુષ્પ પિઉને અંગ પડી,
બ્રંહ્મ સનાતંન પુર્ણ ઇચ્છાસકતી ઘડી. ૧૩૦
ઉભયતાના ધર્મ રેહે તે કર્મ કરે ( રો ),
કર તુલશીનુ વૃત કહ્યુ તે ચીત ધરો. ૧૩૧
હરિદરશનની નાથ અમારે ના નથી,
તમને શ્રીરણછોડ મુને શ્રીપ્રાંણપતી. ૧૩૨
હાસ્યવદન થઈ ભક્ત એ નીશ્ચેય કીધો,
પ્રથમ કારતીક માસ ધર્મનીયમ લીધો. ૧૩૩
શુકલ એકાદશી ભીષ્મપંચક જે ભાવી,
સ્નાંન કરિને દક્ષણ કર તુલશી વાવી. ૧૩૪
સૌભાગવતીનુ નાંમ ગંગા જલ સીચે,
દૈવે બાંધ્યો ફંદ કર્મતણો સંચો. ૧૩૫

માર્ગશીર્ષને પોષ માઘે મંજુરી,
કીધુ વીજયસંઘે પ્રયાણ સપ્ત મોક્ષપુરી. ૧૩૬
મુખ જપતો રણછોડ વૃંદા કરમાં છે,
સુરવર કેહે વૈકુંઠ એહેના ઘરમાં છે. ૧૩૭
જનમાંતરનો જોગ સત્કર્મે વ્યાપ્યો,
કર્મ તણો દ્રઢ બંદ તે કર્મે કાપ્યો. ૧૩૮
ક્ષેમકુશલ રજપુત આવ્યો દ્વારામતી,
શ્રી ગોમતીનાં સ્નાંન કીધાં શુદ્ધ મતી. ૧૩૯
પ્રેમે સીચ્યુ જલ તુલશીમાતાને,
થયો અતી આંનંદ હરિરંગરાતાને. ૧૪૦
પછે કીધો પ્રવેશ શ્રીહરિમંદીરમાં,
આપ્યુ તુલશી વ્રક્ષ ધીર ધરિ મંનમાં. ૧૪૧
શ્રી ઠાકોરને મુકુટે ચઢાવ્યુ ગુગલીયે,
બોડાંણો લાગો પાય પ્રભુ ફરીને મલીયો. ૧૪૨
આપ્યો હરિનો પ્રસાદ લેઈ પાછો ફરિઓ,
હરિચિંતન કરિ ભક્ત ડાકોર પરવરિઓ. ૧૪૩
આણી પ્રકારે રાજ સઘલો જન્મારો,
કાબા કાડી ચોર કહે હરિજન સારો. ૧૪૪
છાપાંતીલક છે ભાલ ગોપીચંદનના,
હો બોડાંણા ભક્ત નંદનંદનાં. ૧૪૫
એમ કરે સર્વ વખાણ ભક્તી દેખીને,
એ કહે જે શ્રીક્રષ્ણ જગતને પેખીને. ૧૪૬
એમ કરતાં વેપાર સીતેર વર્ષ થઆં,
જન્મ મરણના દુખ સર્વ મટિને ગયા. ૧૪૭
ઉગ્ર તપસ્યા અગાધ અગણીત કષ્ટ કરાં,
રીઝા શ્રીરણછોડ પ્રેમે પુર્ણ ભર્યા. ૧૪૮
ભક્તીનો થયો ભાર મસ્તક તુલશીનો,
પ્રેમલ દીનદયાલ પરમેશ્વરશ્રીનો. ૧૪૯
છેલે વૃધ શરિર અષાડે આવી,
અશ્વન પેહલુ નવરાત્ર ચઢાવિ છે આવી. ૧૫૦
જે જયે શ્રી રણછોડ કહી સન્મુખ બેઠા,
ત બોડાંણો ભકત હરિ હૈડે પેઠા. ૧૫૧

શ્રી ક્રષ્ણ વીચારે મંન્ન એહને શુ આપુ,
ફરિ નથી અવતાર નીજ ચરણે સ્થાપુ. ૧૫૨
જન્માંતર જીવદાંન આપ્યુ વૈષ્ણવને,
પ્રાંણે ઉગારો વીપ્ર પાંમ્યો વૈભવને. ૧૫૩
આ જન્મે વેપાર તુલશીનો કીધો,
સંવછર સીતેર કૃષ્ણારપણ કીધો. ૧૫૪
એહેને તોલે ભક્ત બીજો કોઉ નથી,
વેદ શાસ્ત્ર પુરાંણ જોયાં સર્વ કથી. ૧૫૫
ઇંદ્ર અમર ભુપાલ ભવભય જન્મદુખી,
યોગેશ્વર બહુ સીધ અધિક એ સર્વ થકી. ૧૫૬
બોડાંણો સંસારસાગરમાંહે તર્યો,
ચૌદ ભોવંનનો નાથ એણે ખરીદ કરયો. ૧૫૭
એહેના પુન્યનો પાર બ્રંહ્માદિક ન લહે,
માંનવનો અવતાર, એહેનો કોણ કેહે. ૧૫૮
સેવ્યું સીત ને ઉષ્ણ મેઘતણાં પાંણી,
રાત્રદીવસને ભુખ તરસને નથી જાંણી. ૧૫૯
ભક્તી તપસ્યા ઉગ્ર મોટા પણ પાલો,
શતમાંહે ઓછાં દશ જન્મારો ગાલ્યો. ૧૬૦
એથી વાહાલુ વીશેષ અમને કોઈ નહી,
ગોકુલીયા માંહે જમ ગોપીનું દુધ દહી. ૧૬૧
સત્ય ત્રેતા દ્વાપરે ઠાકોર થાઇશ હું,
તજીને દ્વારકા ગાંમ ડાકોર જાઇશ હું. ૧૬૨
રમા ગોમતી લેઈ ગુપ્ત સરોવર નાઈશ હું,
પતીવૃતાની વેણ ત્રાંસે તોલાઈશ હું. ૧૬૩
હુતી છપન કોડ જોડ જાદવ કેરિ,
પ્રલય થયો તે પ્રભાસ દૈવ ગયું ઘેરી. ૧૬૪
રાંણી સોલ સહસ્ર લુટી કાબાયે,
તે નથી વીસર્યુ દુખ મંન વ્યાકુલ થાયે. ૧૬૫
એ દ્વારકાંમાંહે ચીત રેહે ઉદાસી,
અંતરમાંહે થાય એમ ક્યાંહાં જઈએ નાહાસી. ૧૬૬

સેહેજે કર્મ પ્રસંગ બોડાંણો આવ્યો,
હાવુ ન પુછીયે મુહુર્ત જોગ મુને ભાવ્યો. ૧૬૭
ગુગલિને એ ગ્રાંમ જગતને મોક્ષપુરિ,
કુશ દુર્જનનો એ ઠાંમ પુર્વાશ્રમ આસુરિ. ૧૬૮
કીધો દ્રઢ વીચાર નિશ્ચેય શ્રી હરિયે,
બોડાંણાને ગ્રાંમ પ્રયાંણ સુખે કરિયે. ૧૬૯
કલીકુત ત્રેતા જુગ દ્વાપરાં તે જસું,
ચાર જુગ સંપુર્ણ ડાકોરમાંહ વસુ. ૧૭૦
મંગલા આરતી પ્રસાદ સંધ્યાયુક્ત થઈ,
જેય જેય શ્રી રણછોડ રાત્રી પ્રહર ગઈ. ૧૭૧
ગુગલીયે માહારાજ પ્રેમે પોઢાવ્યાં,
મંદિરનાં દેઈ દ્વાર દ્રઢ આશ્રમે આવ્યા. ૧૭૨
બોડાંણો બાહાર વેગલો જઈ સુતો,
મધ્ય નીશાયે ભગવાંન જાગી ગઢો ગુથ્યો. ૧૭૩
ઉઘડાં શ્રી માહાદ્વાર ચાલ્યા વનવારિ,
બોડાણાંને સમીપ આવ્યા ગીરધારી. ૧૭૪
વીજયસંઘ રજપુત નીદ્રાવશ ભરચો,
કમલાકરે નીજ ભક્તને જાગ્રુત કરો. ૧૭૫
નેત્ર ઉઘાડાં માત્ર દિઠા વનમાલી,
કોટી શશીનુ તેજ રજની અજુવાલી. ૧૭૬
જેય જય કહી રજપુત શ્રીચર્ણે લાગો,
ત્રાહ ત્રાહ માહારાજ મલા સંશય ભાગો. ૧૭૭
દિનદયાલ કૃપાપાલ કૃપાકરિ બીર્દ રાખ્યું,
હું રજપુત કુલ નીચ પંછવાડે નાખ્યુ. ૧૭૮
રંકને આપે રાજ ગરિબનવાજ ખરા,
મછે મુકાવ્યા વેદ, કુર્મે રાખી ધરા. ૧૭૯
એમ દશવિધ અવતાર ભવ દુસ્તર તાર્યો,
હું રજપુત પતીત મુને પ્રભુ ઉગાર્યો. ૧૮૦
ભક્તવછલ માહારાજ ગાયા સંતજને,
કરુણાસીંધુ શ્રીકૃષ્ણ દર્શન આપ્યુ મુને. ૧૮૧
ન જાંણુ સ્તુતીસ્તવન જપતપસાધંનને,
ભુખ્યુ જાંણી બાલ માતા દે સ્તનને. ૧૮૨

તે સંતોષે દીન દયા ઉપજી મનને,
શ્રી મુરલીમનોહર ક્રષ્ણકથારસ કીર્તનને. ૧૮૩
સાંભલા સ્તુતીભાગ પ્રભુજી રલીયાત થયા,
માગ્ય વરદાન હરિને વ્યાપી દયા. ૧૮૪
મંનવાંછી ફલ આજ ઇછા સી તાહારે,
બોડાંણો કેહે માહારાજ લષણા નથી માહારે. ૧૮૫
દરશન દીધુ નાથ આજ મુન્હે તાર્યો,
જન્મ મરણ જનનીજઠરદુઃખથી ઠારચો. ૧૮૬
તે સર્વ મલા માહારાજ હરિમુખ જોયાથી,
આંનંદ થયાં અષ્ટાંગ સીતલ થઈ છાતી. ૧૮૭
શ્રીક્રષ્ણ કેહે ભાઈ માગ્ય રાખ્ય વચંન માહારૂ,
રુદે બેઠુ વૃત તુલશીનું તાહારુ. ૧૮૮
બોડાંણે જોડા હાથ સુ માગુ સ્વામી,
સરીતા મુકે નાંમ જે સાગર પામી. ૧૮૯
તમ હવુ જદુનાથ આશા પુર્ણ થઈ
મમતા, કરુણાસિંધુમાંહે પેઠો છે જઈ. ૧૯૦
આપો તમારૂ નાંમ જે હૈડે રાખુ,
અવસર આવે કાંમ બીજુ શુ ભાંખુ. ૧૯૧
ત્રીભુવંનમાંહે જસ થાય તે મુહુને આપો,
પોતાનો કરિ નાથ શ્રી ચર્ણે સ્થાપો. ૧૯૨
હરિદરશણની ઉમેદ રાખે બોડાંણી,
દ્વારકા આવ્યાનુ મંન્ન પરંતુ મે નવ આંણી. ૧૯૩
ધોલી ધ્વજાના રાય ધીંગડમલ બોલ્યા,
તાહારી ભક્તીભાવ મે મનનાં તોલ્યા. ૧૯૪
ગંગાને આપુ ભેટ હર્ષ થયો મંનને,
જાવો તમો ડાકોર લાવો વાહનને. ૧૯૫
છાંનુ રાષો ગુહ્ય ન કલે દુર્જનને,
ભક્તીના અતી લાડ પાડ ક્રપા ધંનને. ૧૯૬
એમ કહી શ્રી રણછોડ અંતરધ્યાંન થયા,
અણજાંણે માહારાજ મંદિરમાંહે ગયા. ૧૯૭
બોડાંણો તતકાલ ડાકોર સ્વાર થયો,
હરિનુ અકલ ચરીત્ર પ્રાતે ધાંમ ગયો. ૧૯૮

ગંગા લાગી પાય કંથ ભલે આવ્યા,
વૃધપણામાંહે કષ્ટ શ્રી હરિને ભાવ્યા. ૧૯૯
વીજયસંઘ કેહે વર્ત એ સફલ થયુ,
મલીયા શ્રી રણછોડ લેહેણુ પુર્ણ લહ્યું. ૨૦૦
આપ્યાં બહુ વરદાંન પ્રેમલ થઈ બોલ્યા,
આનંદે અવીનાશ મનોરથમાંહે ડોલ્યા. ૨૦૧
તમ માટે માહારાજ ઠાકોર આવે છે,
જેહેને સુરવર ઇંદ્ર પુષ્પે વધાવે છે. ૨૦૨
ધ્યાંન ધરી માહાદેવ સમાધી ચઢાવે છે,
તે આપણા પ્રભુ આજ લાડ લડાવે છે. ૨૦૩
સ્યાં સાં કહુ કુલનાર હરિનાં હેતલડાં,
મધ્ય નીશાયે શ્રીને અહ્મો બંને એકલડા. ૨૦૪
હરખે શ્રી યદુરાય કરતા વાતલડી,
ઉલટ અંગ ન માય વહી ગઈ રાતલડી. ૨૦૫
વાહંન વેહેલો લાવ્ય પ્રેરચા પ્રભાતલડી,
જીવન જુગદાધાર વિચારી નહી જાતલડી. ૨૦૬
શ્રવણે વેધુ મંન ગંગારાણીનુ,
રંક ઉપર ઘણુ હેત પંકજપાંણીનુ. ૨૦૭
ગંગા લેઈ બલીહારી પીઉને ચરણે નમી,
થયો સાક્ષાતકાર અદ્ભુત વાત ગમી. ૨૦૮
હરિ મલયાનુ તેજ ઘણુ વરના મુખને,
પ્રભુ આવ્યાની ઉમેદ પાંમી અતી સુજને. ૨૦૯
ઉષ્ણોદકે નીજ કંથ નવહરાવ્યા પ્રેમે,
શ્રી તુલશીપુજંન બહુ ભક્તીનેમે. ૨૧૦
ધુપદિપનૈવદ ક્રૃષ્ણાર્પણ કીધાં,
પંચામૃત ભોજન બોડાણે લીધાં. ૨૧૧
ગંગા પ્રીશે અન્ન ચમર કરે ભાંણે,
હરિસ્મર્ણે પ્રસાદ લીધા વરરાંણે. ૨૧૨
પતિવ્રતાયે ઉચીષ્ટ લીધુ મનોહરનુ,
દંપતીને ધ્યાંન લાગુ ગીરધરનુ. ૨૧૩
પરમેશ્વર જુવે વાટ વાહન લાવ્યાની,
કહ્યું નથી અમ્હને વાર તમારે આવ્યાની. ૨૧૪

જુની ઘરની વેહેલ આખલીયા નબલા,
સાંમલીઆ બલવાન હશી બોલ્યાં અબલા. ૨૧૫
ધરિયે ઉધ્યુ દિવેલ પૈંડાં પેહેરાવ્યાં,
લાંબાટુંકી ઈસ–ઉપલાં વેહેરાવ્યાં. ૨૧૬
તાંણા નુતન દોર તલાવા ને પીજણી,
ધુસરી બાંધી વેહેલ ઝણઝણુતી જીણી. ૨૧૭
તત્પર થયો નીજ ભક્ત પ્રભુજીને આંણુ,
સંભાર્યા શ્રીરણછોડ હું કાંઈ નવ જાંણુ. ૨૧૮
અકલ કલા અવિનાસ તમ્હારી તમ્હો જાંણો,
સજદ રોમાંચીત થયો બોડાંણો. ૨૧૯
સૌભાગવતી ગંગાવહુ નયણે નીર ઝરે,
પીઉન લાગી પાય ભુદર સાહુ કરે. ૨૨૦
બાંધી ઘુઘરમાલ કોટે ધોરિને,
રાખો હરિનુ ધ્યાંન કેહે છે ગોરિન. ૨૨૧
પ્રોહોણાનો પોશાખ પેહેર્યો સાધીને,
વેહલે તકીયો એક પાથરી ગાદીને. ૨૨૨
સોડે સારંગ પાંચ બાણુતણાં સરિયાં,
રાસ–પરોણા હાથ બલદ બે જોતરિઆ. ૨૨૩
અંતરજામી કૃષ્ણ હઈડામાંહાં પેઠો,
જય જય સીદ્ધ ગુણેશ કહી વેહેલે બેઠો. ૨૨૪
ફેરવી કંથે કોટ સ્ત્રીનું મુખ નીરખ્યું,
પ્રેમકટાક્ષે મન્ન ગંગાનુ હરખ્યુ. ૨૨૫
કાંતા દે આસીસ સિદ્ધી મનોરથને,
જેય શ્રી તુલશીકૃષ્ણ કહી હાંકયો રથને. ૨૨૬
ગડ ગડ કરતો વેહેલ બલદીયા લડસડતા,
દેવ ઘણુ બલવાન દીવ છે ચઢતા. ૨૨૭
સન્મુખ વછસયુકત કપીલા ગાય મલી,
કુમારીકા નવરાત્ર પુજંન્ન પુષ્પ કલી. ૨૨૮
મસ્તક જલના કુંભ સુ વાસણ ચ્યાર સખી,
કુંકુમ ભાલ વિશાલ સીતલ મંન નરખી. ૨૨૯
વેદપાત્ર દ્વિજયુગમ નગરને દરવાજે,
ગૌરિપુજન થાય વાજીંત્ર વાજે. ૨૩૦

ડાબા બોલે ચાશ પાદર નીસરતાં,
દેવ્યા દક્ષણ ભાગ હરિ નથી વીસરતા. ૨૩૧
મુકે આખલા દોટ ઘુઘરડાને નાદે,
કૃષ્ણાર્જુનના અશ્વ ચાલે જમ પ્રતીવાદે. ૨૩૨
પ્રથમ આશ્વનમાસ દમ દમતો ચીલો,
ઉભય અંક સમાંન નથી બેઠો હીલો. ૨૩૩
નીત્યે જોજન પાંચ પશુ બે ત્રૈણ પાંણી,
આવ્યો દિવસ દશમાંહે હરિ ભજતો વાંણી. ૨૩૪
મંદિર સનમુખ વેહેલ બોડાંણે છોડી,
પછવાડે બાંધી રાશ બળદ કેસરી જોડી. ૨૩૫
ગુગલી કેહે તલસ્યો વહેલો ભાઈ કયમ આવ્યો,
પેહેરા વેસ્ત્ર ઢાટાવ વેહેલ સાથે લાવ્યો. ૨૩૬
કો કેહે એ છે ભક્ત સરજ્યો સેવાનો,
કો કેહે લાવ્યો વેહેલ પ્રભુને લેવાને. ૨૩૭
કો કેહે એહેવા ભક્ત ઘણા હીંડે ભવમાં,
કો કેહે વીરલો [એ]ક હરિના અનુભવમાં. ૨૩૮
કો કેહે એ રજપુત રંક થયો ડોસો,
એ કલજુગનો ભક્ત એહેને શું જોશો. ૨૩૯
તુલશી વાવે હસ્ત અથડાતો આવે,
છાંડયુ તુલશીવ્રત પ્રભુને નહી ભાવે. ૨૪૦
ગલ્યા આખલા છેક કરતા કરસણને,
વેહેલે બેશી ભક્ત આવ્યો દરશણને. ૨૪૧
એમ ત્રીવીધ સંસાર દુર્જન શું જાંણે,
એ સજાન સાત્વીક કોહી મંન નવ આંણે. ૨૪૨
નીરખ્યા શ્રી રણછોડ શુકલ ત્રયોદશીયે,
કલ્યો કાંહી સંકેત રહ્યો તે ચતુરદશીયે. ૨૪૩
છેલો દૈવપ્રસંગ શ્રી ગોમતી નાહ્યો,
ધોયાં કર્મ નીશેષ જે રાંણીજાઓ. ૨૪૪
હરિદરશંન ત્રીકાલ સાધંન પુર્ણ થયુ,
જન્મપુનર્ભવદુઃખ જે ત્રય તમ ગયુ. ૨૪૫

પ્રહર નીશાયે આનંદ પુજનના જે જે,
ગુગલીયે ગોવીંદ પોઢાવ્યા સેજે. ૨૪૬
મંદિરનાં દેઈ દ્વાર તાલાં પેહેરાવ્યાં,
પુજારા ઘેર ઘેર પોતાને આવ્યા. ૨૪૭
વેહેલે વીજયસિંહ જાગ્રુત થઈ સુતો,
ચીતાવંદે હે શ્રી કૃષ્ણે કરાર કીધો હુતો. ૨૪૮
નકલે દેવચરીત્ર બોલ્યુ ફોક થશે,
સાંઠીને બુધી નાઠી બોડાંણી કેહેસે. ૨૪૯
મંદિરથા માહારાજ સેજડીયે હસીયા,
અતરજાંમી તપ્ત તલાઇથી ખસીયા. ૨૫૦
લક્ષ્મીને કહું ગુપ્ત રોહો તમો અર્ધાંગે,
જઈયે ડાકોર ગ્રામ બોડાંણા સંગે. ૨૫૧
કમલા અંગે ગુપ્ત રહ્યાં મનમાંહે સમજી,
મંદીર બિંધું નાથ રેહેસે ત્રીકમજી. ૨૫૨
કૃષ્ણુકટાક્ષે દ્વાર ઉઘડયાં મંદીરનાં,
મુકી માયાજોગ સિંધુના તોરમાં. ૨૫૩
નીદ્રા વ્યાપી નેત્ર નગરિના જનને,
નુપુરના ઝમકાર શ્રવણે સજનને. ૨૫૪
ભક્ત ઉઠી તતકાલ શ્રીચર્ણે લાગો,
જય જય માહારા નાથજી સંશય ભાગો. ૨૫૫
વેહેલી જોતર વેહેલ પ્રભુ કેહે રાંણાજી,
ચાલો તમારે ગાંમ હો બોડાંણાજી. ૨૫૬
તમો જોતરી વેહેલ દ્વારકા આંણી જી,
ઉઠ્યાં અહ્મારાં આંહાંથી દાણુપાણી. ૨૫૭
મધ્ય નીશાયે નીજ ભક્ત જોતરતો રથને,
પરમેશ્વરે કરિ સાહ સર્વ મનોરથને. ૨૫૮
અંજનીસુત હનુંમંત બલદ બેમાં પેઠા,
વરદાયક શ્રી કૃષ્ણજી તકીયે બેઠા. ૨૫૯
સુરવર કેહે અંતરીક્ષ ગહન ગતી હરિને,
હુંકારો રથ રાસ નથા જોયુ ફરિને. ૨૬૦

બલદ પવંનગતી જાય જમ રવીના ઘોડા,
    બોડાંણાને સમાંન્ય ભક્ત બીજા થોડા. ૨૬૧
આવ્યા ડાકોર ગ્રાંમ શાંમ ઉષકાલે,
    ધોવા ભોજન અર્ધ વીશ્રાંતી વાલે. ૨૬૨
પ્રથવી થઈ પાવંન શ્રી હરિપદકમલે,
    ડાકોરમાંહે ઠાકોર ત્રીભુવંનમાહે ન મલે. ૨૬૩
બેઠા વીશ્વાધાર લીમડાની છાયા,
    કુપોદક થયું સિદ્ધ પ્રભુજીની માયા. ૨૬૪
ભક્ત તથા ભગવાંન મુખ માર્જન કીધાં,
    કુપોદકનાં નીર સપ્રેમે લીધાં. ૨૬૫
સજીવંન વીધી વૃક્ષડાલ મુકુટે દીઠી,
    કૃષ્ણકટાક્ષપ્રતાપ કટુકા થઈ મીઠી. ૨૬૬
આકલા ઉપર નાથ હાથ ફરાવે છે,
    ભક્ત તમારા બલદ ઘણા મુને ભાવે છે. ૨૬૭
બસે ગાઉ પંથ બે પ્રહરે આવ્યા,
    ડાકોરની સીમમાંહે અહ્મને પધરાવ્યા. ૨૬૮
પદ્માકરનો સ્પર્ષ વ્રષભ તે થયા તાજા,
    એ સર્વ તહ્મારૂ બલ ત્રીભુવંનના રાજા. ૨૬૯
સુર્યોદયનુ મુહુર્ત વૈષ્ણવ રથ જોડો,
    ચાલો તહ્મારે મંદિર આંગણીએ છોડો. ૨૭૦
ભક્ત કેહે માહારાજ માધવ ગીરધારી,
    બેઠા દીનદયાલ રથ કીધી સ્વારી. ૨૭૧
જે શ્રી કૃષ્ણ કહી બોડાંણાયે ખેડચો,
    ભક્તીભાવ સમર્થ પરમેશ્વર તેડચો. ૨૭૨
ગડગડ રથનો વેગ બલદ કરતાં વાજી,
    ઘંટડીયોના નાદ જમ રવીના વાજી. ૨૭૩
વેહેલવાંન રજપુત અરૂણોદય સરખો,
    કોટી દીવાકર કૃષ્ણ સહસ્રકીરણ નરખો. ૨૭૪
ડાકોરના જન માત્રને અતી મંન ભાવ્યો,
    ભાંનુમંડલનો સુર્ય ભુમંડલે આવ્યો. ૨૭૫

કીધો નગરપ્રવેશ તેજોમય હરીયે,
સુરવર કેહે ભાઈ પુષ્પની વૃષ્ટી કરીયે. ૨૭૬
લાવ્યો વૈષ્ણવરાજ મંદીર પોતાને,
ગંગા હરખ્યાં અપાર હરિમુખ જોતાને. ૨૭૭
ધુપ અગર કપુર મંગલ આરાત્રી,
મુર્તી હાસ્યવંદન્ન બોડાંણો જાત્રી. ૨૭૮
પંચામૃત નૈવેદ્યને પડદા કીધા,
ભાવતણા ઉપચાર શ્રી હરિયે લીધા. ૨૭૯
પ્રતીવ્રતાનો પ્રેમ પ્રભુ લક્ષ્મી ધાયા,
અમર થકા તતકાલ ફુલડાં વેરાયાં. ૨૮૦
પડંદા કીધા દુર જય જય જન ગરજે,
બોડાંણાને તુલ્ય બ્રહ્મા નહી સરજે. ૨૮૧
મંદિર માંહે સીઘ્ર સીહાસંન સ્થાપ્યુ,
કીર્તી જસ જગમાંહે તે અગણીત વ્યાપ્યું. ૨૮૨
દુગ્ધે પખાલા ચુર્ણ સારંગપાંણીના,
બ્રાહ્મણ લઈ મીઠડાં મુખ શ્રી દધીદાંણીનાં. ૨૮૩
કરિય શ્રી રણછોડ મંદિરમાંહે દયા,
સ્ત્રીપુર્ષે અડાડયા હાથ પુષ્પ સમાંન થયા. ૨૮૪
વેહેલ થકા શ્રી નાથ ઘરમાં પધરાવ્યા,
ભગતવછલ ભગવાંન સ્વાનંદે આવ્યા. ૨૮૫
બારસેહે બારો તેર સંમત વીક્રમનો,
પુનમને ભૃગુવાર આશ્વીન શુભ મહીનો. ૨૮૬
શારદી રતુ શ્રી જયંતી રાસક્રીડાની,
કાત્યાયની વ્રત પરીધાંન વીરહ પ્રપીડાની. ૨૮૭
માંણુકઠારિ નાંમ મૌક્તીક વ્રઢ્યાની,
વ્રંદાવનની પ્રીત ગોપીભુજ ભીડાની. ૨૮૮
પુન્યવાંન રજપુત સ્ત્રી રજપુતાંણી,
શુદ્ધ કરિને પાત્ર ઉષ્ણ કીધાં પાંણી. ૨૮૯
અતરના અભીસંગ શ્રી હરિ નહવારાવ્યા,
પીતાંબર પરિધાંન તિલક ભાલે ભાવ્યાં. ૨૯૦

કુંડલ કૌસ્તભ કંઠ વઈજંતી માલા,
વલયે રત્ન જડાવ બાજુ લટકાતા. ૨૯૧
મુદ્રાંગુલિ નવરત્ન પદ્માકર વિલશે,
રત્નમેખલા લંક તી વલી રમ્ય દીસે. ૨૯૨
મુકટે કોટી પ્રકાશ રવીશસી પુર્ણ-પ્રભા,
હીરલા મણીવૈદુર્ય તેપોધન સંતસભા. ૨૯૩
ધુપદીપ કરપુર છપંન ભોગ ભલા,
પય સાકર નવનીત દધિ મધુ ઈંદુકલા. ૨૯૪
શ્રી નૈવદ્ય ત્રીકાલ નુતન વિવિધ બહુ,
નીત્યે ઓછવ કલોલ ડાકોરગ્રાંમ સહુ. ૨૯૫
વનીતા વ્રંદ અનેક મંગલ ગાંન કરે,
કીરતન તાલ મૃદંગ સુરવર શ્રવણ ધરે. ૨૯૬
પારાયણ કરે વિપ્ર વેદ ચતુષ્ટયનાં,
ગ્રામ ગ્રામનાં પાત્ર આવે દધિપયના. ૨૯૭
થઈ કીર્તિવીસ્તાર ગુર્જર પ્રાંત બધી,
યાત્રા લક્ષોલક્ષ ડાકોરની ય વધી. ૨૯૮
ધન્ય ધન્ય એ ગાંમ ભુવંન વૈકુઠ થયુ,
ધન્ય ઓડાંણુરાજ લેહેણુ પુરણુ લહ્યુ. ૨૯૯
પાવન કીધુ વીશ્વ હરિના દરશનથી,
ઓડાંણા સમ તુલ્ય ત્રિભુવનમાંહે નથી. ૩૦૦
ચૌદ ભુવનનો નાથ એ સંગે આવ્યા,
પોતાને મંદીર માધવ પધરાવ્યા. ૩૦૧
સાગર સરખુ તડાગ ગોમતી પ્રગટ રહી,
ધંન્ય થઈ ગુજરાત ભાવટ સર્વ ગઈ. ૩૦૨
જોજન બે સંન્નીધ સુરસરિતા છે મહી,
ત્રુઠા મેઘશાંમ રસની રેલ વહી. ૩૦૩
જ્યાંહાં પોતે રણછોડ કોટીક તીર્થ તહી,
હાવે દ્વારામતી માંહે રાજ વલેહે કયમ થઈ. ૩૦૪
ગુગલિ પ્રાતઃકાલ પુનમને દાહાડે,
પુજનના ઉપચાર પાત્ર બધાં કાઢે. ૩૦૫

સ્નાંન વિવિધ ને દુગ્ધ જલ સોજવલ લાવ્યા,
ભક્તી પુરસ્કર વિપ્ર હરિમંદિર આવ્યા. ૩૦૬
દુરથી માહાદ્વાર ઉઘાડાં દિઠાં,
તાલા ઉઘાડી કોણુ મંદિરમાં પેઠા. ૩૦૭
સવારે કોણુ ભક્ત પુજનનો અર્થી,
ગુગલી નીરખ્યુ ધાંમ શ્રી રણછોડ નથી. ૩૦૮
વીપ્ર બધા વીસમીત અતી ભયભીત થયા,
મંદિરથી માહારાજ માધવ કયાંહાં ગયા. ૩૦૯
કયમ હુવુ એ ભવીસ થયો આક્રાંત ઘણો,
શ્રવણે વ્યાકુલ પ્રાંણુ સર્વ જગત તણો. ૩૧૦
મલીયા બધા લોક ટોલે નગરીના,
કયમ જીવાએ વજોગ દુખડાં શ્રીહરિનાં. ૩૧૧
ગુગલીયોની ચુક પુજનમાંહે પડી,
રુઠા શ્રી રણછોડ પ્રભુને રીસ ચડી. ૩૧૨
પુજારા પાપીષ્ટ બ્રાહ્મણ એ ભુડા,
મોટા સેવાચોર લુચ્ચા ને ગુંડા. ૩૧૩
મીઠી મોઢે વાત વાત હઈડાના ખોટા,
જાત્રાલુનો લે જીવ એ લોભી મોટા. ૩૧૪
ક્ષેત્રે આવી ખોટ શાંની મોક્ષપુરી,
સાંમલીયાએ પ્રીતમાયા કઠણુ કરી. ૩૧૫
એ વીષ્ણુ સાક્ષાત્ પુજા છે અધરી,
શ્રી હરિને સંતોષ નીષ્ટા હોય ખરિ. ૩૧૬
નથી આચારવિચાર ત્રાસીને હીંડ્યા,
દ્વારામતીના લોક ગુગલીએ દંડ્યા. ૩૧૭
દેશ દેશાંતર મારગ જાત્રાના ખંડ્યા,
ગુગલી ભમતા લોક પછવાડે મંડ્યા. ૩૧૮
હરિજન વૈષ્ણુવ સંત સજદ કંઠ થયા,
સ્વાંમી શ્રી રણછોડ નાંખી કયંમ ગયા. ૩૧૯
સુનુ શ્રી મંદિર કયમ જાશે દાઢો,
પુજારા સ્વકુટંબ નગરમાંથી કાઢો. ૩૨૦

પછવાડે મોશાલ ઠાંમ પ્રભુ પાડો,
સર્વ તણે ઘેર ઘેર પાલા બેસાડો, ૩૨૧
ગુગલી ડોસો એક બોલ્યો ધીર ધરો,
બેઠો દીવસ ત્રૈણ તે તલસ્યો સસરો. ૩૨૨
બલદ ગલેલા બે તે લેઈ આવ્યો ગાડુ,
મદીરમાંહે મધ્ય રાત્ર તેણે ખાતર પાડુ. ૩૨૩
સર્વ કેહે હા હા વાત કહી ચે ખરી,
તેણે શ્રી રણછોડ લીધા ચોરિ. ૩૨૪
તુલશીનું વૃત જન્મ બધો લેઈ લેઈ આવ્યો,
ભોલો શ્રી ભગવાંન તેણે ફોસલાવ્યો. ૩૨૫
હરિનો હીન સભાવ તે શો શો કહીએ,
વીશંભરનાં કર્મ જોઇ લાજી રહીએ. ૩૨૬
દાસીપુત્ર વીદુર આરોગી ભાજી,
શબરીનાં મીઠાં બોર ઉચીષ્ટે થયા રાજી. ૩૨૭
ત્યાગી સોલ સહસ્ર દાસીને મોહ્યા,
રથ હાકયો અર્જુનના ઘોડા ધોયા. ૩૨૮
ગોવાલીઆમાંહાં અંન્ન ગોકુલમાં જમતો,
ઘરમાંહે નવ લક્ષ ગાય ચોરીને ભમતો. ૩૨૯
ન કલે નીચ ને ઉચ એહને મન સરખુ,
તલશીયો દેખી ચીત પ્રભુજીનું હરખુ. ૩૩૦
બશે ગાઉ ગાંમ ડાકોર અહીયાંથી,
બે પ્રેશે જે છેક પાહોચે તે કયાંથી. ૩૩૧
ગાઉ બે કે ચાર માર્ગ ગયા જાંણો,
બલદ નઠારા છેક ડોસો બોડાંણો. ૩૩૨
વેહેલા બાંધો કેડે ધનુશ ભીડો ભાથા,
ગર્વ કરી ગુગલીજન ચાલ્યા અથડાતા. ૩૩૩
હીડ્યા સંધ્યાકાલ ગાઉ વીસ લગી,
થયા થાકી ચુર ચરણ રહ્યાં વલગી. ૩૩૪
બીજે દીવસે સાહ્ય થયા કાઠી કાબા,
બધા ઘોડેસ્વાર કોઇ ચોડા લાંબા. ૩૩૫

આવ્યા ડાકોર અર્ધ ચીતા થઈ હરીને,
બોલ્યા શ્રી રણછોડ પ્રેમ રુદે ધરીને. ૩૩૬
જાણ્યો પુર્વ પ્રકાર કર્મને અનુસારે,
આવ્યો જિવિત્વને છે પરમ જય જયકારે. ૩૩૭
જન્માન્તરનાં વૈર ઘાતક બ્રાહ્મણને,
કૈવર્તક એ દયાલ વધ કીધો તેહેનો. ૩૩૮
તે કોલી પરીતાત કાબા થઈ જન્મો,
જન્માન્તરનાં વૈર ને વીધીયે નીમ્યો. ૩૩૯
ભક્ત તણો અવતાર એ સંપૂર્ણ થયો,
વીચારી ભગવાંનજીએ વ્રતાંત કહ્યો. ૩૪૦
હો બોડાંણારાજ આવ્યા ગુગલીયા,
કાઠી કાબા દુષ્ટ સાહ બધા મલીયા. ૩૪૧
જાત્રા મલી છે અનંત બાહેરના ઘરમાં,
અહ્મને મુકો ગુપ્ત ગોમતી સરોવરમાં. ૩૪૨
જો પુછે તહ્મને અહ્મારી ના કેહજો,
તુલશીક્યારા સમીપ બેસીને રેહેજો. ૩૪૩
એ દુર્જનને સંગ આપણ નહી જૈએ,
બોડાંણાને નીમીત ડાકોરમાં રહીયે. ૩૪૪
અહ્મને ન દેખે આપ કોહોને ગલે પડશે,
આ પરદેશી લોક સા માટે વડશે. ૩૪૫
રાખી રેહેજો સ્વસ્તર પુત નીરજને,
અકલાશો માં લગાર ધરજો ધીરજને. ૩૪૬
માહારે તમારે ભક્ત અંતર કાંઈ નથી,
શું જાણે સંસાર દૈવી ગહન ગતી. ૩૪૭
દેઈ શીખાંમણ નાથના મંનમાંહે દયા,
ભક્તતણુ મુખ જોઈ સજદ કંઠ થયા. ૩૪૮
પાંમ્યા અતરધ્યાંન ગોમતીના જલમાં,
ગુગલી કાબા સર્વ ચઢી આવ્યા બલમાં. ૩૪૯
પગદલમાં બહુ સ્વાર ઘોડા હણહણતા,
ડાકોરના જન ભક્ત ધીરજ નથી ધરતા. ૩૫૦

લુટણ કરસે ગ્રામ કોહો ભાઈ કયમ કરીયે,
બોડાંણો વદે વાકય વીપ્રને અનુસરીયે. ૩૫૧
ગુગલી બ્રાંહ્મણ સર્વ વઢવુ તે ન ઘટે,
મલીયે શરણ થઈને જેથી વૈર મટે. ૩૫૨
શ્રીફલ લીધુ એક દધીનું પાત્ર ધર્યુ,
બોડાંણો સાત્વીક ભક્તદલમાં ગમન કરૂ. ૩૫૩
દુર્જન બોલ્યા વાકય એ શત્રુ આવ્યો,
ગુગલી કેહે રણછોડનો મજકુર લાવ્યો. ૩૫૪
સાંમા જોડ્યા હાથ આવે છે નમતો,
ચોરી કીધી ભક્ત માટે અણગમતો. ૩૫૫
હરણ કરા માહારાજ થયો છે અન્યાઈ,
શું બોલે છે વાત આવા ઘો ભાઈ. ૩૫૬
શોડશ વર્ષનો એક કાબો અણભેદ્યો,
તેણે મુકયુ બાંણ બોડાંણો [વે]ધ્યો. ૩૫૭
સઘલા બોલ્યા વાકય પાપી શું કીધુ,
જન્માંતરનુ વૈર તે તેણે લીધું. ૩૫૮
છઠી કેરા લેખ કલ્યા તે ખુટે,
રિણ હત્યા ને વૈર કદાપી નહી છુટે. ૩૫૯
કુક્ષી વાગુ બાંણ દૈવી યોગ ઘડો,
જેય જેય શ્રી રણછોડ કહીને ભુમી પડયો. ૩૬૦
તે શ્રી પ્રભુને બાંણ જલમાં જૈ લાગો,
ભક્ત તથા ભગવાંન બે સંશય ભાગો. ૩૬૧
શ્રી હરિને હરિજંન જુજુવા જે કેહેશે,
ચંદ્ર સુર્ય પરીયંત નર્કે તે રેહેશે. ૩૬૨
શોણીત થયુ તલાવ તે આરક્ત થયુ,
ભક્ત તણે નીજ અંગ બીંદુ તે ન વહ્યું. ૩૬૩
વર્તો હાહાકાર ડાકોરના જનને,
ગુગલી કાબા સર્વ પ્રસ્તાયા મંનને. ૩૬૪
ગંગા શ્રવણે શબ્દ પડતાં સત્ય ચઢયુ,
હરિને બહુ સંકષ્ટ તે જલમાંહે પડયું. ૩૬૫

આવી પતીવ્રતયુક્ત સ્વામીને પાશે,
વીશ્વ કેહે ધન્ય ધન્ય નાર સતી થાશે. ૩૬૬
ગંગાને ખટ જન્મજાતી સ્મરણ થયુ,
સપ્ત જન્મે કંથ હરિનુ લેહેણુ લહ્યુ. ૩૬૭
વૈકુઠથા વીમાંન પ્રભુએ તેડાવ્યાં,
સ્વર્ગ થકાં વિમાંન ઇંદ્રિ તણાં આવ્યાં. ૩૬૮
વૈષ્ણવ 'ને સુરદુત પતી વાદે વઢતા,
હરિજંન કેહે રહો દુર રખે એહને અડતા. ૩૬૯
એ કેહે છો તમો સતી સ્વર્ગે જાશે,
વૈષ્ણવ કેહે ધરો ધીર સર્વ પ્રગટ થાશે. ૩૭૦
ઇંદ્રિભુવનના દુત વદે અમો લઈ જાશુ,
વૈષ્ણવ કેહે ખાશો માર પછે પડશે આંશુ. ૩૭૧
હરિજંન કેહે અમો સેવક શ્રી હરિ ખાસાના,
ઇંદ્રિ અમર શશી સુર્ય સર્વ રોહો છાંનાં. ૩૭૨
બંહ્માદિકની વાત તે અહ્મો નહી માંનુ,
ઇંદ્રિ બચારો રંક તેહનુ બલ શાંનુ. ૩૭૩
નીધીના દીવશમાંહે ચતુર્દશ ઇંદ્રિ થશે,
શતમખ ઈંદ્રાસંન્ન જુનો ઘેઘેર જશે. ૩૭૪
જાગીરમાહે તાગીર ફોકટનો ફેરો,
પ્રદક્ષણા કરે ઇંદ્રિ કર્મતણો ઘેરો. ૩૭૫
ઇંદ્રિપદે ક્ષયરોગ અક્ષય ઇંદ્રાંણી,
ક્ષીણે પુન્યે જન્મ મરણ થયો ઘાંણી. ૩૭૬
સી સી કહીયે વાત અંતરમાંહે સમઝો,
મુકો માંનગુમાંન ભાઈ ગોવીદ ભજો. ૩૭૭
ફરિને પધારો સ્વર્ગ કાંમક્રોધ તજો,
સ્વર્ગ તણુ શુખ અલ્પ છાપાં તીલક સજો. ૩૭૮
પુણ્ય વધે તો સ્વર્ગ ઘટે તો નર્ક ખરો,
બન્હે થાય સમાંન માંણુસજન્મ ધરો. ૩૭૯
દુત કહે નથી માંન આપણા ઠાકુરનુ,
કેમ ન થાયે અપમાંન તેહેના ચાકરનું. ૩૮૦

શકતણા જે દુત તે સ્વસ્થાંન ગયા,
પટકયુ જઈને વીમાંન ગદ ગદ કંઠ થયા. ૩૮૧
ગુગલી કાબા સર્વ શરોવરની પાલે,
બેઠા રાતુચોલ જલ નેત્રે ભાલે. ૩૮૨
લીધુ ગુપ્ત સ્વરૂપ સરચુ અવીનાશે,
પ્રેમે આવ્યા નાથ ગંગા વહુ પાશે. ૩૮૩
સત્યવતી તતકાલ ઉભાં પ્રભુ દેખી,
આવો શ્રી રણછોડજી બોલ્યાં પેખી. ૩૮૪
શત સંવછર અલ્પ જીવન કલજુગમાં,
શ્રવણ કરો સંતોષ ધરો ધીરજ મંનમાં. ૩૮૫
આવ્યું ઇંદ્રાસંન્ન ભુમંડલ આપું,
ત્રૈણ ભુવનનો નાથ બોડાંણો સ્થાપું. ૩૮૬
એવ્હા જન્મ અનેક પણ નહી પુણ્ય ઘટે,
કીચિંત કહુ દષ્ટાંત ઝીણુ બીજ વટે. ૩૮૭
કદલી દલમય પુર્ણ તંતુ જેમ પટે,
કોટી કલ્પ કરો રાજ તુલશીદલ ન હટે. ૩૮૮
તમતમારૂ પુણ્ય મનોર્થ સો ભાંખો,
ગંગા કેહે માહારાજ શ્રીચર્ણે રાખો. ૩૮૯
પદપંકજના રાજ્ય થકે સારા રાંકસૂં,
સ્વામી ગતં તે પ્રાણસ્વરૂપના માંહે વસું. ૩૯૦
બોલ્યા શ્રી ભગવાંન તમ માટે આવ્યો,
દગ્ધ મા કરશો શરીર નીશ્ચેય નવ ભાવ્યો. ૩૯૧
રોહો અમારે સંન્નધ શેષાયુશ્ય લગી,
બોડાંણો મુજમાહે ભક્તી રહી વલગી. ૩૯૨
અમ્હને વાગુ બાણ પણ હું વેધાયો,
અક્ષત દુક્ષત વાંન ત્રૈલોકયે ગાયો. ૩૯૩
એન્હે અગ્ની આપ સરોવરની પાસે,
એ બેઠો વૈકુંઠ મુક્તીને માલે. ૩૯૪
ગુગલીને દ્યો જબાપ પ્રભુ પર બલ કોન્હુ,
ઠાકોર લ્યો જલમાંહેથા અથવા સોનું. ૩૯૫

ગંગા કેહે મહારાજ સોનુ તે કયાંહાંથી,
હલ્યા લક્ષ્મીકાંત તહ્મારો હુ આથી. ૩૯૬
કૃષ્ણુ કેહે એકરાર કરિને લખ્યા કરજો,
વક્ષે બાંધી ત્રાંસ મુને મનમાં ધરજો. ૩૯૭
અહ્મને લેજો જલ માંહેથા નેત્રે ભાલી,
તાલે તુલશીદલ નાશીકની વાલી. ૩૯૮
આજ્ઞા કરો જદુનાથજી જલમાં આવ્યા,
આપ્યો અગ્નીદાગ પીયુને પધરાવ્યા. ૩૯૯
ગંગાબાઈએ સર્વ ગુગલી તેડાવ્યા,
કોહો ભાઈ અમ પર કયેમ સત્રુ થઈ આવ્યા. ૪૦૦
ચૌદ ભોવનનો નાથ માંણુસથી આવે,
ગહન ગતી ગોવંદને મંન શું ભાવે. ૪૦૧
ન કલે દેવ વીચાર પ્રભુયે સૂં ધાર્યો,
નીર્દય થઈ ભરથાર બાંણુ વડે માર્યો. ૪૦૨
તહ્મારો ઠાકોર સુખે તહ્મો લઈ જાઓ,
બ્રાંહ્મણુ સાથે વેર નથી અહ્મને દાવો. ૪૦૩
ગુગલી કાબા સર્વ જલ ડોહોલી જોયું,
રકતે રાતુચોલ અંગ જાય નવ ધોયું. ૪૦૪
શ્રી ઠાકોર જલ માંહેથાં કાંઠે આવ્યા,
ગુગલી કાબા સર્વ ભમતા વલગાવ્યા. ૪૦૫
બલ બહુ કીધુ છેક ઉચકીને લેવા,
બેઠા મેરૂતુલ્ય ઉદયાચલ જેવ્હા. ૪૦૬
ઉચકી ઉચકી સમસ્ત તે અંતે હારયા,
ધન ધન શ્રી રણુછોડ પુજારા તાહારા. ૪૦૭
આવી બેઠા વીપ્ર ગંગાની પાસે,
હરિયે વાહ્યા છેક અમારૂં શું થાશે. ૪૦૮
ગંગાબાઈ કેહે સર્વ ઈછા શ્રી હરિની,
એથી કોણુ સમર્થ ગતી સરવોતમની. ૪૦૯
જો આવે ભગવાન તો વેહલા થાવો,
અથવા ભારોભાર સોનુ લઈ જાવો. ૪૧૦

એ વાતોમાંહે એક વાત વીચાંર કરો,
ગુગલી બોલ્યા વાકય નીશ્ચેય એ જ ખરો. ૪૧૧

ઉઠ્યા તે તતકાલ બેઠા મસલતને,
નમતુજમતુ તોલી લેઈ રાખો પતને. ૪૧૨

ગુગલીયા કેહે વાંણુ વચંન પ્રમાંણુ કરયું,
મુકી પ્રભુની ઓથ સર્વ કબુલ કરયું. ૪૧૩

કાગલમાંહે વીપ્ર મતા કરી લેખ લખ્યો,
સાક્ષિ સઘલું વીશ્વ વીશ્વંભર નરખો. ૪૧૪

વીપ્રે કીધો લેખ હરિનો ખપ નહી,
સોનું ક્રુષ્ણુ પ્રમાણુ લખ્યું એ સર્વ સહી. ૪૧૫

નીશ્ચે કરીને હાથ અડાડ્યા ઠાકોરને,
ન દાવો ને ફારકતી આ ડાકોરને. ૪૧૬

અણુજાંણો વેપાર વીપ્રે મલી કીધો,
ગંગાબાઈને હાથ પાકો લેખ દીધો. ૪૧૭

સાક્ષી કીધા લોક લેહેણી પ્રીત થઈ,
લેઈ આવ્યા સુવર્ણ ભાવટ સર્વ ગઈ. ૪૧૮

આજ થકી દુધભાત પ્રભુજી તહ્મારો,
મુર્તિ ભાર સુવર્ણ વાંટો અહ્મારો. ૪૧૯

વક્ષે બાધ્યો ત્રાંસ ધારણુ જુકતે કરી,
જોવા મલીયું જગ્કત ભજ તુ ક્રુષ્ણુ હરિ. ૪૨૦

ગંગાબાઈ મંદિર જઈને સ્નાંન કરયાં,
ધુત વસ્ત્ર અતી સ્વેત તે પરીધાંન ધરયાં. ૪૨૧

ખોસિ કેડે ગુપ્ત એક તીક્ષણુ પાલી,
લીધુ તુલશીદલ નાશીકની વાલી. ૪૨૨

ધુપદીપકર્પુર પુજનની થાલી,
ચાલી ગોમતી તલાવ જ્યાંહાં છે વનમાલી. ૪૨૩

પુજ્યા શ્રી રણુછોડ નાના ઉપચારે,
ધુપ દીપ નૈવેદ્ય ભક્તી વીસ્તારે. ૪૨૪

આવો શ્રી ગોપાલ કરજો પરમ દયા,
ગંગા કેરે હાથ પુષ્પ પ્રમાંણ થયા. ૪૨૫
ગુગલિને વિસ્મિત લાગુ અંતરમાં,
સી સોનાની ખોટ ભાઈ એહેના ઘરમાં. ૪૨૬
ચૌદ ભુવંનનો નાથ એન્હે હાથ ચઢ્યો,
હારયા આપણ વીપ્ર એહેનો હા(?)વ પડ્યો. ૪૨૭
નથી દીસ્તુ સુવર્ણ હલ્યા હૈડુ ફુટે,
કયમ આવે વીશ્વાસ સાચે કે જુઠે. ૪૨૮
ડોશો બોલ્યો એક કરાર નહીં ત્રુટે,
સી અકલાંમણ છે રે લખ્યાં કયમ કરી છુટે. ૪૨૯
મુકયા શ્રી ગોવીંદજી જમણે પાશે,
તુલશી વાલી હેમની ડાબે ત્રાંશે. ૪૩૦
વાલી બેઠી ભોમ થયા ઠાકોર હલવા,
તોલાયા શ્રી રણછોડ બ્રાહ્મણને છલવા. ૪૩૧
કાપી લીધા હાથ પાકા લેખ કરી,
બસે ગાઉ ધુલ ફાકી પેટ ભરી. ૪૩૨
કાઠી કાબા વીપ્ર વગડે અથડાયા,
દીઠા શ્રી ભગવાંન નીર્મલ થઈ કાયા. ૪૩૩
એન્હાં પગલાં પુજ્ય સાંભલજો ભાઈ,
હરિનીદા પ્રતક્ષ ગુગલીયે ગાઈ. ૪૩૪
એન્હી દોલત તાત મા બંદે અટકયાં,
એન્હી દોલત ભ્રાત ઝટ કંસે પકડયાં. ૪૩૫
એન્હી દોલત બેહેન વીજલી થૈ નાઠી,
એન્હી દોલત ચર્ણ અડ્યાં જમુનાં ફાટી. ૪૩૬
ઉજાડયું મોસાલ માંમા દસ માર્યા,
જાદવ છપ્પન કોટી કુલના સંઘાર્યા. ૪૩૭
પાંડવ ફોઈના પુત્રને વગડે નાંખ્યા,
વીદુર સુદામો ભક્તને નીરધંન રાખ્યા. ૪૩૮

નંદ જસોદાયે પાલી મોટો કીધો,
એણે તેન્હે વ્રદ્ધપણામાંહે છેહ દીધો. ૪૩૯

તનમંનધન નવનીત લઈ ગોપી વલખાવી,
કુબજા દાસી કંસ તણી એન્હે ભાવી. ૪૪૦

દ્વસે માહાભારત રચ્યુ કૌરવને માર્યા,
નીરગુણ એ ગુણહીન વેદથકા હાર્યા. ૪૪૧

જલમાં ઉચકી ઉચકી સર્વનો જીવ રહ્યો,
ત્રાંસ તુલશીવાલી વાલ પ્રમાંણ થયો. ૪૪૨

પાખંડી મોટો મંનમાંહે ખોહાઈ દર પેડી,
પુજા કરીને ફુલ પાંમ્યા ભાઈ. ૪૪૩

પરમેશ્વરના ઢંગ આ આંખે જોયા,
આપ ભલા રણછોડ કહી ગુગલી રોયા. ૪૪૪

નીદાસ્તુતી ગુણદોષે પ્રભુ રલીયાત થયા,
કરૂણાસીંધુ દયાલ ગુગલી સમીપ ગયા. ૪૪૫

પ્રસારા ભુજ ચાર નીજ હૈડે ચાંપ્યાં,
નેત્રકમલ જલપુર અક્ષય વર આપ્યાં. ૪૪૬

બોલ્યા વદન પ્રસંન પ્રાંણ તમ્હો માહારા,
જન્મ ઘણા જુગ જુગના પ્રાચીન પુજારા. ૪૪૭

વીપ્ર સદા ભુદેવ વેદ તણી કાયા,
આવ્યો ભક્તી નીમીત્ય હુ તમો દુભાયા. ૪૪૮

તમથી ત્રીવીધ સ્વરૂપ કેમ મુકું માયા,
બ્રંહ્મ મુખે ભોજંન શિવવીષ્ણુ ધાયાં. ૪૪૯

બ્રાહ્મણ હસ્તે દ્રીવ્ય તે અમ્હને પોહોંચે,
ન કરે દ્રીજને દાંન દરિદ્ર સંઘે સોછે. ૪૫૦

ન કરો તમો નૈવેદ્ય કસી પુજાપાત્રી,
એકાદશી માહાદેવ મુન્હે શિવરાત્રી. ૪૫૧

બ્રાંહ્મણનો અવતાર તે ભંડાર ભરે,
જગ્ન દાંન મુખે મંત્ર ધર્મની વૃદ્ધિ કરે. ૪૫૨

કહું ગુહ્યની વાત તમ્હો લેજો સમઝી,
ગુપ્ત સેવંત્રી વાક્યમાં હું ત્રીકમજી. ૪૫૩

ત્રીકમ રૂપનીધાંન ભુપલ્લ વેસારો,
ગુંણસાગર કલજુગમાંહે તેન્હો વારો. ૪૫૪

તમ્હારા ભંડાર અખુટ ત્રીકમજી ભરસે,
ભક્તવછલ ભગવાંન ભલો અમલ કરસે. ૪૫૫

ધંન ધાન્ય પશુ પુત્ર તમ્હને અનુસરશે,
તે દૈવત છે ઉગ્ર દરિદ્ર દુખ હરસે. ૪૫૬

રાખો મંન સંતોષ વરતો આંનંદે,
એમ કીધો ઉપદેશ શ્રીનંદાનંદે. ૪૫૭

ભકતાંણીની વેણુ લો સીધી થાશે,
એ થૈઈ છે અહ્મ તુલ્ય તે રાખો પાસે. ૪૫૮

જેન્હી પાસે વેણુ તે અમ્હ તુલ્ય થયાં,
ગુગલી કેહે માહારાજ કીધી પુર્ણ દયા. ૪૫૯

ભકત તથા ભગવાંન તમ્હો સુખે રાજ કરો,
ગુગલી ત્રીકમ કૃષ્ણ જુવાનથી ભકતી ધરો. ૪૬૦

પ્રગટ કૃષ્ણ ચરિત્ર ગંગાયે દીઠા,
શ્રવણ મંન સંતોષ મુન્હે લાગ્યા મીઠા. ૪૬૧

ગંગાહસ્તે વેણુ આપી વીદાય કીધા,
હરિમુખ બોલના માધવ અમ્હો લાભ લીધા. ૪૬૨

રૂદય થયુ ઘણુ મગ્ન સાક્ષાત્કાર થયો,
તાપ ભય સંતાપ કાંમ ક્રોધ ગયો. ૪૬૩

પુત્રતણા અપરાધ માતપીતાને નથી,
નીંદા કીધી હો નાથ ન થઈ બ્રંહ્મસ્તુતી. ૪૬૪

ફરિ આવશું ડાકોર પ્રભુના દરશણને,
દાસ ઉપર દયા ઘણી શ્રી કરૂણાધનને. ૪૬૫

કાબાને કેહે નાથ પાતક માં કરશો,
કલજુગમાંહે સધ્ય સ્થાનક પરહરશો. ૪૬૬

વલાવો દેઈ વીશ્વ પ્રતીપાલો જાત્રા,
ભુલીચુકી લુટ પ્રભા તમને માત્રા. ૪૬૭

જેય જેય શ્રી રણછોડ કહી ગુગલી ચાલ્યા,
સંતોષા રૂદયે હરીયે હાથે ઝાલ્યા. ૪૬૮

ગંગાચે ઠાકોર ડાકોરમાંહે સ્થાપ્યા,
દરશંન મંગલરૂપ અક્ષય વર આપ્યા. ૪૬૯

બાર શતક પર બાર વીક્રમનો શક જે,
પુન્મા કાર્તિક શૂકલ પંચક ભીષ્મ જે. ૪૭૦

સુરગુરૂ વાસર વીપ્ર પુરોહીત ઈંદ્રિતણો,
ડાકોરમાંહે શ્રી ક્રષ્ણ રહા જસકીર્તિ ભણો. ૪૭૧

વર્ત્યો જય જયકાર ભવનો રોગ ગયો,
શ્રોતાવક્તા ધંન્ય અતિ આનંદ થયો. ૪૭૨

બોડાંણાનુ ચરિત્ર જે જંન સાંભલશે,
તેન્હે શ્રી રણછોડ ભાવ થકી મલશે. ૪૭૩

ધંન ધાંન્ય પશુ પુત્ર સુખ સંપત્ય વદ્ધી,
ડાકોરની યાત્રા કરે અષ્ટમ દે સીદ્ધી. ૪૭૪

કલજુગમાંહે કીર્તન કરો ભજો કરૂણાસીંધું,
રામનાથ કવીજંન જગનેશ્વર બંધુ. ૪૭૫

ગોવાસી હરિદાસ શ્રીહરિ આશાના,
જજુર્વેદી વીપ્ર ક્ષેત્ર પ્રકાશાનાં. ૪૭૬

આગ્ના શ્રી રણછોડજીનુ ચરીત્ર ગાયુ,
જેન્હુ જશ જગમાંહે ત્રૈલોકયે છાયુ. ૪૭૭

સમત અષ્ટાદશશત-પંચવીસ વિક્રમનો,
ભગવત ગીતામાંહે વીભુતીનો મહીનો. ૪૭૮

કૃષ્ણપક્ષ એકાદશી વૈષ્ણવનું વ્રત જે,
કૃષ્ણકથા સંગીત જાગ્રતા ભક્તી ભજે. ૪૭૯

વાસર રવીસુત વીરક્ષેત્ર નૃસીંવ્હતણુ,
સંપુર્ણ થયુ આક્ષાંન ચરીત્ર રસીક ઘણુ. ૪૮૦

ઈતિ શ્રીડાકોરનીવાસી રણછોડજીનું આક્યાંન રામનાથકૃત સંપુર્ણ.

સ્વત ૧૯૪૬ના ચૈત્ર વધ ભૃગુવાર હસ્તાક્ષર કલ્યાંણુરાય રાવજીભાઈ શીબંદી બક્ષી ॥ શુભં ભવતુ ॥

# લોક-ધર્મોમાં "જપમાળા" અને સંક્ષિપ્ત સાંકેતિક મંત્રો

ચંદ્રમૌલિ મજમુદાર

माला तो मनकी भली मनका मनका फेर।—कबीर

## પ્રાચીન અલંકારોમાં માળાનું સ્થાન :

માનવજાતને કુદરતની વસ્તુઓનો આભૂષણ તરીકે ઉપયોગ કરવાનો વિચાર પહેલાં ક્યારે આવ્યો હશે તે કહેવું અઘરું છે. કુદરતમાં દેખાતાં વૃક્ષ, લતા, પત્ર, ફૂલ વગેરેનો ઉપયોગ માત્ર ક્ષણિક થતો હોવાથી, એ પદાર્થોનો આકાર જરા લાંબો વખત જોવા અને વાપરવા મળી શકે તેવા હેતુથી સ્ત્રીપુરુષના હાથ, પગ, કાન, ગળું, કમર વગેરે અવયવોને આવાં આભૂષણોથી વિશેષ શોભાવવાની વૃત્તિ જન્મી હોવી જોઈએ. આભૂષણોને તેથી જ 'અલંકાર' કે 'અલંકરણ' કહે છે.

## સિંધુ સંસ્કૃતિના અવશેષો :

ભારતમાં આભૂષણોના પ્રાચીનતમ નમૂના, સિંધુતટ સંસ્કૃતિ બતાવનારી "મોહેન-જો-દડો"નાં ખંડેરોમાંથી પુરાતત્ત્વવેત્તાઓએ પ્રાપ્ત કર્યા છે. આ અલંકારો, લાકડાના કે પકવેલી માટીના, પથ્થરના, ધાતુના કે સોનાના મળ્યા છે (ચિત્ર ૧). આ પ્રાચીન અલંકારોમાં, ગળે પહેરવાની કંઠમાળાઓનો એક વિશિષ્ટ પ્રકાર છે. લોકોમાં પળાતા અનેક ધર્મો સાથે તેનો સંબંધ શો છે, તે હવે જોઈએ.

## જપમાળા એટલે શું ? :

'જપ' માટેની માળા તે 'જપમાળા' એવો સામાન્ય અર્થ થાય છે; પરંતુ એ જપ કોનો ? શા માટે ? અને કયાં સાધન-દ્વારા કરવામાં આવે છે ?—આવા કંઈક કંઈક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. દુનિયાના દરેક ધર્મમાં પ્રાચીનકાળથી જપમાળા વપરાતી આવી છે. ભાવિક ભક્તોનું અને સંત પુરુષોનું એ અણમૂલું ધન છે, અને ઈશ્વર-પ્રાપ્તિ માટેનું સ્થૂલ સાધન છે. ગીતામાં કહ્યા પ્રમાણે, બધા યજ્ઞોમાં 'જપયજ્ઞ' એ પ્રભુની વિભૂતિ છે અને તેથી તે શ્રેષ્ઠ છે.

જપમાળાના સંબંધમાં લોકોના મનમાં અસલી ભાવના કેવી હતી, અને તે ઉપર આચાર તથા રૂઢિના કેવા કેવા થર પાછળથી જામતા ગયા; તેમ જ દેશપરદેશમાં અને જુદા જુદા ધર્મમાં તથા સંપ્રદાયમાં આ જપમાળાએ કેવું સ્થાન મેળવ્યું છે, તે જાણવું રસપ્રદ થઈ પડે તેમ છે.

## જપ-સંખ્યાની ગણત્રીનું માટે સાધન :

રોજના ધાર્મિક કાર્યક્રમમાં જપમાળા પ્રચલિત થઈ, તે પહેલાંના સમયમાં, વેદની ઋચાઓના અધ્યયનનો કાળ આવે છે. એ વેદના મંત્રોને, ગાઈને કંઠસ્થ કરવામાં આવતા



ચિત્ર ૧

માળા–મોહેન જો દડોનું આભૂષણ

હતા. સમય જતાં, તેને કંઠસ્થ કરતી વખતે ધાન્યના કણથી ભરેલો એક પત્રપુટ (પડીઓ) સન્મુખ રાખવામાં આવતો, અને બીજા ખાલી રાખેલા દ્રોણ-પત્રપુટ-પડીઆ-માં એક પછી એક ધાન્યના કણ પ્રત્યેક મંત્રના પાઠ પછી, મૂકવામાં આવતા; એ રીતે ધાન્યના કણની સંખ્યા ઉપરથી, પાઠની સંખ્યાને ગણી લેવામાં આવતી.

### લાંબા મંત્રોના જપનો પ્રશ્ન :

આ તો ટૂંકા મંત્રોની વાત થઈ. પરંતુ કેટલીક લાંબી પ્રાર્થનાઓ—જે પ્રત્યેક સપ્તાહમાં નક્કી કરેલા દિવસે અથવા તો દિવસમાં અમુક વાર રોજ બોલવામાં આવતી; તે માટે ઘણો સમય લાગતો, અને સામાન્ય લોકોને આવી પ્રાર્થના યાદ પણ રહેતી નહીં. આ કારણસર, જનસેવા-પરાયણ ધર્મગુરુઓએ ટૂંકી, અને યાદ રાખવી સહેલી પડે તેવી, પ્રાર્થનાની યોજના કરી જે બોલવાથી, પેલી લાંબી પ્રાર્થના બોલ્યા જેટલું પુણ્ય ભાવિકને પ્રાપ્ત થઈ શકે. દેવોનાં 'સહસ્રનામો' આવા ઉદ્દેશથી જ ભેગાં કરવામાં આવતાં હશે એમ લાગે છે.

### મંત્રના આદ્યાક્ષરો :

સમયના વહેણની સાથે આટલી નાની પ્રાર્થનાઓ પણ, ભાવિક છતાં અભણ એવા જનસમાજને, યાદ કરવી અઘરી પડવા લાગી. પરંતુ આ પરિસ્થિતિથી ધર્મગુરુઓ હિમ્મત હાર્યા નહીં. તેમણે આખી પ્રાર્થનાના પહેલા અક્ષરોને ઊંચકી લઇ તેના 'મંત્રો' બનાવ્યા, અને એવા આદ્યાક્ષરનો જાપ કરવાથી આખી પ્રાર્થનાનો જાપ કર્યા જેટલું પુણ્ય મળશે, એમ આ ભાવિક લોકો માનવા પણ લાગ્યા.

### હિંદુ ॐ કાર :

જેમ કે 'ॐ' (अ+उ+म्) બોલવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર (શિવ)—એમ ત્રણે દેવોનું એક સાથે સ્મરણ થઈ જાય છે; વળી આ શબ્દ મંગલવાચક હોવાથી, તેને પ્રત્યેક મંત્રમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

### ખ્રિસ્તી 'પેટર નોસ્ટર' :

આનું બીજું ઉદાહરણ લઈએ : ખ્રિસ્તી પ્રાર્થનાનો—'PATER NOSTER' શબ્દ છે. પ્રાર્થનાના પહેલા શબ્દને ઉદ્દેશીને 'ROSARY' શબ્દ કેવી રીતે પ્રચારમાં આવ્યો તે માટે તે ધર્મમાં, એક રસિક આખ્યાયિકા છે :

### ખ્રિસ્તીઓની 'ગુલાબની માળા' અથવા 'રોઝરી'—આખ્યાયિકા :

એક નાનો બાળક હતો, નિર્દોષ અને ભક્તિઘેલો. કુમારી 'વર્જિન-મેરી-' ભગવાન ઈસુની માતાની મૂર્તિ માટે ફૂલમાળા ગૂંથવામાં તેને ખૂબ આનંદ આવતો. જાતજાતનાં ફૂલમાંથી, ખાસ કરીને ગુલાબ–ROSE–એને માળા માટે બહુ ગમતાં; એ ગુલાબનાં ફૂલની માળા એ ગૂંથતો, અને જગન્માતા મેરીને પહેરાવતો.

બાળક મોટો થયો ત્યારે દેવળમાં વ્રતસ્થ સાધુ થઈને રહેવા લાગ્યો. તે વખતે એને જાણીને દુઃખ થયું કે, "હવે સાધુના વેશમાં, તેનાથી મેરી માટે આવી માળા ગૂંથવાનું નહીં બની શકે!"

### સ્થૂળ ગુલાબને બદલે પ્રાર્થનાની માળા :

એક વૃદ્ધ સાધુને તેણે પોતાના મનની મૂંઝવણ કહી. પેલા વૃદ્ધે તેને દિલાસો આપતાં કહ્યું—"ભાઈ, તું આ સાધુ-વેશમાં ફૂલની માળા ચઢાવી ન શકે, તો કાંઈ વાંધો નહીં; તેને બદલે

તું 'AVE-MARIA', એ પ્રાર્થનાને ૫૦ વખત બોલી જજે, અને ફૂલની માળાને બદલે, આ પ્રાર્થનાની માળાને, માતા મેરીને ચરણે ધરજે. એ તારા મનની વાત સમજી જશે, અને તારી માળાની ભેટનો, એ બરાબર અંગીકાર કરશે"—પેલા નવા નવા છતાં ભાવિક સાધુએ, આ સૂચના બરાબર શ્રદ્ધાપૂર્વક પાળી. (ચિત્ર ૨)



ચિત્ર ૨

રોઝરીઃ ગુલાબની માળા (ખ્રિસ્તી)

## મંત્રોનું માળામાં રૂપાન્તર :

એક વાર એવું બન્યું કે આ સાધુને યાત્રાએ જવાનું થયું; અને રસ્તામાં તેને લૂંટારા મળ્યા. લૂંટારા તેને ઘેરી વળ્યા. પણ એ જેવા તેના ઉપર હુમલો કરવા જાય છે, તેવો પેલો સાધુ, તો માતા મેરીને સંભારતો સ્થિર ઊભો રહ્યો છે! અને પોતાને મોંએથી માતા મેરીની પ્રાર્થના, રોજની ટેવ પ્રમાણે બોલી રહ્યો છે.

લૂંટારાના આશ્ચર્યની વચ્ચે, સાધુના મુખમાંથી ઝરતી એક પ્રાર્થના, ગુલાબના ફૂલ રૂપે દેખાય છે; અને કોઈ અલૌકિક દેવીનો આકાર તે ફૂલને ઝીલી રહ્યો છે! એ દિવ્ય માતા મેરીના હાથમાંના આ ગુલાબો,–'માળા'–ROSARY–રૂપે ગૂંથાઈ ગયેલાં છે! તે જોઈને લૂંટારાની બુદ્ધિ એકદમ બદલાઈ ગઈ. તેમણે સાધુની ક્ષમા માંગી; અને તે પછી જીવનનો સાચો રાહ તેમણે લીધો. જપમાળાના અંગ્રેજી નામ–ROSARY–રોઝરી–નો આવો કંઈક રસિક ઇતિહાસ છે.

ખ્રિસ્તીઓની માળાના મણકાની સંખ્યામાં કેટલોક ફેર છે. તે માળા ૧૫૦ ગુલાબની બનેલી હોય છે, અને તેને 'પેટર નૉસ્ટર' કહે છે. આ માળા પ્રત્યે ભક્તોનો ભાવ વધવાથી મિશનરીઓએ તેના નામથી વડોદરામાં જ એક 'રોઝરી' નામની હાઈસ્કૂલ વર્ષોથી સ્થાપન કરેલી છે.

## શૈવોની "રુદ્રાક્ષમાળા" :

'અગિયાર રુદ્ર'ના સ્મરણમાં, ૧૧ મણકાની રુદ્રાક્ષની માળા શૈવો રાખે છે. 'રુદ્રાક્ષ' એ એક ઝાડનાં બીજ છે. તેનો ખરબચડો આકાર સમજાવવા માટે વળી એક આખ્યાયિકા છે:

દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં અપમાનિત થવાથી, માનભંગ થયેલી દક્ષપુત્રી સતીએ યજ્ઞમાં પડીને દેહત્યાગ કર્યો, ત્યારે એ શક્તિના વિરહથી શિવનેત્રમાંથી જે આંસુની ધારા ચાલવા લાગી તે આંસુ પૃથ્વી પર પડીને થીજી ગયાં. તેમાંથી 'રુદ્રાક્ષ'નાં બીજ બન્યાં એમ મનાય છે. આ બીજને અંગ્રેજીમાં 'ROUGH BERRIES' કહે છે. શિવભક્તોની માળાના મણકાની સંખ્યા ૬૪ની છે. કદાચ 'ચોસઠ યોગિનીઓ'ના સ્મરણમાં આ સંખ્યા નક્કી થઈ હોય એવો સંભવ છે. (ચિત્ર ૩)

## વૈષ્ણવોની "તુલસીમાળા" :

વિષ્ણુને વહાલી એવી પવિત્ર વૃન્દાના અથવા તો તુલસીના કાષ્ઠમાંથી બનેલા મણકાની માળા વૈષ્ણવો રાખે છે અને તેનો 'જપમાળા' તરીકે ઉપયોગ કરે છે. આ 'તુલસી સાથેનો વિવાહ' પ્રત્યેક કારતક સુદ અગિયારશે ઉજવાય છે. વૈષ્ણવોની આ જપમાળાના ૧૦૮ મણકા હોય છે. (ચિત્ર ૪)

## જૈનોની "નવકારવાળી" :

જૈન ધર્મના અનુયાયીઓ પણ ૧૦૮ મણકાની માળા રાખે છે. આ મણકાને 'પારા' પણ કહે છે. તેમની માળાના મણકા-પારા સુખડના, સૂતરના અથવા તો ચાંદીના બનેલા હોય છે.



ચિત્ર ૩ રુદ્રાક્ષમાળા (શૈવ)



ચિત્ર ૪ તુલસીમાળા (વૈષ્ણવ)

જૈનોની માળાને 'નવકારવાળી' પણ કહેવામાં આવે છે. 'નવકાર'નો જાપ (सं. 'नमस्कारम्.' प्रा.—'नमो क्कारो', તે ઉપરથી 'नवोक्कार'-'नवकार'-) એટલે અરિહંત, સિદ્ધ, ઉપાધ્યાય, સાધુ અને સર્વસાધુને નમસ્કાર તેમાં કરવામાં આવે છે. તેથી તેને એ નામ આપ્યું છે. આ નવકારવાળીનો મંત્ર આ પ્રમાણે છે.:

નમો અરિહંતાણું,
નમો સિદ્ધાણું,
નમો આયરિયાણું,
નમો ઉવજઝાયાણું,
નમો લો એ સવ્વ સાહૂણું,
એસો પંચન મુક્કારો.
સવ્વ પાવપ્પણા સણો,
મંગલાણું ચ સવ્વેસિં.
પઢમં હવઈ મંગલં.

આ નવ લીટીઓ છે. દરેક લીટી 'પદ' કહેવાય છે. નવે પદો મળીને 'નવકારમંત્ર' થાય છે. આ નમસ્કારને યોગ્ય પાંચ પૂજ્યોને 'પંચ પરમેષ્ઠી' પણ કહે છે. તેમાં પરમેષ્ઠીના ૧૨, બીજાના ૮, ત્રીજાના ૩૬, ચોથાના ૨૫ અને છેલ્લા પાંચમાના ૨૭-'ગુણો'-ની ગણના થાય છે, તેથી જૈનોની માળાના મણકા આ ગુણની ગણના રૂપે, સંખ્યામાં ૧૦૮ હોય છે. આમ 'નવકારવાળી'નો જાપ કરવાથી પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધર્યાનું ફળ મળે છે, અને સાથે સાથે સમયનો પણ બચાવ થાય છે. (ચિત્ર ૫)

### માળાના ૧૦૮ મણકા :

નક્ષત્રમાળાની સંખ્યા : એક કલ્પના પ્રમાણે બ્રહ્માંડમાં પ્રકૃતિના નિયંત્રણથી ચાર દિશાઓથી ગુણતાં તેની સંખ્યા ૧૦૮ થાય છે. તે કલ્પના પ્રમાણે જપમાલાની સંખ્યા પણ ૧૦૮ આપવામાં આવી છે. આ નક્ષત્રમાળાના પ્રત્યેક નક્ષત્રના ૪ ચરણ ગણવામાં આવે છે. તેને ધ્યાનમાં લેતાં પણ ૨૭ × ૪ એટલે ૧૦૮ની સંખ્યા પ્રાપ્ત થાય છે.

### માળાનો મેર ( સુમેરુ ):

માળાની બન્ને બાજુના છેડાને ભેગા કરવાથી જે એક સ્થાન બને છે તે સ્થાનના મણકાને 'મેર' અથવા 'સુમેરુ' કહેવાય છે. આ 'સુમેરુ' શબ્દ, બ્રહ્માંડની નક્ષત્રમાળાના બંને છેડા જ્યાં મળે છે, તે સ્થાન 'સુમેરુ-પર્વત' ઉપરથી લેવામાં આવ્યો છે. ચીચૂડાનો એક છેડો, બાજુએ જેવી રીતે એક ખીલી ( પીવેટ ) પર સ્થિર રહે છે અને બીજો છેડો, ચારે તરફ વર્તુળાકાર ફરે છે, તેવી જ રીતે નક્ષત્રમાળાનો પણ એક કિનારો ધ્રુવની તરફ સુમેરુ માફક ખીલી પર સુસ્થિર છે અને બીજી બાજુ પૂર્વથી પશ્ચિમની તરફ ઘૂમે છે. ધ્રુવ અને તેના અબ્બદ્ધ ધ્રુવાક્ષ નામના બંને તારા અને સપ્તર્ષિ મંડળના સાત તારાઓના પરિક્રમણથી આ વાત સહેજે સમજી શકાય છે.



ચિત્ર ૫
નવકારવાળી (જૈન)

## અહોરાત્રમાં મનુષ્યના શ્વાસોચ્છવાસની સંખ્યા :

બીજી કલ્પના પ્રમાણે એક અહોરાત્ર( દિવસ અને રાત )માં મનુષ્યના શ્વાસોચ્છવાસની સંખ્યા ૨૧,૬૦૦ની થાય છે. દિવસના ચોવીસ કલાકમાંથી મનુષ્યનો અડધો સમય લોકવ્યવહાર એટલે ખાન, પાન, શયન વગેરેમાં વ્યતીત થાય છે. પરમાર્થસાધનાના સમયને બાદ કરતાં શ્વાસોચ્છવાસની સંખ્યા ૧૦,૮૦૦ની થાય છે. આ જ સમય ખરા તત્ત્વચિંતનમાં વીતે છે.

શાસ્ત્ર-વિધિ અનુસાર પ્રત્યેક શ્વાસમાં એક મંત્ર જપાય તો, ૧૦૮ની માળામાં ૧૦૮ વખત એ મંત્રનો જાપ થાય છે. એકાગ્રતાથી કરેલા અને એ રીતે સાર્થક બનેલા એક શ્વાસનું ફળ સો ગણું મળે છે એમ મનાય છે. આ રીતે એક માળાના ૧૦૮ મણકા દ્વારા કરેલા જપનું ફળ પણ સો ગણું એટલે કે ૧૦૮×૧૦૦=૧૦,૮૦૦ જેટલું થાય છે. આ રીતે ૧૦૮ મણકાની સંખ્યાનો ખુલાસો મળી રહે છે.

## સંવત્સરના મુહૂર્તની અને વેદની ઋચાની સંખ્યા :

જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે એક સંવત્સરના ૧૦,૮૦૦ મુહૂર્ત હોય છે અને તેટલી જ વેદની ઋચા યુગ્મ છે. મનુષ્યનું આયુષ્ય પૂરા ૧૦૦ વર્ષનું ગણાય છે. આ સો વર્ષના આયુષ્યની સંખ્યા વડે, મુહૂર્તની સંખ્યા ૧૦,૮૦૦ ભાગવાથી ૧૦૮ ભાગ આવે છે. તેથી પણ રોજ ઓછામાં ઓછા ૧૦૮ જપ કરવાથી બધી વેદ ઋચાઓનો પાઠ સંપન્ન થાય છે. આ રીતે પણ ૧૦૮ની સંખ્યાનું મહત્ત્વ સમજાવવામાં આવે છે.

આ ઉપરથી સમજાશે કે સૃષ્ટિ અને પ્રલયના ગહનતળ રહસ્યથી ઓતપ્રોત એવી માળાની આ સંખ્યા સાધકને બ્રહ્મ-સાયુજ્યનો અધિકારી બનાવે છે. બીજી રીતે કહીએ તો વિશ્વકુંજ બ્રહ્મરૂપી સૂત્રમાં પરોવાયેલ માળા છે. સચ્ચિદાનન્દમય બ્રહ્મ એ જ સુમેરુસ્વરૂપ છે, અને તેનાથી જ આરંભ અને સમાપ્તિનો બોધ થાય છે. આ પ્રકારે આધ્યાત્મિક દૃષ્ટિએ "જપમાળા"નું મહત્ત્વ પંડિતોએ પ્રતિપાદન કરેલું છે.

## મુસ્લિમોની 'તસ્બીહ' :

ઈસ્લામી ધર્મમાં જપમાળાને 'તસ્બીહ' કહે છે. તે લીલા અથવા લાલ રંગના અકીકના ૧૦૮ મણકાની બનેલી હોય છે. "સુભાન અલ્લાહ"ની યાદ તે વડે કરવામાં આવે છે. ધર્મના કેવલ બાહ્યાચારને વખોડી કાઢતા સૂફી સંતોએ કહ્યું છે કે: 'મુસલ્લા ફાડ, તસ્બીહ તોડ, કિતાબે ડાલ પાનીમેં". ( ચિત્ર ૬ )

## પારસીઓની 'તસ્બીહ' :

જરથુસ્તી ધર્મના અસલ ઈરાની એવા પારસીઓની જપમાળાની બાબતમાં ફેર માત્ર એટલો છે કે તેમની માળા કાચના મણકાની બનેલી હોય છે, અને તેની સંખ્યા પણ ૧૦૮ મણકાની હોય છે. તેને માટે અરબી શબ્દ 'તસ્બીહ' જ પ્રચારમાં છે.



ચિત્ર ૬
તસ્બીહ (મુસ્લિમ)

**બૌદ્ધોની માળા 'ટૅન્ગા':**

બૌદ્ધધર્મીઓની જપમાળા ૧૦૮ હાથીના દાંતના મણકાની હોય છે. તેને 'ટૅન્ગા' કહે છે. "ॐ मणिपद्मे हूम्।"—એ મંત્રનો જાપ માળાની મદદથી થાય છે. પરંતુ આ જપમાં સરળતા અને ઝડપ લાવવા માટે બૌદ્ધ ભિક્ષુઓએ એક ચરખા જેવા યંત્રની કરામત શોધી કાઢી છે. તેને અંગ્રેજીમાં 'PRAYER-WHEEL-પ્રેઅર વ્હીલ-કહે છે.

**પ્રાર્થના માટે ચક્રયંત્રની યુક્તિ:**

સુતર ભરવાના ફાળકા જેવો જ, એક ગોળ ચરખો આ હોય છે. આ યંત્રનું એક ચક્કર ફરે છે, તેની સાથે એક માળા પૂરી થઈ ગણાય. એ ચક્કર પર ૧૦૮ વખત "ॐ मणिपद्मे हूम्।"-શબ્દો લખેલા હોય છે. એ ચક્રનું એક આવર્તન કરવાથી, એ મંત્ર ૧૦૮ વખત જપાઈ ગયો, એમ મનાય છે. દરેક બૌદ્ધ સાધુ આવું યંત્ર હાથમાં રાખીને જ ફરે છે. સિલોનના બૌદ્ધોની માળાના મણકા, નારિયેળની કાચલીમાંથી બનાવવામાં આવે છે. (ચિત્ર ૭)

* * *

**મંત્રમાં અક્ષરોની સંખ્યાનું મહત્ત્વ:**

જપમાળાની મદદથી જપાતા મંત્રોનું વૈવિધ્ય રસ પડે તેવું છે. મંત્રના અક્ષરોની સંખ્યા ઉપરથી યે, કેટલાક મંત્રો નિજ નિજના ધર્મમાં અથવા સંપ્રદાયમાં પરિચિતપણે સંભારવામાં આવે છે. શિવના ભક્તોનો "नमः शिवायः।" 'પંચાક્ષરી' કહેવાય છે.



ચિત્ર ૭

ચક્રયંત્ર (બૌદ્ધ)

વૈષ્ણવોનો "श्रीकृष्णः शरणं ममः।" 'અષ્ટાક્ષર' મંત્રથી જ ઓળખાય છે, અને નારદે બાળક ધ્રુવને તપ કરતાં કરતાં ઇશ્વરને સંભારવા માટે "ॐ नमो भगवते वासुदेवाय।" એ બાર અક્ષરનો 'દ્વાદશાક્ષર' મંત્ર આપ્યો હતો.

સ્તોત્રોમાં અને મંત્રોમાં અક્ષરની સંખ્યાનું મહત્ત્વ કેટલું બધું છે તે આ ઉપરથી ધ્યાનમાં આવે તેવું છે. 'शिव-महिम्न'ની સ્તુતિ 'महिम्नः पारं ते।'-થી શરૂ થાય છે. દુર્ગાદેવીની પ્રાર્થના 'शक्रादय स्तुति' તેના આરંભના શબ્દ—નામથી ઓળખાય છે—'शक्रादयः सुरगणा निहतेऽतिवीर्ये' વગેરે.

## ભિન્ન પદાર્થોની જપમાળા:

જ્યોતિષદષ્ટિએ ગ્રહપીડાના નિવારણ માટે જુદા જુદા રંગની, જુદા જુદા પદાર્થની અને જુદી જુદી સંખ્યાના મણકાની માળા દ્વારા જપ કરાય છે. આમ કરવાથી તે તે ગ્રહની પીડામાંથી શાંતિ અનુભવાય છે, એમ મનાય છે.

## 'કેરબા'ના મણકા :

જે જે પદાર્થોમાંથી માળાઓ બનાવવામાં આવે છે, તેમાં 'કેરબો' નામનો પદાર્થ યાદ કરવા જેવો છે. હજારો વર્ષ પહેલાં, પાઈનના ઝાડમાંથી 'રેઝીન' નામનો ગુંદર-રસ જેવો પદાર્થ ઝરતો હતો. એ રસ સૂકાઈને સખત બની જતો; અને નાના મોટા ટુકડાઓના રૂપમાં, જંગલોમાં તે ઢગલાબંધ પડી રહેતો. ભૂસ્તરશાસ્ત્રીઓનું કહેવું છે કે સમયના પરિવર્તન સાથે જળ ત્યાં સ્થળ અને સ્થળને ઠેકાણે જળના સમુદ્ર નિર્માણ થઈ ગયા છે. આ ફેરફારોને અનુસરીને, કેરબાના ઠરી ગયેલા રસનો જથ્થો ઘસડાઈને સાગરમાં સમાયો.

'કેરબા'ની મુખ્ય પેદાશ દક્ષિણ બાલ્ટિક સમુદ્રના કિનારા પર થાય છે. પુંટ (સોમાલીલેંડ) પાસેથી એ પુષ્કળ પ્રમાણમાં નીકળે છે. સમુદ્રની ભરતી વખતે દરિયાનાં વિશાળ મોજાં દ્વારા કેરબાના નાનામોટા ટુકડા કિનારે ખેંચાઈ આવે છે. જ્યારે ઓટ થાય છે ત્યારે કેરબા ખોળનાર માણસો રેતીમાંથી કેરબા ખોળી કાઢે છે; અને વેપારીઓ તેની કિંમત આંકી, તેની ખરીદી કરે છે. કેટલીક વાર વીસ શેર સુધીનો મોટો કકડો પણ મળી આવે છે. બાલ્ટિક સમુદ્રમાંથી દર વર્ષે બે લાખ પાઉન્ડથી વધુ કિંમતના કેરબા નીકળે છે. ઈ.સ.પૂ આશરે એક હજારની આસપાસ નિનેવેહ-એસિરિયાની પ્રાચીન રાજધાનીના રાજા સેના ચરીબના વખતમાં, કેરબાને ઝવેરાત ગણવામાં આવતો. આજે જેમ મોતી શોધનાર મરજીવાઓ મોતીની શોધ કરે છે તેમ તે વખતે કેરબાની શોધ કરનાર સફરી વહાણોમાં નીકળતા.

## કેરબાની માળાઓ:

આ કેરબો સ્ત્રી-શૃંગારની વસ્તુ ગણાઈ છે. કેરબાના દાણાની સુગંધીદાર માળા અરબ તથા યૂનાનની સ્ત્રીઓ પહેરે છે. યુરોપમાં પણ કેરબાનો પ્રચાર ઘણો છે. એશિયાના ઘણા દેશોમાં કેરબાની માળા બાળકોને પહેરાવવામાં આવે છે. કેરબામાં વીજળીનું તત્ત્વ-ઈલેકટ્રોન-હોવાથી, બાળકોના ગળામાં તથા હાથમાં કેરબાની માળા પહેરાવે છે. શુભ પ્રસંગોએ કેરબાની માળા ભેટ તરીકે અપાતી હતી. આ કેરબાના મણકાની જપમાળા પણ બનાવવામાં આવે છે.

## જપમાળા આભૂષણ તરીકે

આપણે આ જપમાળાથી એવા તો ટેવાઈ ગયા છીએ કે, આપણને ભાગ્યે જ થાય છે કે આભૂષણ તરીકે વપરાતી આ માળાનો 'જપમાલા' સાથે પણ સંબંધ હોઈ શકે. શરૂઆતમાં માળાને હાથમાં લઈને જવાને બદલે, લોકો ગળામાં નાખીને લઈ જતા હોવા જોઈએ; અને હવે તો આપણે જાતજાતની માળાઓ જોઈએ છીએ. 'કંઠી' પણ ઘણાં પહેરે છે, પણ તે તો કંઠમાં, ડોકમાં પહેરવાની, એટલે જ 'હાર', માળા કહેવાય છે. 'કંઠી'ના એટલાં બધાં ભિન્ન ભિન્ન આકારો અને રૂપો છે કે તે જુદા જુદા ગણવા મુશ્કેલ થઈ પડે.

ખ્રિસ્તીઓમાં ઈસુ ખ્રિસ્તના દેહત્યાગના સ્મરણમાં 'ક્રોસ'ના પ્રતીક રૂપે 'નેક-ટાઈ' પહેરવામાં આવે છે; પરંતુ તેની પાછળ રહેલી, ધર્મ ખાતર કરેલા પ્રાણાર્પણની ભાવનાની સમજ ઓછી થતી ગઈ છે. તેથી તેણે કેવળ આભૂષણનું સ્થાન લઈ લીધું છે. આ પ્રમાણે જ 'માળા'એ પણ આભૂષણનું રૂપ લઈ લીધું છે; અને તેનું ધાર્મિક તત્ત્વ લગભગ ભૂલાઈ ગયું છે. સૌથી પહેલાં, માળા માટે થોડા સમય માટે જ તાજાં રહેતાં એવાં ફૂલ વપરાતાં હશે; અને ધીમેધીમે, બીજી ટકનારી વસ્તુઓ વપરાશમાં આવતી ગઈ; અને હવે તો લોકો પોતાની સ્થિતિ પ્રમાણે માળાની વસ્તુઓમાં અને તેનાં સાધનોમાં મનગમતો ફેરફાર કરે છે.

આપણો હિંદી શબ્દ 'માલા' છે, અને તેથી એ શબ્દ સાથે માળી—'GARDENER'—નો સંબંધ હોય તેમ માનવાનું મન થાય છે; કારણ કે પહેલાં માળી જ આ માળાઓ બનાવતા હતા. તે ફૂલની કે પછી તુલસી-કાષ્ઠની પણ બનતી હશે. અંગ્રેજી શબ્દ પણ—'ROSARY'—છે. જે બતાવી આપે છે કે ખ્રિસ્તી લોકો પહેલાં ગુલાબની માળા બનાવી પૂજાના ઉપયોગમાં લેતા હશે.

## જપમાલાનો જપ માટે ઉપયોગ :

જપમાલા એ મંત્રનો જાપ કરવા માટેનું સ્થૂલ સાધન છે; પરંતુ કયા લોકોના જાપ સાચા અને ખરા અંતઃકરણના હોય છે? માળા ફેરવતાં, તો માળાના મણકા ઘસાઈને લીસા બની જાય છે; અને મણકાનાં નાકાં પણ ચાલ્યાં જાય છે. પરંતુ એકાગ્રતા વગરની માળા ફેરવવાથી કંઈ અર્થ સરતો નથી. અખા ભક્તે આવા ભક્તસમાજની આકરી ટીકા કરી છે:

"તિલક કરતાં ત્રેપન વહ્યાં,  
જપમાલાનાં નાકાં ગયાં:  
તીરથ ફરી ફરી થાકયા ચરણ,  
તોય ન પહોંચ્યા હરિને શરણ,  
કથા સુણી સુણી ફૂટયા કાન,  
અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન!!"—

તેથી જ નરસિંહ મહેતાને પણ કહેવું પડયું છે કે :

"શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી?  
શું થયું ઘેર રહિ દાન દીધે?—વગેરે

બીજા સંતે બરાબર કહ્યું છે કે:—

> "માલા તો મનકી ભલી,
> ઔર કાષ્ઠકા ભારા,
> સાધુ—જનકી એક ઘડી,
> ઔર મુરખ કા જન્મારા"—

વળી બીજા કોઈએ પૂછ્યું છે:—

> "માલા બિચારી કયા કરે,
> જબ જપનેવાલા કપૂત?"—

## જપના દંભનો ટુચકો:

એક 'પ્રહસન'માં જપ કરવા બેસનાર અભણ બ્રાહ્મણો કેવી રીતે જપનું નાટક ભજવે છે તે પ્રત્યે ભારે કટાક્ષ કર્યો છે: ચાર બ્રાહ્મણો--સરખા અજ્ઞાન–એકબીજાને પોતાની મુંઝવણ જણાવે છે, અને જપમાલાના મણુકા મૂકયે જાય છે. મણુકા મૂકતાં મૂકતાં એક પૂછે છે:- "તું શું જપે? તું શું જપે?"—બીજો મણુકા મૂકતાં મૂકતાં જ જવાબ દે છે:—"તું જપું તે હું જપું, તું જપું તે હું જપું",-ત્રીજો પૂછે છે: 'આ અંધારું કયાં સુધી ચાલશે: આ અંધારું કયાં સુધી ચાલશે?"—ચોથો બ્રાહ્મણ, સાથીઓને ધારણા આપે છે—"ચાલ્યું ત્યાં સુધી ચાલ્યું, ચાલ્યું ત્યાં સુધી ચાલ્યું."—આમ કેવલ આચારરૂપ બની જતો મંત્ર-સ્મરણનો અસલી ધર્મ, મંત્રની સમજના અજ્ઞાનને લીધે, સમાજમાં નિંદાને પાત્ર બને છે. એ પણ નવી વાત નથી.

## ભક્ત કવિ નરભેરામનો પ્રસંગ:

જપમાલા સાથે પીહીજ (પીજ), ખેડા જિલ્લાના ભક્ત કવિ નરભેરામનું સ્મરણ થાય છે. કવિ ડાકોરના રણછોડરાયના પરમ-ભક્ત હતા. એક વખત એ દ્વારકા-યાત્રાએ ગયા. દ્વારકાના રણછોડરાયની યાત્રાને નિમિત્તે યાત્રાળુઓને—

> "દંડ મુંડ ને ડામ,
> એ ત્રણ રણછોડિયાનાં કામ"—

એમ યાત્રાનો કર ગોમતીસ્નાન માટે દંડરૂપે લેવાતો હતો. તીર્થમાં મુંડન કરાવાય છે અને શંખ, ચક્ર, ગદા, પદ્મની "તપ્ત-મુદ્રા" પણ આપવામાં આવે છે. જેથી યાત્રા કર્યાનું કાયમનું સ્મરણ શરીર ઉપર અંકાઈ જાય છે. સાધુઓને આ માટે કરનો માફી હતી. પરંતુ આ કર ગૃહસ્થો પાસેથી લેવામાં આવતો. ગૃહસ્થો મોટે ભાગે તપ્ત-મુદ્રા લેતા નથી; છતાં પ્રત્યેક યાત્રાળુને તેનો ભેગો કર આપવો પડે છે. આ પરિસ્થિતિમાં ભક્ત કવિ નરભેરામ પાસેથી જ્યારે કર માંગવામાં આવ્યો ત્યારે એમણે પૂર્ણ કટાક્ષભરેલું પદ રણછોડરાયને ઉદ્દેશીને ગાયું છે કે—

> "નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા;
> ગાંઠ બાંધજો તાણી રે, ધોળી ધજાવાળા".

એવું કહેનારને યાત્રા-કર આપવો પડતો નથી અને હું સાધુ જેવો જ હોવા છતાં, દેખાવે ગૃહસ્થ હોવાથી મારી પાસે કર માંગો છો, તે તમને મળવાનો નથી. ભક્ત-કવિ નરભેરામ રણછોડરાયને ઉદ્દેશીને જ કહે છે, "પ્રભુ, હરિ હરિ જપમાલા!"—અહીં પ્રભુને પણ 'હરિ હરિ'ની જપમાલા જપવાનું કહેનાર હરિભક્તની વાણીમાં તેની ઊંડી નિષ્ઠાનો રણકો સંભળાય છે.

## નવા યુગના સૂક્ષ્મ મંત્રો :

જપ, મંત્ર અને તે માટેની જપમાલા—એ બધું નવા યુગને જૂનવાણી લાગવા સંભવ છે; પરંતુ કહેવાય છે કે નવો યુગ, જૂના યુગની ભસ્મમાંથી જ ઊભો થાય છે: લાંબી લાંબી પ્રાર્થનાઓને બદલે, તેની માત્ર શરૂઆતનો શબ્દ રાખીને, અનેક જપમંત્રો બનેલા હોય છે. આપણો નવો યુગ પણ નવાં નવાં 'રાજ્યો', નવા નવા 'સંઘો' અને નવી નવી 'વસ્તુઓ' માટે પહેલાં લાંબા લાંબા નામથી શરૂઆત કરે છે; પછી તેના આદ્યાક્ષરોને સંભારી, ટૂંકા ટૂંકા, હુલામણાં નામ બનાવીને, વ્યવહાર કરે છે.

જેમકે યુ.કે. (યુનાઈટેડ કિંગડમ), યુ.એસ.એ. (યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા), યુ.એસ.એસ.આર. (યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ સોવિયેટ રશિયા) જેવાં મહારાજ્યો: યુ.એન.ઓ. (યુનાઈટેડ નેશન્સ ઓરગેનાઈઝેશન), યુ.એન.ઈ.એસ.સી.ઓ. (યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિકલ સોશ્યલ ઍન્ડ કલ્ચરલ ઓરગેનાઈઝેશન્સ), યુ.એન.આઈ.સી.ઈ.એફ. (યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ એજ્યુકેશનલ ફંડ), ડબ્લ્યુ.એસ.ઓ. (વર્લ્ડ હેલ્થ ઓરગેનાઇઝેશન), આઈ.એન.ટી.યુ.સી. (ઇન્ટરનેશનલ ટ્રેડ યુનિયન કમિટી).

જનસંઘો—વાય.એમ.સી.એ. (યંગ મેન્સ ક્રિશ્ચ્યન એસોસિએશન), એ.આઈ.સી સી. (ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી), એમ.જી.જે.પી. (મહા ગુજરાત જનતા પરિષદ), એન.સી.સી. (નેશનલ કેડેટ કોર), ઓ.એન.જી.સી. (ઑઇલ ઍન્ડ નેચરલ ગેસ કમિશન), જી.એસ.એફ.સી. (ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કૉર્પોરેશન), આઈ.પી.સી.એલ. (ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કૉર્પોરેશન લિમિટેડ), આઈ.એફ.એફ.સી. (ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કૉર્પોરેશન), ગુજ.કો.મા.સો.લ. (ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ સોસાયટી લિમિટેડ), એ.ટી.આઈ. આર.એ. (અમદાવાદ ટેકસટાઇલ ઈન્સ્ટીટયૂટ્સ ઑફ રીસર્ચ એસોસીએશન), વગેરે વગેરે, વિશિષ્ટ સમુદાયોમાં આમ તેના આદ્યાક્ષરને મહત્ત્વ આપતી જૂની 'જપમાલા', નવા સ્વરૂપમાં આજે પણ દેખા દે છે.

## માળાનું ગૌરવ :

ઐતિહાસિક પ્રસંગ : કોઈ પણ સંપ્રદાયના બાહ્ય ચિહ્ન તરીકે પ્રભુના નામની માલા અને પ્રભુના ચરણારવિંદના પ્રતીક તરીકે તિલક ધારણ કરવાનું માહાત્મ્ય ખૂબ જાણીતું છે. આ સાધનોનો મુક્ત ઉપયોગ કરવામાં કોઈ પણ બાધ નાખી શકે નહીં. પરંતુ પુષ્ટિસંપ્રદાયના ઇતિહાસમાં એક પ્રસંગ નોંધાયો છે.

વલ્લભાચાર્યના પૌત્ર શ્રી. ગોકુલનાથજીના જીવનપ્રસંગમાં એક વાત બની હતી. ગોસ્વામી વૈષ્ણવ આચાર્યો પ્રત્યે મોગલ શહેનશાહ અકબર તથા જહાંગીરનો વિશેષ સદ્ભાવ રહેતો

હતો તે બીજા યતિ અને સંન્યાસીઓથી સહન થતો ન હતો. એક ચિદ્દરૂપ સંન્યાસીએ ગોકુલના વૈષ્ણવો તુલસી-માલા અને તિલક ધારણ કરીને લોકોમાં દંભ ફેલાવે છે. એવા પ્રકારની ફરિયાદ જહાંગીર બાદશાહ પાસે આ ચિદ્દરૂપ સંન્યાસીએ કરી એટલે જહાંગીરે લોકોને તુલસી-માલા-તિલક ધારણ કરવા સામે મનાઈ હુકમ કાઢ્યા. શ્રી ગોકુલનાથજી આ વખતે ગોકુલમાં નહોતા, તેમણે મનાઈ હુકમનો સામનો એ રીતે કર્યો કે, ગોકુલ ગામમાંથી પોતાનો બધો પરિવાર લઈ જઈને સોરમ નામના ગામમાં આવીને રહ્યા અને તુલસી-માલા-તિલકના મનાઈ હુકમ સામે સત્યાગ્રહ આદર્યો. કાળે કરીને જહાંગીરને કાને ગોકુલનાથજીએ બધી હકીકત પ્રત્યક્ષ કરાવી અને કેવલ ધર્મદ્વેષથી કરેલી રજૂઆત જહાંગીરે સાંભળી અને પુષ્ટિમાર્ગી વૈષ્ણવોને તુલસી-માલા-તિલક-ધારણ કરવાનો અબાધિત અધિકાર ચાલુ રાખવા શ્રી. ગોકુલનાથજીને ફત્તેહ મળી અને તેઓ પાછા ગોકુલ આવી વસ્યા. આમ તુલસી-માલા-તિલકનું ગૌરવ ઇતિહાસમાં નોંધાયેલું જોવા મળે છે. આ માલાના ઉદ્ધારના પ્રસંગને વૈષ્ણવ કવિઓએ ભારપૂર્વક વર્ણવ્યો છે.

અંતમાં, રાધાએ પણ કૃષ્ણના નામની આ રીતે માળા જપી હતી.

"રાધાને માલા જપી શામકી,
મંને ઓરી ચુનરીયાં તેરે નામકી......

# જૂનાગઢ મ્યૂઝિયમની નોંધણીપદ્ધતિનો અભ્યાસ

પુષ્પકાંત વિ. ધોળકિયા

મ્યૂઝિયમ સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિનું કેન્દ્ર છે; રાષ્ટ્રીય સંસ્કૃતિનાં અંગોની જાળવણી અને પ્રસાર અત્રેથી કરવામાં આવે છે. આજે વિવિધ વસ્તુઓના સંગ્રહની વૃત્તિ માનવમાં વધતી જાય છે, તેના પરિણામે પુષ્કળ ધનરાશિ ખર્ચ કરીને પણ અપ્રાપ્ય વસ્તુઓ મેળવવાનો શોખ વધતો જાય છે. આ પ્રવૃત્તિને કારણે મ્યૂઝિયમની વસ્તુઓની ચોરી થવાના બનાવો દિવસે દિવસે વધતા જાય છે. આમ છતાં અનુભવે જણાયું છે કે, મ્યૂઝિયમનું અગત્યનું રેકર્ડ જે રીતે લખાવું જોઈએ તે રીતે લખાયું નથી. મ્યૂઝિયમ અને અન્ય સંસ્થાના રજિસ્ટરમાં ઘણો તફાવત રહેલ છે, આ માત્ર ડેડસ્ટોક રજિસ્ટર નથી. મ્યૂઝિયમમાં દેશ-વિદેશની પ્રાચીન, અર્વાચીન, અપ્રાપ્ય વસ્તુઓનો સંગ્રહ કરેલો હોય છે, તે પૈકીની એક વસ્તુ પણ ગૂમ થાય તો નાણાં ખર્ચવા છતાં વસ્તુ પ્રાપ્ત થતી નથી. મ્યૂઝિયમમાં એક વાર જે વસ્તુ આવે છે, તેવી જ બીજી વસ્તુ નાણાં ખર્ચવા છતાં મળી શકતી નથી. મ્યૂઝિયમના નોંધણી (Registration)કાર્યની અગત્ય જેટલી ઓછી મૂકીએ તેટલી ભાવિ પેઢીને નુકસાન કરનારી છે.

મ્યૂઝિયમનું તેનાં કાર્યક્ષેત્ર અને અગત્ય પ્રમાણે વિભાગીકરણ કરવામાં આવે છે; જેમ કે, રાષ્ટ્રીય, રાજ્યકક્ષાનું, પ્રાદેશિક વગેરે. જૂનાગઢ મ્યૂઝિયમ પ્રાદેશિક કક્ષાનું ગણી શકાય. આ મ્યૂઝિયમની સ્થાપના, જૂના જૂનાગઢ રાજ્યના સમયમાં ઈ.સ. ૧૮૯૦માં થયેલી, ત્યારે જૂનાગઢ પાટનગર હતું તેથી આ પ્રદેશની સંસ્કૃતિનો પરિચય કરાવવાના ઉદ્દેશથી તેની સ્થાપના થયેલી. આજે જૂનાગઢ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બનેલ છે તેથી તેને ડિસ્ટ્રીકટ મ્યૂઝિયમ પણ કહી શકાય; પરંતુ તે રીતે જોઈએ તો ગુજરાતના બધા જ જિલ્લામાં મ્યૂઝિયમો આવેલાં નથી. તેથી તેને ડિસ્ટ્રિકટ મ્યૂઝિયમ કરતાં પ્રાદેશિક મ્યૂઝિયમ કહેવું વધારે યોગ્ય થાય. રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાનાં મ્યૂઝિયમોમાં નોંધણીકાર્ય માટે એક સ્વતંત્ર વિભાગ હોય છે, જ્યારે પ્રાદેશિક મ્યૂઝિયમોમાં આ કાર્ય માટે સ્વતંત્ર વિભાગ આવેલ નથી. તેથી આ કાર્યની જવાબદારી ક્યૂરેટરની રહે છે. તેથી તેની મર્યાદા સીમિત થાય છે. પ્રાદેશિક મ્યૂઝિયમોને આ નોંધણી-પદ્ધતિ ઉપયોગી થાય તે શુભ આશયથી આ લેખ તૈયાર કરેલ છે.

જૂનાગઢ મ્યૂઝિયમમાં પ્રથમ જે પ્રદર્શિત વસ્તુઓનું રજિસ્ટર[1] આવેલ હતું તેમાં નીચેનાં કૉલમ આવેલાં હતાં :

| ક્રમ | જૂના. રજિ. નં. | ચીજવસ્તુઓનાં નામ | કિંમત. | નોંધ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

૧ સંક્ષિપ્તમાં પ્ર.વ.ર.

આ રજિસ્ટરના કોલમ ૩માં પ્રદર્શિત વસ્તુઓનું નામ માત્ર આવે છે. ઉદા.ત. કાચનું હરણ એક. આ રજિસ્ટરમાં સળંગ ક્રમ આપવામાં આવેલ નથી પરંતુ દરેક વિભાગની વસ્તુઓ જુદી પાડી વિભાગવાર નોંધવામાં આવેલ છે. ઉદા.ત. કાચની વસ્તુઓ પછીના વિભાગમાં લાકડ કામ તથા શીંગડામાંથી બનેલી વસ્તુઓ.

ઉપર્યુક્ત રજિસ્ટર તા. ૩૧-૧૨-૬૫થી બંધ કરી નવું રજિસ્ટર તા. ૧-૧-૬૬ થી શરૂ કરવામાં આવ્યું છે. આ રજિસ્ટર વહીવટી કચેરીમાં ડેડસ્ટોક રજિસ્ટર આવે છે તે નમૂનાનું છે. તેમાં નીચે પ્રમાણે કૉલમ આવે છે:

| અનુ. નં. | વસ્તુનું વર્ણન | ખરીદ કરવાનો આધાર અને ખરીદીની તારીખ | સંખ્યા અથવા જથ્થો | કિંમત | કચેરીના વડાની સહી | આખરી નિકાલ કઈ રીતે કર્યો તેનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| આધાર અથવા વાઉચર | ઉપજેલી કિંમત ટ્રેઝરીમાં જમા કરાવ્યાની તારીખ | કમી કરવામાં આવેલ રકમ | બાકી સિલક નંગ | બાકી સિલક કિંમત | કચેરીના વડાની સહી | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | | ૧૨ | ૧૩ |

ઉપરના નમૂનામાં, જે રીતે પ્રથમ રજિસ્ટરમાં વિભાગીકરણ કરી વસ્તુઓ નોંધવામાં આવેલ તે જ રીતે આ રજિસ્ટરમાં પણ નોંધવામાં આવેલ છે. આ બન્ને રજિસ્ટરો મ્યૂઝિયમ માટે તદ્દન અપૂર્ણ ગણાય. પ્ર.વ.ર. માત્ર ડેડસ્ટોક રજિસ્ટર નથી પરંતુ તેના કરતાં પણ કંઈ વિશેષ છે. પ્રથમ રજિસ્ટરમાં કૉલમ નં. ૩માં ચીજવસ્તુઓનું નામ, દા.ત. 'કાચનું હરણ', નોંધાયેલ છે. 'કાચના હરણ'નું માપ કે કૉલમ નં. ૨ વસ્તુના વર્ણનમાં ઉદા. ત. સોનાની છડી નંગ ૪ નોંધાયેલ છે. કાચના હરણનું માપ કે બીજી વિગત દર્શાવેલ નથી. તેથી તે રમકડાંનાં હરણ જેવડું પણ હોય અને મોટું પણ. તેવી જ રીતે સોનાની છડી. આ સોનાની છડી નક્કર છે કે લાકડા ઉપર સોનાનું પતરું લગાડેલ છે તે કોઈ વિગત સ્પષ્ટ થતી નથી; તેથી આ રજિસ્ટરની ખામી દૂર કરવા પદ્ધતિસરનું વૈજ્ઞાનિક રજિસ્ટર તૈયાર કરવાનું કાર્ય હાથ ઉપર લેવામાં આવ્યું.

આદર્શ વૈજ્ઞાનિક ઢબનું પ્ર. વ. ર. કેવું હોવું જોઈએ તે પ્રથમ વિચારવું જોઈએ. પ્રદર્શિત વસ્તુ વિષે જ્યારે રજિસ્ટરની નોંધ જોવામાં આવે ત્યારે પ્રથમ દષ્ટિએ જ વસ્તુનું ચિત્ર, આકાર, પ્રકાર ખડો થવો જોઈએ અને શો-કેસ પાસે ગયા વિના જ વસ્તુનું દર્શન થવું જોઈએ. આ આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી કૉલમ બનાવવાં જોઈએ.

## ૧ પ્રાપ્તિ-તારીખ :

મ્યૂઝિયમમાં પ્રદર્શિત વસ્તુઓમાં જે નવી વસ્તુનો વધારો થાય તે કઈ તારીખમાં આવી તે નોંધવું જરૂરી છે. મ્યૂઝિયમમાં વસ્તુ વર્ષો સુધી સંગ્રહવાની છે તેથી તેનો સમય જાણવા માટે પ્રાપ્તિ-તારીખ જરૂરી છે. પ્રતિવર્ષ આ સંગ્રહમાં કેટલો વધારો થયો તે જાણવું જરૂરી બને ત્યારે પ્રાપ્તિ-તારીખ હોય તો માહિતી સહેલાઈથી મળી રહે છે.

## ૨ રજિસ્ટર નંબર, નવા-જૂના :

વસ્તુની પ્રાપ્તિ-તારીખ પ્રમાણે ક્રમઃસર નોંધણી કરવી જોઈએ. પ્રથમ જૂના રજિસ્ટર પરની વસ્તુઓ નોંધવી જોઈએ. કેટલીક વાર લગભગ દરેક વખતે પ્રાપ્તિતારીખ લખવાની પ્રથા પહેલાં અપનાવવામાં આવેલ નહીં તેથી જે વસ્તુ જૂના રજિસ્ટર પરથી ફરી વાર નોંધવામાં આવે ત્યારે જૂના રજિસ્ટર નંબર પણ દર્શાવવા. જૂનાં રજિસ્ટર અને નવાં રજિસ્ટરની મેળવણી કરવા માટે પણ જૂના નંબર ઉપયોગી છે.

## ૩ વસ્તુ :

વસ્તુ ( Object ) મુખ્ય છે. તેથી જો એટલું જ દર્શાવવામાં આવે કે, નામ અને વર્ણન; તો માત્ર નામ અને વર્ણન દર્શાવવાથી કેટલાક મુદ્દાની નોંધ લેવામાં આવે, જ્યારે જરૂરી મુદ્દાની નોંધ રહી જાય, અથવા બીજી રીતે નોંધવામાં આવે તેથી જે અગત્યની બાબતો છે તેના માટે જુદું કૉલમ હોવું જરૂરી છે. જેથી વર્ણનની સાથે આ કૉલમ ઉપર દૃષ્ટિ કરવાથી વસ્તુ તુરત જ ઓળખાઈ જાય.

## [ ૩ ]—૧ વસ્તુનું નામ અને વર્ણન :

વસ્તુનું નામ મોટા અક્ષરે લખવાનું, તેની નીચે લાલ પેન્સિલથી લાઈન કરવી જેથી વર્ણન કરતાં નામ જુદું પડે. ઉદા.ત. **સોનાની છડી એક.** સંક્ષિપ્તમાં તેનું વર્ણન, છતાં મુખ્ય બાબતો આવરી લેવાની. ઉદા.ત. લાકડાની-તેના ઉપર સોનાનું પતરું ચઢાવેલ, નીચેનાં તળિયાંના ભાગમાં ધાતુની કુંડળી ૨ સે.મિ. લંબાઈની છે. વચ્ચમાં સાત જગ્યા પર થોડા થોડા અંતરે ગોળ રીંગ જેવી અને છડી ઉપર ફૂલની ભાત છે, જ્યારે ઉપરના હાથાના ભાગના મધ્યમાં ફૂલ તથા આજુબાજુ ફૂલવેલની ભાત છે. છડીદારને ખભે ભરાવવા માટેનો લાલ અસ્તરનો અને ઉપર જરી ભરેલો પટ્ટો લગાડેલ છે.

આ વસ્તુનું શીર્ષક વાંચીએ ત્યારે પ્રશ્ન થાય કે, સોનાની છડી. એટલે નક્કર સોનું હશે? દેખાવ પણ તેવો જ લાગે પરંતુ વાસ્તવમાં લાકડાની છડી બનાવી તેના ઉપર સોનાનું પતરું લગાડેલ છે, તેથી તેની કીમત અંદાજતી વખતે લાકડાના વજનનો તથા નીચેના ભાગે આવેલ ધાતુની કુંડળીનો પણ વિચાર કરવાનો રહે. આ પ્રમાણે વિગતવાર નોંધ કરવામાં ન આવે તો જ્યારે વસ્તુનું નિરીક્ષણ કરવામાં આવે ત્યારે અનુમાન કરવાની તક રહે કે, ખરેખર કુંડળી સોનાની હશે અને પછી ધાતુની આવી ગઈ હશે તો ? તેથી શંકા રહિત વર્ણન સંક્ષિપ્તમાં નોંધવું જોઈએ.

વસ્તુનું નામ દીર્ઘ અક્ષરોમાં લખવાનું કારણ એ છે કે, જ્યારે વસ્તુની માહિતી આપવાની હોય ત્યારે માત્ર તેનું નામ જ આપવાથી ચાલી શકે. સામાન્ય માહિતી આપતી વખતે સંપૂર્ણ વર્ણનની જરૂરિયાત નથી.

## [૩]—૨ વર્તમાન સ્થિતિ:

વસ્તુનું સંપૂર્ણ વર્ણન કૉલમ (૩) (૧)માં દર્શાવ્યું હોય તેમાં વસ્તુ કેવી છે તે જ દર્શાવવું જોઈએ જેથી ખરેખર વસ્તુ કેવી છે તેનો ખ્યાલ આવી શકે. પરંતુ મ્યુઝિયમની વસ્તુ પ્રાચીન હોઈ કોઈ વાર અમૂક ભાગ ખંડિત થયો હોય કે બીજું કોઈ નુકસાન થયેલ હોય તેવું બનવાનું. તેથી વસ્તુ પ્રાપ્ત થઈ ત્યારે કેવી સ્થિતિમાં છે તેની નોંધ કરવી જરૂરી છે. આ નોંધ ઉપરથી વસ્તુને ખરેખર કેટલું નુકસાન થયેલ છે તેની વિગત આ કૉલમ ઉપરથી મળી શકે. વળી ભવિષ્યમાં વસ્તુમાં ફેરફાર થાય કે, સુધારોવધારો થાય તેની પ્રગતિ પણ જાણી શકાય. ઉદા. ત. સોનાની છડીની નોંધ આ રીતે કરવી જોઈએ; છડીની ઉપર અમુક જગ્યાએ ટોચા પડેલ છે, ઉપરની બીજી રીંગની નીચે અને ત્રીજી રીંગના ઉપરના ભાગમાં ૦.૫ સે.મી. વ્યાસમાંથી સુવર્ણનું પતરું ઉખડી ગયેલ છે. ઉપરની ત્રીજી રીંગ પડખે ખીલી લગાવેલ હશે તેના કારણે કાણું પડી ગયેલ છે. પટ્ટા ઉપર ઉધઈની અસર થઈ ગઈ છે. કેટલોક ભાગ ખવાઈ ગયો છે.

## [૩]—૩ સમય :

વસ્તુનાં અગત્ય માટે વિવિધ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે, તેમાં સમય અગત્યનું અંગ છે. કલાત્મકતાની સાથે પ્રાચીનતા હોય તો વસ્તુની અગત્ય વધી જાય છે. તેથી વસ્તુ ક્યારે બની હશે, કોના સમયમાં, કોણે બનાવી હશે તે નોંધવું જરૂરી છે. વસ્તુનું સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ તેના કાળ ઉપરથી જ નિયત થાય છે. માટે સમય દર્શાવવો અત્યંત જરૂરી છે.

## [૩]—૪ પદાર્થ :

વસ્તુનું વર્ણન, સમય પછી અગત્યની બાબત તે વસ્તુ કયા પદાર્થમાંથી બનેલ છે તે જાણવું જરૂરી છે. વસ્તુની કિંમત નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પદાર્થ જાણવો જરૂરી બને છે. કોઈ વસ્તુ ગૂમ થાય તો માત્ર વર્ણન પરથી જ તે ન મળી શકે, પરંતુ તેનો પદાર્થ, ધાતુ જે હોય તે દર્શાવેલ હોય તો વધારે સુગમ પડે. કેટલીક વાર વસ્તુના ઉપરના ભાગમાં એક ધાતુ હોય અને તેની નીચે બીજી ધાતુ અથવા પદાર્થ હોય ત્યારે ચીવટપૂર્વક અભ્યાસ કરી તેની નોંધ કરવી જોઈએ. ઉદા.ત. સોનાની છડીમાં નીચેના ભાગમાં કાષ્ઠ આવેલ છે, તેના ઉપર સુવર્ણનું પતરું લગાડેલ છે. તેથી પદાર્થમાં સુવર્ણ તથા કાષ્ઠ દર્શાવવાં જોઈએ.

## [૩] ૫ થી ૮—વજન અને માપ :

જે વસ્તુનું વર્ણન કરવામાં આવેલ છે તે એ જ વસ્તુ છે તેની ખાત્રી માટે તેનું માપ, ઊંચાઈ, પહોળાઈ, ઊંડાઈ, અથવા જાડાઈ દર્શાવવી જોઈએ.

વસ્તુ નાની હોય તો તેનું વજન અને અને માપ પણ આપવુ' જોઈએ. જ્યાં વજન આપવું શક્ય હોય ત્યાં સુધી વજન અને માપ બન્ને આપવાં, પરંતુ જ્યારે વજન આપવું શક્ય ન હોય ત્યારે માત્ર માપ આપવું. કેટલીક વાર વસ્તુ ઉપરથી મોટી હોય, તો નીચેથી સાંકડી, ત્યારે ઉપર અને નીચેનું બન્ને માપ આપરાં જોઈએ. ઉદા.ત. સોનાની છડી –પહોળાઈ–ઉપરથી વ્યાસ ૧૦.૩ સે.મી., નીચેથી ૧.૮ સે.મી.

## ૪ કઈ રીતે બનાવ્યું અથવા મેળવ્યું ?

મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવેલ વસ્તુ કઈ રીતે મેળવવામાં આવી છે, અથવા જો તૈયાર કરવામાં આવી હોય તો તે કંઈ રીતે બનાવવામાં આવી છે તેની વિગત આ કોલમમાં આપવી જોઈએ. જો મ્યુઝિયમની વર્કશોપમાં મોડેલ તૈયાર કરવામાં આવેલ હોય તો તે પ્રમાણે નોંધ કરવી જોઈએ.

## ૫ કઈ રીતે પ્રાપ્ત કર્યું ?

વસ્તુ તૈયાર કરવામાં આવી ન હોય પણ પ્રાપ્ત કરવામાં આવી હોય, તો આ કઈ વસ્તુ કઈ રીતે પ્રાપ્ત કરી તેની નોંધ આ કોલમમાં આવે.

મ્યુઝિયમનો સંગ્રહ વસ્તુ ખરીદ કરી, ભેટ દ્વારા મેળવી અદલાબદલી કરી કે ટ્રેઝર ટ્રો ઍક્ટ નીચે જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી પ્રાપ્ત કરી, વધારવામાં આવે છે. જો વસ્તુ ખરીદવામાં આવી હોય તો જે વ્યક્તિ, સંસ્થા, પાસેથી ખરીદવામાં આવે તેનું પૂરેપૂરું નામ, સરનામું દર્શાવવું જોઈએ. જો ઉત્ખનન દ્વારા વસ્તુ પ્રાપ્ત થઈ હોય તો તેનું સ્થાન તથા અન્ય માહિતી પણ આપવી જોઈએ. વસ્તુનો ઇતિહાસ, તેનો ઉદ્ગમ કઈ રીતે થયો તેની સંપૂર્ણ વિગત આ કોલમમાંથી મળી રહેવી જોઈએ.

## ૬ કિંમત :

મ્યૂઝિયમમાં સંગ્રહેલ દરેક વસ્તુ અગત્યની અને મૂલ્યવાન હોય છે છતાં દરેકની કિંમત દર્શાવવા જરૂરી છે. કેટલીક વાર ભેટ મળેલ કે જૂનાં રજિસ્ટ પરથી નોંધેલ વસ્તુની કિંમત જે તે વખતે દર્શાવેલ ન હોય તો વસ્તુની કલાત્મકતા, પ્રાચીનતા અને ધાતુની કિંમત લક્ષમાં લઈ તેની કિંમત અંદાજવો જોઈએ. બદલો કરતી વખતે, બહાર મોકલવાના પ્રસંગે વીમો ઉતરાવવાનો હોય, ત્યારે કિંમત દર્શાવવી જરૂરી બને છે.

## ૭ ક્યાં પ્રદર્શિત કરેલ છે?

મ્યૂઝિયમના વિશાળ સંગ્રહની સંભાળ રાખવાની હોય છે, કોઈ વસ્તુ બગડી ન જાય કે બગડવાનો પ્રારંભ ન થાય તે માટે નિયમિત તપાસણી કરતાં રહી તેને રાસાયણિક પ્રક્રિયાથી ઉપચાર કરતા રહેવું જોઈએ અને આ રીતે નિયમિત વસ્તુની તપાસણી કરવાની હોવાથી જો વસ્તુના ચોક્કસ સ્થાનની માહિતી ન હોય તો તે શોધવામાં જ સમય નીકળી જાય. સંશોધકછાત્રો, વિદ્વાનો, અભ્યાસ માટે આવે ત્યારે વસ્તુની માહિતી અંગે તે વખતે જો વસ્તુના સ્થાન વિષે ક્યૂરેટર, કીપર

ગેલેરી–આસિસ્ટંટને માહિતી ન હોય તો બધા શો-કેસની મુલાકાત લેવી પડે અથવા સ્ટોરનાં બધાં જ કબાટ વારાફરતી ખોલાવાં પડે તેથી જે વસ્તુ જે શો-કેસમાં પ્રદર્શિત કરેલ હોય તે વિભાગનું નામ અને 'પ્રદર્શિત' અથવા સ્ટોરમાં હોય તો 'સ્ટોર' તેમ દર્શાવવું જોઈએ.

વસ્તુઓ સ્થિર નથી તે કોઈ વાર પ્રદર્શિત કરેલ હોય, તે જ વસ્તુ પ્રદર્શનમાં ફેરફાર કરતાં સ્ટોરમાં જાય. આ રીતે ફેરફાર થતો રહેતો હોય, આ માહિતી પેન્સિલથી દર્શાવવી જોઈએ જેથી ફેરફારની નોંધ સહેલાઈથી કરી શકાય, અને રજિસ્ટર બગડવાની શક્યતા ન રહે. વસ્તુ જ્યારે લેબોરેટરીમાં કે રીપેરીંગ માટે મોકલવામાં આવે ત્યારે પણ તે નોંધ કરવી જોઈએ.

**ફોટો :**

વસ્તુનું વર્ણન કરેલ હોય, માપ અને વજન દર્શાવેલ હોય છતાં વધારે સ્પષ્ટતા કરવા માટે વસ્તુનો નાનો ફોટો આ કોલમમાં લગાડવાથી વધારે ઉપયોગી થશે. ચોરી કે કોઈ બીજા પ્રસંગે વસ્તુની માલિકી સાબિત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે માહિતી સાથે ફોટોગ્રાફ રજૂ કરી શકાય. એક મ્યૂઝિયમમાં જે વસ્તુ આવેલ હોય તેવી જ વસ્તુ બીજા મ્યૂઝિયમમાં પણ હોવાની શક્યતા નકારી ન શકાય, છતાં આ બે વસ્તુઓનું બારીક નિરીક્ષણ કરવામાં આવે તો થોડો ફેરફાર અને તફાવત હોય છે, તે ફોટોગ્રાફ જ રજૂ કરી શકે છે.

**૯ નેગેટીવ નંબર :**

ફોટોગ્રાફ જે કોલમ નંબર ૮માં લગાવેલ છે તેના નેગેટીવ નં. આ કોલમમાં દર્શાવવાના છે. જે ફોટોગ્રાફ લગાડવામાં આવેલ હશે તે બહુ જ નાની નકલ હશે તેથી જ્યારે વસ્તુનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરવો હોય ત્યારે તેના મોટા ફોટાની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. મ્યૂઝિયમમાં હજારો વસ્તુઓ હોય છે. તેથી દરેક વસ્તુના ફોટોગ્રાફની નેગેટીવ વ્યવસ્થિત ક્રમસહ ગોઠવી તેનો જે ક્રમ આવે તે ક્રમ આ કોલમમાં દર્શાવવો જોઈએ. તેથી જ્યારે ફોટોગ્રાફની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે તે નેગેટીવ ઉપરથી બીજા ફોટોગ્રાફ તુરત મોકલી શકાય.

**૧૦ શો-કેસ નંબર :**

ક્રમ ૭માં વસ્તુ ક્યાં પ્રદર્શિત કરેલ છે તે વિભાગનું નામ દર્શાવવાનું છે, જો 'સ્ટોર' રાખવામાં આવેલ હોય તો તે પ્રમાણે. એક વિભાગમાં એકથી વધારે શો–કેસ હોય, તે જ પ્રમાણે સ્ટોરમાં પણ એક કરતાં વધારે કબાટ આવેલ હોય. તેથી બધાં શો–કેસ અને કબાટ જોવાં ન પડે તે માટે જે શો-કેસમાં વસ્તુ પ્રદર્શિત કરેલ હોય તેના નંબર આ કોલમમાં દર્શાવવા જોઈએ. તે જ પ્રમાણે સ્ટોરમાં હોય તો સ્ટોરના કબાટના નંબર પણ દર્શાવવા.

વસ્તુઓની અદલાબદલી થતી હોય તે નોંધ પેન્સિલથી કરવી જોઈએ. જ્યારે જ્યારે વસ્તુઓ એક વિભાગમાંથી બીજા વિભાગના શો–કેસમાં, સ્ટોરમાંથી, પ્રદર્શનમાં અને પ્રદર્શન-માંથી સ્ટોરમાં ફેરવવામાં આવે ત્યારે જે ફેરફાર થાય તે પ્રમાણેના ફેરફારની નોંધ કરવાની કાળજી રાખવી જરૂરી છે. જો ફેરફાર ન કરવામાં આવે તો વસ્તુઓને શોધવામાં જ સમય વ્યતિત થાય.

## ૧૧ વિશેષ નોંધ :

વસ્તુઓ નોંધતી વખતે ઉપર દર્શાવેલ કૉલમોમાં જે હકીકતનો સમાવેશ ન થતો હોય પણ તે હકીકત નોંધવી જરૂરી હોય તો આવી બાકી રહેતી વિગતની નોંધ આ કૉલમમાં કરવી. એક વસ્તુ જૂના રજિસ્ટર ઉપરથી અથવા બીજાં સાધનો દ્વારા મળી હોય ત્યારે તેની નોંધમાં વસ્તુનો રંગ દર્શાવેલ હોય, પરંતુ વસ્તુ પ્રત્યક્ષ જોવાથી તેના રંગમાં ફેરફાર હોય ત્યારે જૂના રજિસ્ટર અથવા જેમના દ્વારા વસ્તુ મળી હોય તેમની નોંધનો આપણી નોંધણી સાથે મેળ રાખવા માટે આપણને જે તફાવત લાગતો હોય તે આ કૉલમમાં દર્શાવવો જોઈએ. ઉદા. ત. જૂના રજિસ્ટરમાં કાચના ઝુમ્મરનો રંગ લાલ દર્શાવેલ છે, પરંતુ પ્રત્યક્ષ નિરીક્ષણ કરતાં તે ખરેખર આછા ગેરુ રંગનો છે; તેથી જ્યારે આપણે પદ્ધતિસરનું નોંધણીકાર્ય કરીએ છીએ ત્યારે જે ખરેખર (આછો ગેરુ) રંગ હોય તેની નોંધ કરવી. આ કૉલમમાં "જૂના રજિસ્ટરમાં લાલ રંગ દર્શાવેલ છે" તેમ નોંધ કરવી જોઈએ.

એક મ્યૂઝિયમમાંથી બદલીને બીજા મ્યૂઝિયમમાં વસ્તુ મોકલવામાં આવે, બીજા મ્યૂઝિયમને ભેટ આપવામાં આવે ત્યારે, વસ્તુની ભાંગ–તૂટ થાય તે વખતે તે અંગેની નોંધ તથા યોગ્ય અધિકારીના હુકમ, નંબર, તારીખ, આ કૉલમમાં દર્શાવવાં જોઈએ.

## નંબર આપવાની પદ્ધતિ :

દરેક વસ્તુ ઉપર પ્ર.વ.ર.ના નંબર દર્શાવવા જરૂર છે. આ નંબર આપવાની પદ્ધતિ પણ કલાત્મક હોવી જોઈએ. કેટલાંક મ્યૂઝિયમોમાં જોવા મળેલ છે કે, જે રીતે પારસલ–પેટી ઉપર લખવામાં આવે તે રીતે પ્રદર્શિત વસ્તુ ઉપર નંબર લખેલ હોય છે, તે વસ્તુના સૌંદર્યમાં અવરોધક બને છે. નંબરનો સંબંધ માત્ર વહીવટી દૃષ્ટિએ જ છે, તેથી તે સામાન્ય લોકોની નજરમાં ન આવે છતાં સહેલાઈથી મળી રહે તે રીતે તે નાના અક્ષરોમાં નાખવા જોઈએ. જે પ્રકારની વસ્તુ તે પ્રમાણે લખવા જોઈએ. વસ્ત્ર નમૂનો હોય તો વસ્ત્રને નુકસાન ન થાય તે રીતે જુદી કાપડની ટીકડી બનાવી તેના ઉપર નંબર લખી તે વસ્ત્ર ઉપર લગાડવી જોઈએ. બહુ જ નાની સુવર્ણની હોય તો જુદા લેબલ ઉપર નંબર લખી લેબલ દોરા વડે બાંધવું જોઈએ. નંબર આપતી વખતે વસ્તુ બગડે નહીં કે નુકસાન ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

એક મ્યૂઝિયમની વસ્તુ બીજા મ્યૂઝિયમની વસ્તુથી જુદી પાડવા માટે દરેક મ્યૂઝિયમનું ટૂંકા અક્ષરનું નામ આગળ દર્શાવવું જરૂરી છે. જો એક જ અક્ષર ઉપર બીજા મ્યૂઝિયમનું પણ નામ આવતું હોય તો તેનાથી જુદું પડે તે રીતે નામ દર્શાવવું જોઈએ. ઉદા. ત. જૂનાગઢ મ્યૂઝિયમની વસ્તુ ઉપર Ju. ટૂંકા અક્ષરી નામ આપવામાં આવે છે. હવે જો માત્ર 'J' ટૂંકા અક્ષરમાં લખવામાં આવે તો 'J' જામનગર મ્યૂઝિયમનો પણ થાય. તેથી જામનગર મ્યૂઝિયમથી જૂનાગઢ મ્યૂઝિયમની વસ્તુને જુદી પાડવા માટે Ju દર્શાવવું જોઈએ.

**ઉપસંહાર :**

મ્યૂઝિયમમાં વસ્તુની અગત્ય ઘણી છે. જો વસ્તુઓ છે તો જ મ્યૂઝિયમો છે; તેથી વસ્તુઓ પ્રત્યે બેદરકારી ચલાવી શકાય નહીં. પ્રદર્શિત વસ્તુઓનું રજિસ્ટર એક અગત્યનું રેકોર્ડ છે. તેનું વહીવટી દષ્ટિએ જ નહીં પણ સંશોધનની દષ્ટિએ પણ મહત્ત્વ છે. કોઈ પણ વસ્તુની માહિતી આ નોંધમાંથી મળે છે. તેના આધારે સંશોધક કાર્ય કરે છે. જો સંપૂર્ણ વિગતનો અભાવ હોય તો સંશોધકને તેની પ્રવૃત્તિ આગળ વધારવામાં મુશ્કેલી પડે છે. તેથી વસ્તુઓના વિષયમાં ઉત્પન્ન થતા આનુષંગિક પ્રશ્નોનો ઉત્તર આ રજિસ્ટર પરથી મળી રહેવો જોઈએ. જો સંતોષપ્રદ ઉત્તર આપે તો જ આ રજિસ્ટર પૂર્ણ છે તેમ કહી શકાય.[૨]

---

૨ ઋણસ્વીકાર: જૂનાગઢ મ્યૂઝિયમ માટે પ્રદર્શિત અવશેષોનું રજિસ્ટર તૈયાર કરવા માટે આ નમૂનામાં ડૉ. એસ. કે. ભૌમિક, નિયામકશ્રી, સંગ્રહાલય વિભાગ, ગુજરાત રાજ્ય, તેઓનાં માર્ગદર્શન, સૂચનો મળેલ છે, તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

# વડોદરાનાં કેટલાંક મહત્ત્વનાં શિલ્પો

—વસંતકુમાર એસ. પારેખ

વડોદરા યુનિવર્સિટીના આર્કયોલૉજી વિભાગે ઈ.સ. ૧૯૫૧-૫૨માં, અકોટા અને વડોદરા મેડિકલ કૉલેજના પટાંગણમાં જે ઉત્ખનનો કર્યાં તેનાથી પ્રાચીન વડોદરા શહેરના અને ગુજરાતના પ્રાચીન સાંસ્કૃતિક ઇતિહાસના પુનર્ઘટનમાં ખૂટતી કેટલીક કડીઓ પ્રાપ્ત થઈ છે. આ ઉત્ખનનોમાંથી, લઘુ-અશ્મ ઓજારો, વિવિધ પ્રકારનાં માટીનાં વાસણો (Pottery), લાલ ઓપવાળાં વાસણો (Red Polished Ware), બંગડીઓ, સિક્કા, વિવિધ ધાતુના અવશેષો અને કેટલાંક શિલ્પો પ્રાપ્ત થયાં છે. વળી, રોમનો સાથેના વેપારની નિશાનીરૂપ, ગ્રીક-રોમન કલાશૈલીની, કૂદતા બે ઉન્મત્ત ઘોડા અને ઉપર તારો, એવા આલેખનવાળી બે મૃણ્મય મુદ્રાઓ તેમ જ એક રોમન કાંસ્ય કોઠી(Bronze Amphora)નાં કાંઠો અને ઇરોસ (Eros-કામદેવ)ની આકૃતિવાળો હાથો, આ પ્રાચીન સ્થળોએથી મળ્યાં છે;[1] આ અવશેષો ઈ.સ. બીજી શતાબ્દીમાં મૂકી શકાય એવા છે. પુરાવશેષવિદ્યા-વિષયક મહત્ત્વના અકોટા(અંકોટ્ટક)ના ટેકરા જેટલો જ મહત્ત્વનો, સયાજીગંજ(વડોદરા)માં આવેલો ભીમનાથ મહાદેવનો ટેકરો છે. ભીમનાથના પટાંગણમાંથી અથવા અકોટામાંથી પ્રાપ્ત થયેલ એક માનવ-મસ્તક તેમ જ ઇંદુમતી મહાલયમાંથી મળેલાં બે સિંહનાં શિલ્પ ક્ષત્રકાલીન જણાય છે.[2] ડૉ. ઉમાકાન્ત પી. શાહે, કેટલાક સમય પહેલાં, ભીમનાથના મંદિરની જીર્ણ દીવાલમાં ક્ષત્રપકાલીન ઈંટો જોઈ હતી. તેના પરથી એમ જણાય છે કે ભીમનાથનું મંદિર ક્ષત્રપયુગ જેટલું પ્રાચીન હોવું જોઈએ. પણ ભીમનાથનો પ્રાચીન ટેકરો અને તેની આસપાસનું પ્રાચીન સ્થળ ઈ.સ. પૂર્વ બીજી શતાબ્દી જેટલાં જૂનાં હશે, કારણ કે ભીમનાથના મંદિરના પ્રવેશદ્વાર નીચે જડેલા પથ્થરો પર સલાટોએ કોતરેલા પ્રાચીન બ્રાહ્મી લિપિના ય, ક્ર અને ચી અક્ષરો, ભટ્ટિપ્રોલુ, અને જૂનાગઢના, ઈ.સ. પૂર્વે બીજી શતાબ્દીની બ્રાહ્મી લિપિમાં લખેલા અભિલેખોના અક્ષરો સાથે સામ્ય દર્શાવે છે.[3] વડોદરા યુનિવર્સિટીના આર્કયોલૉજી વિભાગ તરફથી, ડૉ. બી. સુબ્બરાવે તૈયાર કરીને પ્રસિદ્ધ કરેલા પુસ્તક 'બરોડા થ્રુ ધી એજીઝ' એ પુસ્તકમાં ઉપર્યુક્ત પ્રાચીન સ્થળોનાં ઉત્ખનનો અને તેમાંથી પ્રાપ્ત થયેલા અવશેષો વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

---

૧ દેસાઈ, મગનભાઈ દેવશંકર, 'સમ રોમન ઍન્ટીક્વીટીઝ ફ્રૉમ બરોડા', 'બુલેટીન ઑફ ધી બરોડા મ્યૂઝિયમ ઍન્ડ પીક્ચર ગૅલેરી,' વૉ. ૭, પૃ., ૨૧-૨૪, ૧૯૫૧.

૨ શાહ, (ડૉ.) ઉમાકાન્ત પી. ઍન્ડ મહેતા, (ડૉ.) રમણલાલ ના. : 'એ ફ્યુ અર્લી સ્કલ્પચર્સ ઑફ ગુજરાત', 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા' વૉ. ૧., અંક ૨, પૃ. ૧૬૦-૧૬૪.

૩ મહેતા, (ડૉ.) રમણલાલ નાગરજી : 'બરોડા થ્રુ ધી એજીઝ—એ પ્રિલિમિનરી સર્વે', 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા, વૉ. ૧, અંક ૩, પૃ. ૨૬૨-૨૬૯.

અકોટાનાં પ્રાચીન સ્થળેથી, જૈન તીર્થંકરો, જૈન દેવીઓ આદિ સંખ્યાબંધ પ્રાપ્ત થયેલ જૈન કાંસ્ય મૂર્તિઓ ( Bronzes )ના સમૂહ પર ડૉ. ઉમાકાન્ત શાહે 'અકોટા બ્રોન્ઝીઝ' નામના પુસ્તકમાં વિગતવાર માહિતી આપી છે; આમાંની કેટલીક મૂર્તિઓ 'પશ્ચિમ ભારતીય કલા'ની લાક્ષણિકતાઓ ધરાવતી હોવાથી, ડૉ. શાહે, તેમને આધારે, 'પશ્ચિમ ભારતીય કલા'-ની વિભાવનાને વધુ પુષ્ટ કરીને પુરસ્કારી. મીરપુર ખાસ ( સિંધ )માંથી પ્રાપ્ત થયેલ, ઈ.સ. પાંચમા સૈકાના બ્રહ્માને આ કલાના નમૂનાના માપદંડ તરીકે લઈ, તેઓએ આ કલાની વિભાવનાના ક્ષેત્રને વધુ બલવત્તર બનાવવા, આ જૈન મૂર્તિઓમાંથી કેટલીકનું સવિસ્તર વિવરણ કર્યું છે.[૪]

ઉપર્યુક્ત જૈન અવશેષો ઉપરાંત વડોદરામાંથી વૈષ્ણવ અને શૈવ પુરાવશેષો પણ પ્રાપ્ત થયા છે. ભીમનાથ મહાદેવનાં પટાંગણમાં પડેલી અતિ ઘસાયેલી રેતિયા પથ્થરની, ઈ.સ. પાંચમા સૈકાની, ગદાધર વિષ્ણુની મૂર્તિ તેમ જ કેટલીક ભગવાન નૃસિંહની મહાકાય મૂર્તિઓ, શહેરના જુદા જુદા ભાગમાંથી મળે છે. વડોદરાનાં ભીમનાથ, કામનાથ, ઠીંકરનાથ, રામનાથ, સોમનાથ, હર્ષનાથ, મંગલનાથ, જાગનાથ તેમ જ દંતેશ્વર આદિ શૈવ મંદિરોમાંથી મોટા પ્રમાણમાં શૈવ શિલ્પો પ્રાપ્ત થાય છે. આમાંનાં કેટલાંક શૈવ શિલ્પો, ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ, ડૉ. મંજુલાલ ૨. મજમુદાર અને ડૉ. રમણલાલ નાગરજી મહેતાએ પ્રસિદ્ધ કર્યાં છે. બાકી રહેલાં તેમાંથી કેટલાંકનું નીચે પ્રમાણે વિવરણ કર્યું છે. ૧. કામદેવ-રતિ, ૨. ભૈરવ-મસ્તક, ૩. અતિરિક્તાંગ ભૈરવ, ૪ શિવ, ૫. બ્રાહ્મી, ૬. વૈષ્ણવી, ૭. વીણાધર શિવ.

**૧. કામદેવ-રતિ:** ( જુઓ આ અંકના પાછલા પૂઠા ઉપરનું ચિત્ર ) રેતિયા પથ્થરની, ભીમનાથ મહાદેવના પટાંગણમાં પડેલી આ યુગલ મૂર્તિમાં કામદેવ જમણી બાજુએ અને રતિ ડાબી બાજુએ ઊભેલાં જણાય છે. નીચેથી તૂટી ગયેલ પગની આ મૂર્તિની આજની ઊંચાઈ આશરે ૧૦૦ સે.મી. છે તે મૂળમાં પૂરા માનવ કદની હોવી જોઈએ. વરસાદ, તાપ, ઠંડી અને અન્ય આબોહવાની અસરોથી અતિ ઘસાયેલા આ શિલ્પમાં, સમભંગમાં ઊભેલા કામદેવે ડાબા હાથે લાંબું ધનુષ્ય પકડયું છે અને જમણો હાથ છટાથી રતિના જમણા ખભે મૂકેલો છે. તેના આકર્ષક ગૂચળાંયુક્ત જટા-મુકુટના મધ્ય ભાગમાં ગુપ્તકાલીન શિલ્પકલાના પ્રતીકરૂપ કીર્તિ-મુખની રચના નજરે પડે છે, અને મુકુટના નીચલા ભાગે બે સેરનું ગોળ મોટા મોતીનું મસ્તકાભરણ જણાય છે. જટામુકુટની બન્ને બાજુએથી લટકતા ગુચ્છાદાર કેશ બન્ને ખભા પર પથરાયેલા છે. કામદેવે, નિષ્કહાર, કુંડળ, બાજુબંધ, હસ્તવલય, કમરબંધ અને સુંદર કરચલીયુક્ત ધોતી (જેના કલાયુક્ત છેડા બે પગ વચ્ચે લટકતા જણાય છે.), ઢીંચણોના ઉપલા ભાગે બારીક કપડાનો વસ્ત્રપટ અને જાંઘો પર અર્ધવર્તુલાકારે શોભતું મોટાં ગોળ મોતીનું આભરણ આદિ ધારણ કરેલાં છે. આ પ્રકારનાં અલંકરણો અને વેશભૂષા, કાવી-ગાન્ધાર પ્રદેશના ગુર્જર-પ્રતિહારોના સમયનાં પ્રાચીન શિલ્પોમાં જોવા મળે છે. સમપ્રમાણ, સૌષ્ઠવયુક્ત અને ઘાટીલો દેહ, વિશાળ અને પૌરુષયુક્ત છાતી તેમ જ ખભા અને સુંદર, સુડોળ, મુખારવિંદ, કામદેવને પ્રેમ અને સૌંદર્યના દેવ તરીકે મૂર્ત કરે છે.

---

૪ શાહ, ( ડૉ. ) ઉમાકાન્ત પ્રે : 'અકોટા બ્રોન્ઝીઝ', જીવન્તસ્વામી પ્લેટ ૯ એ; ઋષભનાથ, પ્લેટ ૧૧; જીવન્તસ્વામી, પ્લેટ ૧૨એ; તારા, પ્લેટ ૬એ ( મુનિ જિનવિજયજીનો સંગ્રહ ); ચામરધારિણી, પ્લેટ ૪૩. અકોટાની સર્વ કાંસ્ય મૂર્તિઓ વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે.

કામદેવ કરતાં નાના કદની, કામદેવની ડાબી બાજુએ ત્રિભંગમાં ઊભેલી અને જમણી બાજુ કંઈ નિહાળતી રતિએ જમણા હાથમાં ફૂલ પકડેલું છે અને ડાબો હાથ કાંડામાંથી તૂટેલો છે. લલિત અને નાજુક દેહલતા તેમ જ પુષ્ટ ભારે સ્તન ધરાવતી દેવીએ, માથે આકર્ષક કેશવિન્યાસયુક્ત જટાભાર, તેના નીચેના ભાગે બે સેરનું મોટા મોતીનું અલંકરણ, કુંડળો, નિષ્ક હાર, હસ્તવલયો, કેયૂરો, કમરબંધ અને કરચલીયુક્ત કટિવસ્ત્ર (જેના બે છેડા બે પગ વચ્ચે લટકતા જણાય છે) તેમ જ કામદેવની માફક ઢીંચણોના ઉપલા ભાગે બારીક કપડાનો વસ્ત્રપટ અને જાંઘો પર અર્ધવર્તુલાકારે શોભતું મોટાં મોતીનું સુશોભન આદિ ધારણ કરેલાં છે. દેવીની લાલિત્યભરી છટાદાર અંગભંગિ, આપણું ધ્યાન ખેંચે છે.

કામદેવ-રતિના આ શિલ્પને આશરે પાંચમા શતકમાં મૂકી શકાશે.

## ૨ ભૈરવ-મસ્તક :

ભીમનાથ મહાદેવના આજુબાજુના વિસ્તારમાંથી મળેલાં બે ભૈરવ શિલ્પો ઉપરાંત આ ભૈરવ-મસ્તક, ઠીકરનાથ મહાદેવના મંદિરમાંથી પ્રાપ્ત થયેલ અતિરિક્તાંગ ભૈરવ, દન્તેશ્વર, બહુચરાજી માતા, રોકડનાથ, રાજરાજેશ્વર મહાદેવ આદિ મંદિરોમાંથી મળેલી, બટુક ભૈરવ તેમ જ કાલ ભૈરવની મૂર્તિઓ એમ પ્રતિપાદન કરવાની શકયતા દર્શાવે છે કે, ઈસ્વી સનના પ્રારંભના સૈકાઓમાં, પ્રાચીન વડોદરાના વિસ્તારમાં, શિવના ઉગ્રસ્વરૂપ ભૈરવની ઉપાસના અતિ વ્યાપક હશે.

ભીમનાથ મહાદેવના પટાંગણમાંથી પ્રાપ્ત થયેલ રેતિયા પ્રથ્થરનું આ ભૈરવ-મસ્તક, એક વખતના પૂરા કદના મહાકાય ભૈરવ શિલ્પનો ભાગ જણાય છે. ઉપર્યુક્ત ભીમનાથનાં બે ભૈરવ શિલ્પો[5] પૈકી, કેડ નીચેથી તૂટી ગયેલ મૂર્તિનો[6] જટામુકુટનો આકાર પાઘડી જેવો છે, પણ ઢીંચણ નીચેથી તૂટી ગયેલા ભૈરવના[7] પાઘડી આકારના જટામુકુટના નીચલા ભાગે ચારે તરફ માણસની ખોપરીઓ જડેલી છે. એ બન્ને ભૈરવના મુકુટથી, આ ભૈરવ-મસ્તકનો જટામુકુટ જુદા પ્રકારનો છે; તેની રચના ગુચ્છાદાર કલાત્મક કેશની ઊભડક ગોઠવણીથી થયેલી છે. ઉપર્યુક્ત કામદેવના જટામુકુટને બરાબર મળતા આવતા આ જટામુકુટની વચ્ચે માનવ ખોપરી નજરે પડે છે અને નીચેના ભાગે, બે સેરના મોટા ગોળ રુદ્રાક્ષના મણકાનું આભરણ છે. એક જ સ્થળેથી પ્રાપ્ત થયેલા ત્રણેય ભૈરવાનાં વિકરાળ મુખ, ગોળ ચકરવકર થતી ભયંકર આંખો, ઉગ્રતા દર્શાવતા કચકચાવતા દાંત, કપાળ વચ્ચેનું ત્રીજું નેત્ર, આ સર્વ શિવના સંહારક, અઘોર ભૈરવ-સ્વરૂપનું આલેખન કરે છે. ઉપર્યુક્ત બન્ને ભૈરવો આશરે સાતમા શતકના છે, પણ આ ભૈરવ-મસ્તક, કામદેવ-રતિની શિલ્પકલાનો મળતું છે અને તે આશરે પાંચમા શતકનું છે.

અહિચ્છત્રા (ઉત્તર પ્રદેશ)માંથી પ્રાપ્ત થયેલ પકવ મૃત્તિકાની પાંચમા શતકની ભૈરવ મૂર્તિ[8] કરતાં આ ભૈરવ-મસ્તકનું આલેખન જુદા પ્રકારનું છે. અહિચ્છત્રાનો ગતિશીલ ભૈરવ,

---

૫ મજમુદાર, (ડૉ.), મંજુલાલ ર., 'ધી હિસ્ટોરીકલ ઍન્ડ કલ્ચરલ ક્રોનોલૉજી ઑફ ગુજરાત', પ્લેટ નંબર ૩૦ (સી), (ડી).

૬ ઉપર્યુક્ત સંદર્ભ, પ્લેટ નં. ૩૦ (સી).

૭ ઉપર્યુક્ત સંદર્ભ, પ્લેટ નં. ૩૦ (ડી).

૮ અગ્રવાલ (ડૉ.), વાસુદેવ શરણ, 'શિવ-મહાદેવ', પ્લેટ નં. ૨૮

હવામાં ઊડતા શિરકેશ અને ભયંકર ગર્જના કરતો હોય તેમ ખૂલેલા મુખમાં દેખાતા ખીલા જેવા દાંત સાથે, જે ભયંકર સંહારક સ્વરૂપની સચોટતા દર્શાવે છે તે આ ભૈરવ–મસ્તકમાં નથી.

એક એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે,[૯] વાકાટક રાજા રુદ્રસેન પહેલો (ઈ.સ. ૩૩૫–૬૦) તેના માતામહ ભારશૈવ રાજા ભવનાગના પ્રભાવ હેઠળ, મહાભૈરવનો ચુસ્ત ભકત થયો હતો અને તેણે પોતાના ઇષ્ટદેવ માટે મંદિર પણ બંધાવ્યું હતું; આના અંગેના આભિલેખિક પુરાવા પણ મળે છે. આ હકીકત પરથી એક એવું આડકતરું સૂચન મળે છે કે ઈ.સ. ત્રીજા-ચોથા સૈકાથી ભૈરવ-પૂજા અને ભૈરવ-શિલ્પો ભારતમાં પ્રચાર પામ્યાં હશે.

## ૩ અતિરિક્તાંગ ભૈરવ:

વડોદરાની પૂર્વે, પાણીગેટના દરવાજાની બહાર આવેલા ઠીંકરનાથ સ્મશાનની પાસે જે શૈવ મંદિરોનો સમૂહ છે તેમાં એક ચૂનારા મહાદેવના મંદિરની બહારની ભીંતે જડેલી આ અતિરિક્તાંગ ભૈરવની મૂર્તિ કેડ નીચેથી તૂટી ગયેલી છે. અતિ કૃશ સ્વરૂપ મૂર્ત કરતા આ શિલ્પમાં, જેનાં અંગ અતિ રિકત થઇ ગયેલાં છે એવા ભૈરવનાં, સ્પષ્ટ દેખાતી છાતીની પાંસળીઓ, તદ્દન સુકાઈને બેસી ગયેલું પેટ, સૂકાં હાથ, મુખ, ગળું અને ઢળેલાં નેત્ર નજરે પડે છે. ભૈરવના નોંધપાત્ર જટામુકુટમાં વચ્ચે કીર્તિમુખ છે. તેણે રુદ્રાક્ષનાં કુંડળ, બાજુબંધ, હસ્તવલય અને જમણા હાથમાં કપાલ ધારણ કરલાં છે. આ શિલ્પ આશરે છઠ્ઠા સૈકાનું છે.

આ જ પ્રકારનાં શિલ્પોમાંનું એક વડોદરા મ્યૂઝિયમમાં છે[૧૦] અને બીજું શ્રી. ટી. એ. ગોપીનાથ રાવે પ્રસિદ્ધ કર્યું છે.[૧૧]

## ૪ આસનસ્થ શિવ :

મનુષ્યદેહરૂપે શિવનાં જે જુદાં જુદાં સ્વરૂપો પ્રાપ્ત થાય છે તેમાંનું આ કેવલમૂર્તિ પ્રકારનું આસનસ્થ શિવ યોગીનું કલ્યાણકારી સ્વરૂપ, વડોદરાની દક્ષિણે આશરે એકાદ માઈલના અંતરે આવેલા દન્તેશ્વર ગામના દશમી શતાબ્દીના શિવમંદિરમાંથી પ્રાપ્ત થયું છે. દશમી શતાબ્દીમાં અહીં મોટું શૈવ કેન્દ્ર હોવું જોઈએ. અહીંથી ભૈરવ, લકુલીશ, માહેશ્વરી, સ્વાહા, ગણપતિ, શિવ, નૃત્યવૃંદ આદિનાં ચોક્કસ દશમી શતાબ્દીનાં શિલ્પો મળ્યાં છે. આ મંદિર તોડીને મુસલમાન આક્રમણકારોએ વડોદરા-દન્તેશ્વરના રસ્તા પર, શિલ્પોને અવળાં ભીંતમાં ચણી લઈ, ઈમારતના પથ્થરો તરીકે તેમનો ઉપયોગ કરી, એક હજીરો બાંધેલો છે; આવો જ એક હજીરો વડોદરાના ખંડેરાવ માર્કેટથી પ્રતાપનગર જવાના રસ્તે આવેલો છે.

દન્તેશ્વરના આ પદ્માસનમાં બિરાજેલા ચતુર્ભુજ શિવ યોગીના આગળના બે હાથ ધ્યાનમુદ્રામાં છે અને પાછળના જમણા અને ડાબા હાથમાં અનુક્રમે ત્રિશૂલ અને ખટ્વાંગ નજરે

---

૯ યઝદાની, જી, 'ધી અર્લી હિસ્ટરી ઑફ ધી ડેક્કન', વોલ્યુમ ૧, પૃ. ૧૭૧

૧૦ આ આરસપહાણનું ભૈરવ શિલ્પ, લાડોલ (તા. વિજાપુર, જિ. મહેસાણા)માંથી મળ્યું છે. તે અને તેની સાથેનો માતૃકાસમૂહ વડોદરા મ્યૂઝિયમમાં છે.

૧૧ રાવ, ટી. એ. ગોપીનાથ, 'ધી એલીમેન્ટ્સ ઑફ હિંદુ આઇકોનોગ્રાફી', વૉ. ૨–૧, પ્લેટ નં. ૪૩.



ચિત્ર ૨
ભૈરવ-મસ્તક



ચિત્ર ૩
અતિરિક્તાંગ ભૈરવ



ચિત્ર ૪
આસનસ્થ શિવ

પડે છે. શિવે માથે જટામુકુટ, કુંડળ, હસ્તવલય, કેયૂર, નૂપુર, યજ્ઞોપવીત, એક સેરી હાર તેમ જ બીજો લટકણિયાં સહિતનો ત્રણ સેરી હાર ધારણ કરેલાં છે.

**૫ વીણાધર શિવ :** (જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર)

ભીમનાથ મહાદેવના પ્રવેશદ્વારની બહાર એક ચોતરા પર લીમડાના વૃક્ષને અઢેલી ત્રિભંગમાં કમલાસન પર ઊભેલા ચતુર્ભુજ વીણાધર શિવે આગલા બે હાથે, ત્રાંસી સ્થિતિમાં વીણા અને પાછળના બે હાથ પૈકી ઉપલા જમણા હાથે ત્રિશૂલ અને ડાબા હાથે સર્પ ધારણ કરેલાં જણાય છે. શિર પરના મુકુટની વચ્ચે 'સિંહમુખ'ની કલગી, મુકુટના નીચેના ભાગે નાના મોતીનું એક સેરી આભરણ, ગળામાં એક સેરી હાર સાથે બીજો સિંહમુખની છાપના લટકણિયાવાળો ત્રણ સેરી હાર, તેમ જ નાભિ પ્રદેશ સુધી પહોંચતો ત્રીજો પ્રલંબ, નાની ચકતી સહિતનો ત્રણ સેરી હાર, કુંડળ, હસ્તવલય, કેયૂરો, નૂપુર, કમરબંધ, વચ્ચે 'સિંહમુખ'ની નાની ચકતી સહિતનું નાના મોતીનું જાંઘ પરનું આભરણ અને જાંઘ પરના આભરણમાંથી બન્ને પગના ઢીંચણ સુધી લટકતી મોતીની ત્રણ સેરો દૃષ્ટિગોચર થાય છે.

શિવની ડાબી બાજુએ દ્વિભંગમાં કમલાસન પર ઊભેલી દ્વિહસ્ત કોમલ દેહ ધરાવતી ચામરધારિણી ઊંચા કરેલા જમણા હાથે ચામર વીંઝતી જણાય છે. તેનાં શિરનો કેશ-વિન્યાસ, નાજુક અંગો અને પ્રસન્ન ભાવવાહી મુખમુદ્રા નોંધપાત્ર છે. શિવની માફક તેણે પણ મોતીના પ્રણાલીગત અલંકારો ધારણ કરેલા છે.

**૬ બ્રાહ્મી :** (જુઓ આ અંકના કવરપેજ ૨જા ઉપરનું ચિત્ર)

ભીમનાથના પટાંગણમાં ડાબી બાજુએ પડેલાં શિલ્પો પૈકી, બ્રાહ્મી અને વૈષ્ણવીની બારમી શતાબ્દીની મૂર્તિઓ ધ્યાન ખેંચે છે. ચતુર્હસ્ત બ્રાહ્મીના પાછલા ઊંચા કરેલા જમણા અને ડાબા હાથમાં અનુક્રમે શ્રુક અને પોથી નજરે પડે છે અને આગળના બે હાથ પૈકી જમણો અભયમુદ્રામાં છે અને ડાબા હાથમાં ફૂલ જેવી કંઈક અસ્પષ્ટ વસ્તુ દેખાય છે. સમભંગમાં ઊભેલી દેવીએ જટાભારની નીચે મસ્તકાભરણ, ગળામાં બે સેરી હાર તેમ જ બીજો પ્રલંબ નાભિ સુધી પહોંચતો બે સેરી હાર, કુંડલ, કમરબંધ, હસ્તવલય, કેયૂર, નૂપુર, પગની ઘૂંટી સુધી પહોંચતી વનમાલા, કટિવસ્ત્ર (જેના છેડા બે પગ વચ્ચે લટકતા જણાય છે) આદિ ધારણ કરેલાં છે. રેતિયા પથ્થરની બારમા શતકની આ મૂર્તિ, ભીમનાથના પ્રાચીન સ્થળની, ઈસ્વી સનના પ્રારંભના સૈકાઓની પરંપરાના સાતત્યનું સૂચન કરે છે.

**૭ વૈષ્ણવી :** (જુઓ આ અંકના કવરપેજ ૩જા ઉપરનું ચિત્ર)

દ્વિભંગમાં ઊભેલી, રેતિયા પથ્થરની ચતુર્હસ્ત વૈષ્ણવીના પાછલા બે હાથો પૈકી ડાબા હાથમાં ચક્ર છે અને તૂટેલા જમણા હાથમાં ગદા હોવાનું અનુમાન થઈ શકે છે. દેવીના આગલા બે હાથોમાંનો જમણો અભય મુદ્રામાં છે અને ડાબા હાથમાં કમંડલુ હોય એમ જણાય છે. વૈષ્ણવીએ મુકુટ નીચે બે સેરનું મસ્તકનું અલંકરણ, કુંડલ, હસ્તવલય, બાજુબંધ, નૂપુર, પગની ઘૂંટી નીચે પહોંચતી વનમાલા, ગળામાંનો સ્તનની નીચે પહોંચતો ત્રણ સેરી હાર, ત્રણ સેરી

કમરબંધ અને વચ્ચે લટકતા છેડા સહિતનું કટિવસ્ત્ર આદિ ધારણ કરેલાં છે. બારમા શતકની આ મૂર્તિ, ઉપર્યુક્ત બ્રાહ્મીની શિલ્પકલા સાથે સામ્ય ધરાવે છે.

ઉપર્યુક્ત શિલ્પોમાં કામદેવ-રતિ અને ભૈરવ-મસ્તક તેમ જ તે જ સમૂહના અન્ય સ્થળે પ્રસિદ્ધ થયેલા બે ભૈરવો, એક જ પ્રકારની શિલ્પકલા દર્શાવે છે. ઈસ્વી સનની પૂર્વે બીજી-પહેલી શતાબ્દીના બ્રાહ્મી લિપિના અક્ષરો કોતરેલા પથ્થરો જ્યાંથી મળ્યા છે તે, પ્રાચીન અંકોટ્ટકથી ઉત્તરે એકાદ માઈલના અંતરે આવેલો ભીમનાથનો ટેકરો ( જે પ્રાચીન સમયમાં સ્મશાનભૂમિ હોવાની સંભાવના છે ) હજી ય વધુ શોધખોળ માગી લે છે. કામનાથના શિવ-મંદિરનો આઠમી શતાબ્દીનો સપ્તગ્રહનો ભીંતમાં જડી લીધેલો શિલાપટ્ટ, કોઈ ભવ્ય મંદિરના પ્રવેશદ્વારની બારસાખ ઉપરનો ઓતરંગ ( door-lintel ) હોવાનું સૂચન કરે છે. ભીમનાથ, કામનાથ સિવાય વડોદરાની દક્ષિણે અકોટાથી એકાદ માઈલના અંતરે આવેલ જાગનાથ અને સરસિયા તળાવ નજીક આવેલ હર્ષનાથ અને સોમનાથનાં શિવાલયોમાં કેટલાંક નોંધપાત્ર શિલ્પો પ્રાપ્ત થાય છે. દન્તેશ્વરમાં પણ અહીં તહીં દરકાર કર્યા વિનાનાં પડી રહેલાં શિલ્પો અભ્યાસીઓની રાહ જોઈ રહ્યાં છે. વડોદરાના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ શિલ્પોનો અભ્યાસ અંતર્ગત થવો અત્યંત આવશ્યક છે.

# 'કિરાતાર્જુનીય'ના વનસ્પતિ-ઉલ્લેખો

—જયન્ત પ્રે. ઠાકર

સંસ્કૃત સાહિત્યનાં અતિપ્રસિદ્ધ **'પંચમહાકાવ્યો'** છે કાલિદાસકૃત **'રઘુવંશ'** અને **'કુમારસમ્ભવ'**, **ભારવિ**વિરચિત **'કિરાતાર્જુનીય'**, **માઘ**ગ્રથિત **'શિશુપાલવધ'** અને **શ્રીહર્ષ**રચિત **'નૈષધીયચરિત'**. આપણા પ્રાચીન સાહિત્યનાં પ્રધાન મહાકાવ્યોની આ નામાવલિમાં ઈ.સ.ના છઠ્ઠા શતકમાં થઈ ગયેલ મહાકવિ **ભારવિ**નું **'કિરાતાર્જુનીય'** માળાના મેરુની જેમ મધ્યે વિરાજે છે. વળી મહાકવિઓ **ભારવિ, માઘ** તથા **શ્રીહર્ષ**ની ઉપરિનિર્દિષ્ટ કૃતિઓ સંસ્કૃત સાહિત્યમાં **'બૃહતત્રયી'** મનાય છે અને આ **'બૃહતત્રયી'**માં પણ **'કિરાતાર્જુનીય'** પ્રથમ સ્થાને શોભે છે. આવું મહત્ત્વ ધરાવનાર આ મહાકાવ્ય મહાકવિ **ભારવિની** એકમાત્ર ઉપલબ્ધ કૃતિ હોઈ **'પંચમહાકાવ્યો'**માં તે એકલું જ વીરરસપ્રધાન મહાકાવ્ય છે.

વિવિધ કાલના સાહિત્યમાં તે તે સમયની સામાજિક પરિસ્થિતિ પ્રતિબિમ્બિત થયેલી હોય છે, અને એ રીતે સાહિત્યકૃતિઓમાંના વૈવિધ્યપૂર્ણ નિર્દેશો અતિમહત્ત્વપૂર્ણ અને ઉપયોગી ગણાય છે. આજથી આશરે ચૌદસો વર્ષ ઉપર રચાયેલ **ભારવિની** એ બહુમૂલ્ય કૃતિમાંના વેષભૂષાનિર્દેશક ઉલ્લેખોનો એક સ્વાધ્યાય આ પહેલાં 'સ્વાધ્યાય'માં પ્રકટ થયો છે. અહીં તેમાંના વનસ્પતિનિર્દેશોનું એક અધ્યયન રજૂ કરવામાં આવ્યું છે.

**'કિરાતાર્જુનીય'**માં વૃક્ષો, છોડ, લતાઓ, પુષ્પો ઇત્યાદિ વિવિધ પ્રકારની વનસ્પતિના પુષ્કળ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. **વૃક્ષો**ના સામાન્ય ઉલ્લેખો ૩૧ છે અને તેને માટે ૧૨ પર્યાયસંજ્ઞાઓ યોજાયેલી છે, જેની વિગત નીચે પ્રમાણે છે :

[૧] 'आगम' (૫.૧૮);[૧] [૨] 'क्षितिरुह' (**૧૭.** ૬૧); [૩] 'जगतीरुह' (૬. ૨); [૪] 'तरु' (**૧.** ૫૦; **૫.** ૨૫, ૪૪; **૬**, ૧૭, ૨૬, ૩૪; **૭**, ૨૮; **૯.** ૧૫; **૧૦.** ૮; **૧૧.** ૫૧; **૧૨.** ૫૪; **૧૩**: ૩૦; **૧૫.** ૩૩; **૧૬.** ૩૦); [૫] 'नग' (**૧૦.** ૩૧; **૧૭.** ૬૨); [૬] 'पादप' (**૫.** ૪૧; **૭.** ૪૦; **૧૭.** ૬૦); [૭] 'भूरुह' (**૬.** ૧૮; **૯.** ૭; **૧૪.** ૪૭); [૮] 'महीरुह' (**૫.** ૧૦; **૮.** ૨૧); [૯] 'वनस्पति' (**૧૬.** ૪૪); [૧૦] 'वरण' (**૫.** ૨૫); [૧૧] 'शाखाभृत्' (**૫.** ૩૭) અને [૧૨] 'शाखिन्' (**૮.** ૪). આ પર્યાયોમાં 'तरु' શબ્દનો પ્રયોગ સર્વથી વધારે—૧૪ વાર—થયો છે.

---

૧ અહીં આપેલા સર્વ ઉલ્લેખો-નિર્દેશો મહાકવિ**ભારવિ**વિરચિત **'કિરાતાર્જુનીયમ્'**ની મુંબઈના નિર્ણયસાગર મુદ્રણાલયની શ્રી નારાયણ રામ આચાર્યે પરિષ્કૃત કરેલી ઈ.સ. ૧૯૫૪માં પ્રકટ થયેલી ચતુર્થ આવૃત્તિ અનુસાર છે. તેમાં પ્રથમ અંક સર્ગ દર્શાવે છે અને દ્વિતીય અંક શ્લોકનો સૂચક છે.

આમાંના કેટલાક વિશિષ્ટ ઉલ્લેખોનો હવે આપણે પરિચય સાધીએ. મહાકવિ **ભારવિ** મહારાજ **યુધિષ્ઠિર**ના પાત્ર દ્વારા જણાવે છે કે પવનના સપાટાથી જેનાં મૂળ હચમચી ગયાં હોઈ ક્રમે ક્રમે શિથિલ થઈ ગયાં હોય તેવાં વૃક્ષોને સહેલાઈથી ઉખેડી શકાય છે.[2] એક સ્થળે વનવૃક્ષોની શોભાને નગરના ઉપવનની શોભા બની જતી નિરૂપી છે, જે માટે નિમ્નલિખિત ત્રણ પરિસ્થિતિઓને જવાબદાર લેખી છેઃ [૧] તેમની શાખાઓ ઉપર આકર્ષક વસ્ત્રો લટકતાં હતાં; [૨] યાત્રાના થાકથી દુઃખી અપ્સરાઓએ તેમનો આશ્રય લીધો હતો; અને [૩] અપ્સરાઓના નિવાસાવાસોથી તે વિરાજતાં હતાં.[3] અન્યત્ર કવિ સુન્દર ઉત્પ્રેક્ષા દ્વારા કહે છે કે અપ્સરાઓએ તેમનું શરીરસૌન્દર્ય તરુઓ પાસેથી લીધું હતું![4] બીજા એક સ્થળે વળી **હસ્તિનાપુરની** રાજસભાના સભ્યોએ ક્ષણભર નિહાળેલા એક અવિસ્મરણીય દૃશ્યનું આલેખન થયું છે : અસ્ત પામતા સૂર્યની સામે રહેલા વિશાળ વૃક્ષની ગોળાકાર ધારણ કરતી છાયા જેવી **દ્રૌપદીને** **દુઃશાસન** ઘસડી રહ્યો છે, અને પોતાનાથી વિમુખ થયેલી છાયાને જેમ વૃક્ષ ત્યજતું નથી તેવી જ રીતે **દ્રૌપદી**એ મુખ ફેરવી લીધું હોવા છતાં **દુઃશાસન** તેને છોડતો નથી![5] વળી એક સ્થળે એવું આલેખન મળે છે કે સૂર્યથી દૂર ગયેલી છાયાને જેમ મહાતરુ ધારણ કરી રહે તેમ કિરાતવેષધારી ભગવાન્ **શંકરે** તપસ્વી **અર્જુન** સામેના યુદ્ધમાં પીછેહઠ કરતા નિજસૈન્યને નાસતું રોકી રાખ્યું.[6] હિમવર્ષા તથા પથ્થરની ઝડીઓથી વૃક્ષોને ઘણી હાનિ પહોંચે છે એવું સ્પષ્ટ વિધાન પણ અહીં મળે છે.[7] અન્યત્ર કરેલ ચિત્રણ અનુસાર **અર્જુન** વેગપૂર્વક કિરાતવેષધારી **શિવ** ઉપર વૃક્ષો ફેંકતો હતો, પરન્તુ ભગવાન **શંકર** તો તે વૃક્ષોની છાલ, ડાળીઓ અને ગર્ભના

---

૨ જુઓ '**કારણમાલા**' તથા '**ઉપમા**'ની '**સંસૃષ્ટિ**'ના સુન્દર ઉદાહરણરૂપ એ શ્લોક :
अपरागसमीरणेरितः क्रमशीर्णाकुलमूलसन्ततिः ।
सुकरस्तरुवत्सहिष्णुना रिपुरुन्मूलयितुं महानपि ॥ २.५०

૩ જુઓ '**નિદર્શના**' અલંકારના ચમત્કૃતિયુક્ત ઉદાહરણરૂપ એ શ્લોક :
शाखावसक्तकमनीयपरिच्छदानामध्वश्रमातुरवधूजनसेवितानाम् ।
जज्ञे निवेशनविभागपरिष्कृतानां लक्ष्मीः पुरोपवनजा वनपादपानाम् ॥ ७.४०

૪ આ રહી એ '**વર્ણાનુપ્રાસ**'યુક્ત સુન્દર '**ઉત્પ્રેક્ષા**' :
प्रवालभङ्गारुणपाणिपल्लवः परागपाण्डूकृतपीवरस्तनः ।
महीरुहः पुष्पसुगन्धिराददे वपुर्गुणोच्छ्रायमिवाङ्गनाजनः ॥ ८.२१

૫ આ રહી તાદૃશ ચિત્ર ખડું કરી દેનાર તે '**ઉપમા**' :
तामैक्षन्त क्षणं सभ्या दुःशासनपुरःसराम् ।
अभिसायार्कमावृत्तां छायामिव महातरोः ॥ ११.५१

૬ स बभार रणापेतां चमूं पश्चादवस्थिताम् ।
पुरः सूर्यादपावृत्तां छायामिव महातरुः ॥ १५-३३

૭ મરણિયો બનેલો અર્જુન કિરાતપતિ ઉપર પથ્થર વર્ષાવે છે :
स खण्डनं प्राप्य परादमर्षवान् भुजद्वितीयोऽपि विजेतुमिच्छया ।
ससर्ज वृष्टिं परिरुग्णपादपां द्रवेतरेषां पयसामिवाऽश्मनाम् ॥ १७.६०

ટુકડે ટુકડા કરી નાખતા હતા, જે બધાથી તેમ જ તે પરનાં પુષ્પો અને પલ્લવો વડે ઢંકાઈ ને ભૂમિએ રંગવૈવિધ્ય ધારણ કર્યું હતું. વૃક્ષોનાં આ અંગોને કવિ રઙ્ગદેવતાઓને **ઈશાને** (=મહાદેવે) અર્પેલ આહુતિઓ કલ્પે છે![8]

પ્રકાશિત **ઓષધિ**ઓના ચાર ઉલ્લેખ આ કાવ્યમાં પ્રાપ્ત થાય છે, અને સર્વત્ર **'ओषधि'** શબ્દ જ પ્રયોજેલો છે. મહાકવિ **ભારવિ**એ કરેલ કવિત્વમય વર્ણન અનુસાર આ ઓષધિઓનું તેજ ગ્રહો તેમ જ દિવ્ય વિમાનોને એટલાં બધાં પ્રકાશિત કરી મૂકતું હતું કે ભગવાન્ **ઉમાપતિ**ના ગણોને તેમના ત્રિપુરદહનના મહાકાર્યનું સ્મરણ વારંવાર થવા લાગ્યું હતું.[9] આ તેજસ્વી ઓષધિઓને અહીં નીતિશાલી રાજાની સમૃદ્ધિ સાથે સરખાવી છે.[10] એક સ્થળે તો તે અપ્સરાઓની દીપિકાઓ બની જાય છે![11] અન્તે પિષઙ્ગજટાધારી અને રોષે ભરાયેલ **અર્જુન**ને પ્રકાશિત ઓષધિઓ તથા દવાગ્નિને ધારણ કરતા હિમાલય પર્વત સાથે સરખાવવામાં આવ્યો છે![12]

**કૂંપળો** કે **કળીઓ**નો ઉલ્લેખ ૨૧ વાર થયો છે. તેના નિર્દેશક ત્રણ શબ્દો અહીં પ્રયોજાયા છે: [૧] 'पल्लव' (૬.૨૬; ૭.૨૯; ૮.૫, ૭, ૧૫, ૨૦, ૨૧, ૨૨, ૪૫, ૪૮, ૪૯, ૫૨; ૯.૫૦, ૫૭, ૬૨, ૭૭; **૧૦**.૪૧, ૪૯; **૧૬**.૫૩)નો પ્રયોગ ૧૯ વાર થયો છે જ્યારે [૨] 'प्रवाल' (૮.૨૧) તથા 'लतान्त' (૮.૧૬) એક જ વાર વપરાયા છે. પુષ્પના અવતંસકને ગાઢ રીતે ગૂંથેલી કળીઓથી સુશોભિત કર્યો છે.[13] અહીં એક અપ્સરાને નાજુક તથા સુગન્ધિત

---

૮ જુઓ એ તાદૃશ વર્ણન :
निःशेषं शकलितवल्कलाङ्गसारैः कुर्वद्भिर्भुवमभितः कषायचित्राम् ।
ईशानः सकुसुमपल्लवैर्नगैस्तैरातेने बलिमिव रङ्गदेवताभ्यः ॥ १७.६२

૯ **'સ્મરણાલંકાર'**નું એ ઉદાહરણ જુઓ :
ग्रहविमानगणानभितो दिवं ज्वलयतौषधिजेन कृशानुना ।
मुहुरनुस्मरयन्तमनुक्षपं त्रिपुरदाहमुमापतिसेविनः ॥ ५.१४

१० गुणसम्पदा समधिगम्य परं महिमानमत्र महिते जगताम् ।
नयशालिनि श्रिय इवाऽधिपतौ विरमन्ति न ज्वलितुमोषधयः ॥ ५.२४

૧૧ અપ્સરાઓને આ વસ્તુઓ સ્વર્ગનું સ્મરણ કરવા દેતી નથી :
श्रीमल्लताभवनमोषधयः प्रदीपाः
शय्या नवानि हरिचन्दनपल्लवानि ।
अस्मिन् रतिश्रमनुदश्च सरोजवाताः
स्मर्तुं दिशन्ति न दिवः सुरसुन्दरीभ्यः ॥ ५.२८

૧૨ આ રહી તે રમ્ય **'ઉપમા'** :
स पिषङ्गजटावलिः किरन्नुरुतेजः परमेण मन्युना ।
ज्वलितौषधिजातवेदसा हिमशैलेन समं विदिद्युते ॥ १५.४७

૧૩ જુઓ તે **'વર્ણાનુપ્રાસ'** અને **'યમક'**નું ઉદાહરણ :
सलीलमासक्तलतान्तभूषणं समासजन्त्या कुसुमावतंसकम् ।
स्तनोपपीडं नुनुदे नितम्बिना घनेन कश्चिज्जघनेन कान्तया ॥ ८.१६

પુષ્પશય્યાનો ત્યાગ કરી પલ્લવાચ્છાદિત ભૂમિ ઉપર જ સૂવાની ઇચ્છા કરતી આલેખી છે, જેથી પુષ્પો કરતાં પલ્લવો અધિક શીતળ અને આશ્વાસક હોય છે તેવું સ્પષ્ટ થાય છે.[14] વળી એક સ્થળે અગ્નિની જ્વાલાઓને સમુચિત રીતે જ અસ્થિર અને લાલાશ ધારણ કરેલ પલ્લવો સાથે સરખાવી છે.[15]

**પુષ્પો**ના ૧૮ સામાન્ય ઉલ્લેખો મળે છે. તેના માટે યોજાયેલા પર્યાયો આ પ્રમાણે છે: [૧] '**कुसुम**' (૫.૧૦, ૨૩; ૬.૨૮; ૭.૨૬; ૮.૧૪, ૧૬, ૨૦; ૧૦.૮); [૨] '**पुष्प**' (૫.૫, ૨૩; ૮.૧૧, ૧૫, ૨૧; ૧૦.૩૫, ૪૯); [૩] '**प्रसून**' (૮.૧૮) અને [૪] '**शाखिनां प्रसव**' (૮.૧૩). તદુપરાન્ત એક સ્થળે '**अवचयपरिभोग**' એ પ્રયોગ કરેલો છે (૧૦.૫) જે પુષ્પોનો જ નિર્દેશ કરે છે. પુષ્પોને અહીં ઋતુઓનાં લાઞ્છનો (= ચિહ્નો) કહ્યાં છે (૧૦.૩૮). એક સ્થળે **ભારવિ** આવું વિધાન કરે છે:

'दधतमुच्चशिलान्तरगोपुराः पुर इवोदितपुष्पवना भुवः ।' (૫.૬ગઘ)

આથી સ્પષ્ટ સૂચન મળે છે કે સામાન્યતઃ સર્વ નગરોને ઉદ્યાનો હતાં. વળી પુષ્પોને કવિ લતાઓનાં નેત્રો કહે છે.[16] વસન્તને તે 'પુષ્પમાસ' કહે છે. (૧૦.૩૫ઘ). ફૂલની કે ફૂલ પાથરેલી પથારીના ઉલ્લેખો પણ થયા છે (૫.૨૩ગઘ; ૧૦.૪૯ખ).

પુષ્પોના **કેસર**ના ચાર ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે માટે પ્રયોજિત શબ્દો છે '**किञ्जल्क**' (૭.૩૫) અને '**केसर**' (૪.૭, ૧૪; ૮.૩૬). પ્રથમ સ્થળે હાથીઓના કુમ્ભસ્થળ પરની મદ ઝરવાથી અંકિત થયેલી લાલાશ પકડતી રેખાઓ 'કિઞ્જલ્ક' અર્થાત્ (કમળના) કેસરથી આચ્છાદિત થયેલી આલેખી છે, જેને પરિણામે હાથીના એ લમણા કમળની સુવાસ પ્રાપ્ત કરે છે.[17] દ્વિતીય ઉલ્લેખ સૂક્ષ્મ કેસરરજથી અલઙ્કૃત બન્ધૂક પુષ્પોને ગોપનારીઓની ભ્રમરોની

---

૧૪ એ શ્લોક '**પર્યાય**' અલંકારનું સુન્દર ઉદાહરણ છે:

अवचकमत सपल्लवां धरित्रीं मृदुसुरभिं विरहय्य पुष्पशय्याम् ।
भृशमरतिमवाप्य तत्र चाऽस्यास्तव सुखशीतमुपैतुमङ्कमिच्छा ॥ १०.४९

૧૫ मुहुश्चलत्पल्लवलोहिनीभिरुच्चैः शिखाभिः शिखिनोऽवलीढाः ।
तलेषु मुक्ताविशदा बभूवुः सान्द्राञ्जनश्यामरुचः पयोदाः ॥ १६.५३

૧૬ જુઓ એ '**રૂપક**' અલંકારઃ

स्थिरद्विरेफाञ्जनशारितोदरैर्विसारिभिः पुष्पविलोचनैर्लताः ॥ ८.११गघ

૧૭ તે શ્લોક '**સમપરિવૃત્તિ**' અલંકારનું ઉદાહરણ બની ગયો છે:

प्रश्चोतन्मदसुरभीणि निम्नगायाः
क्रीडन्तो गजपतयः पयांसि कृत्वा ।
किञ्जल्कव्यवहितताम्रदानलेखै-
रुत्तेरुः सरसिजगन्धिभिः कपोलैः ॥ ७.३५

વચ્ચેના ભાગને શોભાવતાં નિરૂપે છે;[૧૮] જ્યારે બાકીના બેઉ નિર્દેશોએ સુન્દરીઓના દાંતને 'કેસર' ની તુલના આપેલી છે[૧૯]— પ્રાય: કમળના કેસરની.

'**પરાગ**' ના બીજા બે નિર્દેશો પણ મળે છે. તેમાંના પ્રથમ સ્થળે કવિ કહે છે કે એક પ્રિયતમ પોતાની પ્રિયતમાનાં નયનોમાંના પુષ્પપરાગને ફૂંક મારી ઉડાડી દેવા પ્રયત્ન કરે છે પણ તે તેમાં સફળ થતો નથી—જો કે પ્રસિદ્ધ વ્યાખ્યાકાર **મલ્લિનાથ** સૂચવે છે તેમ, આ તો કેવળ બહાનું જ હતું ![૨૦] જ્યારે બીજા ઉલ્લેખ પરથી જાણવા મળે છે કે તે જમાનાની સુન્દરીઓ પોતાના સ્તનપ્રદેશ પર પુષ્પપરાગનું લેપન કરતી જેથી તે પ્રદેશ શ્વેતતા ધારણ કરતો.[૨૧]

પુષ્પ-'**મંજરી**' નો એક ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે, જ્યાં અપ્સરાઓની ભુજલતાઓને નખમાંથી પ્રસરતાં અસ્થિર તેજકિરણોના સમૂહ રૂપી મંજરીઓને ધારણ કરતી નિરૂપી છે.[૨૨]

'**પુષ્પહાર**'નો ઉલ્લેખ આ કાવ્યમાં છ વખત થયો છે: બે વાર 'माल्य' શબ્દ વડે (૯,૭૨,૭૬) અને ચાર વાર 'स्रज्' શબ્દ વડે (૧.૨૯; ૮.૩૩, ૩૭; ૯.૩૫). આ ઉલ્લેખો પરથી સમજાય છે કે આ માળાઓ નરનારીના દેહને તથા તેઓની વસ્તુઓને અલઙ્કૃત કરતી હતી. કુસુમમાળાઓને રતિના—જાતીય પ્રણયના—એક સાધન તરીકે ગણાવેલી છે. વિયોગમાં તેમના તરફ અરુચિ ઊભી થાય છે, પરન્તુ પ્રણયીઓનો સંયોગ તેમને રમ્યતા અર્પે છે.[૨૩] અહીં જણાવ્યું છે તે પ્રમાણે તે જમાનાના પ્રેમીઓ પોતાની પ્રિયતમાઓને અર્પવા માટેની પુષ્પમાળાઓ જાતે જ બનાવતા ![૨૪]

---

૧૮ તે શ્લોકમાં મૂકેલી છે એક મનોજ્ઞ '**ઉત્પ્રેક્ષા**':—

मनोरमं प्रापितमन्तरं भ्रुवोरलङ्कृतं केसरेणुनाऽणुना ।
अलक्तताम्राधरपल्लवश्रिया समानयन्तीमिव बन्धुजीवकम् ॥ ४.७

૧૯ ગોપનારીઓના હૂબહૂ વર્ણનના ચાર શ્લોકમાંનો પ્રથમ શ્લોક જુઓ:

परिभ्रमन्मूर्धजषट्पदाकुलैः स्मितोदयादर्शितदन्तकेसरैः ।
मुखैश्चलत्कुण्डलरश्मिरञ्जितैर्नवातपामृष्टसरोजचारुभिः ॥ ४.१४

અને જુઓ ચાર સર્ગ પછી કરેલું આલેખન:

अगूढहासस्फुटदन्तकेसरं मुखं स्विदेतद्विकसन्नु पङ्कजम् ।
इति प्रलीनां नलिनीवने सखीं विदाम्बभूवुः सुचिरेण योषितः ॥ ८.३६

૨૦ व्यपोहितुं लोचनतो मुखानिलैरपारयन्तं किल पुष्पजं रजः ।
पयोधरेणोरसि काचिदुन्मनाः प्रियं जघानोन्नतपीवरस्तनी ॥ ८.१९

અને સાથે જુઓ તે પરની **મલ્લિનાથ**ની ટીકા.

૨૧ परागपाण्डूकृतपीवरस्तनः । ८.२१ ખ

૨૨ स्फुरन्नखांशूत्करमञ्जरीभृतः । ८.५ ખ

૨૩ જુઓ '**અર્થાન્તરન્યાસ**'નો એક સુન્દર નમૂનો:

न स्रजो रुरुचिरे रमणीभ्यश्चन्दनानि विरहे मदिरा च ।
साधनेषु हि रतेरुपधत्ते रम्यतां प्रियसमागम एव ॥ ९.३५

૨૪ જુઓ '**અર્થાન્તરન્યાસ**'નું બીજું ઉદાહરણ:

प्रियेण संग्रथ्य विपक्षसन्निधावुपाहितां वक्षसि पीवरस्तने ।
स्रजं न काचिद्विजहौ जलाविलां वसन्ति हि प्रेम्णि गुणा न वस्तुनि ॥ ८.३७

આ મહાકાવ્યમાં '**લતા**'ઓનો ઉલ્લેખ ૨૧ વાર થયો છે: 'लता' શબ્દ દ્વારા ૧૬ વખત (**૪.** ૧૫; **૫.** ૫, ૧૦, ૧૧, ૧૯, ૨૮, ૪૪, ૪૬; **૬.** ૧૮; **૭.** ૨૮; **૮.** ૫, ૧૧; **૧૦.** ૧૯; **૧૨.** ૪૧; **૧૪.** ૩૪ અને **૧૬.**૫૫) તથા 'वीरुध्' શબ્દ દ્વારા ૪ વખત (**૪.** ૧૯; **૮.** ૨; **૧૦.** ૮; **૧૪.** ૩૯). બાકીના એક સ્થળે (**૧૨.** ૫૪) 'गुल्मजाल' શબ્દ પ્રયોજાયો છે, જેનો અર્થ ટીકાકાર **મલ્લિનાથ** 'लता-प्रतान' એવો કરે છે. **ઇન્દ્રકીલ**નું પ્રત્યેક શિખર પુષ્પિત લતાઓની હારમાળા વડે સુશોભિત હતું.[૨૫] ભગવાન્ **શંકરે** કિરાતપતિનું રૂપ ધર્યું ત્યારે પોતાના છૂટા લટકતા કેશને પુષ્પિત લતાઓના છેડા વડે બાંધ્યા હતા.[૨૬] નિવેશવીરુધો અર્થાત્ ગૃહવલ્લીઓ—ઘરઆંગણે રાખેલી વેલીઓ—ને, નિર્દોષ ગ્રામજનો તેમનો આશ્રય લેતા હોવાથી, કવિએ અહીં આશ્રમમણ્ડપો સાથે સરખાવી છે.[૨૭] તે જ રીતે, ખીલેલાં પુષ્પોને લતાઓનાં ખુલ્લાં નયનો કહ્યાં છે.[૨૮]

દધિમન્થનમાં મગ્ન ગોપનારીઓનો નિઃશ્વાસ બંધાતાં તેમના અધર–નીચલા ઓઠ-ધ્રૂજતા હતા. આથી કવિ સમુચિત રીતે જ તેમને એક જ પાંદડી જેની હાલતી હોય એવી લતાઓ સાથે સરખાવે છે.[૨૯] અને થોડા સર્ગ વટાવી જઈએ તો વિલાસિની અપ્સરાઓ તથા લતાઓ વચ્ચેનું 'સમસ્તવસ્તુરૂપક' દૃષ્ટિગોચર થાય છે.[૩૦]

કવિઓનો વીજળીને વેલ સાથે સરખાવવાનો શોખ બહુ જાણીતો છે. '**કિરાતાર્જુનીય**'માં એવા ત્રણ પ્રસંગો જોવા મળે છે. પ્રથમ સ્થળે, વર્ષાઋતુનું વર્ણન કરતાં કવિ કહે છે કે વિદ્યુલ્લતાઓનું તેજ વિવૃતિ પામ્યું-વિકસ્યું.[૩૧] દ્વિતીય નિર્દેશે કિરાતવેષધારી ભગવાન્ **શંકરે** છોડેલા વરુણાસ્ત્રના પ્રભાવનું વર્ણન કરતાં **ભારવિ** કહે છે કે નીલમૂર્તિ વાદળોને

---

૨૫ अनुसानु **पुष्पितलताविततिः ५.१८** ક

૨૬ કિરાતપતિના અતિરમ્ય ચિત્રાત્મક આલેખનનો એક અંશ જુઓ:
वदनेन **पुष्पितलतान्तनियमितविलम्बिमौलिना ।**
**बिभ्रदरुणनयनेन** रुचं शिखिपिच्छलाञ्छितकपोलभित्तिना ॥ १२.४१

૨૭ જુઓ **ઇન્દ્રકીલ**ને રસ્તે અર્જુને નિહાળેલ ઉત્તમ દૃશ્યનો એક અંશ:
जनैरुपग्राममनिन्द्यकर्मभिर्विविक्तभावेङ्गितभूषणैर्वृताः ।
भृशं ददर्शाऽऽश्रम**मण्डपोपमाः सपुष्पहासाः** स **निवेशवीरुधः** ॥ ४.१९

૨૮ આ રહ્યો એ '**રૂપક**' અને '**ઉત્પ્રેક્ષા**'ના '**સંકર**'રૂપ સુન્દર શ્લોક:
**सखीजनं** प्रेमगुरूकृतादरं निरीक्षमाणा इव नम्रमूर्तयः ।
स्थिरद्विरेफाञ्जनशारितोदरैर्विसारिभिः पुष्पविलोचनैर्लताः ॥ ८.११

૨૯ '**ઉપમા**'નો એક અતિરમ્ય નમૂનો:
**निबद्धनिःश्वासविकम्पिताधरा लता इव प्रस्फुरितैकपल्लवाः** । ४.१५ કપ

૩૦ तनूरलक्तारुणपाणिपल्लवाः स्फुरन्नखांशूत्करमञ्जरीभृतः ।
**विलासिनीबाहुलता** वनालयो विलेपनामोदहृताः सिषेविरे ॥ ८.५

૩૧ विवृतिमियाय रुचिस्तडिल्लतानाम् । १०.१९ પ

તડિલ્લતાઓ આલિંગન આપતી હતી.[૩૨] ત્રીજે સ્થળે આવતો ઉલ્લેખ વિશેષ વૈચિત્ર્યયુક્ત છે: **ઇન્દ્રકીલ** પર્વત પર પુષ્કળ લતાઓ ઊગેલી છે. પવનની વેગીલી લહેરો આ ગીચ લતાઓને વારંવાર છૂટી પાડ્યાં કરે છે, અને વચ્ચે પડતાં આવાં અસ્થિર અન્તરોમાંથી પર્વતના સુવર્ણમય ઢોળાવોનું તેજ બહાર આવે છે. કવિને આ અસ્થિર તેજસ્ફુરણો વીજળીના ચમકારાનું અનુકરણ કરતાં લાગે છે.[૩૩]

'**લતામણ્ડપ**'નો ઉલ્લેખ ચાર વખત આવ્યો છે, જે માટે બે સ્થળે 'लतागृह' શબ્દ પ્રયોજાયો છે (**૫**.૫ ૧૯) અને બે સ્થળે 'लताभवन'નો પ્રયોગ કરેલો છે (**૫**. ૧૦, ૨૮).

'**ઘાસ**'ના સામાન્ય ઉલ્લેખો સાત છે. તે માટે યોજેલા પર્યાય શબ્દો છે '**तृण**' (**૫**.૩૮; **૬**.૨૬; **૧૦**.૩; **૧૧**.૫૯, ૭૦; **૧૬**.૪૪) તથા '**सस्य**' (૪.૩૩). '**शाद्वल**' અર્થાત્ ઘાસનાં મેદાનોનો નિર્દેશ ત્રણ સ્થળે (**૫**. ૩૭; **૭**. ૨૬; **૧૦**. ૨૭) થયો છે. ઘાસની વિવિધ જાતોનાં છ નામો આપેલાં છે: 'उलप' (**૧૦**. ૩), 'काश' (૮. ૯), '**गवेधुका**' (**૧૨**. ૫૧), 'तृण' (**૧૦**. ૩), 'दर्भ' (**૧**. ૩૮) અને '**बर्हिस्**' (**૧**. ૪૦). '**काश**' **પ્રકારનું** ઘાસ નેતર જેવું હોઈ સાદડીઓ, છાપરાં વગેરે બનાવવામાં વપરાય છે. આપણા કાવ્યમાંનો ઉલ્લેખ **ઇન્દ્રકીલ** પર્વતની કુંજનદીઓના તટપ્રદેશમાં તે ઊગતું હતું તેવું સૂચવે છે. અહીં 'કાશ'ને દુકૂલ સાથે સરખાવ્યું હોવાથી તે સુંવાળું અને મોહક છતાં સહેલાઈથી તૂટે નહિ તેવું મજબૂત હોવું જોઈએ.[૩૪] જેને 'અશ્વબાલ' નેતર કહે છે તે જ આ, જેને માટે લેટિન સંજ્ઞા છે. **Saccharum Spontaneum Lin.** 'उलप' પણ તેવું જ સુંવાળું ઘાસ છે જેને **Saccharum Cylindricum** કહે છે. **ક્ષીરસ્વામી** અને **હલાયુધ**નાં ઉદ્ધરણો આપી ટીકાકાર **મલ્લિનાથ** આ 'उलप' ને 'बल्वज' તથા 'उशीर'નો પર્યાય ગણાવે છે.[૩૫] 'गवेधुका' બહુધા ગોચરનું ઘાસ છે;[૩૬] જ્યારે 'तृण' તેના વિશિષ્ટ અર્થમાં 'दुर्वा' જેવા

---

૩૨ **तडिल्लता**लिङ्गितनीलमूर्तयः । १६.५५

૩૩ જુઓ એ રમ્ય '**ઉપમા**':

सक्तिं जवादपनयत्यनिले लतानां
वैरोचनैर्द्विगुणिताः सहसा मयूखैः ।
रोधोभुवां मुहुरमुत्र हिरण्मयीनां
भासस्तडिद्विलसितानि विडम्बयन्ति ॥ ५.४६

૩૪ જુઓ એ તાદૃશ રમ્ય આલેખન:

समुन्नतैः **काशदुकूलशालिभिः** परिक्वणत्सारसपङ्क्तिमेखलैः ।
प्रतीरदेशैः स्वकलत्रचारुभिर्विभूषिताः कुञ्जसमुद्रयोषितः ॥ ८.९

૩૫ જુઓ ૧૦.૩ ઉપરની **મલ્લિનાથ**ની વ્યાખ્યા, જેમાં તે આ પ્રમાણે ઉદ્ધરણો આપે છે:

'उलपा बल्वजाः प्रोक्ताः' इति **हलायुधः** । 'उलपा उशीरतृणानि' इति **क्षीरस्वामी** ।

૩૬ **મલ્લિનાથ અમરકોશ**માંથી ઉદ્ધરણ ટાંકે છે:

'तृणधान्यानि नीवाराः स्त्री गवेधुर्गवेधुका',

જે અનુસાર 'गवेधुका' ને 'नीवार'નો પર્યાય ગણેલો છે, જે બોયા વિના ઊગતી ડાંગર છે. જુઓ **૧૨.૫૧** ઉપરની **મલ્લિનાથ**ની ટીકા.

સામાન્ય પ્રકારના ઘાસને માટે વપરાય છે. **મલ્લિનાથ** 'बर्हिस्' ને 'कुश'ના પર્યાય તરીકે નિરૂપે છે અને તે અર્થના ટેકામાં **'विश्व'** કોશનું ઉદ્ધરણ ટાંકે છે.[૩૭] 'दर्भ' એ આ પ્રકારના ઘાસનું જ અપરનામ છે.[૩૮]

આ ઉપરાંત, નીચે દર્શાવ્યા પ્રમાણેની ૪૪ વનસ્પતિઓના નિર્દેશો **'કિરાતાર્જુનીય'**-માંથી ઉપલબ્ધ થાય છે:

**૧ अगुरु :, અગર**—સુગન્ધયુક્ત અગરનું વૃક્ષ, જેની લૅટિન પરિભાષિક સંજ્ઞા છે **Aquiluria Agallocha.** તેના અહીં બે ઉલ્લેખો મળે છે (૭. ૩૭; **૧૨.** ૫૦). પ્રથમ નિર્દેશ તેને હાથીઓના 'કષ' તરીકે–મદઝરતા હાથીઓને પોતાના કુમ્ભસ્થલ જે વૃક્ષો સાથે ઘસવાની ટેવ પડી હોય છે તેમાંના એક તરીકે – વર્ણવે છે;[૩૯] જ્યારે બીજા સ્થળે તેને સુગન્ધિત વૃક્ષ તરીકે નિર્દેશેલ છે: મહિષો વડે તોડી પડાયેલા 'અગુરુ', 'તમાલ' અને 'નલદ' વૃક્ષોની સુવાસને પવન વહી જાય છે, એવો સામાન્ય નિર્દેશ છે.

**૨ अर्जुन, ककुभ : કડાયો**—તેની છાલ સફેદ હોઈ તે 'અર્જુન' કહેવાય છે. તે સુગન્ધિત પુષ્પોવાળું વનવૃક્ષ છે. તેનો નિર્દેશ અહીં બે વખત થયો છે (**૧૦.૨૧; ૧૫.૫૦**). તેનાં પુષ્પોની સુગન્ધને પ્રથમ સ્થળે કામોદ્દીપક ગણાવી છે. વર્ષાઋતુમાં ખીલતા વૃક્ષ તરીકે તે અહીં નિરૂપાયું છે.

**૩ अलक्त, अलक्तक : અળતો**—તેનો ઉલ્લેખ પણ બે સ્થળે થયો છે (૮.૫; **૧૦.**૪૩) જે બન્ને નિર્દેશો તે સમયની યુવતીઓ પોતાની હથેળીઓ તથા પગનાં તળિયાં અળતાના રસથી રંગતી હતી તેવું સ્પષ્ટ રીતે દર્શાવે છે.

**૪ अशोक—Jonesia Asoka Roxle.** લાલ પુષ્પોવાળા આ વૃક્ષનો ઉલ્લેખ ત્રણ સ્થળે થયો છે (૮.૬; **૧૦.**૯, ૩૨). જેના કુસુમસ્તબકને ભ્રમરે કરડેલ છે અને જેનાં નાજુક પલ્લવો હલે છે તેવી 'અશોક'ની યષ્ટિ–શાખા–ને કવિ અહીં પ્રિયતમ વડે અધર કરડાતાં હાથ હલાવી ઊડતી વધૂનું અનુકરણ કરતી કલ્પે છે.[૪૦] અશોકનાં પલ્લવો ઉપર જાણે કામદેવ

---

૩૭ જુઓ: 'बर्हिः कुशहुताशयोः' इति विश्वः । ૧.૪૦ ઉપરની **મલ્લિનાથ**ની ટીકા.

૩૮ જુઓ: 'अस्त्री कुशं कुथो दर्भः' इति । ૧.૩૮ ઉપરની **મલ્લિનાથ**ની ટીકા.

૩૯ જુઓ **'નિદર્શના'** અલંકારનું ઉદાહરણ:

श्रीमद्भिर्नियमितकन्धरापरान्तैः संसक्तैरगुरुवनेषु साङ्गहारम् ।
सम्प्रापे निस्रुतमदाम्बुभिर्गजेन्द्रैः प्रस्यन्दिप्रचलितगण्डशैलशोभा ॥ ७.३७

૪૦ જુઓ એ **'સમાસોક્તિ'** તથા **'ઉપમા'**ના **'સંકર'**નો રમ્ય નમૂનો:—

निपीयमानस्तबका शिलीमुखैरशोकयष्टिश्चलबालपल्लवा ।
विडम्बयन्ती ददृशे वधूजनैरमन्ददष्टौष्ठकरावधूननम् ॥ ८.६

'शिलीमुखैः' એ બહુવચનનો પ્રયોગ જરા ખૂંચે એવો છે.

બિરાજ્યા હોય એવું અપ્સરાઓને લાગ્યું![41] અને છતાં તપસ્વી **અર્જુન** અશોક વૃક્ષની ડાળીઓ ઉપર પોતાનું વલ્કલ સૂકવતો હતો ( **૧૦.૯** )!

૫ . **एला : ઇલાયચી—Elettaria Cardamomum.** આ કાવ્યમાં એક જ સ્થળે તેનો ઉલ્લેખ થયો છે ( ૭.૩૮ ), જ્યાં મદ ઝરતા હાથીઓના મદની ગન્ધને વિકસિત એલાપુષ્પની સુગન્ધ જેવી મધુર તથા આહ્લાદક કહી છે.

૬ **कदम्ब—Anthocephalus Cadamba.** આ વૃક્ષનાં પુષ્પોનો નિર્દેશ પાંચ વાર થયો છે ( **૫.૯; ૧૦.૨૩, ૨૫, ૨૬, ૪૩** ). એક સ્થળે ( ૧૦.૨૬ ) તેના માટે 'नीप' શબ્દ પ્રયોજ્યો છે. અહીંના ઉલ્લેખોમાં તે વર્ષાઋતુના વૃક્ષ તરીકે નિરૂપાયું છે. એક સ્થળે તો **ભારવિ** 'कदम्बानिल' ( અર્થાત્ 'કદમ્બપુષ્પોની સુગન્ધને વહન કરતો વાયુ' ) શબ્દ 'વર્ષાઋતુ'ના અર્થમાં યોજે છે.[42]

૭ **कदली : કેળ—Musa Sapientum** અથવા **Musa Praradisiaca.** તેનો એક જ ઉલ્લેખ છે ( **૧૨.૫૧** ) અને ત્યાં એવું વિધાન છે કે વન્ય પ્રાણીઓની નાસાનાસમાં સરોવરોના કાંઠે ઊગેલાં કદલીવૃક્ષો કચડાઈ ગયાં.

૮ **कमल : Nelumbium Speciosum.** આપણા કાવ્યમાં 'કમળ'ની વિવિધ જાતોના કુલ ૭૧ ઉલ્લેખો આવે છે જે દરમિયાન મહાકવિ **ભારવિએ** તેનાં નિમ્નલિખિત ૧૮ નામ પ્રયોજ્યાં છે :

[૧] '**अब्ज**' ( **૧૧.૪** ); [૨] '**अम्बुरुह**' ( ૫.૧૦; ૮.૪૨ ); [૩] '**अम्भोज**' ( ૪.૨૭ ); [૪] '**उत्पल**' ( **૩.૩૬; ૪.૧૭, ૨૬; ૭.૩; ૯.૩૨, ૫૧, ૫૬, ૬૧; ૧૦.૩૯,** ૫૬; **૧૬.૬૨** ); [૫] '**कमल**' ( ૨.૪૬; **૫.૨૫; ૮.૪૪** ); [૬] '**कुमुद**' ( **૯.૩૧; ૧૦.૨૪, ૨૫; ૧૨.૨૪** ); [૭] '**जलज**' ( ૫.૧૯ ); [૮] '**जलरुह**' ( **૧૨.૫૧** ); [૯] '**नलिन**' ( ૬.૪૭; **૭.૧૮; ૧૦.૩૩** ); ( ૧૦ ) '**नीरज**' ( ૯.૧૯ ); [૧૧] '**पङ्कज**' ( **૫.૩૨; ૬.૩; ૭.૧૦; ૮.૨૪, ૨૭, ૨૮, ૩૬; ૯.૧૪, ૧૬; ૧૦.૪૨; ૧૪.૫૬; ૧૬.૩૩** ); [૧૨] '**पद्म**' ( **૪.૩; ૯.૩** ); [૧૩] '**वनज**' ( ૮.૨ ); [૧૪] '**वारिज**' ( **૪.૪** ); [૧૫] '**वारिरुह**' ( **૫.૧૩** ); [૧૬] '**सरसिज**' ( **૭.૩૫** ); [૧૭] '**सरोज**' ( **૪.૧૪, ૨૯, ૩૫; ૫. ૭, ૨૮; ૬.૬; ૭.૩૬; ૮.૨૯, ૩૫, ૫૬; ૯.૫૭; ૧૦.૨૪** ); અને [૧૮] '**सरोरुह**' ( **૪.૨; ૬.૧૨; ૮.૨૫, ૪૭** ). કમળના છોડના નિદર્શક છ શબ્દો વપરાયા છે: [૧] '**अम्बुरुहिणी**' ( ૯.૧૪ ); [૨] '**नलिनी**'

---

૪૧ ददृशुरिव सुराङ्गना निषण्णं **सशरमनङ्गमशोकपल्लवेषु** ॥ ૧૦.૩૨ગધ

૪૨ જુઓ અતિરમ્ય '**રૂપક**' :—

विपाण्डुभिर्म्लानतया पयो**धरै**श्च्युताचिराभा**गुण**हेमदामभिः ।
इयं **कदम्बानिल**भर्तुरत्यये न दिग्वधूनां कृशता न राजते ॥ ૪.૨૪

આ શ્લોક ઉપરની પોતાની ટીકામાં **મલ્લિનાથ** સ્પષ્ટ કરે છે કે :

"'कदम्बानिल' शब्देन वर्षर्तुरुपलक्ष्यते ।"

(૫.૩૭, ૩૯; ૮.૩૬; ૧૦.૩૧ ); [ ૩ ] ' पङ्कजिनी ' ( ૧૦.૩૩ ); [ ૪ ] ' पद्मिनी ' ( ૪.૫ ); [ ૫ ] ' मृणालिनी ' ( ૪.૨૭ ); અને [ ૬ ] ' सरोरुहिणी ' ( ૪.૩૪ ). તે શરદ્ ઋતુના ફૂલ તરીકે નિર્દિષ્ટ થયું છે ( ૪.૨, ૩, ૪, ૩૫; ૧૦.૨૪, ૨૫, ઇત્યાદિ ). અને તે સાથે જ, ' વસન્તલક્ષ્મી 'ને ' નલિનવનો 'માં પગલાં માંડતી નિરૂપી છે ( ૧૦.૩૧ ) તથા ' નલિન 'ને વસન્તમાં વિકસતી ' પઙ્કજિની 'નું મુખ કહ્યું છે ( ૧૦.૩૩ ), અને ' જલરુહલતા 'ઓને નિદાઘ અર્થાત્ ગ્રીષ્મમાં ' ક્લાન્ત ' થતી અર્થાત્ કરમાઈ જતી આલેખી છે ( ૧૨.૫૧ ). કમળની સુગન્ધના પણ સીધા તેમ જ આડકતરા પુષ્કળ ઉલ્લેખો થયા છે ( ૪.૨૬, ૨૯, ૩૫; ૫. ૨૮; ઇત્યાદિ ). ' પંકજ ' ની સુરભિને વહતા શીતળ ' માતરિશ્વા ' અર્થાત્ વાયુને થાક ઉતારનાર કહ્યો છે ( ૭.૧૦ ). જો કે કેટલીક વખત ભૂરા કમળનો નિર્દેશ કરવા માટે ' ઉત્પલ ' ની પૂર્વે ' અસિત ' કે ' નીલ ' શબ્દ જોડવામાં આવ્યો છે ( ૪.૨૬; ૯.૬૧; ૧૬.૬૨ ), તથાપિ સામાન્ય રીતે ' ઉત્પલ ' નો અર્થ જ ' ભૂરું કમળ ' થાય છે. ભૂરા કમળનો નિર્દેશ કરવા માટે અહીં ' नील-नीरज ' ( ૯.૧૯ ) અને ' विनील-सरोज ' ( ૯.૫૭ ) જેવા પ્રયોગો પણ થયા છે. ' कुमुद ' ( ૧૦.૨૫ ), ' नलिनी ' ( ૫.૩૭, ૩૯; ૮.૩૬; ૧૦.૩૧ ) અને ' सरोज ' ( ૫.૭; ૮.૫૬ ) જેવા શબ્દોને પાછળ ' वन ' શબ્દ લગાડી કમળની કુંજોનો નિર્દેશ કર્યો છે. ' कुमुद ' એ ચન્દ્રોદયે ખીલતું અને સૂર્યોદયે કરમાતું ' રાત્રિ-કમળ ' કે ' શ્વેત કમળ ' છે; જ્યારે ' पङ्कज ' એ સૂર્યોદયે વિકસતું અને સૂર્યાસ્તે કરમાતું ' રક્ત-કમલ ' છે ( ૯.૧૪; ૧૪.૫૬; ૧૬.૩૩; ઇત્યાદિ ). ' स्थलनलिनी ' ( ૫.૩૯ ) તથા ' स्थलपद्मिनी ' ( ૪.૫ ) જેવા ઉલ્લેખો પણ થયા છે. અને આ છેલ્લા ઉલ્લેખમાં એવું આલેખન કરવામાં આવ્યું છે કે શાલિક્ષેત્રોમાં અર્થાત્ ડાંગરનાં ખેતરોમાં ભરાયેલા જલ ઉપર પુષ્કળ કમલરજ પથરાઈ જતાં કમળો જલને બદલે જાણે સ્થલ ઉપર ઊગ્યાં હોય તેવો સંશય ત્યાંથી પસાર થતા **અર્જુન**ના મનમાં ઊભો થયો, જે તેમાંના પાઠીનમત્સ્યોની પછડાટોથી દૂર થયો.[૪૩] અને ઉપર નોંધેલા ' स्थलनलिनी 'ના નિર્દેશસ્થાને ( ૫.૩૯ ) તો જલમાંથી કમલરજ ઊંચે ઊડી ન શકે અને તેથી કવિ મનમાં ધારેલું ચિત્ર ખડું ન કરી શકે તેથી જ ' સ્થલકમલ 'નો આશ્રય લેવાયો છે એવું સ્પષ્ટ વિધાન **મલ્લિનાથ** જેવાને કરવું પડયું છે! પરન્તુ જલને બદલે સ્થલનો આશ્રય લેવાતાં કવિ ધાર્યું નિશાન વીંધી શકયા છે અને ' आतपत्र-भारवि 'નું બહુમાન પ્રાપ્ત કરી શકયા છે. એ શ્લોકમાં કવિએ કરેલું સાદું, સરલ અને કોઈ પ્રકારની ગૂંચ વિનાનું ચિત્રણ આવું છે: ' એ પૂર્ણવિકસિત સ્થલકમલવનમાંથી ગોળાકારે વાત્યા વડે ઉડાડાયેલ કમલરજ આકાશમાં ગોળાકારે વ્યાપીને કનકમય છત્રની શોભા ધારણ કરી રહી. '[૪૪]

---

૪૩ જુઓ એ ' **નિશ્ચયોત્તરસન્દેહ** ' અલંકારનું ઉદાહરણ બનતો, સંક્ષેપમાં હૂબહૂ ચિત્ર ખડું કરતો શ્લોક :

नुनोद तस्य **स्थलपद्मिनीगतं** वितर्कमाविष्कृतफेनसन्तति ।
अवाप्तकिञ्जल्कविभेदमुच्चकैर्विवृत्तपाठीनपराहतं पयः ॥ ૪.૫

૪૪ આ શ્લોક એ ' **અસમ્ભવદ્ધર્મસમ્બન્ધા નિદર્શના** 'નું સુન્દર ઉદાહરણ પૂરું પાડી કવિકલ્પનાને ઉત્કૃષ્ટ કોટિએ પહોંચાડી, કવિને ' **છત્ર-ભારવિ** 'નું વિશિષ્ટ બિરુદ અપાવનાર અને વર્ણસગાઈ દ્વારા પાદે પાદે રણકો ઊભો કરી કવિની શબ્દપસંદગીની નિપુણતાની ચાડી ખાનાર સરલ છતાં અનુપમ શ્લોક :—

૯ कुङ्कुम : કેસર—**Crocus Sativus**. તેના બે ઉલ્લેખો અહીં મળે છે ( ૮.૩૪, ૪૨ ) જે બન્ને સ્પષ્ટ કરે છે કે સ્ત્રીઓ કેસર વડે પોતાની કાયાને અલંકૃત કરતી હતી.

૧૦ कुन्द—**Amorphophalus Campanu latus**. અહીં તેનો એક જ ઉલ્લેખ છે ( **૧૦**.૨૮ ) પણ તે મહત્ત્વપૂર્ણ છે, સૂચક છે. તેમાં એવું વિધાન કરાયું છે કે હેમન્ત ઋતુમાં વાયુ પૂર્ણવિકસિત કુન્દ પુષ્પોની સુવાસ વડે સુવાસિત બને છે. સામાન્ય રીતે 'કુન્દ' શિશિરનું ફૂલ છે, જ્યારે અહીં તો તેને હેમન્તનું ફૂલ ગણ્યું છે. ટીકાકાર **મલ્લિનાથ** આ ગૂંચવાડાને ઉકેલવા પ્રયત્ન કરે છે તે જણાવે છે કે જો કે 'કુન્દ' પુષ્પો સાધારણ રીતે શિશિરનાં પુષ્પો છે, છતાં તે હેમન્તમાં પણ જોવા મળે છે અને તેથી મહાકવિ **ભારવિ**ના આ વિધાનમાં કોઈ અસમ્બદ્ધતા ન ગણાય.[૪૫] આ જૂઈનો એક પ્રકાર હોઈ તેનાં પુષ્પો સફેદ, નાજુક અને સુગન્ધિત હોય છે. કવિઓ જ્યારે ને ત્યારે તેને શ્વેત રંગ માટે ઉપમાન બનાવે છે. પરન્તુ **ભારવિ** તો અહીં માત્ર તેની સુવાસનો જ નિર્દેશ કરે છે.

૧૧ कुरबक—**Barlaria Prionitis Linn**. આનો પણ એક વાર જ ઉલ્લેખ થયો છે ( **૧૦**.૩૨ ), જ્યાં તે વસન્તના સુન્દર છોડ તરીકે નિર્દેશ પામ્યો છે. આ શ્લોકમાં કામદેવને અશોકનાં પલ્લવો ઉપર બેસીને પ્રફુલ્લ કુરબક પુષ્પો રૂપી અધર ખોલી સ્મિત કરતી કુરબક-ઘટા રૂપી વધૂને વિલોકતો કલ્પ્યો છે.[૪૬] આધુનિક વૈજ્ઞાનિકો 'કુરબક'ને ઓઠયુક્ત પુષ્પ કહે છે તે સ્વાભાવિક રીતે જ તેની પાંદડીઓના આકારને અનુલક્ષીને હશે.

૧૨ केतक, केतकी : કેવડો—**Pandanus Odoratissimus**. ડૉ. **નાડકર્ણી** 'કેતક' કે 'કેતકી'નાં પુષ્પોની શ્વેત અને પીળી એવી બે જાતો ગણાવે છે—શ્વેત કેતકી શ્રાવણમાં ખીલતી જ્યારે પીળી માઘ–ફાગણમાં.[૪૭] આપણા કાવ્યમાં આવતા ત્રણે નિર્દેશો ( ૬.૧૦; ૯.૧૭ અને ૧૦.૨૬ ) શ્વેત કેતકીને અનુલક્ષે છે. એક સ્થળે પાણીના ફીણને શ્વેતતામાં

---

उत्फुल्लस्थलनलिनीवनादमुष्मा—
दुद्धूतः सरसिजसम्भवः परागः ।
वात्याभिर्वियति विवर्तितः समन्ता—
—दाधत्ते कनकमयातपत्रलक्ष्मीम् ॥ ५.३९

સાથે જુઓ **મલ્લિનાથ**ની ટીકામાંનું સ્પષ્ટ વિધાન :

"जलपतितस्य परागस्योत्थानासम्भवात् 'स्थल'ग्रहणम् ।"

૪૫ જુઓ **૧૦**.૨૮ ઉપરની **મલ્લિનાથ**ની ટીકામાંનો સમાધાનનો યત્ન :
"शैशिराणामपि कुन्दानां हेमन्ते प्रादुर्भावादविरोधः ।"

૪૬ આ રહ્યું એ '**રૂપક**'-'**ઉત્પ્રેક્ષા**'ની '**સંસૃષ્ટિ**'નું રમ્ય ઉદાહરણ :—
विकसितकुसुमाधरं हसन्तीं कुरबकराजिवधूं विलोकयन्तम् ।
ददृशुरिव सुराङ्गना निषण्णं सशरमनङ्गमशोकपल्लवेषु ॥" १०.३२

૪૭ Nadkarni, K. M.: The Indian Materia Medica, Bombay, 1927, pp. 631-632.

'કેતક'ની શિખા સાથે સરખાવે છે.[૪૮] બીજા નિર્દેશમાં ચન્દ્રનાં કિરણોને કેતકી પુષ્પોના પરાગ સાથે સરખાવ્યાં છે.[૪૯] ત્રીજા સ્થળે કવિ એવું આલેખન કરે છે કે શરદ્ ઋતુમાં મકરન્દના શોખીન ભ્રમરો કેતકીકુસુમોને ત્યજી દે છે, કેમકે તે પુષ્પો પોતાના તેમ જ પાસે જ ઊગેલા (પડોશી) કદમ્બપુષ્પોના પરાગ વડે અલંકૃત હતાં અને આ ભ્રમરોને બાહ્ય આડંબર રુચતો નથી પણ તેમને તો પુષ્પરસનો જ આસ્વાદ જોઈએ છે।[૫૦]

૧૩ **चन्दन સુખડ:—Santalum Album.** પોતાની સુગન્ધ તથા શીતળતા માટે પંકાયેલ 'ચન્દન'ના ૧૩ ઉલ્લેખો આ કાવ્યમાં પ્રાપ્ત થાય છે. તેના ત્રણે પ્રકારોના નિર્દેશો તેમાં આવી જાય છે. સાધારણ શ્વેત ચન્દનના ૮ ઉલ્લેખો મળે છે (૭.૨૯; ૮.૧૨, ૩૩, ૫૭; ૧૨.૨૦, ૨૪अ; ૧૪.૩૪ અને ૧૮.૩૨). લોહિત અર્થાત્ રક્તચન્દનનો નિર્દેશ બે વાર થયો છે (૧.૩૪; ૧૨.૪૯); જ્યારે હરિચન્દન અર્થાત્ પીળા ચન્દનનો ઉલ્લેખ ત્રણ સ્થળે દૃષ્ટિગોચર થાય છે (૫.૨૮, ૪૭; ૧૨.૪૦). આમાંના કેટલાક મહત્ત્વના ઉલ્લેખોની વિગતો વિચારતાં જણાય છે કે એક સ્થળે **શિવ**ના હાથને સમુચિત રીતે ચન્દનતરુ સાથે સરખાવ્યા છે (૧૨.૨૪अ). વળી મહિલાઓનાં સ્તન તથા અન્ય અવયવો ઉપર ચન્દનલેપ કરવાના અનેક ઉલ્લેખો અહીં ઉપલબ્ધ છે (૧.૩૪; ૮.૩૩, ૫૭; ૧૨.૨૦). એટલું જ નહિ, પરન્તુ પુરુષો પણ પોતાના વક્ષઃસ્થળે ચન્દન લગાડતા તેવા સ્પષ્ટ નિર્દેશો મળે છે (૧૨.૪૦; ૧૮.૩૨). પોતાનાં કુમ્ભસ્થળ ચન્દનવૃક્ષો સાથે ઘસવાની હાથીઓની ટેવ પણ આ કાવ્યમાં ત્રણ સ્થળે નિર્દિષ્ટ થઈ છે (૫.૪૭; ૮.૧૨; ૧૨.૪૯).

૧૪ **जपाकुसुम : જાસુમ—Hibiscus Rosa Sinensis**. અહીં આવતો ઉલ્લેખ (૫.૮) તેના લાલ રંગને નિર્દેશે છે.

૧૫ **जम्बु : જાંબુ—Eugenia Jambolana.** તેનો ઉલ્લેખ અહીં માત્ર એક વખત જ થયો છે (૧૦.૨૨) પણ તે મહત્ત્વનો છે. તેથી સ્પષ્ટ થાય છે કે તેને વર્ષાઋતુમાં ફળ આવે છે. કોયલને આ ફળ ભાવે છે. તે ખાઈને ખુશ થતાં તે મધુર ગીત ગાય છે, જે તદ્દન

---

૪૮ स ददर्श केतकशिखाविशदं सरितः प्रहासमिव फेनमपाम् ॥ ६.१०ગધ

૪૯ જુઓ ચન્દ્રોદયનું એ રોચક ચિત્રણ :

व्यानशे शशधरेण विमुक्तः केतकीकुसुमकेसरपाण्डुः ।।
चूर्णमुष्टिरिव लम्भितकान्तिर्वासवस्य दिशमंशुसमूहः ॥ ९.१७

૫૦ જુઓ એ કવિપ્રતિભાનો એક નમૂનો:

सरजसमपहाय केतकीनां प्रसवमुपान्तिकनीपरेणुकीर्णम् ।
प्रियमधुरसनानि षट्पदाली मलिनयति स्म विनीलबन्धनानि ॥ १०.२६

અને **મલ્લિનાથે** તે શ્લોક પરની ટીકાને અન્તે કરેલું સ્પષ્ટીકરણ:

" यथा वृन्तादन्यत्राऽपि मालिन्यं स्यात्तथा मधुलोभाच्छादयामासेत्यर्थः ।
न हि मध्वासक्तो मधुलाभेऽसति विभूतिष्वासजतीति भावः ॥ "

નવીન રીતે જ પ્રયોજાયેલ મધુર સ્વરને કારણે મોહક બને છે અને વ્યથિત મનને પણ હરે છે.[૫૧] આ રીતે કોયલને વર્ષાઋતુમાં પણ ગાવાની પ્રેરણા મળે છે.

૧૬ **तमाल—Garcinia Pictoria.** પોતાના કૃષ્ણવર્ણ માટે પ્રખ્યાત આ વૃક્ષના ચાર નિર્દેશો અહીં પ્રાપ્ત થયા છે. (૫.૯; ૬.૨૩; ૧૨.૫૦; ૧૩.૨૪). આમાંનાં બે સ્થળે તેના કહેવતરૂપ બની ગયેલા કૃષ્ણ વર્ણનું આલેખન તુલનાઓ દ્વારા થયું છે (૬.૨૩; ૧૩.૨૪). ત્રીજે સ્થળે હારબંધ ઊગેલાં તમાલ-તરુઓનાં વન વડે ઢંકાયેલા હિમાલયનું આલેખન કરેલું છે (૫.૯); જ્યારે ચોથા સ્થાને તેની સુગંધનો નિર્દેશ મળે છે (૧૨.૫૦).

૧૭ **नलद : વાળો, ખસ—Andropogon Muricatus,** જેનું બીજું નામ 'उशीर' છે. આ કાવ્યમાં તેના બે ઉલ્લેખો મળે છે (૫.૨૫; ૧૨.૫૦), જે બેઉ સ્થળે તે સુગન્ધિત મૂળિયાંની શીતળતા વ્યક્ત થઈ છે.

૧૮ **पलाश, किंशुक : કેસૂડો—Butea Frondosa.** અહીં બે વખત તેનો ઉલ્લેખ થયો છે—એક સ્થળે 'पलाश' નામથી (૧૦.૨૭) અને બીજે સ્થળે 'किंशुक' નામથી (૧૬.૫૨). તે બન્ને સ્થળે આ વૃક્ષનાં ચકચકિત પીળાશ પડતા લાલ રંગનાં પુષ્પોનો નિર્દેશ થયો છે. દ્વિતીય સ્થળે **અર્જુને** ફેંકેલા 'અગ્ન્યસ્ત્ર'માંથી પ્રજ્વલતા અગ્નિને 'કિંશુકનાં મહાવનો'ની ઉપમા આપેલી છે, જેથી તેનાં પુષ્પોનો અગ્નિની જ્વાલા જેવો રંગ વ્યક્ત થાય છે.[૫૨]

૧૯ **पूग : સોપારીનું ઝાડ—Areca.** તેનો એક જ ઉલ્લેખ અહીં મળે છે (૧૫.૫૦).

૨૦ **फलिनी :** પ્રિયંગુ વેલ, જે આમ્રવૃક્ષને વીંટળાઇને રહે છે. તેનાં પુષ્પોનો ઉલ્લેખ પણ એક જ વખત આ કાવ્યમાં થયો છે (૧૦.૨૮) જે સ્પષ્ટ કરે છે કે હેમન્ત ઋતુમાં આ વેલને પુષ્કળ ફૂલ આવે છે.

૨૧ **बकुल—Mimusops Elengi.** જે એક ઉલ્લેખ (૫.૧૧) 'બકુલ'નો અહીં મળે છે તે સૂચવે છે કે સર્પોને તેનાં પુષ્પો બહુ ગમે છે.[૫૩]

૨૨ **बन्धूक : બપોરિયો—Pentapetes Phoenicea Sterculiaceae.** તેના માટે અહીં '**बन्धुजीव**' (૧૦.૨૭), '**बन्धुजीवक**' (૪.૭), તથા '**असन**' (૧૦.૨૬) એ ત્રણ સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. ૪.૭ ઉપરનો ઉલ્લેખ તેના લાલ રંગનો નિર્દેશ કરે છે;[૫૪]

---

૫૧ જુઓ એ શબ્દસૌષ્ઠવયુક્ત રમ્ય વર્ણન:

व्यथितमपि भृशं मनो हरन्ती परिणतजम्बुफलोपभोगहृष्टा ।
परभृतयुवतिः स्वनं वितेने नवनवयोजितकण्ठरागरम्यम् ॥ १०.२२

૫૨ આ નિર્દેશ સાથે સરખાવો કવિવર **રવીન્દ્રનાથ ટાગોરની** 'પલાશ-પુષ્પો'ને સંબોધીને લખાયેલી સુન્દર ભાવવાહી અને ચમત્કૃતિયુક્ત કવિતા જેમાં આ પુષ્પોને 'Flames of the Forest'—'વનની જ્વાલાઓ'-તરીકે સંબોધન કરેલું છે.

૫૩ શબ્દાલંકાર '**યમક**'નું સુન્દર ઉદાહરણ:

फणभृतामभितो विततं ततं दयितरम्यलताबकुलैः कुलैः ॥ १०.११ગઘ

૫૪ જુઓ '**ઉત્પ્રેક્ષા**'ની તાદૃશતા:

अलक्तताम्राधरपल्लवश्रिया समानयन्तीमिव बन्धुजीवकम् ॥ ४.७ ગઘ

જ્યારે **૧૦.૨૭**માં વિકસિત પલાશપુષ્પોને બન્ધુજીવ-પુષ્પોથી ચઢિયાતાં આલેખ્યાં છે, જે દ્વારા પણ લાલ રંગનું સ્પષ્ટ સૂચન થાય છે.[૫૫] અને **૧૦.૨૬** ઉપરની પોતાની ટીકામાં **મલ્લિનાથ** '**અમરકોશ**'નું અવતરણ આપીને '**असन**' તથા '**बन्धुजीव**'ને પર્યાયો લેખે છે.[૫૬] આ નિર્દેશો 'બન્ધુજીવ' શરદૃઋતુમાં વિકસે છે તેવું સૂચવે છે. **ડૉ. નાડકર્ણી** શ્વેત, કાળાં, લાલ અને પીળાં પુષ્પોવાળા તેના ચાર પ્રકારો દર્શાવે છે;[૫૭] જ્યારે પ્રસ્તુત કાવ્યમાંના ત્રણે ઉલ્લેખો સ્પષ્ટતયા રક્તવર્ણવાળી જાતના જ છે.

૨૩ **बाण—Blue Barleria.** તેનો નિર્દેશ પ્રસ્તુત કાવ્યમાં ત્રણ સ્થળે થયો છે ( ૪.૨૮; **૧૦.૨૪; ૧૫.**૫૦ ). તેમાંનો પ્રથમ ઉલ્લેખ નિર્મળ વિકસિત 'બાણ'-પુષ્પોને વનરાજિરૂપી નારીઓનાં ચક્ષુઓ તરીકે વર્ણવે છે, જે તેનો ભૂરો વર્ણ સૂચવે છે. દ્વિતીય ઉલ્લેખમાં શરદૃઋતુને '**आत्तबाणा**' કહી હોવાથી શરદ્‌માં તે પ્રચુર પ્રમાણમાં ખીલતાં હોવાનું સ્પષ્ટ સૂચન મળે છે. અને તૃતીય સ્થળે તો '**अर्जुन**', '**बाण**' તથા '**पूग**'નો સામાન્ય ઉલ્લેખ જ છે.

૨૪ **बिम्ब**—સંસ્કૃત સાહિત્યમાં વારંવાર જોવા મળે છે તેમ, એક સ્થળે ( ૯.૭૮ ) અપ્સરાઓના અધરોને નાજુક, રક્તવર્ણના, ગોળાકાર, 'બિમ્બ'-પુષ્પો સાથે સરખાવ્યા છે.

૨૫ **मञ्जिष्ठा : મજીઠ—Rubia Cordifolia.** એનો જે એક ઉલ્લેખ આ કાવ્યમાં ઉપલબ્ધ થાય છે તે '**माञ्जिष्ठ वसन**' અર્થાત્ 'મઞ્જીઠથી રંગેલા વસ્ત્ર'નો છે ( ૭.૩૬ ). અપ્સરાઓની સેના ઊતરી પડી છે. તેણે ઉડાડેલ લાલ રજના ગોટાથી છવાયેલ જલ કમલરજને કારણે પણ પિંગવર્ણ—લાલાશ—ધારણ કરે છે. આથી કવિ તે જલને મજીઠથી રંગેલા ચળકાટવાળા વસ્ત્રની ઉપમા આપે છે. આ આલેખન ઉપરથી 'મઞ્જિષ્ઠા'નો ચમકતો લાલ રંગ સ્પષ્ટ થાય છે.[૫૮]

૨૬ **मन्दार—Erythrina Indica.** આ કાવ્યમાં 'मन्दारमाला' અર્થાત્ મન્દાર પુષ્પોના હારનો એક ઉલ્લેખ મળે છે ( **૧૬.૧૧** ). આ નિર્દેશ અનુસાર તે

---

૫૫ જુઓ તે '**નિદર્શના**' અલંકારનું સુન્દર ઉદાહરણ :

मुकुलितमतिशय्य **बन्धुजीवं धृतजलबिन्दुषु शाद्वलस्थलीषु ।**
अविरलवपुषः **सुरेन्द्रगोपा** विकचपलाशचयश्रियं समीयुः ॥ ૧૦.૨૭

૫૬ જુઓ **૧૦.૨૬** ઉપરની **મલ્લિનાથ**ની ટીકામાંનું ઉદ્ધરણ :

" सर्जकासन**बन्धूक**पुष्पप्रियकजीवकाः " **इत्यमरः** ।

૫૭ *Vide* Nadkarni, K.M. : ***The Indian Materia Medica***, Bombay, 1927, p. 653.

૫૮ **ભારવિ**ની રોચક શૈલીના એક નમૂનારૂપ એ આલેખન જુઓ :

आकीर्णं **बलरजसा** घनारुणेन प्रक्षोभैः सपदि तरङ्गितं तटेषु ।
मातङ्गोन्मथितसरोजरेणुपिङ्गं **माञ्जिष्ठं वसनमिवाम्बु निर्बभासे** ॥ ७.३६

માળાને આકાશમાંથી દેવો ફેંકે છે, તેથી તેને દિવ્ય પુષ્પ તરીકે નિરૂપ્યું લેખાય. પ્રસ્તુત ઉલ્લેખ સૂચવે છે કે 'મન્દાર'નાં પુષ્પો પ્રિયતમાના અંક સમાં શીતળ હોઈ મૂર્ચ્છિત માણસને ભાનમાં લાવવા માટે ઉપયોગી છે.

૨૭ **मल्लिका : મોગરો : Jasminum Sambac.** તેનો એક ઉલ્લેખ આ કાવ્યમાં મળે છે. (૧૦. ૩૬), જે નિર્દેશ સૂચવે છે કે તે ગ્રીષ્મમાં ખીલે છે અને તેનાં પુષ્પો શ્વેત હોય છે. કેમ કે ત્યાં ગ્રીષ્મઋતુને પૂર્ણવિકસિત 'મલ્લિકા'પુષ્પો દ્વારા વસન્તઋતુની મશ્કરી કરતી કલ્પવામાં આવી છે.[૫૯]

૨૮ **मालती—Jasminum Angustifolium.** તેનો નિર્દેશ પણ બે સ્થળે થયો છે (**૧૦.૨૦; ૧૨.૨૪**). **પ્રથમ** ઉલ્લેખ 'માલતી' વર્ષાઋતુનું પુષ્પ છે એવો સ્પષ્ટ ઈશારો કરી જાય છે; જ્યારે બીજે સ્થળે કિરાતવેષધારી ભગવાન્ **શિવ**ના કપાળ રૂપી 'કુમુદ' ને 'માલતી' પુષ્પ જેવું સિત–સફેદ–કહ્યું છે.

૨૯ **यूथिका : જૂઈ—Jasminum Auriculatum.** આનો એક જ ઉલ્લેખ આપણા કાવ્યમાં મળે છે (૧૦.૩૯), જે તેની મોહક રમણીયતા સૂચવે છે.[૬૦]

૩૦ **लवली**—આ વેલનો ઉલ્લેખ **કિરાતાર્જુનીય**માં એક વાર આવે છે (**૧૦.૨૯**), જ્યાં તે હેમન્તમાં ખીલે છે તેવું સ્પષ્ટ સૂચન મળે છે. અહીં '**લવલી**' લતાઓનું વિકસન હર્ષોત્પાદક તથા કામોત્તેજક કહ્યું છે.[૬૧]

૩૧ **लोध्र : લોધર, લોદ્દર—Symplocos Racemosa.** 'લોધ્ર' વૃક્ષનાં ફૂલ લાલ અગર સફેદ હોય છે. આપણા કાવ્યમાં જે એક જ ઉલ્લેખ (**૧૦.૨૯**) તેનો છે તે એટલું દર્શાવે છે કે તે હેમન્તઋતુમાં પુષ્પ ધારણ કરે છે અને તેની આનન્દદાયક તથા કામોત્તેજક સુગન્ધ પવન દ્વારા ફેલાય છે.

---

૫૯ જુઓ એ **'સહોક્તિ'** અને '**ઉત્પ્રેક્ષા**'ના સુન્દર '**સંકર**'ના રમ્ય ઉદાહરણરૂપ શ્લોક :

कथमिव तव सम्मतिर्भवित्री सममृतुभिर्मुनिनाऽवधीरितस्य ।
इति विरचितमल्लिकाविकासः स्मयत इव स्म मधुं निदाघकालः ॥ १०.३६

૬૦ અહીં કવિ જણાવે છે કે અપ્સરાઓનાં લોચન જેટલાં અર્જુનનાં અંગેમાં ચોંટયાં એટલાં તો ન ઉત્પલોના સમૂહમાં ચોંટયાં કે ન સપ્તપર્ણની શાખાઓના ગુચ્છોમાં યા '**મલ્લિકા**'ઓમાં ચોંટયાં :

न दलति निचये तथोत्पलानां न च विषमच्छदगुच्छयूथिकासु ।
अभिरतिमुपलेभिरे यथासां हरितनयावयवेषु लोचनानि ॥ १०.३६

૬૧ તે છે '**અર્થાન્તરન્યાસ**' અલંકારનું એક મનોજ્ઞ ઉદાહરણ :

निचयिनि लवलीलताविकासे
जनयति लोध्रसमीरणे च हर्षम् ।
विकृतिमुपययौ न पाण्डुसूनु-
श्चलति नयान्न जिगीषतां हि चेतः ॥ १०.२९

૩૨ **वंश : ' વાંસ '—Bambusa Arundinacea**. અહીં તેનો ઉલ્લેખ ત્રણ સ્થળે થયો છે (**૧૨**.૪૭; **૧૫**.૧૮; **૧૬**.૨૮). પ્રથમ સ્થળે '**ઇન્દ્રકીલ**' પર્વત ઉપરનાં વાંસનાં ઝૂંડોનો નિર્દેશ છે. કવિ કહે છે કે મહાસેના ચઢી આવી તેથી ભયભીત બનેલાં **ઇન્દ્રકીલ** ઉપર વિહરતાં ચમરી મૃગોનાં ટોળાં નાસી જવા ગયાં ત્યાં તો તેમનાં બહુ વાળવાળાં પૂંછડાં વાંસનાં ગુલ્મોમાં ભરાઈ ગયેલાં. જો નાસી જાય તો જીવ બચે, પણ તેમનાં પ્રિય પૂંછડાં તૂટી જાય. પૂંછડાંના વાળ તેમને ગમતા હોવાથી તેમણે ખસવાનું સાહસ ન કર્યું અને ધીરજ ધારણ કરી રહ્યાં.[૬૨] ત્રીજા સ્થળે (**૧૬**.૨૮) ઉત્તમ પ્રકારના વાંસમાંથી મોટાં અને દઢ ધનુષ્યો બનાવવામાં આવતાં એ સત્યનો ઈશારો મળે છે. બીજા સ્થળે (**૧૫**.૧૮) '**वेत्र**' શબ્દનો પ્રયોગ થયો છે અને **ઇન્દ્રકીલ** પર્વત ઉપર 'શાક' વૃક્ષોની સાથે 'વાંસ' વિપુલ પ્રમાણમાં ઊગતા એવો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

૩૩ **विदारी—Ipomoea Digitata** અથવા **Ipomoea Paniculata.** આ વેલનો એક જ ઉલ્લેખ (**૧૫**.૫૦) આ કાવ્યમાં મળે છે અને તેમાં નોંધપાત્ર કંઈ છે નહિ. **મલ્લિનાથ** સમજાવે છે તેમ विदारी એટલે 'ભૂમિકૂષ્માણ્ડી' અર્થાત્ ભોંયકહોળાની વેલ.

૩૪ **विद्रुम : પ્રવાલ અર્થાત્ પરવાળું—Corallium Rubrum.** '**કિરાતાર્જુનીય**'માં તેનો ઉલ્લેખ પાંચ સ્થળે થયો છે (**૪**.૩૬; **૬**.૧૩; **૯**.૯, ૨૨, ૬૩). રતાશ તથા કોમળતા અને સુંવાળપ માટે તે પ્રખ્યાત છે. એક સ્થળે શુકાવલિ અર્થાત્ પોપટની હારનાં મુખને—ચાંચોને—વિદ્રુમના ટુકડાઓ જેવી લાલ રંગની કહી છે.[૬૩] સ્વચ્છ અને પાતળા છિદ્રાળુ ફીણના ટીપાવાળું વિદ્રુમલતાનું પલ્લવ વિયોગી **અર્જુન**ને દયિતા **દ્રૌપદી**ના દાંતની કાન્તિથી શોભતા કામોદ્દીપક અધરનું ખૂબ સ્મરણ કરાવે છે.[૬૪] સન્ધ્યાના લાલ તેજથી શોભી ઊઠતી મેઘપંક્તિઓથી વ્યાપ્ત પશ્ચિમાકાશ પાણીનાં મોજાં સાથે ભળેલ 'વિદ્રુમ'વિતાનોના તેજથી રંજિત સમુદ્રની શોભા ધારણ કરતું હતું.[૬૫] ચન્દ્રની કળાને નિર્મળ પ્રવાલના તેજને

---

૬૨ પુચ્છના પ્રેમ આગળ પ્રાણને તુચ્છ ગણનાર ચમરીઓનું આ રહ્યું એ ચિત્ર:

**चमरीगणैर्गणबलस्य** बलवति भयेऽप्युपस्थिते ।

**वंशविततिषु** विषक्तपृथुप्रियबालवालधिभिरादधे धृतिः ॥ **१२**.४७

૬૩ જુઓ સળંગ આહ્લાદક '**ઉપમા**'નો એક ટુકડો:

मुखैरसौ **विद्रुमभङ्गलोहितैः**— **४**.३६

૬૪ જુઓ એ '**સ્મરણાલંકાર**'નું રોચક ચિત્રાત્મક ઉદાહરણ:

शुचिरप्सु **विद्रुमलताविटपस्तनुसान्द्रफेनलवसंवलितः** ।

**स्मरदायिनः स्मरयति स्म भृशं दयिताधरस्य दशनांशुभृतः ॥ ६.१३**

૬૫ જુઓ એ '**નિદર્શના**' અલંકારથી દીપ્ત શ્લોક:

**आस्थितः स्थगितवारिदपङ्क्त्या सन्ध्यया गगनपश्चिमभागः ।**

**सोर्मिविद्रुमवितानविभासा रञ्जितस्य जलधेः श्रियमूहे ॥ ९.९**

ધારણ કરતી નિરૂપી છે.[६६] વળી એક સ્થળે અપ્સરાઓના ગાલને 'વિદ્રુમ' જેવા અરુણ આલેખ્યા છે.[६७]

૩૫ **वेतस : બરૂ—Calamus Extensus, Calamus Rotung.** જેની 'વેતસી વૃત્તિ' પ્રચલિત કહેવતરૂપ બની ગઈ છે, તે 'વેતસ'નો ઉલ્લેખ પ્રસ્તુત કાવ્યમાં એક વખત થયો છે (૬.૫), જે અનુસાર મોટાં મોટાં દેવદારનાં વૃક્ષો ગંગાના પ્રવાહમાં જ્યારે તણાઈ જતાં હતાં, ત્યારે પ્રવાહની પ્રબળતાની સામે નીચાં નમી જઈને 'વેતસ'નાં ઝૂંડ બિલકુલ સહીસલામત રહી શક્યાં અને તે દ્વારા જગતને બોધ આપી રહ્યાં કે વધારે બળવાન આગળ નમન કરવું તે સમૃદ્ધિકારી બને છે.[६८]

૩૬ **शमीतरु—Prosopis Spicigera.** 'શમી' વૃક્ષનો જે એક ઉલ્લેખ (**૧**.૩૨) અહીં થયેલો છે, તે સૂકા શમીનો જલદી અગ્નિને ઝીલવાનો સ્વભાવ સ્પષ્ટ કરે છે.[६९]

૩૭ **शाक : સાગ—Acacia Arabica** અથવા **Acacia Ferruginea.** અહીં તેનો સામાન્ય ઉલ્લેખ (**૧૫**. ૧૮) થયો છે, જ્યાં એવું વિધાન કરવામાં આવ્યું છે કે 'વેત્ર' અને 'શાક' વૃક્ષોને કારણે **ઇન્દ્રકીલ** પર્વત દુર્ગમ બની ગયો હતો.

૩૮ **शाल—Shorea Robusta.** આ વૃક્ષનો ઉલ્લેખ ત્રણ સ્થળે થયો છે (**૧૦**. ૩૪; **૧૩**. ૩ અને **૧૪**. ૩૪), પરન્તુ તે અંગે કંઈ નોંધપાત્ર નથી.

૩૯ **शिरीष : સરખડો—Acacia Speciosa.** આ પુષ્પનો જે એક ઉલ્લેખ (૪. ૩૬) આ કાવ્યમાં થયેલો છે ત્યાં 'શુકાવલિ' અર્થાત્ પોપટની હારને 'વ્યક્તશિરીષકોમલા' અર્થાત્ ખીલેલા 'શિરીષ પુષ્પ' સમાન કોમળ કહી છે. 'શિરીષ' પુષ્પ તેની કોમળતા માટે જાણીતું છે એ વાત સાચી, પરન્તુ અહીં તો તેનો લીલો રંગ પણ ધ્વનિત થયો જણાય છે.

---

૬૬ જુઓ ચન્દ્રોદયના અનુપમ આલેખનનો એક ટુકડો :

लेखया विमलविद्रुमभासा सन्ततं तिमिरमिन्दुरुदासे । ९.२२कख

૬૭ '**કાવ્યલિઙ્ગ**'થી અનુમાણિત '**વિરોધાભાસ**' તથા '**ઉપમા**'ની '**સંસૃષ્ટિ**'ના ઉદાહરણરૂપ જુઓ એ આખો મુખને દર્પણ લેખતો રોચક શ્લોક :

रागकान्तनयनेषु नितान्तं विद्रुमारुणकपोलतलेषु ।
सर्वगाऽपि ददृशे वनितानां दर्पणेष्विव मुखेषु मदश्रीः ॥ ९.६३

૬૮ अवरुग्णतुङ्गसुरदारुतरौ निचये पुरः सुरसरित्पयसाम् ।
स ददर्श वेतसवनाचरितां प्रणतिं बलीयसि समृद्धिकरीम् ॥ ६.५

૬૯ **દ્રૌપદી**ની પ્રેરક વાણી :

कथं न मन्युर्ज्वलयत्युदीरितः शमीतरुं शुष्कमिवाग्निरुच्छिखः ॥ १.३२गघ

૪૦ **शिलाकुसुम —Benzoin flower.** આ કાવ્યમાં આનો જે એક વખત (**૧૨.** ૫૦) ઉલ્લેખ થયેલો છે ત્યાં તેને 'શુક' સાથે સરખાવીને તેના લીલા વર્ણનું સૂચન કરાયું છે, એટલું જ નહિ પણ તેની કોમળતા પણ તે દ્વારા નિર્દિષ્ટ થઈ છે.[૭૦]

૪૧ **सप्तपर्ण—Alstonia Scholaris.** '**કિરાતાર્જુનીય**'માં આ વૃક્ષના ત્રણ નિર્દેશો પ્રાપ્ત થાય છે અને તે ત્રણે સ્થળે તેને માટે અલગ અલગ સંજ્ઞા પ્રયોજાઈ છે. **૧.** ૧૬માં તેને '**अयुग्मच्छद**' કહ્યું છે, જ્યારે **૧૦.** ૩૯માં '**विषमच्छद**' અને **૪.** ૨૮માં '**सप्तपलाश**' શબ્દો તેને માટે વપરાયા છે. પ્રથમ ઉલ્લેખ અનુસાર હાથીઓના મદની ગન્ધ 'સપ્તપર્ણ'નાં પુષ્પોની ગન્ધ જેવી હોય છે. દ્વિતીય ઉલ્લેખમાં તેનાં પુષ્પસ્તબકોની રમણીયતા સૂચિત થાય છે અને તૃતીય સ્થાને 'સપ્તપર્ણ'નાં પુષ્પોના પરાગને '**विपाण्डु संव्यान**' અર્થાત્ સફેદ વસ્ત્ર સાથે સરખાવ્યો છે.

૪૨ **सहकार : આંબો—Mangifera Indica.** આપણા કાવ્યમાં આવતા ચાર ઉલ્લેખોમાંથી એક સ્થળે (**૧૦.** ૩૦) જ તેને '**सहकार**' કહ્યો છે જ્યારે બાકીનાં ત્રણે સ્થળે (**૫.** ૨૬; **૧૦** ૩૧, ૫૩) '**चूत**' સંજ્ઞા પ્રયોજાઈ છે. **૧૦.**૩૦માં શિશિર ઋતુને 'સહકારનાં થોડાં થોડાં પુષ્પો વડે રમ્ય' વર્ણવી છે, જેથી તે વસન્તમાં પાંગરે છે એવું સ્પષ્ટ થાય છે.[૭૧] **૫.** ૨૬માં હાથીના મદની ગન્ધને ખીલેલાં સહકારપુષ્પોની સુગન્ધ સાથે સરખાવી છે.[૭૨] તે જ પ્રમાણે, **૧૦.** ૩૧માં વસન્તલક્ષ્મીને પુષ્પોવાળાં વૃક્ષોનાં વનોની ઉપર ચઢી જવા માટે આંબાની નવપલ્લવિત શાખાઓનું આલંબન કરતી—તેને પકડીને તેના આધારે ઉપર ચઢવા મથતી—નિરૂપી છે.[૭૩] અને છેલ્લા ઉલ્લેખમાં (**૧૦.** ૫૩) એક નાજુકડી અપ્સરાને ઊંચા

---

૭૦ व्यस्तशुकनिभ**शिलाकुसुमः** प्रणुदन्ववौ वनसदां परिश्रमम् ॥ **१२.५०**[ગધ]
**મલ્લિનાથની** ટીકામાં આ સ્પષ્ટીકરણ આ રીતે કરવામાં આવ્યું છે:

"सुकनिभानि शुकसवर्णानि...' शुकनिभ' इति स्वरूपकथनम् ।"

૭૧ कतिपय**सहकार**पुष्परम्यः **१०.३०**[क]
ટીકાકાર **મલ્લિનાથ** આ રીતે સ્પષ્ટીકરણ કરે છે:

"कतिपयैरेव सहकारपुष्पैश्चूतकुसुमै रम्यः, न तु वसन्तवत् समग्रैः,
नापि हेमन्तवत्तद्रहितैरिति भावः ।"

૭૨ જુઓ એ '**વિભાવના**' અને '**ઉપમા**'ના '**સંકર**'નું સુન્દર ઉદાહરણ:

**सादृश्यं गतमपनिद्रचूतगन्धैरामोदं मदजलसेकजं** दधानः ।
एतस्मिन्**मदयति** कोकिलानकाले लीनालिः सुरकरिणां कपोलकाषः ॥ **५.२६**

૭૩ વસન્તના આગમનનું આલેખન કરતો '**સમાસોક્તિ**'નું ઉત્તમ ઉદાહરણ બનેલો આ સમગ્ર લાવણ્યમય શ્લોક અહીં ઉતારવાનો વેગ રોકી શકાતો નથી:

**कुसुमनगवनान्युपैतुकामा किसलयिनीमवलम्ब्य चूतयष्टिम्** ।
क्वणदलिकुलनूपुरा निरासे नलिनवनेषु पदं **वसन्तलक्ष्मीः** ॥ **१०-३१**

પુષ્પિત આમ્રવૃક્ષને અઢેલીને તપસ્વી **અર્જુન**ની સામે જાણે આળસ મરડતી હોય તેની આલેખી છે.[૭૪]

૪૩ **सिन्दुवार : નિર્ગુંડી—Vitex Nergundo.** આનો જે એક જ ઉલ્લેખ (૧૦. ૩૦) આવે છે તે, આંબાની જેમ, આ વૃક્ષને પુષ્પ આવવાનો પ્રારમ્ભ શિશિરમાં થાય છે અને તે વસન્તમાં પૂર્ણતયા પાંગરે છે એવું દર્શાવે છે.

૪૪ **सुरदारु : દેવદાર—Cedrus Deodara.** આ વૃક્ષનો જે એક ઉલ્લેખ (૬. ૫) આપણા કાવ્યમાં મળે છે તે ગંગાનો અતિવેગવાળો પ્રવાહ મોટાં મોટાં 'દેવદાર'નાં વૃક્ષોને પણ ઘસડી જાય છે એવું સત્ય વિધાન કરીને વેતસીવૃત્તિનો ઉપદેશ આપવા મથે છે.[૭૫]

આ ઉપરાન્ત **દિવ્યપુષ્પો–સ્વર્ગનાં કુસુમો**—ના પણ કેટલાક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. બે સ્થળે (૩. ૬૦; ૧૮. ૧૭) '**सुर-कुसुम**' એવો સ્પષ્ટ પ્રયોગ થયો છે: પ્રથમ સ્થળે કવિ કહે છે કે જ્યારે **અર્જુને** તપ કરવાના દૃઢ નિશ્ચય સાથે **ઇન્દ્રકીલ** પર્વત પ્રતિ પ્રયાણ કર્યું ત્યારે 'સુરકુસુમો'ની વૃષ્ટિ થતી હોવાથી આકાશની શોભા વધી ગઈ હતી.[૭૬] અને આ તપને અન્તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વીર **અર્જુન**ને ભગવાન્ **પશુપતિનાથ**નાં દર્શન લાધે છે તે શુભ અવસરે પણ વિવિધ પ્રકારનાં '**સુરકુસુમો**'ની વૃષ્ટિ થાય છે.[૭૭] '**कल्पलता**'નો પણ એક સ્થળે ઉલ્લેખ થયો છે (૮. ૭[a]). અને વળી એક સ્થળે (૧૮. ૨૦) '**सान्तानिकी: स्रजः**' અર્થાત્ 'સન્તાન-પુષ્પો'ની—કલ્પવૃક્ષનાં પુષ્પોની—માળાઓનો ઉલ્લેખ આવે છે. આ માળાઓને વિતાન—મણ્ડપ—ના આકારે આકાશમાં ગોઠવી દઈને વાયુદેવ મેઘતુલ્ય વૃષભ ઉપર બિરાજેલા ભગવાન્ **શિવ**ને ખુશ કરે છે.[૭૮] '**सन्तान**' અર્થાત્ '**सन्तानक**', જેને પારિભાષિક રીતે **Rhododendron Arborium** કહે છે તે જ હોય, જે **હિમાલય**માં પ્રચુર પ્રમાણમાં ઊગે છે. તે છાયાદાર—ઘટાદાર—વૃક્ષ હોઈ પરસ્પર સંકલિત પાંચ પાંદડીવાળાં સુન્દર પુષ્પો ધારણ કરે છે.

---

૭૪ જુઓ તાદૃશ ચિત્ર આલેખતો એ શ્લોક:

**कुसुमितमवलम्ब्य चूतमुच्चैस्तनुरिभकुम्भपृथुस्तनानताङ्गी ।**
**तदभिमुखमनङ्गचापयष्टिर्विसृतगुणेव समुन्ननाम काचित् । १०.५३**

૭૫ જુઓ પાદટીપ ૬૮.

૭૬ અર્જુનના આ મહાપ્રયાણને પ્રકૃતિનાં તત્ત્વો વધાવે છે તેવું '**સમાસોક્તિ**' અને '**અતિશયોક્તિ**'ના '**સંકર**' દ્વારા આલેખતા ત્રીજા સર્ગના એ છેલ્લા શ્લોકનું બીજું ચરણ:

**सुरकुसुमनिपातैर्व्योम्नि लक्ष्मीर्वितेने । ३.६०[b]**

કર્મણિ પ્રયોગ ઉક્તિને ઓપ આપે છે.

૭૭ જુઓ પ્રકૃતિના આનન્દના ચિત્રણમાંનો એક ટુકડો:

**सुरकुसुममियाय चित्रं दिवः । १८.१७[b]**

૭૮ જુઓ એ તાદૃશ વર્ણન:

**मुदितमधुलिहो वितानीकृताः स्रज उपरि वितत्य सान्तानिकीः ।**
**जलद इव निषेदिवांसं वृषे मरुदुपसुखयांबभूवेश्वरम् ॥ १८.२०**

'सन्तान' શબ્દનો મર્મ જ સૂચવે છે કે તે વૃક્ષવિશેષ તેમ જ તેની પ્રજા–સન્તતિ–પુષ્કળ પ્રમાણમાં ઊગે છે.[૭૯]

આમ, સમગ્રાવલોકન કરતાં જણાય છે કે '**કિરાતાર્જુનીય**'માં કુલ **૨૦૫** વનસ્પતિ-ઉલ્લેખો આવે છે. આમાં સામાન્ય ઉલ્લેખો **વૃક્ષ**ના **૩૧**, **ઓષધિઓ**ના **૪**, **કૂંપળો**ના **૨૧**, **પુષ્પો**ના **૧૮**, **કેસર-પરાગ**ના **૬**, **પુષ્પ–મગ્જરી**નો **૧**, **પુષ્પહાર**ના **૬**, **લતાઓ**ના **૨૧**, અને **ઘાસ**ના **૭** થયા છે. તે જ રીતે વ્યક્તિગત નિર્દેશોમાં **અગુરુ**ના ૨, **અર્જુન-કકુભ**ના **૨**, **અલક્ત(ક)**ના **૨**, **અશોક**ના ૩, **એલા**નો **૧**, **કદમ્બ**ના ૫, **કદલી**નો **૧**, **કમલ**ના **૭૧**, **કુંકુમ–કેસર**ના **૨**, **કુન્દ**નો **૧**, **કુરબક**નો **૧**, **કેતક-કેતકી**ના **૩**, **ચન્દન**ના **૧૩**, **જપાકુસુમ**નો **૧**, **જમ્બુ**નો **૧**, **તમાલ**ના **૪**, **નલદ**ના **૨**, **પલાશ-કિંશુક**ના **૨**, **પૂગ**નો **૧**, **ફલિની**નો **૧**, **બકુલ**નો **૧**, **બન્ધૂક-બન્ધુજીવ**ના ૩, **બાણ**ના ૩, **બિમ્બ**નો **૧**, **મઞ્જિષ્ઠા**નો **૧**, **મન્દાર**નો **૧**, **મલ્લિકા**નો **૧**, **માલતી**ના **૨**, **યૂથિકા**નો **૧**, **લવલી**નો **૧**, **લોધ્ર**નો **૧**, **વંશ**ના ૩, **વિદારી**નો **૧**, **વિદ્રુમ**ના ૫, **વેતસ**નો **૧**, **શમી**નો **૧**, **શાક**નો **૧**, **શાલ**ના ૩, **શિરીષ**નો **૧**, **શિલાકુસુમ**નો **૧**, **સપ્તપર્ણ**ના ૩, **સહકાર**ના **૪**, **સિન્દુવાર**નો **૧**, **સુરદારુ**નો **૧** અને **દિવ્યપુષ્પો**ના **૪** ઉલ્લેખો આ કાવ્યમાં મળે છે.

બીજી રીતનું વિશ્લેષણ કરીએ તો, કુલ વનસ્પતિના જે **૫૩** પ્રકારો **કિરાતાર્જુનીય**માં દૃષ્ટિગોચર થાય છે તેમાં **૯** ઉલ્લેખો સામાન્ય તથા **૪૪** વિશિષ્ટ વનસ્પતિના થયા છે, અને તેમાં યે '**કમલ**' ઉલ્લેખોની દૃષ્ટિએ પ્રથમ રહે છે, કેમ કે કુલ **૨૦૫** માંથી **૭૨** સ્થળે તેનો ઉલ્લેખ થયો છે અને તેનાં **૧૯** નામ અહીં પ્રયોજાયાં છે જેમાં સૌથી વધારે ઉલ્લેખો '**પંકજ**' તથા '**સરોજ**'ના –બન્નેના **૧૨-૧૨**—થયા છે, જ્યારે '**ઉત્પલ**'ના **૧૧** ઉલ્લેખો મળે છે.

આવા વનસ્પતિનિર્દેશોના અધ્યયન દ્વારા કવિના સમયના સમાજમાં પ્રચલિત વનસ્પતિઓનો પૂરો ખ્યાલ આવી શકે છે એમ તો ન જ કહેવાય; પરન્તુ કવિના પોતાના વિવિધ વનસ્પતિઓના પ્રકારો, તેના ગુણદોષો અને વિશિષ્ટતાઓ વિષેના જ્ઞાનનું માપ તો અવશ્ય આવા અધ્યયન દ્વારા કાઢી શકાય. અને આ રીતે જોતાં આ અધ્યયન મહાકવિ **ભારવિ**ના સૂક્ષ્મ પ્રકૃતિનિરીક્ષણ તથા વિવિધ કક્ષાઓના માનવોના માનસ અને સ્વભાવના ઊંડા જ્ઞાનની અને આ બન્ને વચ્ચેના સમ્બન્ધને તાદૃશ કરવાની તેની ઉત્કૃષ્ટ કલ્પનાશક્તિની પ્રતીતિ કરાવે છે. એટલું જ નહિ, પણ આ અંગે તેના મહાકાવ્યમાંની જે થોડી ઉક્તિઓ ઉદ્ધૃત કરવી પડી છે તેમાંથી પ્રસ્તુત વિષય ઉપરાન્ત બીજી અનેકવિધ સાહિત્યિકાદિ ખૂબીઓ પ્રકટ થયા વિના રહેતી નથી.

———

૭૯ જુઓ Apte V. S.: '*A Practical Sanskrit–English Dictionary*', revised and enlarged edition published by Prasad Prakashan, Poona, Volume III, 1959, p. 1618$^a$ અને હર્ષવિરચિત નાગાનન્દમાંનો આવો જ ઉલ્લેખ સરખાવવા જેવો છે:

दधतः सन्तानकानां स्रजः । (અંક ૩, શ્લોક ૯)

# શ્રીમદ્ભાગવતનાં દસ લક્ષણો

અરુણોદય નટવરલાલ જાની

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીએ જેને "समाधिभाषा व्यासस्य" એમ કહીને બિરદાવ્યું છે અને જેને પ્રસ્થાનની કોટિમાં પ્રવેશાવ્યું છે એવા શ્રીમદ્ભાગવતની બીજી અનેક વિશિષ્ટતાઓ છે. તેમાંની એક એ છે કે અન્ય પુરાણોમાં પાંચ લક્ષણો મળે છે જ્યારે શ્રીમદ્ભાગવતમાં દસ લક્ષણો ગણાવવામાં આવ્યાં છે.

**પુરાણનાં પાંચ લક્ષણો :—**

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥

વિષ્ણુપુરાણ (૩. ૬. ૨૪), માર્કંડેય (૧૩૪. ૧૩), અગ્નિ (૧. ૧૪), ભવિષ્ય (૨. ૫), બ્રહ્મવૈવર્ત (૧૩૩. ૬), વરાહ (૨.૪), સ્કન્દ (૭. ૨. ૮૪), કૂર્મ (૧. ૧. ૧૨), મત્સ્ય (૫૩. ૬૪), ગરુડ (આ. ૨. ૨૮), બ્રહ્માંડ (૧. ૧. ૩૮) અને શિવપુરાણ (૭.૧.૪૧)માં ઉપર ટાંકેલો પંચલક્ષણનો શ્લોક ક્યાંક ક્યાંક પાઠભેદ સહિત મળે છે. તેમાં જણાવ્યા પ્રમાણે પુરાણોમાં પાંચ લક્ષણો હોય તો જ તે પુરાણ કહેવાય. લક્ષણ શબ્દનો અર્થ 'લક્ષણીય અર્થ' એટલે કે 'વર્ણ્યમાન વિષય' એવો કરવામાં આવે છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો દરેક પુરાણમાં પાંચ વિષયોનું વર્ણન આવવું જ જોઈએ અને અઢાર પુરાણોમાં આ પાંચેય વિષયોનું વર્ણન મળે છે.[૧]

આ પાંચ વિષયોનાં નામ અને સમજૂતી આ પ્રમાણે છે:—

૧ સર્ગ = જગતની ઉત્પત્તિ.

૨ પ્રતિસર્ગ = જગતનો લય.

૩ વંશ = સૂર્ય અને ચન્દ્રવંશની ઉત્પત્તિ અને વર્ણન.

૪ મન્વન્તરો = જગતના આદિથી અંત સુધીના ગાળામાં થયેલા ચૌદ મનુઓના ગાળાઓ.

૫ વંશ્યાનુચરિત = ઉપર જણાવેલા રાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલા નામાંકિત રાજાઓના ચરિત્રનું વર્ણન.

ટૂંકાણમાં, પુરાણોમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું વર્ણન હોય છે. તે પૈકી સ્થિતિ દરમિયાન ઋષિઓ અને રાજાઓના વંશો, ૧૪ મનુઓના મન્વન્તરો, તથા સુપ્રસિદ્ધ રાજાઓનાં ચરિતોનું વર્ણન એમ ઐતિહાસિક તત્ત્વોનો પણ પુરાણમાં સંગ્રહ કરવામાં આવે છે. આમ પુરાણમાં

---

૧ જર્મનીના સુપ્રસિદ્ધ વિદ્વાન્ પ્રો. વિલિબાલ્ડ કિર્ફેલે આ વિષય ઉપર વિદ્વત્તાપૂર્ણ સ્વતંત્ર પુસ્તક લખ્યું છે.

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસની દૃષ્ટિએ જે કાંઈ પુરાણું ( ભૂતકાળમાં થઈ ગયેલું ) છે તેનું વર્ણન કરવામાં આવે છે. તેથી જ તેને પુરાણ સંજ્ઞા અપાઈ છે.

હવે શ્રીમદ્દભાગવતની વિશિષ્ટતા એ છે કે તે માત્ર 'પંચલક્ષણ' નથી, પરંતુ તેને 'दशलक्षणम्' ( દસ લક્ષણવાળું ) કહેવામાં આવ્યું છે.

શ્રીમદ્દભાગવતમાં બે સ્થળોએ તેનું આવું વર્ણન મળે છે: (૧) ભાગવતના દ્વિતીયસ્કન્ધના દસમા અધ્યાયમાં અને (૨) દ્વાદશસ્કન્ધના સાતમા અધ્યાયમાં.

દ્વિતીયસ્કન્ધમાં શુકદેવજી અને પરીક્ષિતના સંવાદરૂપે ચોથા અધ્યાયથી ભાગવતની કથાનો આરંભ થાય છે. પાંચમા અધ્યાયમાં સૃષ્ટિનું વર્ણન કરી, છઠ્ઠા અધ્યાયમાં ભગવાનનાં વિરાટસ્વરૂપની વિભૂતિઓ અને લીલાવતારોની કથાઓ વર્ણવ્યા પછી આઠમા અધ્યાયમાં પરીક્ષિત રાજાએ કરેલા વિવિધ પ્રશ્નોના અનુસંધાનમાં શુકદેવજી, બ્રહ્માએ ભગવાનનાં દર્શન માટે કરેલું તપ, ભગવાનનું પ્રગટ થવું અને બ્રહ્માને ભાગવતનાં સાર ( nucleus ) રૂપે ચતુઃશ્લોકી ભાગવત( ૨.૯.૩૨-૩૫ )નો ઉપદેશ આપ્યાની કથા પરીક્ષિતને સંભળાવે છે.

હવે ભાગવતની પરંપરા દર્શાવતા શુકદેવજી કહે છે કે 'હે પરીક્ષિત! એક વખત નારદમુનિએ જ્યારે પોતાના પિતા બ્રહ્માને પ્રસન્નાવસ્થામાં જોયા ત્યારે, તેં જે મને હમણાં પ્રશ્નો પૂછ્યા તેવા પ્રશ્નો નારદે તેમને પૂછ્યા હતા. એટલે પ્રસન્ન થયેલા બ્રહ્માએ દસલક્ષણવાળું આ પુરાણ પોતાના પુત્ર નારદને સંભળાવ્યું હતું.

तस्मा इदं भागवतं पुराणं दशलक्षणम् ।
प्रोक्तं भगवता प्राह प्रीतः पुत्राय भूतकृत् ॥[२] (૨.૯.૪૩)

હવે દ્વિતીયસ્કન્ધના દસમા અધ્યાયના આરંભમાં શુકદેવજી આ દસલક્ષણો આ પ્રમાણે ગણાવે છે:—

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ (૨.૧૦.૧)

આ ભાગવતમાં (૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) સ્થાન, (૪) પોષણ, (૫) ઊતિ, (૬) મન્વન્તરો, (૭) ઈશાનુકથા, (૮) નિરોધ, (૯) મુક્તિ અને (૧૦) આશ્રય—આ દસ પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે દ્વિતીયસ્કન્ધમાં દશલક્ષણો ગણાવ્યાં છે.

---

૨ આનો અર્થ એ થયો કે ભગવાને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો બ્રહ્માએ દશલક્ષણવાળા વિસ્તૃત ભાગવતરૂપે વિસ્તાર કર્યો અને તે વિસ્તૃત પુરાણ તેમણે નારદને સંભળાવ્યું. નારદે વ્યાસને ( ૨.૯.૪૪ ) અને વ્યાસે શુકદેવને ( ૧.૩.૪૧ ) કહ્યું. પરંતુ ભાગવત ( ૧.૭.૮ )માં જણાવ્યા પ્રમાણે નારદજીના કહેવાથી વ્યાસે ભાગવતની કથા રચી અને તે શુકદેવને ભણાવી એમ વર્ણન છે. પરસ્પર વિરોધી આ વર્ણન સ્પષ્ટ બતાવે છે કે 'પુરાણં દશલક્ષણં'વાળો ભાગ પછીથી ઉમેરાયો હોવો જોઈએ. ભગવાન પાસેથી મળેલું ચતુઃશ્લોકી ભાગવત જ બ્રહ્માએ પોતાના પુત્ર નારદને આપ્યું. નારદે આ ચતુઃશ્લોકી ભાગવત જ વ્યાસજીને આપ્યું અને વ્યાસે તે ચતુઃશ્લોકી ભાગવતનો દશ લક્ષણવાળા વિસ્તૃત ભાગવતરૂપે વિસ્તાર કર્યો એમ માનવું વધુ સુસંગત છે.

દ્વાદશસ્કન્ધમાં શુકદેવજી દ્વારા શ્રીમદ્‌ભાગવતની સમાપ્તિ થયા પછી પરીક્ષિતનો દેહ તક્ષકનાગના ઝેરથી ભસ્મ થઈ ગયા બાદ સૂત પુરાણી શૌનક વગેરેને વેદોની શાખાઓ અંગેની અને પુરાણો અંગેની જે માહિતી આપે છે એ પ્રસંગે સાતમા અધ્યાયમાં પુરાણનાં લક્ષણ આપતા તે કહે છે :—

पुराणलक्षणं ब्रह्मन् ! ब्रह्मर्षिभिर्निरूपितम् ।
शृणुष्व बुद्धिमाश्रित्य वेदशास्त्रानुसारतः ॥
सर्गोऽस्याथ विसर्गश्च वृत्ती रक्षाऽन्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥
दशभिर्लक्षणैर्युक्तं पुराणं तद्विदो विदुः ।
केचित् पञ्चविधं ब्रह्मन् ! महदल्पव्यवस्थया ॥ (૧૨.૭.૮-૧૦)

"હે શૌનક, બ્રહ્મર્ષિઓએ વેદશાસ્ત્ર પ્રમાણે પુરાણનાં જે લક્ષણો ગણાવ્યાં છે તે તું ધ્યાન દઈને સાંભળ.

પુરાણને જાણનારા લોકો (૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) વૃત્તિ (૪) રક્ષા, (૫) અન્તર, (૬) વંશ, (૭) વંશાનુચરિત, (૮) સંસ્થા, (૯) હેતુ અને (૧૦) અપાશ્રય--આ દસ લક્ષણોવાળું જે હોય તેને પુરાણ કહે છે.

કેટલાક લોકો પુરાણ પાંચ લક્ષણવાળું છે એમ કહે છે. (તેનો અર્થ એવો સમજવો કે) જેમાં દસે દસ લક્ષણો મળે તે મહાપુરાણ સમજવું અને જેમાં પાંચ મળે તેને અલ્પ (લઘુ) પુરાણ સમજવું."[3]

ઉપરની બંને યાદીઓની સરખામણી કરીએ તો ;—

| ૨.૧૦.૧ | ૧૨.૭.૮ |
|---|---|
| ૧. સર્ગ | સર્ગ |
| ૨. વિસર્ગ | વિસર્ગ |
| ૩. સ્થાન | વૃત્તિ |
| ૪. પોષણ | રક્ષા |
| ૫. ઊતિ | અન્તર |
| ૬. મન્વન્તર | વંશ |
| ૭. ઈશાનુકથા | વંશાનુચરિત |
| ૮. નિરોધ | સંસ્થા |
| ૯. મુક્તિ | હેતુ |
| ૧૦. આશ્રય | અપાશ્રય |

આ રીતે મૂકી શકાય. બંને યાદી ઉપર નજર કરતાં જણાશે કે કેટલાક શબ્દો સરખા છે અને કેટલાક જુદા છે. પરંતુ જે શબ્દો જુદા પડે છે તે પણ ફક્ત શબ્દની દૃષ્ટિએ જ જુદા

૩ यत्र दशापि लक्षणानि पृथक् पृथक् निरूप्यन्ते, तन्महापुराणम् । यत्र त्वन्येषां पञ्चस्वन्तर्भावस्य विवक्षा, तदल्पमिति व्यवस्थयेत्यर्थः । —શ્રીધરી, પૃ. ૧૭ અ.

પડે છે. અર્થની દૃષ્ટિએ તો બંને સરખા જ છે. આની ચર્ચા કરતાં પહેલાં આપણે આ દરેક શબ્દની વ્યાખ્યા જોઈએ. ઉપરની બંને યાદી પૈકી દ્વાદશસ્કન્ધવાળી યાદીમાં તે તે શબ્દોને વધુ વિગતે અને વધુ સ્પષ્ટતાથી સમજાવ્યા હોવાથી તેને પ્રથમ સમજીશું.

## (૧) સર્ગની વ્યાખ્યા :—

अव्याकृतगुणक्षोभान्महतस्त्रिवृतोऽहमः ।
भूतसूक्ष्मेन्द्रियार्थानां संभवः सर्ग उच्यते ॥ (૧૨.૭.૧૧)

અવ્યાકૃત(સામ્યાવસ્થામાં રહેલી પ્રકૃતિ)ના (સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ) ગુણોના ક્ષોભને લીધે મહત્ તત્ત્વની ઉત્પત્તિ, તેમાંથી (સાત્ત્વિક, રાજસ અને તામસ એ રીતે) ત્રણ પ્રકારના અહંકારની ઉત્પત્તિ, તેમાંથી (રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ એ નામે ઓળખાતી) પાંચ મહાભૂતોની સૂક્ષ્મ તન્માત્રાઓ, મનસહિત અગિયાર ઇન્દ્રિયો અને આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થવી તેનું નામ સર્ગ.[૪]

## (૨) વિસર્ગની વ્યાખ્યા :—

पुरुषानुगृहीतानामेतेषां वासनामयः ।
विसर्गोऽयं समाहारो बीजाद् बीजं चराचरम् ॥ (૧૨.૭.૧૨)

ઉપર સર્ગની પ્રક્રિયામાં ગણાવાયેલાં ચોવીસ તત્ત્વો પુરુષ (= પરમાત્મા) વડે અનુગૃહીત થઈને, એક બીજમાંથી જેમ બીજાં અનેક બીજો થાય તેમ, તેમનામાંથી ચર (જંગમ) અને અચર (સ્થાવર) એવાં પ્રાણીઓનો સમૂહ પોતાના પૂર્વકર્મોની વાસનાને કારણે અસ્તિત્વમાં આવે છે. કાર્યરૂપ આ ચરાચર સમૂહને વિસર્ગ કહેવામાં આવે છે.

આ વ્યાખ્યા ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે વિસર્ગ શબ્દથી સર્ગથી વિરુદ્ધ (विपरीतः सर्गः) એટલે પ્રલય સમજવાનો નથી; પરંતુ વિવિધ પ્રકારનો (विविधः सर्गः) સર્ગ–એટલે કે ચોર્યાસી લાખ યોનિયોવાળા જાતજાતના પ્રાણીઓનો સમૂહ સમજવાનો છે.[૫]

---

૪ દ્વિતીયસ્કન્ધમાં એની વ્યાખ્યા આ પ્રમાણે છે :—

भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः ।
ब्रह्मणो गुणवैषम्यात्.........(૨.૧૦.૩ abc)

પરમાત્મા દ્વારા પ્રકૃતિના ગુણોમાં વૈષમ્ય થવાથી (પંચમહા)ભૂતો, તેની પાંચ તન્માત્રાઓ, મનસહિત એકાદશ ઈન્દ્રિયો, (અહંકાર) અને ધી (= મહત્) વગેરેની ઉત્પત્તિને સર્ગ કહે છે.

શ્રીધર ઉત્તરાર્ધના પ્રથમપાદને પૂર્વાર્ધ સાથે જોડી આ શ્લોકનો અર્થ નીચે પ્રમાણે સમજાવે છે :—

भूतान्याकाशादीनि, मात्राणि च शब्दादीनि, इन्द्रियाणि च; धीशब्देन महदहङ्कारौ; गुणानां वैषम्याद् ब्रह्मणः परमेश्वरात् कर्तृभूतादीनां यद् विराड्रूपेण स्वरूपतश्च जन्म स सर्गः ।

શ્રીધરી, પૃ. ૨૬ બ

૫ દ્વિતીયસ્કન્ધ પ્રમાણે :—

विसर्गः पौरुषः स्मृतः । (૨.૧૦.૩d)

પુરુષદ્વારા કરાયેલો સૃષ્ટિનો વિકાસ તે વિસર્ગ કહેવાય છે.

શ્રીધરના મતે પુરુષ (= વિરાટ કે હિરણ્યગર્ભ = બ્રહ્મા) દ્વારા થયેલો ચરાચર સૃષ્ટિનો વિકાસ તે વિસર્ગ:

"पुरुषो वैराजः तत्कृतः पौरुषश्चराचरसर्गो विसर्गः" ।—શ્રીધરી પૃ. ૨૬

## (૩) વૃત્તિની વ્યાખ્યા :

वृत्तिर्भूतानि भूतानां चराणामचराणि च ।
कृता स्वेन नृणां तत्र कामाच्चोदनयाऽपि वा ॥ (१२.७.१३)

હવે ચરભૂતો, અચરભૂતો (ધાન્ય, ફળ, દૂધ વગેરે) અને ક્યારેક ચરભૂતોનાં (માંસભક્ષણ) દ્વારા પોતાનું જે ગુજરાન ચલાવે છે, તેને વૃત્તિ કહેવાય છે. તે પૈકી કેટલીક વૃત્તિ પ્રાણીઓએ પોતાની સ્વેચ્છાથી નક્કી કરી છે અને કેટલીક શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે નક્કી કરી છે. આમ વૃત્તિ = જીવનનિર્વાહની પદ્ધતિ.[૬]

## (૪) રક્ષાની વ્યાખ્યા :

रक्षाऽच्युतावतारेहा विश्वस्यानु युगे युगे ।
तिर्यङ्-मर्त्यर्षि-देवेषु हन्यन्ते यैस्त्रयीद्विषः ॥ (१२.७.१४)

જગતનું રક્ષણ કરવા માટે યુગે યુગે પરમાત્મા (મત્સ્ય, કચ્છપ, વરાહ જેવી) તિર્યંચ (પ્રાણીઓની)યોનિમાં, (રામ, કૃષ્ણ, બળદેવ, બુદ્ધ વગેરે) મર્ત્યયોનિમાં (વામન, પરશુરામ વગેરે) ઋષિયોનિમાં અને (દ્વાદશ આદિત્યો જેવી) દેવયોનિમાં અવતારો ધારણ કરીને વેદધર્મનો વિરોધ કરનારા આસુરી તત્ત્વોને હણવાની જે લીલાઓ કરે છે તેને 'રક્ષા' કહેવામાં આવે છે.

આની સાથે—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ (ગીતા ૪.૭–૮)

એ ગીતાના અવતારવાદના શ્લોકો સરખાવવા જેવા છે.[૭]

---

૬ દ્વિતીયસ્કન્ધમાં આને 'સ્થાન' 'સંજ્ઞા' આપી છે અને એની વ્યાખ્યા—

"स्थितिर्वैकुण्ठविजयः" (२.१०.४)

એ પ્રમાણે આપી છે. સ્થિતિ=ઉત્પત્તિ અને પ્રલય વચ્ચેની અવસ્થા. પરમાત્માએ ઉત્પન્ન કરેલા અનેક-કોટિબ્રહ્માંડો સારી રીતે રહી શકે અને એમણે ઉત્પન્ન કરેલા ચરાચર ભૂતો પોતાનો જીવનનિર્વાહ સારી રીતે ચલાવી શકે—આ બધી પરિસ્થિતિ પરમાત્માનો વિજય 'ઉત્કર્ષ–મહિમા' બતાવનારી છે.'

"वैकुण्ठस्य भगवतो विजयः सृष्टानां तत्तन्मर्यादापालनेनोत्कर्षः स्थितिः स्थानम्"।

શ્રીધરી, પૃ. ૨૬

શ્રીમદ્ભાગવતના પંચમસ્કંધમાં આપેલું ભુવનકોશ(ભૂગોળ, ખગોળ)નું વર્ણન આ 'સ્થાન'નું જ ઉદાહરણ કહી શકાય.

૭ દ્વિતીયસ્કન્ધમાં રક્ષાને ઈશકથા એટલે પરમાત્મા(ના ચરિત્રો–લીલાઓ)ની કથાઓ એમ કહી છે.

अवतारानुचरितं हरेश्चास्यानुवर्तिनाम्
पुंसामीशकथाः प्रोक्ता नानाख्यानोपबृंहिताः ॥ (२.१०.५)

## (૫) અન્તર(મન્વન્તર)ની વ્યાખ્યા :—

मन्वन्तरं मनुर्देवा मनुपुत्रः सुरेश्वरः ।
ऋषयोंऽशावतारश्च हरेः षड्विधमुच्यते ॥ (१२ ७.१५)

મનુસ્મૃતિ પ્રમાણે જગતની ઉત્પત્તિ અને પ્રલય વચ્ચેનો સ્થિતિકાળ (એટલે કે બ્રહ્માનો એક દિવસ) છ કરોડ ચાર લાખ એંસી હજાર (૬,૦૪,૮૦,૦૦૦) વર્ષોનો માનવામાં આવ્યો છે. આ ગાળામાં ચૌદ મનુઓ રાજ્ય કરે છે. દરેક મનુનો ગાળો તેંતાલીસ લાખ વીસ હજાર (૪૩,૨૦,૦૦૦) વર્ષનો બનેલો છે. આ ગાળાને એક મન્વન્તર કહે છે. (હાલમાં આપણે સાતમા વૈવસ્વત નામના મનુના મન્વન્તરમાં જીવી રહ્યા છીએ). દરેક મન્વન્તરમાં છ બાબતો હોય છે:— (૧) રાજ્ય કરનાર મનુ, (૨) તેને મદદ કરનારા દેવતાઓ, (૩) તે તે મનુના પુત્રો, (૪) તે તે મન્વન્તરના દેવોનો શાસક ઇન્દ્ર, (૫) આધ્યાત્મિક પ્રચાર કરનારા તે તે સપ્તર્ષિઓ અને (૬) તે તે મન્વન્તરમાં થનારો ભગવાનનો અંશાવતાર. આ છ પ્રકારની વિશિષ્ટતાથી યુક્ત સમયના ગાળાને મન્વન્તર કહે છે.[૮]

## (૬) વંશની વ્યાખ્યા :—

राज्ञां ब्रह्म(v. l. मनु-)प्रसूतानां वंशस्त्रैकालिकोऽन्वयः । (१२.७.१६ ab)

બ્રહ્મા(અથવા મનુ)માંથી ઉત્પન્ન થયેલા રાજાઓનો ત્રણે કાળમાં પ્રવર્તનાર વંશવેલો, વંશ કહેવાય છે.

## (૭) વંશા(શ્યા)નુચરિતની વ્યાખ્યા :—

वंशा(श्या)नुचरितं तेषां वृत्तं वंशधराश्च ये । (१२-७-१६ cd)

ઉપર રાજાઓના જે વંશ કહ્યા તેમાં ઉત્પન્ન થયેલા સુપ્રસિદ્ધ, લોકસંગ્રહી, પુણ્યશ્લોક રાજાઓના ચરિતનું જે વર્ણન કરવામાં આવે તેને વંશાનુચરિત કહે છે. (વ્યાકરણદૃષ્ટ્યા वंशे भवाः वंश्याः तेषामनुचरितम् = वंश्यानुचरितम् એમ વ્યુત્પત્તિ હોવાથી વંશ્યાનુચરિત પાઠ વધારે સારો છે.[૯]

---

ભગવાનના અવતારોની કથા, તથા ભગવાનને અનુસરનારા તેમના ભક્તોની જુદા જુદા આખ્યાનોથી ઉપબૃંહિત થયેલી જાતજાતની કથાઓ તે ઈશકથા અથવા ઈશાનુકથા કહેવાય છે. વળી "पोषणं तदनुग्रहः" (૨.૧૦.૪b) ભગવાનની કૃપા એટલે પોષણ, એ રીતે સમજાવવામાં આવેલા પોષણનો પણ ઉપર કહેલ 'રક્ષા'માં જ સમાવેશ સમજવાનો છે.

૮ દ્વિતીયસ્કન્ધમાં મન્વન્તરની વ્યાખ્યા-"मन्वन्तराणि सद्धर्मः" । (૨ ૧૦.૪) એ પ્રમાણે આપી છે. શ્રીધર તેને આ પ્રમાણે સમજાવે છે:—

"तदनुगृहीतानां सतां मन्वन्तराधिपतीनां धर्मः सद्धर्मः ।"

શ્રીધરી, પૃ. ૨૬

પરમાત્માનો અનુગ્રહ પામેલા, મન્વન્તરોના અધિપતિઓરૂપી જે સત્પુરુષો, તેમનો જે ધર્મ તેનું નામ મન્વન્તર. આ વ્યાખ્યામાં કાળગણના કે મન્વન્તરની વ્યવસ્થાને પ્રાધાન્ય ન આપતાં ધર્મને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

૯ દ્વિતીયસ્કન્ધમાં વંશ અને 'વંશાનુચરિત'નો ઉલ્લેખ નથી. આ બંનેનો સમાવેશ તેમાં કહેલા 'ઈશાનુકથા'માં સમજવો. કારણ કે મનુસ્મૃતિ (૭.૪) પ્રમાણે તો રાજાઓ પણ ઈશ્વરના અંશ જ મનાયેલા છે.

### (૮) સંસ્થાની વ્યાખ્યા:—

नैमित्तिकः प्राकृतिको नित्य आत्यन्तिको लयः ।
संस्थेति कविभिः प्रोक्ता चतुर्धाऽस्य स्वभावत: ॥ (૧૨.૭.૧૭)

(૧) ઉપર મન્વન્તર સમજાવતી વખતે ચૌદ મનુના સમયનો જે ગાળો બતાવ્યો છે તેને 'કલ્પ' કહેવામાં આવે છે, અને એક કલ્પ બરોબર બ્રહ્માનો એક દિવસ. દિવસ પૂરો થતાં બ્રહ્મા જ્યારે રાત્રે સૂઈ જાય ત્યારે એમણે ઉત્પન્ન કરેલું વિશ્વ પણ સૂઈ જાય છે એટલે કે લય પામે છે. આ લય બ્રહ્માના દિવસાવસાનના **નિમિત્તથી થતો હોવાથી** તેને 'નૈમિત્તિક લય' કહે છે.

(૨) ઉપર જણાવેલી કાલગણનાનુસાર બ્રહ્માનાં સો વર્ષો (મનુષ્યોનાં બે પરાર્ધ વર્ષો) પૂરાં થાય ત્યારે મહત્, અહંકાર અને પાંચ તન્માત્રા એ સાત તત્ત્વો મૂળપ્રકૃતિમાં લય પામે છે. આ લય **પ્રકૃતિમાં થતો હોવાથી** તેને પ્રાકૃતિક લય કહે છે.

(૩) પ્રાણી માત્ર જ્યારે ઊંઘી જાય છે ત્યારે તેની સુષુપ્તાવસ્થામાં એ સત્–તત્ત્વમાં મળી જાય છે. આ પ્રકારનો જીવનો લય સત્માં **નિત્ય થતો હોવાથી** તેને નિત્ય અથવા દૈનંદિન પ્રલય કહે છે.

(૪) જીવને પરમાત્માનો સાક્ષાત્કાર થતાં જન્મમરણના ફેરામાંથી એને જે **અત્યન્ત** (કાયમની) મુક્તિ મળી જાય છે તેને આત્યન્તિક લય કહે છે.

માયા(પ્રકૃતિ)ના સ્વભાવને કારણે થતા જગતના આ ચાર પ્રકારના લયને અહીં સંસ્થા એવી સંજ્ઞા આપી છે.

પંચલક્ષણમાં એને પ્રતિસર્ગ કહ્યો છે. વિષ્ણુપુરાણ (૧.૨.૨૫)માં એને પ્રતિસંચર એવી સંજ્ઞા આપી છે. ભાગવતમાં પણ એક સ્થળે (૩.૧૦.૧૪) એને માટે પ્રતિસંક્રમ શબ્દ વાપર્યો છે. પ્રતિસર્ગ, પ્રતિસંચર અને પ્રતિસંક્રમ શબ્દોનો અર્થ, કારણ તરફ (પ્રતિ) પાછા ફરવું એટલે કે કાર્યનું કારણમાં ભળી જવું, એ રીતે એકસરખો જ છે. સંસ્થા શબ્દનો અર્થ પણ કાર્યનું સારી રીતે કારણમાં રહેવું (सम्यक् स्थितिः) એમ થતો હોવાથી એ પણ લયનો જ વાચક છે.[૧૦]

---

૧૦. ઉપર ગણાવેલા ચાર પ્રલયો પૈકી નૈમિત્તિક, પ્રાકૃતિક અને નિત્ય એ ત્રણ લયોનો સમાવેશ દ્વિતીયસ્કન્ધોક્ત 'નિરોધ'માં થાય છે, કારણ કે ત્યાં નિરોધની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે:—

निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः (૨.૧૦.૬ ab)

પોતાની શક્તિઓ સહિત પરમાત્માનું સૂઈ જવું એનું નામ નિરોધ.

શ્રીધરની વ્યાખ્યા પ્રમાણે ભગવાને યોગનિદ્રા લીધા પછી જીવાત્મા પોતાની ઉપાધિઓ સહિત લય પામે તે નિરોધ. જુઓ.

"अस्य, आत्मनो जीवस्य, हरेर्योगनिद्रामनु पश्चात् शक्तिभिश्चो(:स्त्रो ?)पाधिभिः सह शयनं निरोधः ।"—શ્રીધરી, પૃ. ૨૬.

છેલ્લા આત્યન્તિક લયનો સમાવેશ દ્વિતીયસ્કન્ધોક્ત મુક્તિમાં સમજવાનો છે. મુક્તિની વ્યાખ્યા આ પ્રમાણે છે. "मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ।" (૨૧.૦.૬cd) મુક્તિ એટલે (અવિદ્યાકૃત) અન્યથા (ખોટાં) રૂપો ત્યજીને (જીવાત્માનું) પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થવું તે.

## (૯) હેતુની વ્યાખ્યા :

हेतुर्जीवस्य सर्गादेरविद्याकर्मकारकः ।
यं चा(वा)नुशयिनं प्राहुरव्याकृतमुतापरे ॥ (૧૨.૭.૧૮)

આ શ્લોકમાં જીવને હેતુ કહેવામાં આવ્યો છે, કારણ કે અવિદ્યાને લીધે જીવ જાતજાતનાં કર્મોનો કારક (કરનારો) બને છે. જીવોનાં આ કર્મો જેનું બીજું નામ અદૃષ્ટ છે, તેને કારણે આ જગતની ઉત્પત્તિ થાય છે. આમ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણભૂત અદૃષ્ટનો જીવ કારક હોવાથી પરંપરાથી જીવને સર્ગાદિનો હેતુ કહેવામાં આવ્યો છે.[૧૧]

હવે આ જીવને કેટલાક લોકો 'અનુશયી' અને કેટલાક 'અવ્યાકૃત' એવી સંજ્ઞા પણ આપે છે. આ અનુશયી શબ્દનું મૂળ ઘણું પ્રાચીન છે.

अजामेकां लोहितशुक्लकृष्णां
बह्वीः प्रजाः सृजमानां सरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते
जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥[૧૨]

આ મન્ત્રમાં આવેલા 'अनुशेते' ક્રિયાપદ પરથી अनुशेते इति अनुशयी એ રીતે અનુશયી શબ્દ આવ્યો છે. આ મન્ત્રમાં જીવાત્મા અને પરમાત્માનો ભેદ બતાવતા જીવાત્માને અનુશયી પ્રકૃતિની સાથે સૂનારો, એટલે કે આસક્તિવાળો કહ્યો છે અને પરમાત્માને जहाति શબ્દ દ્વારા આસક્તિરહિત વર્ણવ્યો છે. આ રીતે જીવાત્મા અને પરમાત્મા બંને ચૈતન્યરૂપ હોવાથી જીવાત્માને ચૈતન્યપ્રધાન દૃષ્ટિથી જોતાં અને એનો પરમાત્માથી ભેદ બતાવતાં એને અહીં અનુશયી શબ્દથી ઓળખાવ્યો છે. જીવાત્મા આ રીતે આસક્તિવાળો હોવાને લીધે તેને તેના કર્મનું બંધન થતું હોવાથી તેનાં ફળ ભોગવવાં પડે છે. તેથી અનુશયી શબ્દનો બીજો અર્થ 'ફળ ભોગવનાર', 'પશ્ચાત્તાપ કરનાર' એવો પણ થાય. આ રીતે જીવાત્માને 'અનુશયી' એવી સંજ્ઞા આપવામાં આવી છે.

શ્રીધર અનુશયીનો અર્થ કેટલાકને મતે નિમિત્ત એમ પણ નોંધે છે.[૧૩] પરંતુ આગળ જીવને હેતુ કહ્યો જ છે. તેથી અહીં નિમિત્ત કહેવાને લીધે પુનરુક્તિનો દોષ આવતો હોવાથી એ અર્થ બરોબર લાગતો નથી.

પ્રો. બળદેવ ઉપાધ્યાય અનુશયી એટલે (૧) 'સાક્ષી' અને (૨) 'प्रकृति में शयन करनेवाला' એમ બે અર્થ આપે છે.[૧૪] પરંતુ એમણે એનો આધાર ટાંક્યો નથી. એ બે અર્થો પૈકી 'સાક્ષી' અર્થ બરોબર લાગતો નથી. અને વ્યુત્પત્તિલભ્ય બીજો અર્થ પણ ગળે ઊતરે એમ નથી. કારણ કે 'પ્રકૃતિમાં શયન કરનારો' એ વાક્યાંશનો અર્થ પ્રકૃતિમાં લય પામનારો એમ થઈ શકે, જે 'અનુ' ઉપસર્ગમાંથી નીકળતો પણ નથી અને અહીં અભિપ્રેત પણ નથી.

---

૧૧ સરખાવો :—શ્રીધર—
"जीवादृष्टप्रयुक्तत्वाद् विश्वसर्गादेः, स तु तत्र हेतुरित्यर्थः ॥" શ્રીધરી, પૃ. ૧૬.

૧૨ તૈત્તિ. આર. ૧૦.૧૦.૧. શ્વેતાશ્વ. ઉપ. ૪. ૫. અને મહાનારા ઉપ.૯.૨.

૧૩ नन्वनुशयी निमित्तमिति केचित् । चैतन्यप्राधान्येनानुशयिनम् ।—
શ્રીધરી, પૃ. ૧૭ અ.

૧૪ पुराणविमर्श, पृ. १३९.

જીવને માટે પ્રસ્તુત વ્યાખ્યામાં બીજો શબ્દ 'અવ્યાકૃત' આપ્યો છે. શ્રીધર લખે છેઃ—'उपाधिप्राधान्यविवक्षयाऽव्याकृतम्' (પૃ. ૧૭). ઉપાધિની પ્રધાનતાને લીધે કેટલાક લોકો જીવને 'અવ્યાકૃત' કહે છે. જીવની ઉપાધિ પ્રકૃતિ છે. પ્રકૃતિનું બીજું નામ અવ્યાકૃત છે. તેથી જે લોકોને ઉપાધિનું પ્રધાનપણું વિવક્ષિત છે, તેઓ જીવને 'અવ્યાકૃત' એ રીતે ઓળખાવે છે.[૧૫]

'અવ્યાકૃત' શબ્દનું મૂળ છાન્દોગ્ય ઉપનિષદમાં મળે છે. સત્-તત્ત્વે તેજ ઉત્પન્ન કર્યું. તેજે પાણી ઉત્પન્ન કર્યું. પાણીએ અન્ન (પૃથ્વી) ઉત્પન્ન કર્યું (છાં. ઉપ. ૬. ૨. ૩–૪). પછી તે (સત્) દેવતાએ આ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા વડે પ્રવેશ કરીને નામ અને રૂપ વ્યાકૃત કર્યાં (વિસ્તાર્યાં). જુઓ सेयं देवतेमास्तिस्रो देवता अनेन जीवेनात्मनाऽनुप्रविश्य नामरूपे व्याकरोत्।" (છાં. ઉપ. ૬. ૩. ૩)

આ ઉપરથી નક્કી થાય છે કે એ જીવાત્માના અનુપ્રવેશ પછી જ નામ અને રૂપ વ્યાકૃત (વિસ્તૃત) રૂપવાળાં થયાં. જીવાત્મા (જેના પ્રવેશથી નામ રૂપો વ્યાકૃત થયાં) અવ્યાકૃત હોવાથી તેને 'અવ્યાકૃત' એવી સંજ્ઞા આપવામાં આવી છે.

## (૧૦) અપાશ્રયની વ્યાખ્યા :—

व्यतिरेकान्वयौ* यस्य जाग्रत्स्वप्नसुषुप्तिषु।
मायामयेषु† तद् ब्रह्म जीववृत्तिष्वपाश्रयः ॥ (૧૨.૭.૧૯)

માયાને કારણે જીવની ત્રણ વૃત્તિઓ (અવસ્થાઓ) છેઃ (૧) જાગ્રત્ (૨) સ્વપ્ન અને (૩) સુષુપ્તિ. આ ત્રણ અવસ્થામાં અનુસ્યૂત ચેતનને અનુક્રમે (૧) વિશ્વ, (૨) તૈજસ અને (૩) પ્રાજ્ઞ એવી સંજ્ઞાઓ અપાઈ છે. આ ત્રણે અવસ્થાઓમાં એક જ ચૈતન્યનો અન્વય (હાજરી, સત્તા) છે. વળી નિર્વિકલ્પક સમાધિ જેવી અવસ્થામાં એનો વ્યતિરેક (ગેરહાજરી,

---

૧૫ દ્વિતીયસ્કન્ધમાં, ઉપર્યુક્ત 'હેતુ' ને 'ઊતિ' શબ્દ દ્વારા રજૂ કરવામાં આવ્યો હોય એમ લાગે છે ત્યાં "ऊतयः कर्मवासनाः" (૨.૧૦.૪) કહીને ઊતિ એટલે કર્મવાસના એમ ખુલાસો કર્યો છે. શ્રીધર 'ઊતિ' શબ્દને બે રીતે સમજાવે છેઃ (૧) वेञ् (૧.ઉ.) वयति वयते=વણવું (એ ધાતુ ઉપરથી અને (૨) 'अव्' (૧.૫) રક્ષણ કરવું, એ ધાતુ ઉપરથી. જુઓ—"वेञ् तन्तुसन्ताने। ऊयन्ते कर्मभिः संतन्यन्ते इति ऊतयः। (શ્રીધરી, પૃ. ૨૬). કર્મો (=કર્મોની વાસનાઓ) વડે પ્રારબ્ધના વાણાતાણા વણાતા હોવાથી કર્મવાસનાઓને 'ઊતિ' કહેવામાં આવે છે. પરંતુ શ્રીધરની આ વ્યુત્પત્તિ વ્યાકરણદૃષ્ટ્યા ખોટી છે. કારણ કે 'वे' ધાતુને ति (क्तिन्) પ્રત્યય લગાડીએ તો व्‌નો સંપ્રસારણ થઈને 'उति' એવું હ્રસ્વ उવાળું રૂપ થાય જ્યારે અહીં 'ऊति' શબ્દ દીર્ઘ ऊવાળો છે.

વૈકલ્પિક રીતે 'ऊति' શબ્દ 'अव्' ધાતુ ઉપરથી દર્શાવતાં શ્રીધર લખે છે કેઃ—"यद्वा वृद्ध्यर्थात् संश्लेषार्थाद् वा अवतेर्धातोरिदं रूपम्। ऊयन्ते कर्मभिर्वृध्यन्ते(v.l. वर्धते) संश्लिष्यन्ते इति वा ऊतयः इत्यर्थः।" (પૃ. ૧૭). 'अव्' ધાતુના 'अव रक्षण-गति-कान्ति-प्रीति-तृप्ति-अवगम प्रवेश-श्रवण-स्वाम्यर्थ-(सामर्थ्य ?)-याचन-क्रिया-इच्छा-दीप्ति-अवाप्ति-आलिंगन-हिंसा-दान-भाग-वृद्धिषु' આટલા (૧૯) અર્થો છે તે પૈકીનો वृद्धि (ઓગણીસમો) અને आलिंगन (પંદરમો) (જેને શ્રીધરે સંશ્લેષ કહ્યો છે) એ બે અર્થો લઈને શ્રીધરે 'अव्' ધાતુ પરથી 'ऊति' શબ્દ સિદ્ધ કર્યો છે. વ્યાકરણદૃષ્ટ્યા अव + ति (क्तिन्)માં "ज्वर-त्वर-श्रिवि-अवि-मवाम् उपधायाश्च" એ પ્રમાણેના પાણિનિ (૬.૪.૨૦)ના સૂત્રથી अव् ધાતુના व्‌ને સ્થાને અને ઉપધામાં આવેલા अने બદલે ऊ(ऊठ्) આદેશ થવાથી ऊ ऊ + ति = ऊति શબ્દ બને છે.

* કેટલાંક છાપેલાં પુસ્તકોમાં '-कान्वयो' એવો એકવચનનો પાઠ ખોટો છે.

† 'मायामयासु' પાઠાન્તર વ્યાકરણદૃષ્ટ્યા શુદ્ધ છે.

અભાવ ) છે. આ ચૈતન્ય તે જ બ્રહ્મ. આ રીતે ઉપર કહેલી માયાકૃત ત્રણ સંસારદશામાં બ્રહ્મ જ અધિષ્ઠાન તરીકે રહેલું છે. સંસારના બાધરૂપી તુરીયાવસ્થામાં જ્યારે 'नेति नेति' એ રીતે તમામ પ્રપંચનો બાધ થાય છે, ત્યારે પણ આ બ્રહ્મ જ પરમ-અવધિરૂપે 'एकमेवाद्वितीयम्' સ્વરૂપે રહે છે. આ રીતે બ્રહ્મ આ ચારે ય અવસ્થાનું અધિષ્ઠાન-આશ્રય-હોવાથી તેને અહીં અપાશ્રય કહેવામાં આવ્યું છે.

શ્રીધર આને નીચે પ્રમાણે સમજાવે છે:—

जाग्रदादिष्ववस्थासु जीवतया वर्तन्ते इति जीववृत्तयो विश्व-तैजस-प्राज्ञाः, तेषु मायामयेषु साक्षितयाऽन्वयः, समाध्यादौ च व्यतिरेको यस्य, तद् ब्रह्म संसारप्रतीति-बाधयोरधिष्ठानावधिभूतम् 'अपाश्रय' उच्यते इत्यर्थः ।—શ્રીધરી ( પૃ. ૧૭૫ )[૧૬]

ઉપર વિગતે કરેલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભાગવતમાં દ્વિતીયસ્કન્ધમાં કહેલાં દશલક્ષણો અને દ્વાદશસ્કન્ધમાં કહેલાં દશલક્ષણોમાં પરસ્પર જરા ય વિરોધ નથી. કેટલીક સંજ્ઞાઓ સરખી જ છે. કેટલાકમાં સાધારણ રૂપાન્તર છે, જ્યારે બાકીની કેટલીકનો એકબીજામાં અન્તર્ભાવ કરી શકાય છે. તે કેવી રીતે થાય છે તે નીચેના કોષ્ટકથી સ્પષ્ટ થશે:—

| દ્વાદશસ્કન્ધોક્ત લક્ષણ | | દ્વિતીયસ્કન્ધોક્ત લક્ષણ | |
|---|---|---|---|
| ૧ | સર્ગ | = સર્ગ | ( ૧ ) |
| ૨ | વિસર્ગ | = વિસર્ગ | ( ૨ ) |
| ૩ | વૃત્તિ | = સ્થાન | ( ૩ ) |
| ૪ | રક્ષા * | = પોષણ | ( ૪ ) |
| ૫ | અન્તર | = મન્વન્તર | ( ૬ ) |
| ૬ | વંશ } | = ઈશકથા | ( ૭ ) |
| ૭ | વંશાનુચરિત } | | |
| ૮ | સંસ્થા ( અ ) નૈમિત્તિક પ્રલય } | | |
| | ( આ ) પ્રાકૃતિક પ્રલય } | = નિરોધ | ( ૮ ) |
| | ( ઇ ) નિત્ય પ્રલય } | | |
| | ( ઈ ) આત્યન્તિક પ્રલય | = મુક્તિ | ( ૯ ) |
| ૯ | હેતુ | = ઊતિ | ( ૫ ) |
| ૧૦ | અપાશ્રય | = આશ્રય | ( ૧૦ )[૧૭] |

૧૬ દ્વિતીયસ્કન્ધમાં આને માટે 'આશ્રય' શબ્દ પ્રયોજાયો છે:—

आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते ।
स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥ (२.१०.७)

જે તત્ત્વમાં આ જગતનો ( વિવર્તને કારણે ) આભાસ થાય છે ( શ્રીધર આભાસનો અર્થ સૃષ્ટિ કરે છે ), અને જેમાં આ જગતનો નિરોધ ( લય ) થાય છે, અને જેને લોકો નિર્ગુણની દૃષ્ટિએ પરબ્રહ્મ અને ( સગુણની દૃષ્ટિએ ) પરમાત્મા કહે છે તે પરમતત્ત્વને આશ્રય કહેવામાં આવે છે.

* રક્ષામાં બે અંશો છે : ( ૧ ) ભગવાનના અવતારો, અને ( ૨ ) એની કૃપા. તેથી રક્ષાનો સમાવેશ અંશતઃ ઈશકથામાં અને અંશતઃ પોષણમાં સમજવો.

૧૭ કૌંસમાં આપેલા આંકડા તે સંજ્ઞાનો મૂળક્રમ દર્શાવે છે.

આ રીતે (૧) ‘સર્ગ’ અને ‘વિસર્ગ’ એ બે શબ્દો બંનેમાં સરખા છે. (૨) ‘અન્તર’ અને ‘અપાશ્રય’ને બદલે અનુક્રમે ‘મન્વન્તર’ અને ‘આશ્રય’ એમ સાધારણ રૂપાન્તર છે. (૩) ‘રક્ષા’ને માટે ‘પોષણ’ અને ‘હેતુ’ને માટે ‘ઊતિ’ એમ તદ્દન જુદી સંજ્ઞાઓનો પ્રયોગ છે. (૪) ‘વંશ’ અને ‘વંશાનુચરિત’ એ બે લક્ષણનો સમાવેશ ‘ઈશકથા’માં થઈ જાય છે. તો એથી ઉલટું ‘સંસ્થા’નો બે ભાગ પૈકી એક ભાગને ‘નિરોધ’ એવી જુદી સંજ્ઞા અને બીજા ભાગને ‘મુક્તિ’ એવી જુદી સંજ્ઞા આપી છે. આમ થવાથી દસની સંખ્યા તેવીને તેવી જ રહે છે.

હવે સર્વસામાન્ય પંચલક્ષણ કરતાં વધારાનાં બીજાં પાંચ પંચલક્ષણો છે તેનો વિચાર કરતાં જણાઈ આવશે કે દ્વાદશસ્કન્ધોક્ત લક્ષણમાં પ્રચલિત પાંચે ય લક્ષણો લગભગ તેને તે જ શબ્દો દ્વારા ઉલ્લિખિત છે. દાખલા તરીકે ‘સર્ગ’, ‘વંશ’ અને ‘વંશાનુચરિત’ તેવા ને તેવા જ છે. ‘મન્વન્તર’ને બદલે ‘અન્તર’ શબ્દ છે એટલું જ. માત્ર પ્રતિસર્ગને બદલે સંસ્થા એવો જુદો પારિભાષિક શબ્દ વાપર્યો છે. આ રીતે પાંચ લક્ષણો પૈકી મોટા ભાગનાં લક્ષણો દ્વાદશસ્કન્ધની યાદીમાં સ્વશબ્દોક્ત હોવાથી તે યાદી પર (પછીની) હોવા છતાં ચર્ચાની સરળતાને કારણે ચર્ચાના પાયા તરીકે સ્વીકારી છે.

હવે વધારાનાં પાંચ લક્ષણો (૧) વિસર્ગ, (૨) વૃત્તિ, (૩) રક્ષા, (૪) હેતુ અને (૫) અપાશ્રય છે.

દ્વિતીયસ્કન્ધમાં તેમને (૧) વિસર્ગ, (૨) સ્થાન, (૩) પોષણ, (૪) ઊતિ અને (૫) આશ્રય એવી સંજ્ઞા આપવામાં આવી છે. તે પૈકી વિસર્ગ બંનેમાં સમાન છે. જ્યારે અપાશ્રય અને આશ્રય માત્ર રૂપાન્તર છે. બાકીનાં ત્રણમાં શબ્દભેદ હોવા છતાં અર્થની દૃષ્ટિએ સામ્ય છે.

ઉપર દશ લક્ષણોની વિગતે કરેલી ચર્ચા પરથી બીજી એક મહત્ત્વની વાત ફલિત થાય છે તે એ છે કે દ્વાદશસ્કન્ધોક્ત દશલક્ષણોની વ્યાખ્યા ઉપર સાંખ્યદર્શનની સ્પષ્ટ અસર છે. જ્યારે દ્વિતીયસ્કન્ધોક્ત વ્યાખ્યાઓ વેદાન્તાનુસારિણી છે. દાખલા તરીકે, દ્વાદશસ્કન્ધોક્ત સર્ગની વ્યાખ્યામાં સાંખ્યપ્રક્રિયાનું સ્પષ્ટ પ્રતિપાદન છે. તે જ પ્રમાણે વિસર્ગની વ્યાખ્યામાં સાંખ્યના પુરુષનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જ્યારે દ્વિતીયસ્કન્ધોક્ત સર્ગના વર્ણનમાં “भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः । ब्रह्मणो गुणवैषम्यात्.........(૨.૧૦.૩ abc) એમ કહીને સાંખ્યોની પ્રકૃતિને ગૌણ બતાવી બ્રહ્મને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેથી એ પ્રકારની, સાંખ્ય ઉપર વેદાન્તનું પ્રભુત્વ સ્થાપનારી, પશ્ચાત્કાલીન વિચારસરણી સ્પષ્ટ દેખાઈ આવે છે. તેથી દ્વાદશસ્કન્ધોક્ત દશલક્ષણો પ્રાચીન છે. જ્યારે દ્વિતીયસ્કન્ધોક્ત લક્ષણો તદપેક્ષયા અર્વાચીન છે, એમ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

હવે મૂળ પંચલક્ષણોમાં બીજા પાંચ લક્ષણોનો ઉમેરો કરીને દશલક્ષણો શા માટે કરવામાં આવ્યાં એ જોઈએ. ઉપર જોયું તે પ્રમાણે પ્રચલિત પાંચ લક્ષણો ઉપરાંત વધારાનાં પાંચ લક્ષણો તે વિસર્ગ, વૃત્તિ, રક્ષા, હેતુ અને અપાશ્રય એ છે. તે પૈકી વિસર્ગનો અર્થ હિરણ્યગર્ભ અથવા વિરાટ્‌પુરુષ દ્વારા કરવામાં આવેલી વિવિધ સૃષ્ટિ એવો થાય છે. વૃત્તિ (જેને દ્વિતીયસ્કન્ધમાં ‘સ્થાન’ કહેવાયું છે) એટલે ‘जीवो जीवस्य जीवनम्’ એ ન્યાય પ્રમાણે

જીવનો જીવનનિર્વાહ-રક્ષા (જેને દ્વિતીયસ્કન્ધમાં 'પોષણ' કહ્યું છે) એટલે સૃષ્ટિમાં રહેલાં જીવોના રક્ષણ માટે પરમાત્મા વડે ધારણ કરવામાં આવતા જુદા જુદા અવતારો, અને હેતુ (જેને દ્વિતીયસ્કન્ધમાં 'ઊતિ' કહેવામાં આવ્યો છે)નો અર્થ જીવ એવો થાય છે, અને છેલ્લે 'અપાશ્રય' (=દ્વિતીયસ્કન્ધનો આશ્રય)નો અર્થ જીવની જુદી જુદી અવસ્થાઓમાં અનુસ્યૂત એવું પરમાત્માનું ચૈતન્ય એવો અર્થ થાય છે. આ રીતે આ વધારાનાં પાંચ લક્ષણો એક રીતે પ્રચલિત પ્રાચીન પાંચ લક્ષણોનો અતિદેશ (extension) છે, એમ સ્પષ્ટ જણાઈ આવે છે. પાંચ લક્ષણોમાં જીવોની વિવિધ સૃષ્ટિ, તેમનો નિર્વાહ, તેમની અવસ્થાઓ અને તે બધામાં પરમાત્માનો પ્રત્યક્ષ અથવા પારંપરિક સંબંધ જણાઈ આવે છે. તેથી આ પાંચ લક્ષણો પછીના કાળમાં, જ્યારે ભક્તિનો પ્રચાર પૂરવેગમાં ચાલતો હશે ત્યારે, પરમાત્માનું સર્વ પ્રકારનું માહાત્મ્ય સિદ્ધ કરવા માટે અને તેની સર્વવ્યાપકતા દર્શાવવા માટે વધારવામાં આવ્યાં હોય એમ લાગે છે. અને તેથી દશલક્ષણ ગણાવ્યા પછી કહેવામાં આવ્યું છે કે–

दशमस्य विशुद्धयर्थं नवानामिह लक्षणम् ।
वर्णयन्ति महात्मानः श्रुतेनार्थेन चाञ्जसा ॥ (૨.૧૦.૨)

(અપાશ્રય નામના દશમા લક્ષણની વિશુદ્ધિ[૧૮] ને માટે મહાત્માઓ સ્તુત્યાદિ સ્થાનમાં શ્રુતિદ્વારા અને તે તે આખ્યાનોમાં અર્થ એટલે તાત્પર્ય વૃત્તિથી નવલક્ષણોનું વર્ણન કરે છે.) આના ઉપરથી એમ ચોક્કસ રીતે કહી શકાય કે આ દસલક્ષણો પૈકી પહેલાં નવલક્ષણો ગૌણ છે અને તેમનું તાત્પર્ય અપાશ્રય નામના દસમા મુખ્ય લક્ષણને સિદ્ધ કરવામાં છે. બીજા શબ્દોમાં કહીએ તો આ દશલક્ષણો પૈકી અપાશ્રય શબ્દ વડે પરમાત્મા જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર છે, અને જીવની ઉત્પત્તિ, તેની અવસ્થાઓ, જગતનું રક્ષણ, તેને માટે તેના અવતારો વગેરેમાં પણ તે પરમાત્મા જ ઓતપ્રોત છે અને તેથી પરમાત્મા જ સર્વસ્વ છે એમ દર્શાવવાનો હેતુ છે. તેથી આ દશલક્ષણનો સિદ્ધાંત ભક્તિમાર્ગનો ઉદય અને પ્રચાર પછી જ અસ્તિત્વમાં આવ્યો હોય એમ માનવામાં જરાય ખોટું નથી.

શ્રીમદ્‌ભાગવતમાં આ દશલક્ષણો બે સ્થળોએ મળે છે. તેમાં દ્વાદશસ્કન્ધમાં મળતાં લક્ષણો ભાગવતની કથા પૂરી થયા પછી (પરીક્ષિતને મુક્તિ મળ્યા પછી) વેદની શાખાઓ અને પુરાણની પરંપરા દર્શાવવાના પ્રસંગે આપવામાં આવ્યાં છે. આમ તે ભાગવતનો મૂળ ભાગ ન હોવાથી તેને બહિરંગ માનવા જોઈએ. જ્યારે દ્વિતીયસ્કન્ધમાં કહેલાં દશલક્ષણો ભાગવતની કથાના આરંભમાં જ ગણાવવામાં આવ્યા છે અને ત્યાં 'अत्र' એટલે 'આ ભાગવતમાં' એ શબ્દપ્રયોગ દ્વારા ભાગવતમાં તેમનો સાક્ષાત્ સંબંધ બતાવ્યો હોવાથી તેમને અંતરંગ માનવાં જોઈએ. પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાની સુબોધિની નામની ટીકામાં આ દશલક્ષણોનો સમન્વય ભાગવતમાં કેવી રીતે થાય છે તે, તે તે સ્થળે બતાવ્યું છે. સ્થળસંકોચને કારણે આ ચર્ચા અત્રે છોડી દીધી છે.

———

૧૮ અહીં શ્રીધરે વિશુદ્ધિનો અર્થ 'તત્ત્વજ્ઞાન' એવો કર્યો છે, પરંતુ મૂળમાં 'विशुद्धयर्थम्'ને બદલે 'विसिद्धयर्थम्' એટલે કે विशेषेण सिद्धयर्थम् (=ખાસ કરીને સિદ્ધ થાય તેટલા માટે) એવો પાઠ વધારે યોગ્ય લાગે છે.

# ગ્રન્થાવલોકન

**સૂક્ત-સુધા નિરુક્ત-પરામર્શ** :—લેખક: પ્રો. રતિલાલ જગન્નાથ જાની, પ્ર. : ચૂનીલાલ ગાંધી, વિદ્યાભવન, સૂરત, પૃ. ૧૩૭, કિંમત રૂા. ૧૦–૦૦ પૈ.

પ્રસ્તુત પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. ખંડ–૧ સૂક્ત–સુધામાં ૧ થી ૧૧ સુધીના પ્રકરણોમાં ઋગ્વેદના કતિપય સૂક્તોનું રસદર્શન કરાવ્યું છે. ૧૨ માં ઋગ્વેદ ૩ના ઇન્દ્રસૂક્તોના વિશ્વામિત્ર, ૧૩માં ઋગ્વેદ ૪માં ઋભુસૂક્તો અને ૧૪માં ઋગ્વેદમાં દેવોના સ્વરૂપની કલ્પનાની ચર્ચા છે. ખંડ–૨માં નિરુક્ત વિષયક કેટલાક લેખો છે. અંતે પરિશિષ્ટમાં ગ્રંથમાં ચર્ચાયેલા સૂક્તોનો મૂળ પાઠ છે.

વૈદિક સાહિત્યનું ગુજરાતીમાં પરિશીલન પ્રમાણમાં અલ્પ અને તેમાં ય પ્રમાણભૂત પરિશીલન તો અલ્પાલ્પ પ્રમાણમાં થાય છે. એ દષ્ટિએ પ્રો. રતિલાલ જાનીનો પ્રયત્ન આવકારતાં આનંદ થાય. શારદાપીઠ પ્રદીપ, ભાવનગર સમાચાર દીપોત્સવી અંક, પગદંડી, સ્વાતંત્ર્ય દિન વિશેષાંક, બુદ્ધિપ્રકાશ, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિક, વગેરેમાં પ્રસિદ્ધ થયેલા લેખોનો આ મોટા ભાગે સંગ્રહ છે. વેદના વિષયને વિદ્યાર્થીભોગ્ય અને લોકભોગ્ય બનાવવાનો તેમનો અભિગમ આવકાર્ય છે પણ જો નીચેની બાબતોની ચોકસાઈ જળવાઈ હોત તો ગ્રંથ અવશ્ય ઉપાદેય બનત.

ગ્રંથના પ્રથમ પ્રકરણના પ્રથમ પૅરા(પૃ. ૧)માં બૃહદ્દેવતાને સ્થાને बृहत्संहिता એવું બે વાર લખ્યું છે. બૃહદ્દેવતા એ મહર્ષિ શૌનકાચાર્યનો ઋગ્વેદના અભ્યાસ માટે ઉપયોગી ગ્રંથ છે, જ્યારે बृहत्संहिता તો વરાહમિહિરનો જ્યોતિષવિષયક સુપ્રસિદ્ધ ગ્રંથ છે જેને ઋગ્વેદના અભ્યાસ સાથે પ્રસ્તુત સંદર્ભમાં કોઈ સંબંધ નથી. વળી તેઓએ ત્યાં આપેલું અવતરણ બૃહદ્દેવતા(૪-૧૨૬)નું છે. અલબત્ત અવતરણનો સ્થાનનિર્દેશ તેઓએ કર્યો નથી. 'અથર્વવેદના ૧૯મા મણ્ડલમાં' (પૃ.૩૭) એ પ્રયોગ અથર્વવેદની મંત્રવ્યવસ્થાના અજ્ઞાનમાંથી ઉદ્દભવ્યો છે. અથર્વવેદનું કાંડમાં વિભાજન છે. ઋગ્વેદનું મંડળમાં. 'મંત્રો અને બ્રહ્મા ણગ્રંથોમાં તેનું (વૃત્રનું) વર્ણન સર્પ જેવું મળે છે.' (પૃ. ૭૦). અહીં મંત્રોથી કયો ગ્રંથ કે સાહિત્ય અભિપ્રેત હશે? સ્પષ્ટ થતું નથી. 'यथान : ને બદલે यतानाः હોય તો "બધા સાથે" એમ અર્થ કરવો.' (પૃ. ૧૩). આવી નોંધ કેમ સ્વીકારાઈ? ઋગ્વેદમાં પાઠાન્તર નથી. પ્રો. મેકસમૂલરને પણ ફક્ત એક જ પાઠભેદ મળ્યો હતો અને તેને પણ સ્વ. સાતવલેકરજીએ શાખાભેદને કારણે ઉદ્દભવતો ઉચ્ચારણભેદ જ માન્યો હતો.

'અંગિરસો......હવામાં વહન કરાતા સૂક્તોના જ મૂર્ત સ્વરૂપો છે.' (પૃ. ૧૯) જેવાં વિધાનો અનાધાર કે કલ્પના પ્રધાન છે. 'જોકે આમ તો ઋભુની સંખ્યા ત્રણની કહી છે પણ બહુવચનમાં અનેક સ્થળે ઋગ્વેદમાં પ્રયોગ થવાથી તેમની સંખ્યા નિશ્ચિત કહી શકાતી નથી'.

(પૃ. ૬૦). શું આ વિદ્વાન લેખક ત્રણની સંખ્યાને બહુવચન તરીકે સ્વીકારવા તૈયાર નથી? વળી ત્રણની સંખ્યાને સર્વત્ર બહુવચનમાં પ્રયોજવાથી ઋભુઓની સંખ્યા નિશ્ચિત ન થઈ શકે? વેદના મંત્રોના ભાવાર્થ કે અનુવાદમાં મૂળ પ્રત્યેની વફાદારીનો અભાવ અને શૈથિલ્ય સ્પષ્ટ વરતાય છે. ઉદા. 'बृहद्वदेम विदथेषु सुवीरा :– સભામાં સુ-વીર એવો અમારો જ અવાજ સંભળાય'. અથવા 'અદિતિ બોલે છે, 'મ્હારા દીકરાએ મોટા શસ્ત્રથી ઇન્દ્રનો વધ કરીને પાણીને છૂટાં કર્યાં છે. (પૃ. ૩). અહીં 'ઇન્દ્રનો નહિ' 'વૃત્રનો વધ' એમ જોઈએ.

લેખકે લીધેલો લૌકિક વ્યુત્પત્તિનો સહારો વેદવિદ્યાના વિવેચનમાં ભાગ્યે જ સહાયભૂત થાય તેવો છે. દા.ત. 'કોઈક ધન્ય પળે ઉરે વસેલી (ઉર્વશી)નું આકર્ષણ ભલભલાને પણ અદમ્ય બનાવે છે'. (પૃ. ૨૮). ઉરે વસેલી એટલે ઉર્વશી અથવા सूक्त = सु + ऋक् (પૃ.૨૮). 'કૃષ્ણજન્મની માન્યતાના કેટલાક અંશો શું આમાં ગર્ભિત સ્વરૂપે રહેલ નથી?' (પૃ. ૧૧). પણ પોતાની આ સિદ્ધાન્તકલ્પનાના સમર્થનમાં લેખકે કશું ય પ્રતીતિજનક પ્રસ્તુત કર્યું નથી.

ખાસ કરીને લેખના અંત ભાગમાં અવતરણો આપવાનો લેખકનો શોખ નોંધ માગી લે છે. 'यस्य निश्विसितं वेदाः' એ અવતરણ એકથી વધુ વાર (પૃ. ૧૧ અને ૪૦) વપરાયું છે. પણ સંદર્ભમાં તે સુસંગત નથી, એટલું જ નહિ લેખક વિસરી ગયા છે કે મૂળમાં સાયણાચાર્યે પોતાના ગુરુને ઉદ્દેશીને કરેલું આ સ્તુત્યાત્મક ઉદ્બોધન છે. પૃ. ૨૮ પરના विक्रमोर्वशीयम्નું અવતરણ પણ સાર્થક પ્રતીત થતું નથી. "જ્ઞાનયજ્ઞ, ભૂમિયજ્ઞ, શ્રમયજ્ઞ" આ બધું આપણને ઋગ્વેદમાંથી મળે છે.' (પૃ. ૪૦). આવા વિધાનના સંદર્ભમાં લેખકનું પોતાનું જ વિધાન, અલબત, એમની મંજૂરી વિના, અવતરણ ચિહ્નમાં આપી શકાય કે, 'પછીના સમયની માન્યતાઓ વેદના અર્થકરણમાં ઘુસાડી દેવાનું યોગ્ય નથી.' (પૃ.૫૭).

લેખકની ભાષાની કેટલીક લાક્ષણિકતાઓ અવશ્ય નોંધવી પડે તેમ છે. તેઓશ્રી હજુ 'હ' શ્રુતિના જમાનામાં જીવે છે. 'મ્હે', 'મ્હારી', 'મ્હારે' (પૃ.૪), 'ત્હેં' (પૃ.૮), ત્હુ (પૃ.૧૬). 'વેદના મંત્રોના શબ્દોના અર્થના જ્ઞાનની મહત્તાનું તો કહેવું જ શું?' (પૃ.૮૦). એક જ વાકયમાં ૬વાર ૬ઠ્ઠી વિભક્તિ વાપરી છે! પ્રાસાદિકતા આવતી નથી. '૪ પૂર્વાર્ધ, વામદેવ ઇન્દ્રને ભાંડવાનું ચાલુ રાખે છે. કઈ ઇન્દ્રે "મોથ" મારી છે? (પૃ.૨). વળી 'બચાવ ચાલુ રાખે છે', 'અદિતિ જ ચાલુ રાખે છે' (પૃ.૩) વગેરેમાં અંગ્રેજીના Continuous જેવા શબ્દોનો 'ચાલુ' અનુવાદ હૃદ્ય બનતો નથી. 'મોથ મારી' જેવી ભાષા વાપરી વેદને લોકભોગ્ય બનાવવાનો લેખકનો અભિગમ હશે, પરંતુ વેદવિદ્યા આ કક્ષાની 'લૌકિક' બને તે કયા સહૃદયના હૃદયને આકર્ષી શકશે? 'પ્રથમના સમયની સ્વયંસ્ફુરણાથી ઉદ્ભવતી પ્રકૃતિપૂજાનું રૂપાન્તર કાળક્રમે યજ્ઞપૂજામાં નિષ્પન્ન થયું છે.' (પૃ. ૧૯). આ અને બીજાં કેટલાંક વાકયોમાં અર્થાવબોધ પ્રાસાદિક બનતો નથી.

એક વાત અવશ્ય નોંધવાનું મન થાય છે કે આ વિદ્વાન લેખકના હાથમાં આવી પડતાં ઇન્દ્ર આરંભથી જ લાંબો થઈ ગયો છે! સર્વત્ર ઇન્દ્રનો 'ઇ' દીર્ઘ જ છે. વળી વરુણદેવને તો વેદના ઋષિ કરતાં પણ વધુ પડતું વૈવિધ્ય લાધ્યું છે, અલબત્ત જોડણીમાં જ જુઓ: 'વરુણ, ઈન્દ્રાવરુણા,

વરૂણ, વરણસૂક્ત' (પૃ. ૧૪). એક જ પાને એકથી વધુ પ્રકારની જોડણી. 'ભવનત્રયમ્। શબ્દ હવયં જ્યોતિ' (પૃ. ૧૧૧). અહીં ગુજરાતી ટાઈપ નેત્રને અને જોડણી મનને પ્રસન્ન તો નથી જ કરતી. જો સંશોધન ઠીક થયું હોત તો ગ્રંથની ઉપાદેયતા જરૂર વધત. સંવાદસૂક્તો પશ્ચાત્કાલીન સંસ્કૃત નાટકોના ઉદ્દ્‌ગમસ્થાન સમા છે એવો શ્રી જાનીનો અભિગમ નવો નથી. આ તો ચારેક દસકા પહેલાં ચર્ચાને સરાણે ચઢી ચૂકેલ અને નિષ્યૂતરસ બની ગયેલ કેવળ સિદ્ધાન્તકલ્પના છે. નિરુક્તના લેખોમાં મૂળ ગ્રંથનો ગુજરાતીમાં સાર આપવાનો લેખકનો પ્રયત્ન बालानां सुखबोधाय બનશે. બાકી અંતમાં તેઓશ્રીનું એક વાક્ય (કશી ટીકાટિપ્પણ વિના) અવતરણચિહ્નમાં મૂકવાનું મન થાય છે કે,

'વેદનાં સૂક્તોની વાણીનું સામર્થ્ય એ વાણીમાં સમાયેલી રહસ્યમયતામાં અને લૌકિક અર્થ કરતાં અલૌકિક ગૂઢ અર્થનો પરામર્શ કરવામાં સમાયેલું છે. ગમે તે વ્યક્તિ આ નિગૂઢ અર્થને ઉકેલી શકતી નથી, પણ તેના ઉકેલના અધિકારની અપેક્ષા રહે છે.' (પૃ.૨૮)

**ગૌતમ પટેલ**

* * *

પંડિતરાજ જગન્નનાથ–વિરચિત **રસગંગાધરની ભૂમિકા**: લેખક: રા. બ. આઠવલે; અનુવાદક; નગીનદાસ પારેખ; પ્રકાશક: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬; પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર ૧૯૭૨; કિંમત રૂા. ૧૭=૦૦; પૃ. ૧૫+૪૬૮.

પંડિતરાજ જગન્નાથ કાવ્યશાસ્ત્રના ઇતિહાસમાં અનેરું અને અગત્યનું સ્થાન ભોગવે છે. પંડિતરાજ જગન્નાથ ઉપર અનેક લેખો, ગ્રંથો અને મહાનિબંધો લખાયાં છે અને લખાય છે; છતાં પણ પ્રો. રામચંદ્ર બળવંત આઠવલેના આ ગ્રંથને આવકારતાં વિશેષ આનંદ થાય છે, કારણ કે તેમાં તેમની વિદ્વત્તા, વિષયની વિશદ છણાવટ, રેશમ જેવી સુંવાળી છતાં નિર્ભીક ભાષા અને રજૂઆત(वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि), લેખનમાં પ્રતિબિંબિત થતી વાર્તાલાપની વાણીના રણકારની કસ્તુરિકામોદની ચેતોહારિતા અનુભવાય છે.

પંડિતરાજ જગન્નાથનો "સાહિત્યશાસ્ત્રનો શ્રેષ્ઠ ગ્રંથ રસગંગાધર......ન્યાય વ્યાકરણાદિ અનેક શાસ્ત્રોની પરિભાષાથી જટિલ બનેલો ગ્રંથ છે." (પ્રરોચના, પૃ. ૫.) અને તેથી કરીને આ "ભીમકાન્ત" ગ્રંથનું વિપુલ ટિપ્પણી સહિત ગુજરાતી ભાષાન્તર કરવાનો વિચાર પ્રો. આઠવલેને આ ગ્રંથના અધ્યાપનકાળ દરમ્યાન આવ્યો અને તેથી પ્રૌઢ વિદ્યાર્થીઓને અને પ્રાધ્યાપક બંધુઓને મદદરૂપ થવા ગુજરાતી ભાષામાં સટિપ્પણ અનુવાદ શરૂ કર્યો; પરંન્તુ પ્રતિકૂળ સંજોગોને લીધે તે પ્રકાશિત થઈ શક્યો નહિ. (પ્રરોચના, પૃ.૫).

તેઓએ આ ગ્રંથનું સટિપ્પણ ભાષાન્તર મરાઠીમાં કર્યું તેને, ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠે (પુણે) ત્રણ ખંડમાં ૧૯૫૩, ૧૯૬૫ અને ૧૯૭૧માં પ્રસિદ્ધ કર્યું. ૧૯૭૧માં મરાઠીમાં પ્રસ્તાવના ખંડ પ્રસિદ્ધ થયો અને તેનો ગુજરાતી અનુવાદ ૧૯૭૨માં ટૂંક સમયમાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડે બહાર પાડ્યો, તે માટે તે સાભિનંદનાર્હ બને છે. સાભિનંદન અને સાનંદ નોંધવાનું કે 'પ્રરોચના' (પૃ. ૭)માં જણાવેલ ગુજરાતી ટિપ્પણ અને અનુવાદ સાથેના બે ખંડો પૈકી એક ખંડ

૧૯૭૪માં કાવ્યશાસ્ત્રરસિકોને પ્રાપ્ત થયો છે અને બીજો ખંડ સત્વરે પ્રાપ્ત થશે એમ આશા રાખીએ છીએ.

પંડિતરાજ જગન્નાથ અને રસગંગાધાર–વિષયક પ્રશ્નોની વિશદ ચર્ચા આ ગ્રંથમાં નીચે મુજબનાં ચાર પ્રકરણો અને ૭ પરિશિષ્ટોમાં કરવામાં આવી છે:

(૧) પ્રકરણ પહેલું: પંડિતરાજ જગન્નાથનું ચરિત્ર, (૨) પ્રકરણ બીજું: પંડિતરાજની કવિતા, (૩) પ્રકરણ ત્રીજું: રસગંગાધરની પૂર્વપીઠિકા, (૪) પ્રકરણ ચોથું: રસગંગાધરની સમીક્ષા, (૫) પરિશિષ્ટ પહેલું: શાબ્દ બોધના સ્વરૂપની ચર્ચા, (૫) પરિશિષ્ટ બીજું: (अ) સિદ્ધચંદ્રગણિ, (ब) કવીન્દ્રાચાર્ય સરસ્વતી, (क) નીલકંઠ દીક્ષિત, (ड) પંડિત જગન્નાથના સાહિત્યનો ઉત્તરકાલીન ગ્રંથકારો ઉપર પડેલો પ્રભાવ, (૭) પરિશિષ્ટ ત્રીજું: 'મનોરમાકુચમર્દન'નું ડૉ. શિવરામ દત્તાત્રેય જોશીએ કરેલું પરીક્ષણ, (૮) પરિશિષ્ટ ચોથું: ટિપ્પણી, (૯) પરિશિષ્ટ પાંચમું: વિશેષનામોની સૂચિ, અને (૧૦) પરિશિષ્ટ છઠ્ઠું: પદ્યસૂચિ.

અંતમાં શુદ્ધિપત્ર આપવામાં આવ્યું છે, પણ આ અપૂર્ણ છે; કારણ કે અગ્ની (પૃ.૭૭) (અગ્નિ); पण्डितराजकाव्ययग्रह (પૃ.૮૨) (पण्डितराजकाव्यसंग्रह) જેવી અશુદ્ધિઓ દૃષ્ટિગોચર થાય છે.

આ ગ્રંથ પ્રો. આઠવલેનાં, વર્ષો પર્યંતના પંડિતરાજના અધ્યયન, અધ્યાપન અને સંશોધનના નિચોડને રજૂ કરે છે. પંડિતરાજના કુલવૃત્તાંતની ચર્ચા કરતાં પ્રો. નાગરદાસ કાશીરામ બાંભણિયાના સૂચનથી (પ્રરોચના, પૃ. ૬) પ્રો. આઠવલે, વ્રજભાષામાં લખાયેલ "સંપ્રદાય કલ્પદ્રુમ"ના આધારે પંડિતરાજ જગન્નાથ "પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમ્પ્રદાયના આદ્યસંસ્થાપક શ્રીમદ્વલ્લભાચાર્યના બીજા પુત્ર(વિઠ્ઠલેશ)ની પુત્રી(યમુના)ના બીજા પુત્ર છે" (પૃ. ૧૩), એમ સૂચવે છે. આ સૂચન તેમનું "નવું અપૂર્વ સંશોધન" છે (પ્રરોચના પૃ. ૬). પ્રસ્તુત ગ્રંથ મૂળ મરાઠી ગ્રંથનો અનુવાદ છે, એટલે આ અવલોકનમાં વિશેષ કહેવાનું રહેતું નથી.

"બીજી બધી કળાઓની જેમ અનુવાદ એ પણ એક કળા છે" (સુરેશ દલાલ, કાવ્યવિશ્વ, ૧૯૭૫, 'નવેસરથી નિર્માણ', પૃ. પાંચ) અને "અનુવાદનું કાર્ય જેમણે સતત પાર પાડયું છે" (એજન, પૃ. પાંચ) એવા પ્રો. નગીનદાસ પારેખે આ ગ્રંથનો અનુવાદ કર્યો છે. "પ્રકાશકનું પુરોવચન"માં પ્રો. ઈશ્વરભાઈ પટેલ જણાવે છે તેમ, આ ગ્રંથમાં "ત્રણ ભાષામાં ત્રણ રસશાસ્ત્રના પારખુઓનો...ત્રિવેણી સંગમ થયો છે" (પૃ. ૩). "રસ ગંગાધર, ખંડ ૧"ના ગુજરાતી અનુવાદ અંગેના પોતાના નિવેદનમાં પ્રા. પારેખ જણાવે છે કે "......મઠારવાનું કામ મેં એ રીતે કર્યું કે ગ્રંથમાં બહુ ઓછાં વાક્યો એવાં હશે કે જેને હું નહિ અડ્યો હોઉં. ઉપરાંત કેટલાક ભાગો ખૂટતા માલૂમ પડ્યા, તેનો મેં નવેસર અનુવાદ કરી લીધો...મરાઠી ગ્રંથમાં નજરચૂકને કારણે રહી ગયેલી કેટલીક ક્ષતિઓ આ અનુવાદમાં સુધારી લેવામાં આવી છે." આમ આ અનુવાદ બે ઉત્તમ અર્વાચીન કાવ્યશાસ્ત્રીઓનું સુભગ સર્જન છે." (ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પંડિતરાજ જગન્નાથકૃત રસગંગાધર, ખંડ પહેલો, ૧૯૭૪, અવલોકન, ગ્રંથ, વર્ષ ૧૩, અંક ૧, જાન્યુઆરી ૧૯૭૬, પૃ. ૧૪).

આ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથમાં વાચકને એક વાતનો વસવસો રહી જાય છે કે સંદર્ભો મોઘમ આપવામાં આવ્યા છે; (જોકે કેટલેક સ્થળે સંદર્ભો સ્પષ્ટ કરવામાં આવ્યા છે); દા.ત. પૃ. ૧૪, ૭૪ ઉપર શ્રી ગોડેના મતનો ઉલ્લેખ; પૃ. ૧૧૩ ઉપર ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટના ત્રૈમાસિકમાં પ્રસિદ્ધ થયેલા સ્વકીય લેખનો ઉલ્લેખ; પૃ. ૧૨૦ ઉપર ડૉ. (શ્રીકૃષ્ણ સખારામ) ભાવેના લેખનો ઉલ્લેખ; તદુપરાંત આ ગ્રંથમાં સન્દર્ભગ્રંથો અને લેખોની સૂચિ પણ આપવામાં આવી નથી. આશા રાખવામાં આવે છે કે બીજી આવૃત્તિમાં આવી આ અપેક્ષાઓ પૂર્ણ કરવામાં આવશે કે જેથી ઊગતી સંશોધન પેઢીને માર્ગદર્શન મળી રહે. આ સુંદર પ્રકાશન માટે પ્રો. આઠવલે, પ્રો. પારેખ અને યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ અભિનંદનને પાત્ર બને છે. પ્રો. રામચંદ્ર બળવંત આઠવલે સાહેબ પાસેથી વધુ ને વધુ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો પ્રાપ્ત થતા રહે એવી આશા અને અભિલાષા સાથે આ અવલોકન સમાપ્ત કરું છું.

સુરેશચંદ્ર ગો. કાંટાવાળા

*　　　*　　　*

**સહવાસ:** (વેણીભાઈ પુરોહિત—બાલમુકુન્દ દવે): સંપાદક: સુરેશ દલાલ; પ્ર. સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧૭૨ મુંબઈ મરાઠી ગ્રંથસંગ્રહાલય માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૧૪, પૃષ્ઠ xiii + ૩૦ + ૧૫૯, મૂલ્ય: રૂ. ૧૫ = ૦૦.

હમણાં હમણાંથી નીવડી ચૂકેલા કવિઓના કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરેલાં કાવ્યોના સંદોહો પ્રસિદ્ધ કરવાની પ્રથા શરૂ થઈ છે, તે સાહિત્ય-શિક્ષણના અભ્યાસીઓને તો ઘણી ઉપકારક નીવડે તેમ છે એટલું જ નહીં પણ કેવળ શુદ્ધ કાવ્યાસ્વાદ માણવા માગતા ભાવકોને પણ એક જ કવિની કવિતા અને એ દ્વારા પ્રગટ થતા એના વ્યક્તિત્વને પામવા માટે સુલભતા પૂરી પાડે છે. આવા સંદોહ તૈયાર કરવાનું કામ ધારીએ એટલું સહેલું હોતું નથી, કારણ કે, તે માટે સંપાદક(કે સંપાદકો)માં કવિવિષયક સમગ્ર સમતોલ અભ્યાસ, ઊંડી મર્મગ્રાહી દૃષ્ટિ અને અંગત ગમા-અણગમાથી પર રહીને કાવ્યોની પસંદગી કરવા માટેની કેળવાયેલી કૃતિનિષ્ઠ સુરુચિપૂર્વકની તાટસ્થ્યવૃત્તિ વગેરે સુસજ્જતાની અપેક્ષા રહે છે અભ્યાસીઓને એક વિશેષ લાભ તો એ થાય કે આવા સંદોહ સાથે વિદ્વાન સંપાદકનો અભ્યાસપૂર્ણ લેખ સામેલ કરેલો હોય છે. અલબત્ત આવા લેખમાં અતિ વિસ્તૃત સમાલોચનાત્મક નિબંધની અપેક્ષા રાખી શકાય નહીં. એમ થાય તો કાવ્યસંદોહનો મૂળ હેતુ જ માર્યો જાય.

કવિવિવેચક સુરેશ દલાલની આ પ્રવૃત્તિ ધ્યાનપાત્ર છે. 'સહવાસ'માં તેમણે ભિન્ન ભિન્ન મિજાજના પણ ઉચ્ચ કક્ષાનું કવિત્વ ધરાવતા બે સમકાલીન કવિઓ શ્રી વેણીભાઈ પુરોહિત અને શ્રી બાલમુકુન્દ દવેની કૃતિઓનો સહવાસ સાધ્યો છે. વેણીભાઈનાં ૫૧ કાવ્યોમાં 'સિંજારવ'માંથી ૩૬, 'આચમન'માંથી ૧૪ અને 'ગુલઝાર શાયરી'માંથી એમની લોકપ્રિય ગઝલ 'એ રાત હતી ખામોશ, અષાઢી અલબેલો અંધાર હતો' પસંદ કરવામાં આવ્યાં છે. તેમાં પાંચ સામાન્ય કોટિનાં સૉનેટો છે. બાલમુકુન્દમાં તો માત્ર 'પરિક્રમા'માંની ૧૦૩ કૃતિઓમાંથી અહીં માત્ર ૩૯ની જ પસંદગી કરી છે અને બીજાં ૭ કાવ્યો લીધાં છે. તેમાં ૧૦ ઉત્તમ કોટિનાં સૉનેટો છે. આ ૩૯ કાવ્યો

'પરિક્રમા 'નું પૂરતું પ્રતિનિધિત્વ ધરાવતાં હોય એમ કદાચ ન પણ લાગે; જોકે આ પસંદગી આત્મલક્ષી (subjective) રહેવાની જ. પસંદ કરેલાં અમુક કાવ્યોને બદલે કે તે ઉપરાંત 'નેડો', 'સમણાંનો સથવારો', 'ખોવાયેલું સમણું', 'ચમેલીને ઠપકો', 'ફટાયો ફાગણ', 'રંગ માંડવડી', 'ધૂણી', અને 'કાંચળાકાચળીનું ભજન' એ કાવ્યોને શમાવી શકાયાં હોત તો પ્રસ્તુત સંદોહ વધુ માતબર અને વૈવિધ્યસભર બનત.

'પ્રસ્તાવના 'માં સંપાદકે બંને કવિઓની કવિતાનાં પ્રેરણાસ્થાન, ભિન્ન ભિન્ન અનુભૂતિઓ પ્રત્યેનો પ્રતિભાવ કે અભિગમ, યુગપ્રભાવ, સંવેદનશીલ ચિત્રાંકન, ભાષાના લહેકા, વિશિષ્ટ શબ્દપ્રયોગો, બાનીની લઢણ, કલ્પન અને પ્રતિરૂપોનો વિનિયોગ, આકારસૌષ્ઠવ વગેરે લાક્ષણિકતાઓ વિશે પ્રકાશ નાખવા ઉપરાંત દરેકની મર્યાદાને પણ ઉદાહરણ સહ સ્પષ્ટપણે તારવી આપી છે. અલબત્ત, ઉદ્ધૃત કરેલાં કાવ્ય કે અવતરણોને આધારે કવિની કોઈ સમગ્ર લાક્ષણિકતા વિશે વિધાન (General Statement) કરવું એ ઘણી વાર દુઃસાહસ બની જવાનો સંભવ રહે છે; કારણ, કોઈ પણ કવિની એક જ વિષયની જુદી જુદી કૃતિઓમાં કવિની ભિન્ન ભિન્ન પળોની ભાવભૂમિકા (mood) પ્રમાણે જુદી જુદી અભિવ્યક્તિ-છટા હોઈ શકે છે.

વેણીભાઈ વિશે લખતાં સંપાદકે તેમનાં શૈશવકાળના વૈષ્ણવ હવેલીના સંગીતસંસ્કારો, કવિ પર કદી કદી પ્રભુત્વ મેળવતી પત્રકારની પકડ, કોઈ કાવ્યસ્વરૂપ કે વિષય પરત્વે જડ વળગણ કે સુગાળવાપણાનો અભાવ, નિખાલસતા અને નૈસર્ગિકતા ભરી એક પ્રકારની સામાજિક જાગરૂકતા, શબ્દોની બાબતમાં તેમનું લહેરીલાલાપણું, સાંજ અને અંધકાર પ્રત્યેનો તેમનો વિશિષ્ટ દષ્ટિકોણ, તત્ત્વજ્ઞાનના ભાર વિનાના કાવ્યસત્ત્વી ઉદ્ગારરૂપ ભજનોમાં વેણીભાઈનો 'પોતીકો ચીલો..' વગેરે પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે. 'માસ ઑગસ્ટ હે!' તથા 'પ્રકૃતિગાન' (૨૬૫ લીટી) જેવાં સુંદર કાવ્યોમાં 'સ્વચ્છંદી લાગે એટલી હદે વેણીભાઈની કલમ મનસ્વી છે' પરંતુ તે કાવ્યોનું દીર્ઘસૂત્રીપણું કઠે છે.

તો બાલમુકુન્દના કાવ્યસર્જન પર કાન્ત અને શેષની અસર, કવિના વિષાદના કેન્દ્રરૂપ મૃત્યુની અનુભૂતિની તથા કરુણની વ્યંજનાયુક્ત સંયમિત અભિવ્યક્તિ, 'જૂનું ઘર ખાલી કરતાં' એ ઉત્તમ સૉનેટમાં કવિનું વિલક્ષણ કવિકર્મ, કવિનું લાઘવબળ, ભાવનાનુકૂળ અલંકારો યોજવામાં કવિની અંતર્ગત સૂઝ, મનોહર કલ્પનોથી રચાયેલાં શબ્દચિત્રોમાં અશ્લિષ્ટતાની મર્યાદા, આકર્ષક મીઠાશને વ્યક્ત કરતાં ગીતોમાં ન્હાનાલાલના અને લોકગીતોના ઢાળની હલક, સૉનેટોમાં પ્રગટ થતો કવિતા-કસબ...વગેરેનો સંપાદકે નિર્દેશ કર્યો છે. બુંદની નહીં પણ સમંદરની સભરતાથી પ્રત્યેક વસ્તુ-સ્થિતિને સમગ્રના સંદર્ભમાં જોનાર બાલમુકુન્દનાં પ્રણય અને પ્રકૃતિનાં કાવ્યોમાં કવિનો રંગદર્શી (Romantic) આવેશ સંયમ અને સ્વસ્થતાથી પ્રકટ થાય છે. "બાલમુકુન્દ જેટલા તળાવના કવિ નથી એટલા પાળના છે." (પૃ. ૨૫). અંતમાં શ્રી દલાલ પોતાનો—કવિતાપ્રેમીઓનો ભય વ્યક્ત કરે છે કે, "બાલમુકુન્દમાં સાતત્યના અભાવે વૈપુલ્ય નથી, 'પરિક્રમા' પછી એમની કલમની ગતિ કંઈક પરાણે ચાલે છે—'અન્તર્લુપ્તા સરસ્વતી 'નો ભય લાગે એટલી હદે." (પૃ. ૨૯).

લોકપ્રિય થનાર કવિની કવિતા વિશે સંદેહ કરવાનું વલણ ધરાવતા કેટલાક વિવેચકોનું સંપાદકે—વેણીભાઈની લોકપ્રિયતા બિરદાવતાં-ધ્યાન દોર્યું છે કે, "આપણે એ પામવાનો પ્રયત્ન કરવો જોઈએ કે એમની લોકપ્રિયતા શાના પર નિર્ભર છે." (પૃ. ૧૪)

સંપાદકે ઘણે સ્થળે બંને કવિઓની કવિતા વિષે તુલનાત્મક વિધાનો કર્યાં છે. દા.ત. "બાલમુકુન્દની કવિતાની ગતિ કાચબાની છે; વેણીભાઈની કલમ એટલે આવેગ અને ઉતાવળ. પીપળાને જોઈને વેણીભાઈ ગેય કૃતિ રચે તો બાલમુકુન્દ સૉનેટ......બાલમુકુન્દને સંયમ અને મરજાદનો મહિમા છે, વેણીભાઈની કલમને કશાયનો મલાજો નથી." (પૃ. ૧). "વિષાદની અનુભૂતિનો બાલમુકુન્દ સ્વીકાર કરે છે અને વેણીભાઈ સામનો કરે છે. વિષાદ હાથ લંબાવે ત્યારે પોતાનો હાથ પાછળ લઈ લેવાને બદલે બાલમુકુન્દ સહજ સ્વીકૃતિથી ખુમારીના ઘોંઘાટ વિના હાથ આપી દે છે તો વેણીભાઈ સામી મુઠ્ઠી ઉગામે છે." (પૃષ્ઠ ૬). "બાલમુકુન્દ વેણીભાઈની જેમ કેવળ ઉર ને ઉમળકાના કવિ નથી" (પૃ. ૧૯). અને છેલ્લે, "વેણીભાઈ અને બાલમુકુન્દની કવિતા 'સ્વરહલકની સામાસામી બજે શરણાઈઓ'ની પ્રતીતિ આપે એવી છે." (પૃષ્ઠ ૩૦).

આસ્વાદગ્રંથોની જેમ આવાં સંપાદનો પણ આવકાર્ય અને અભિનંદનીય બની રહે છે, પણ ઔચિત્ય અને વિવેકબુદ્ધિની મર્યાદામાં રહીને.

•

**લવકુમાર મ. દેસાઈ**

*   *   *

## સાભાર સ્વીકાર

૧ **સામાજિક તંગદિલી :** લે. અને **પ્ર.** શ્રીમતી હર્ષદા પંડિત, ૧૮, લક્ષ્મીમહાલ, બૉમનજી પેટીટ રોડ, મુંબઈ–૪૦૦ ૦૩૬, પૃ. ૧૧૮, કિંમત રૂા. ૪=૫૦ પૈ.

૨ **રાષ્ટ્રીય સમસ્યા** [સ્વરૂપ અને ઉકેલ]**:** લે. શ્રી મીનુ મસાણી, **પ્ર.** વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ વતી સુભદ્રા ગાંધી, રામજી મન્દિર પોળ, વડોદરા–૧, પૃ. ૮૦, કિંમત રૂા. ૨=૦૦.

૩ **કસબ કલા :** લે. અને **પ્ર.** શ્રી દીપક મહેતા, નીલબિન્દુ, ૨૪ હાટકેશ સોસાયટી, ઈસ્ટ વેસ્ટ રોડ નં. ૨, વિલેપાર્લે, મુંબઈ–૪૦૦ ૦૫૬, પૃ. ૮+૧૨૮, કિંમત રૂા. ૬=૫૦ પૈ.

૪ **મૌનના ભણકારા :** લે. શ્રી શોભન, પ્ર. શ્રી સ્પંદન એન. વસાણી, ૬, હરસિદ્ધ ચેમ્બર્સ, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪, પૃ. ૧૨૬, કિંમત રૂા. ૫=૦૦.

૫ **અંતરનાં ઝરણાં** [ભાગ ૧]**:** લે. શ્રી વત્સલ વસાણી, પ્ર. શ્રી સ્પંદન એન. વસાણી, હરિસિદ્ધ ચેમ્બર્સ, ૬-બીજે માળ, આકાશવાણી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪, પૃ. ૧૬૦, કિંમત રૂા. ૧૨=૫૦ પૈ.

૬ **સમાજવાદ પુનર્વિચાર :** લે. શ્રી ભોગીભાઈ ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ વતી સુભદ્રા ગાંધી, રામજી મંદિર પોળ, વડોદરા–૩૯૦ ००૧, પૃ. ૬૮, કિંમત રૂા. ૫=૦૦.

૭ **સરદાર :** સં. શ્રી જસવંત શેખડીવાળા, પ્ર. રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. ૧૨ + ૨૪૮ + ૧૪૮, કિંમત રૂા. ૧૫=૦૦.

૮ **સમાન્તર :** લે. પ્ર. ડૉ. રમણુલાલ જોશી, ૨, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦ ૦૯, પૃ. ૧૯૫, કિંમત રૂા. ૧૨=૦૦.

૯ **પ્રિયકાન્ત મણિયાર :** લે. શ્રી નલિન રાવળ, **પ્ર.** શ્રી. બાબુભાઈ જી. જોષી, કુમકુમ પ્રકાશન, મોડેલ સિનેમા પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ००૧, પૃ. ૯૪, કિંમત રૂા. ૫=૦૦.

૧૦ **અમર–કોશ :** અ. પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, **પ્ર.** અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બૉર્ડ, ગુજરાતી રાજ્ય, અમદાવાદ—૩૮૦ ००૬, પૃ. ૧૬ + ૬૮૮, કિંમત રૂા. ૨૦=૦૦.

૧૧ **બૃહદ્ ગુજરાતી કોશ :** [ખંડ ૧] સં. પ્રા. કેશવરામ કા. શાસ્ત્રી, **પ્ર.** અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રન્થ નિમાર્ણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦૦ ૦૬, પૃ. ૪૨+૧૦૪૦, કિંમત રૂા. ૫૦=૦૦.

૧૨ **વનસ્પતિજગત :** શ્રી ઈસ્માઈલભાઈ નાગોરી, **પ્ર.** ગં. શ્રી. કોશે, સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧૭૨, મુંબઈ મરાઠી ગ્રંથ સગ્રહાલય માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૧૪, પૃ. ૭૨, કિંમત રૂા. ૯=૭૫ પૈ.

૧૩ **ખગોળ ખૂંદીએ–રેડિયો તરંગે :** લે. શ્રી પરેશ ર. વૈદ્ય, **પ્ર.** શ્રી. ગં. કોશે, સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રાહલય માર્ગ, દાદર, મુંબઈ–૪૦૦ ૦૧૪, પૃ. ૪૮, કિંમત રૂા. ૩=૭૫ પૈ.

૧૪ **સચિત્ર ખંભાતનું સાંસ્કૃતિક દર્શન** [સર્વસંગ્રહ] **:** લે. અને પ્ર. શ્રી નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ, ઊંચી શેરી, ખંભાત, પૃ. ૮૪૪ + ૪ + ૬૦, કિંમત રૂા. ૫૦=૦૦.

૧૫ **પુનિત પ્રેમામૃત** [ઝરણાં ૧ થી ૧૬] **:** લે. સંત "પુનિત', **પ્ર.** પુનિત પ્રિન્ટરી વતી શ્રી ચંદુલાલ શંકરલાલ પ્રજાપતિ, મણિનગર, અમદાવાદ–૩૮૦ ००૮, પૃ. ૮૦ (સરેરાશ), કિંમત : અઢી લાખ પ્રભુનામ.

---

# સ્વાધ્યાય

પુસ્તક ૧૪ઃ અંક ૧ ઑક્ટોબર, ૧૯૭૬

દીપોત્સવી વિ. સં. ૨૦૩૩

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. 'सूत्रे लिङ्गवचनमतन्त्रम्' પરિભાષાના અર્થ અને પ્રયોજન વિષે વિચાર
—ચિમનલાલ જગજીવનરામ પંડ્યા ... ૧

૨. મોગલ પાદશાહ ઔરંગઝેબના સમયનું ગુજરાતનું એક
हाटस्य विक्रीत ખતપત્ર—યતીંદ્ર ઇ. દીક્ષિત ... ૪

૩. હાલના દ્વારકાના જગતમન્દિરના રચનાકાળની મીમાંસા
—કલ્યાણરાય ન. જોષી ... ૧૮

૪. રામનાથકૃત રણછોડજીનું આખ્યાન (રચનાસંવત ૧૮૨૫)
—મગનભાઈ દેવશંકર દેસાઈ ... ૨૮

૫. લોકધર્મોમાં "જપમાળા" અને સંક્ષિપ્ત સાંકેતિક મંત્રો
—ચંદ્રમૌલિ મજમુદાર ... ૬૧

૬. જૂનાગઢ મ્યૂઝિયમની નોંધણીપદ્ધતિનો અભ્યાસ
—પુષ્પકાંત વિ. ધોળકિયા ... ૭૭

૭. વડોદરાનાં કેટલાંક મહત્ત્વનાં શિલ્પો—વસંતકુમાર એસ. પારેખ ... ૮૫

૮. 'કિરાતાર્જુનીય'ના વનસ્પતિ-ઉલ્લેખો—જયન્ત પ્રે. ઠાકર ... ૯૧

૯. શ્રીમદ્‌ભાગવતનાં દસ લક્ષણો—અરુણોદય નટવરલાલ જાની ... ૧૧૧

૧૦. ગ્રન્થાવલોકન ... ૧૨૩

૧૧. સાભાર સ્વીકાર ... ૧૨૯

"અભિનંદન, કાનજીભાઈ! તમે તો તમારી નાની દુકાનમાંથી
મોટો સ્ટોર બનાવી દીધો!"
"એ બધો રૂડો પ્રતાપ દેના બેંકનો, બહેન! દેના બેંકમાં મેં મારી નાની
બચત જમા કરેલી તેનાથી અને બેંકે સમયસર નાણાં ધીર્યાં તેનાથી
મારાં સપનાં સાચાં પડ્યાં."



આપ પણ આપનાં સપનાં સાચાં પાડી શકો છો.
**દેના બેંક**માં આપની બચત સુરક્ષિત છે. તેના પર આપને
નિયમિત વ્યાજ મળે છે, અને જરૂર પડે તે વેળા આપ
નાણાં ઉપાડી પણ શકો છો. આપ વેપારધંધો કરતા હો તો સર્વ
પ્રકારની બેંકિંગ સગવડો માટે આપ **દેના બેંક** પર
આધાર રાખી શકો છો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

Ratan Batra/DB/G/250




everest/365k/ACW Guj



પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે :
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

આજ માટે
તૈયાર છો.
પણ
આવતી
કાલ નો
વિચાર
કર્યો છે?



મા-બા-ગુજ. ૩-૭૪

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા—૩૯૦ ૦૦૨**

સંપાદક

મુદ્રક : શ્રી રસિકલાલ જી. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, '૭૬.



ચિત્ર ૭

વૈષ્ણવી

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ ]



ચિત્ર ૧

કામદેવ—રતિ

[ ચિત્ર સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ ]